નવચેતન પ્રકાશન ૬૯

વર્ષ ૪થું ... પુસ્તક ૨-૩ જું

નૂતન ગ્રંથમાળા પુ. ૧૪-૧૫

ક્રાન્તિના પરિબળો

લેખક

શ્રી ચંદ્રભાઈ ભટ્ટ

નવચેતન સાહિત્યમંદિર

૨૪-૫૬ ભદ્ર અમદાવાદ.

પ્રકાશક

પુરુષોત્તમ પૂ. પારેખ

નટવરલાલ લ. વોરા

નવચેતન સાહિત્યમંદિરઃ ૨૪૧૬; ભદ્રઃ અમદાવાદ.

આવૃત્તિ ૧ લી : સં : ૨૦૦૩

કિંમત
પાકુ પુંઠું રૂ. ૫-૦-૦

વાર્ષિક લવાજમદેશમાં
પાકુ પુંઠું રૂ. ૮-૦-૦
પોસ્ટેજ સાથે

મુદ્રક :

મણીલાલ છગનલાલ શાહ

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

ઘીકાંટા રોડ અમદાવાદ.

નિવેદન

નૂતન ગ્રંથમાળાનું રજુ અને ત્રજુ પ્રકાશન ક્રાંતિના પરિબળો શ્રી ચંદ્રભાઈ ભટ્ટ કૃત આપની સમક્ષ મૂકીએ છીએ.

શ્રી ચંદ્રભાઈએ ક્રાંતિના પરિબળોને કાળની ભીતરમાં પ્રવેશી ભાવિ સમાજને માર્ગદર્શન થઈ રહે એ દ્રષ્ટિએ, આજના સર્જાતા નૂતન હિંદના તખ્તકે રમ્ય અને રસ પૂર્ણ શૈલીમાં આલેખ્યું છે.

ગૂજરાતનો વાંચક વર્ગ આ પુસ્તકમાં વણાયલી વિચારવલી, પ્રત્યેક યુગમાં કચડાયલા વર્ગની લોક ક્રાંતિના પરિબળોને પિછાણી જીવનમાં સાચા લોકશાસનની ભાવનાઓને મૂર્ત કરશે તો અમારૂં પ્રકાશન સફળ થયેલું ગણીશું.

લિ. સેવકો

નવચેતન સાહિત્ય મંદીર ૨૪૫૧; ભદ્ર: અમદાવાદ	પુરૂષોતમ પારેખ નટવરલાલ વોરા

ગુજરાતમાં બહોળો ફેલાવો પામેલી

[સને ૧૯૩૪માં સ્થપાયલી]

ગૃહલક્ષ્મીગ્રંથમાળા વાર્ષિક લવાજમ.		નૂતનગ્રંથમાળા વાર્ષિક લવાજમ.
રૂા. ૬–૦–૦	– દેશમાં –	રૂા. ૮–૦–૦
રૂા. ૯–૦–૦	– આફ્રિકા –	રૂા. ૧૨–૦–૦
[પોસ્ટેજ સહિત]		[પોસ્ટેજ સહિત]

૦ જેના પ્રકાશનોએ નૂતન યુગના યુવક યુવતીઓમાં નવચેતન પ્રકટાવ્યું છે.

૦ જેણે રાષ્ટ્રિય પ્રશ્નોની નિર્ભયપણે છણાવટ કરી છે.

૦ જેણે આવતી કાલની સમાજ રચના અને સંસ્કારનું નિરૂપણ કર્યું છે.

૦ જેણે સંયમ અને શ્રેષ્ટ માનવતાની ઉચ્ચ ભૂમિકાનું દર્શન કરાવ્યું છે.

એવી આ બેઉ ગ્રંથાવલીના પ્રકાશનો સિવાય આપની લાયબ્રેરી ખરેખર અપૂર્ણ જ ગણાશે.

આપ ગ્રાહક છો ? ન હો તો તુરતજ એક પોસ્ટ કાર્ડ લખી ગ્રાહક થઈ શકાય છે. આફ્રિકા વી. પી. થઈ શકતું નથી, જેથી પોસ્ટલ ઓર્ડર મોકલાવી ગ્રાહક નોંધાવી શકાય છે.

નિયમિતતા અને સુવાચ્ય વાંચન એનો મુદ્રાલેખ છે.

— :લખો :—

નવચેતન સાહિત્યમંદિર : ૨૪૫૬; ભદ્ર: અમદાવાદ.

બે બોલ

જુની પુરાણી આવી એક વાત છે કે,

ત્યારે ભારતભોમપર યાદવ રાજકર્તાઓ જુલ્મી બન્યા હતા. છાકટા, વિષયી અને એ જુગારી જાલીમો એકવાર ભાન ભૂલીને એક છોકરાના પેટપર તાંસળું બાંધી તેને સ્ત્રીનો વેશ પહેરાવીને એક રૂષિ પાસે આવ્યા અને બોલ્યા.

"મહાનુભાવ એને શું સાંપડશે?"

અને મહાનુભાવે કાળની આરપાર દેખતી હોય તેવી સર્વાંતાર્થવાળી નજર સંકેલીને વિકટ હાસ્ય કર્યું,

"ભાન ભૂલેલા પિશાચો! એ બાઈને સાંબ સાંપડશે અને તે તમારાં જાલીમોના કુળનો ઉચ્છેદ કરી નાખશે"

કથા એવી છે કે મહાનુભાવનો એ શાપ મિથ્યા થયો નહિ.

ઇતિહાસના દરેક તબક્કે જાણે આ બનાવની પરંપરા દેખાય છે. જાલીમોના કુળને ઉચ્છેદી વિરાટ એ સાંગ દરેક તબક્કે નૂતન ઘડાઈને જાલીમોના કુળનો સંહાર કરીને માનવજાતને એક કદમ આગળ મૂકી દે છે.

ઇતિહાસની એ આગેકૂચ નિરાશાવાદનો નકાર કરતી વિરાટનું કલેવર ધરીને જ ચાલે છે.

અને લોકગિરાઓની ગીતાઓમાં ગવાતું વિરાટ દર્શનનું એ જન સંગીત રણહાક બનીને કહે છે' "જ્યારે જ્યારે માનવધર્મનો ક્ષય થાય છે ત્યારે ત્યારે"

ત્યારે ત્યારે વિરાટ જન્મ ધરે છે. વિરાટનું એ કલેવર જીવનનાં પરિબળોમાંથી પોતાનો આકાર અને પોતાનું આયુધ ધારણ કરી લે છે.

અને એ આયુધ જ્યારે ઉછળે છે ત્યારે શહેનશાહતો અને સામ્રાજ્યો શમી જાય છે. જાલીમો અને શાસકો, રાજાઓ અને મહારાજાઓ કાળના સાવરણા નીચે ઇતિહાસની કચરાપેટીમાં વળાઈ જાય છે.

ઇજીપ્તના ફારોહા, ગ્રીસના સિકંદરો, ચીનપર ચઢેલા જંગીસખાનો, હિંદના બ્રાહ્મણી રાજાઓ, યુરોપના ફેડરીકો, બોનાપાર્ટો, ઝારો અને વીસમા શતકના હિટલરો, મુસોલીનીઓ અને ટોજો એજ કચરાની ટોપલીમાં બેસી ગયા છે. નુરેંમબર્ગમાં બેઠેલી આંતરરાષ્ટ્રિય અદાલતે એ પિશાચોને તેમની અંતિમ પથારી દાખવી દીધી છતાં આજે એજ સ્થાનપર પહોંચવા ચરચીલો, બેવીનો, બરનીસો, સ્મટસો, અને ફ્રાંકો અથવા ટ્રુમેનો અને ચાંગો કાળનાં ઔષધપર ચઢી જવાનો સન્નિપાત જમાવે તો તેમાંય અજાયબી જેવું શું છે! અને અમરિકી શાહીવાદ અંણુબોંબ ઉપજાવાને વિશ્વનાં શાહી-

વાદી તાંડવ ઉપજાવે તેમાંય અજાયબ જેવું શું છે?

ઈતિહાસ વિરાટના સાવરણા નીચે વળાઈને ગઈ કાલનો સડેલો કચરો બનીને આવતી કાલમાંથી એ પણ ખોવાઈ જવાના જ છે. કાળનાં એ ઘણા માનવજાતપર જાલીમ બનેલા આ બર્બરો માટે નાશની નોબત બજાવી ચૂક્યાં છે.

" And let not Mesieurs the Bour geoisie blane me if some of the govern ments so near and dear to them which today rule happily by the " Graee of god " are missing on the morrow after the outbreak of such **a war** "

બીજા વિશ્વયુધનાં ડમરૂં વગાડનાર દેશદેશના શાહીવાદી વિગ્રહખોરોને આજથી બાર વરસપર જોસેફ સ્ટાલીને ઈતિહાસના જ એ પાઠની આગાહી કરી હતી.

અને એ આગાહીને સાચી પુરવાર કરતું બીજા નંબરનું વિશ્વયુદ્ધ આવ્યું અને પસાર થઈ ગયું.

ત્યારે ચેંબરલેઈને અને અમરિકી શાહીવાદે પૌંડ અને ડોલરોનાં દૂધ પાઈને ઉછેરેલા હિટલર મુસોલીનો ધૂળમાં રગદોળાઈ ગયા હતા, ત્યારે રૂસી શ્રમમાનવોના અદ્દભુત દ્રષ્ટાંતથી જાગી ઉઠેલી જગત જનતાના દેશદેશપર જુવાળ ચઢતા હતા. ત્યારે ઈટાલીની

જનતા મિલાનપર ફાસીવાદી પિશાચનો ફાંસો રોપતી હતી. ત્યારે ગ્રીસના ગેરીલા જનયોદ્ધાઓ ત્રાડ દેતા હતા. ત્યારે યુગોસ્લાવપર લોક શાસનનો ઝંડો ફરકતો હતો. નાનું સરખું આલબેનીયા ત્યારે જ લોક શાસન રચતું હતું અને પ્રમુખ બેનીસ ઝેકોસ્લોવાકમાં જનતાનું રાજ રચવા કુશળખેમ પાછો આવતો હતો. અને આજે હંગેરીની જનતાએ લોકરાજ સ્થાપ્યું તે પણ એજ અનું સંધાનમાં.

ત્યારે કેવાં ટપોટપ રાજ્યો કાયાપલટ કરતાં હતાં. ગાડી બગડતી હતી. યુગોસ્લાવનો મહારાજા, અને બલગેરીયા, રૂમાનીયા તથા આલબેનીયાના રાજાઓ અંગ્રેજોની જ મહેમાનગીરી ચાલુ રાખતા હતા અને ફરીવાર રાજદંડ ધરવાની હિંમત કરતા નહોતા. એ બધી તો ઉઘાડી હકીકતો જ છે ને !

ઇતિહાસનો એ બોધપાઠ ઇતિહાસના દરેક તબક્કે લોકજનતાની તાકાતનાં સંગઠનનો અર્થ બનીને જીવન વિકાસના ઉત્તરોત્તર આગળ વધતા તબક્કા રચે છે. ઇતિહાસનો એ બોધપાઠ આ પુસ્તકમાં સમજાવી શકવા હું સફળ થાઉં તો શ્રમ સાર્થક છે. અંતમાં આ પ્રકાશન કરનાર મારા પ્રકાશક મિત્રોનો સહૃદય આભાર માનું છું.

૧૯૪૭ચંદ્રભાઇ–ભટ્ટ

ક્રાન્તિનાં પરિબળો

૧

હિજરત

ઘણા જૂના ઇતિહાસની આ એક વાત છે.

ઇજીપ્તનો રાજા ફારોહા ઇજીપ્ત ઉપર આણ વર્તાવતો. ફારોહાના રાજવહીવટમાં દીવાનો હતા, સરદારો હતા, સામંતો હતા અને શૂરવીરો હતા. મોટા મોટા માંધાતા જેવા અમીર ઉમરાવો ઊભરાતા હતા, ન્યાયાધીશો ખાનગી મિલકતને સાચવી રાખવાના પવિત્ર ન્યાયને તોળતા હતા, અનેક જાતના ગુનાઓ અને અનેક જાતની યાતનાઓ સંભાળતાં કારાગાર કપરાં હતાં.

પીરો નામના મોટા રંગમંડપમાં રાજા પોતે ન્યાય કરતો. રોજ રોજ ગુનેગારો આવતા ને રોજ રોજ ન્યાય તોળાતા.

પણ એ તો ન્યાય જ હતો ને? એ ખેડુતો હતા, કોઈ ઘેટાં-બકરાં ચારતા, કોઈ ખાણો ખોદતા, કોઈ ચણતર ચણતા. દિ' ઊગે ને દિ' આથમે ત્યાં એક ભયંકર મજૂરી એમનું જીવન હતું. એમાં ઘણાખરા યહુદીઓ હતા. યહુદીઓ માબાપો હતાં, દીકરા-દીકરીઓ હતાં. એમને માટે કોઈ અદાલત નહોતી. એમને માટે જ ન્યાય નહોતો, કારણ એ ગુલામો હતાં.

એમનાં માબાપ ગુલામ હતાં, એમના કાકા-મામા ગુલામ હતા, એમનાં બેટા-બેટી ગુલામ હતાં. ગુલામો મરતાં, ત્યારે ગુલામો હતાં અને ગુલામોને સાંપડતાં તે ગુલામો હતાં.

એ ફિક્કા ચહેરાવાળાં, કાળા વાળવાળાં, ઘેરા રંગવાળાં, તીણી આંખોવાળાં અને તીણા હાસ્યવાળાં માનવીઓ હતાં. એમના ચહેરા ઉપર ચાઠાં હતાં, એમની પીઠ ઉપર સોળ હતા. એમની આંખોમાં કોઈ વાર ધિક્કાર તો કોઈ વાર ભયંકર બીક ચમકતાં.

ઊંઘમાંય એમને ભયંકર જીવનની યાતનાઓ યાદ બનીને ઝબકાવતી. એમને ભર બજારમાં નગ્ન ઊભાં રાખી વેચાયેલાં શરીરોની યાદ હતી. માલિક ને માલિકણોની ઘાતકતાની યાદ હતી, બાળકોના વેચાણની યાદ હતી......એવી એવાં તો અનેક યાદો હતી, અને એ યાદો ઊંઘમાં એમને રોવરાવતી, ચીસ પડાવતી, દાંત કકડાવતી ને ધિક્કારથી ઘૂરઘૂરાવતી.

"પણ એ તે શું, મન!" હંજીમનો રાજા એની રાજકુમારીના મનને અજબ બની પૂછતો.

"એ મને ગમે છે." રાજકુમારી હઠ કરતી હતી.

"ગુલામ!" રાજાને આશ્ચર્ય થતું હતું. "અનેક ઉમરાવ-જાદીઓને...નહિ, મને એની સેવા..."

"ભલે......" રાજા કબૂલ થયો; કારણ કે એને એ સોળ વરસની પોતાની રાજકુમારી ઘણી પસંદ હતી ને તેથી તેનો બોલ ઉથામવો તેને પસંદ નહોતો. રાજાને પોતાની એ દીકરી સાથે પરણવાના કોડ હતા. તે વખતે એવો ચાલ હતો, એવો રિવાજ હતો. ભાઈ બહેનને અને બાપ દીકરીને પરણી શકતો અને સ્ત્રી કોઈને પણ પરણી શકતી.

પણ પછી ગુલામની—યહુદીની સેવા લેતી રાજકુમારીને ગર્ભ રહ્યો, ને દીકરો સાંપડે, તે પહેલાં ગુસ્સે થયેલા રાજાએ રાજકુમારીના ગુલામ સેવકનો—યહુદીનો ઘાત કરાવ્યો ને એક તરકટ રચ્યું.

એક દિવસ નાઈલ નદીને કિનારે પથરાયેલા રાજકુમારીના રંગમહાલ પાસે નદીનાં પાણી ઉપર તરતી એક લાકડાની સુંદર પેટી આવી. રાજકુમારી પાસે તે પેટી આણવામાં આવી ને તેમાંથી તરતનું જન્મેલું એક બાળક કાઢવામાં આવ્યું. એ કેમ થયું, તેની રાજકુમારીને ખબર હતી. રાજા પણ જાણતો હતો. રાજકુમારીને રાજકુમાર સાંપડ્યો હતો.

પણ ગુલામ—યહૂદીથી સાંપડેલો; એટલે વાત બનાવીને લોકોમાં ફેલાવાઈ કે, રાજકુમારીને ઇજીપ્તના ભગવાને દીકરો મોકલ્યો છે. પછી રાજકુમારી એ દૈવી બાળકને ઉછેરવા લાગી. લોકો એક બીજાના કાનમાં ગુસપુસ વાતો કરતાં, તેની કોઈને પડી નહોતી. કુંતીના કર્ણ જેવો રાજકુમાર રાજમહાલયમાં રમતો, ત્યારે સૌને ગમતો હતો. એવા ઇજીપ્તના રાજકુમારને સૌ મોસેસ કહીને બોલાવતાં.

મોસેસ ઇજીપ્તની નિશાળમાં ભણ્યો ગણ્યો અને કિશોર મટીને જુવાન થયો.

એક વખત મોસેસ મધરાતે ઊંઘતો હતો, ત્યારે એકાએક ઊંઘમાંથી જાગેલી એની માતાને જુવાન દીકરાને દેખવાનું મન થયું. કારણ કે, એને પોતાની જુવાનીનો મિત્ર ને મોસેસનો બાપ યહૂદી ગુલામ યાદ આવ્યો હતો. એ ઘસઘસાટ ઊંઘતા પડેલા મોસેસને દેખી રહી. એ ઊભી ઊભી ભૂતકાળનાં કેટલાંયે અંધારાં ઉલેચતી હતી.

એને પસાર થયેલાં—ખોવાઈ ગયેલાં વરસો સાંભરતાં હતાં. "બરાબર એના જેવું જ માથું! જે વાળનાં જુલ્ફાંમાં હું મારી આંગળીઓ રમાડતી, તેવાં જ જુલ્ફાં ને પારદર્શક આંખો...!" માતા જુવાન દીકરાના માથા પર નીચી વળી. જુવાનની પારદર્શક આંખો મીંચાયેલી હતી.

જુવાનને કપાળ પર ગરમ શ્વાસ અડકયો અને એ ઝબકીને બેઠો થઈ ગયો. "બરાબર આ જ આંખો......" માતા દીકરાને ભેટી પડી ને હસી ઊઠી.

"મને કેમ ઉઠાડયો?" મોસેસ અજાયબીમાં મધરાતે આવેલી માતાને પૂછી રહ્યો ને ઉતાવળો બોલ્યો, "મને સ્વપ્ન આવ્યું હતું. કેવું મઝાનું! જાણે આખા ઈજીપ્તના બધા યહૂદીઓની ગુલામોની બેડીઓ હું તોડતો હતો અને બધાને લઈને દૂર દૂર......ઘણે દૂર નીકળી ગયો હતો. પછી અમે બધાં......ત્યાં કોઈ માલિક નહોતા, કોઈ ગુલામ નહોતાં......અમે બધાં નવાં નગર વસાવતાં'તાં......નવી સરકાર ને નવાં રાજ......"

"કેવું સરસ સ્વપ્ન!" માતાને ગમી ગયું, પણ એને ઉતાવળી કોઈ દુ:ખી યાદ આવી ગઈ ને એની આંખમાંથી આંસુ ટપકયું.

જુવાન હજુ સ્વપ્નમાં હોય, તેમ સમજ્યા વિના જોઈ રહ્યો.

"મનેય યહૂદીઓ ખૂબ ગમે છે." બોલતી માતા ઊભી થઈ અને ઉતાવળી ચાલી ગઈ, અને સ્વપ્નના જ વિચારમાં ગરકાવ થયેલા મોસેસથી આંખો પાછી મીંચાઈ.

અને જુવાન મોસેસનું એ વર્તન ધર્મગુરુને પસંદ પડયું નહિ. દરબારીઓને પસંદ પડયું નહિ, ઉમરાવો અને માલિકોને પસંદ પડયું નહિ. મોસેસનું એ વર્તન કોઈને પસંદ પડયું નહિ. ખુદ રાજાને કાને વાત આવી.

સૌ કોઈ કહેતાં હતાં કે, એ શું! રાજકુમાર જેવો રાજકુમાર થઈને ગુલામોમાં ફરે! ગુલામોની ચાલીઓમાં ભટકે, ગુલામો સાથે એક આસન પર બેસે, ને વાતો કરે! ગુલામોનાં બાળકોને બાથમાં લઈને બચીઓ ભરે! કાલે સવારે રાજા થશે તો રાજ કેમ ચલાવશે? રાજાને ચિંતા પેઠી. રાજકુમાર રખડુ બન્યો હતો.

એક દિવસ ગુલામ સ્ત્રીપુરુષોને એક મહાલયના ચણતરમાં મજૂરી કરતાં દેખતો એ રખડુ રાજકુમાર બેઠો હતો ને એના હુકમથી એક ઘરડો યહૂદી કામનો ટોપલો હેઠો મૂકી એની પાસે બેસીને વાત કરતો હતો.

"તમારા ઇજીપ્શિયનોની જેમ અમારે પણ ઇતિહાસ છે. અમેય જાહોજલાલી જોઈ છે. અમારામાં પણ મહાન સ્ત્રીપુરુષો થઈ ગયેલાં છે."

"એમ કે!" રખડુ રાજકુમાર રસથી સાંભળતો હતો.

"બાપુ, અબ્રાહમ અમારા તારણહાર. ઉર નામના ચોલડિયન નગરને એમના સાથમાં સ્વતંત્રતાની શોધમાં અમારાં વડવાંએ છોડેલું ને હિજરત કરેલી......એ તો આજે અમે ફારોહાના દેશમાં ગુલામ છીએ બેટા, અને......" ડોસાએ જોરથી શ્વાસ ખેંચ્યો. અને...!" રાજકુમાર વૃદ્ધ શરીરની ધબકતી પાંસળીઓ તરફ જોઈ રહ્યો.

"અને..." વૃદ્ધની વાતને તોડી નાખતી એક ચીસ બંનેને ચમકાવી રહી. રાજકુમાર ઊભો થઈ ગયો. એના સામે જ એક યહૂદી જુવાનને એક થાંભલા સાથે બાંધી ચોકીદાર ફટકાવતો હતો. જુવાન ગુલામની ચામડી ફાટી જતાં તેનાથી ચીસ પાડી દેવાઇ હતી. અને રાજકુમારનો રોષ ઊછળ્યો. એની ચળકતી આંખોમાં ક્રોધ ભભૂકી ઊઠ્યો. એ મૂઠી વાળી કૂદ્યો. એણે આવેશમાં ઇજીપ્શિયન ચોકીદારના પેટમાં ખંજર ભોંકી દીધું.

રાજકુમારનો રોષ દેખી ગુલામો આનંદથી પ્રજ્જી ઊઠ્યાં, કોઇ બીકથી લપાઈ રહ્યાં. લોહિયાળ માંસનો લોચો બનેલો બંધાયેલો જુવાન દેહ રાજકુમારને હાથે છૂટવાની લાગણીમાં મરણની કિનારી પરથી છેડલો આનંદ અનુભવી રહ્યો.

ઇજીપ્તના પાટનગરમાં, નાઈલના કિનારા ઉપર ખાણો અને ખેતરોમાં સમાચાર પથરાઈ ગયા. “રાજકુમારે ગજબ કર્યો!”

બીજું ગમે તે કર્યું હોત તો ઠીક હતું. રાજકુમારને માટે કોઈ ગુનો મોટો નહોતો, કોઇ અપરાધ નહોતો; પણ ગુલામનો પક્ષ કરી ઇજીપ્શિયનનું ખૂન! ધર્મસંસ્થા માફ કરે તેમ હતું નહિ, રાજસભા માફ કરે તેમ હતું નહિ, રાજાના રોષની હદ હતી નહિ, માલિકોના ફિટકારની હદ હતી નહિ; દેહાંત દંડ પણ એ અપરાધ માટે તો ઓછો હતો.

મોસેસની માતા પણ તેને બચાવી શકે તેમ હતું નહિ. “ભાગી જા.” માતા મોસેસને સમજાવતી હતી. “એ વિના બીજો માર્ગ નથી.” અને મોસેસ નીકળી નાઠો.

ઇજીપ્તની સરહદ પર રણ હતું. રણ પાસે ઉજ્જડ જેવાં મેદાનો હતાં. મેદાનો ઉપર ભરવાડો ને ભરવાડણો વસતાં હતાં.

ત્યાં એક જુવાન ભરવાડ નવો આવીને વસ્યો હતો. એક ખોરડું બાંધીને રહ્યો હતો. દિવસે મહેનત-મજૂરી કરતો હતો અને રાતના એકલો બેસીને કોઇ પથ્થર પર શરીર ટેકવીને આકાશ સામે જોયા કરતો હતો. બેઠો બેઠો તારાઓ જોતો હતો અને અનેક વિચારો કરતો હતો અને ઘણીવાર તો વિચિત્ર રીતે હસી પડતો હતો.

“ઇજીપ્તના ભગવાનો!” એક મધરાતે એ એકલો બબડતો હતો. હીપોપોટેમસ ભગવાન, ગેંડો ભગવાન અને કૂતરો પણ ભગવાન! ભયંકર ભગવાન ને ઘાતકી ભગવાન!

એમ એક પછી બીજું વર્ષ વીતતું હતું અને વેરાનમાં ઊડતા ઝંઝાવાતમાં, ઝબૂકતી વીજળીમાં, સળગતા રણમાં, દાવાનળની

ઝાળમાં એ ભગવાન શોધતો હતો. એને રણુવગડાનો ભગવાન દેખાતો હતો. જાણે પર્વતોનાં શિખર પર ઠેકતો હતો, રણને ફાળ ભરીને ઓળંગતો હતો અને આકાશી તંબૂઓ તાણીને આળોટતો હતો. કેવો એ ભગવાન હતો !

જ્યારે ખાણુનાં ખોદનારાં, જમીનનાં ખેડનારાં, રણુવગડામાં રખડનારાં સ્ત્રીઓ, પુરુષો બાળકો થાક્યાં પાક્યાં સૂએ, ત્યારે તેમને સંભાળનારો, તેમના દુશ્મનોને મારનારો, પોતાને ગમે તેવો...પોતાના જેવો કોઈ ભગવાન હોય તો ! મોસેસને ભગવાન સાંપડતો હતો.

અને એને સમજાતા ભગવાનને ઓળખવા આરબ લોક એકઠાં થતાં હતાં. તેમને એ ઘણી વાર ગદ્‌ગદ થઈને કહેતો હતો, "મને ઇજિપ્તનાં યહુદીઓ—ઇજિપ્તનાં ખાણિયાં, ઇજિપ્તના ખેડુતો, ઇજિપ્તનાં મજૂરો — ગુલામો સાંભરે છે." એનાં નવાં મિત્રો એની વાતો સાંભળી રહેતાં. "એમનેય ઇતિહાસ છે......" એ આગળ ચલાવતો. "એમનું મૂળ વતન કેનાન, ને એમનો તારણહાર અબ્રહામ."

પછી મોસેસ એક આરબ છોકરીને પરણ્યો. બંને ઇજિપ્તમાંથી યહુદીઓને છોડાવી આ રણુવગડાના પ્રદેશમાં તેમને ભગાડી લાવવાના વિચારો કરતાં: "કદાચ એમ પણ બને કે, યહુદીઓને માલિકોની યાતનામાંથી છોડાવી આપણે તેમને તેમના મૂળ વતન કેનાનમાં પહોંચાડી શકીએ ને તેમને નવો ભગવાન, આપણો છે તેવો, તેમની સંભાળ રાખનારો નવો ભગવાન.........'"

"કેવું સ્વપ્ન !" મોસેસના વાળ પંપાળતી તેની આરબ સ્ત્રી સીનાઈની ટેકરીઓ પર ચરતાં પોતાનાં ઘેટાં-બકરાં જોતી બોલી ઊઠતી.

એક દિવસ એ બંનેને બેઠેલાં જોતો એક વેપારીઓનો કાફલો ઈજીપ્તથી નીકળેલો જતો હતો.

"ઈજીપ્તથી આવો છો?" મોસેસ પૂછતો હતો. "છેલ્લા સમાચાર?" "જૂનો રાજા મરણ પામ્યો ને નવો ગાદીએ બેઠો છે. પિરામીડમાં જૂના રાજાના મમી સાથે ખૂબસુરત સેંકડો ગુલામ સ્ત્રીઓ અને ગુલામોને જીવતા ચણી લીધા છે ....ભાગ્યશાળી થઈ ગયા."

"કોણ?" આરબ ભરવાડની આંખો કતરાતી જોઈ રહી.

"મહારાજારતો; અને ગુલામો પણ."

"અને રાણી?"

"મોસેસની મા..........................દેવતાઈ દીકરાવાળી!" વેપારી હસ્યો.

"તે જ." મોસેસે દાંત કકડાવ્યા.

"તે તો મહારાજા પાછળ નથી ગઈ.........નાઠેલા દીકરાના દહાડા ગણતી જીવે છે."

મોસેસની અંદર જૂની યાદ સળગી ઊઠી. એને યહુદીઓ—ગુલામો યાદ આવ્યાં. એણે માથા ઉપર અરબી સાફો જોરથી તાણી બાંધ્યો, ખભા ઉપર અરબી ઓઢણ નાખ્યું અને હાથમાં હથિયાર ધરીને એક વહેલી સવારે તૈયાર થઈ ગયો. એને સ્વજન સાંભરતાં હતાં.

આરબ ભરવાડ ઉતાવળો થયો. એની સાથે એની ભરવાડણ નીકળી. ઈજીપ્તનો રાજકુમાર મોસેસ—અરબસ્તાનનો ભરવાડ મોસેસ—એની સાથીદાર સાથે ખેતરો ને ખાણનાં કામદારોનું, ઈજીપ્તને બાંધનારાંનું, ઈજીપ્તની મજૂરી કરનારાં શ્રમજીવીઓનું મંડળ બાંધવા ચાલી નીકળ્યો. માનવતાના ઈતિહાસમાં એ પહેલા કામદાર નેતાએ "જીવો અને જીવવા દો"નો અવાજ ઉઠાવ્યો.

૨
પૂર્વ પરિચય

જ્યારથી ટોળાબંધ રહેતાં પ્રાથમિક દશાનાં માનવીઓ જેમ ધીમે ધીમે ઘર બાંધીને અને જમીન ખેડીને રહેતાં થયાં, ત્યારથી માનવજીવનનું પહેલું સંગઠન શરૂ થયું. પ્રાથમિક દશાનું સંઘજીવન ત્યાં પૂરું થયું, તથા સંઘમાલિકીને બદલે ખાનગી મિલકત અને ખાનગી માલિકોની શરૂઆત થઈ.

જેમને આ નવી જીવન ઘટનામાં ગુમાવવું પડયું, તેમને જૂની જીવનઘટનાની યાદ સતયુગ જેવી લાગી. જેમને આ નવીનતામાંથી મળ્યું, તેમને મન જૂની જીવનઘટના કરતાં આ નવી ઘટના સ્વર્ગ જેવી દેખાઈ. જેમને ગુમાવવું પડયું, તેમણે ભૂતકાળનાં ગુણગાન ગાયાં, જેમને મળ્યું, તેમણે નવાના જયકાર બોલાવ્યા.

અને જેમણે ગુમાવ્યું, અને જેમને મળ્યું, તે બન્નેની વચમાં જીવનનો કલહ શરૂ થયો.

ઉત્તર અરેબિયામાંથી અને ઇજીપ્તનાં રણોમાંથી ઈ. સ. પૂર્વે ૧૨મા સૈકામાં રખડતાં ટોળાંઓ કેનાનના પ્રદેશમાં પહોંચ્યાં. તેમના નાયકોની સરદારી હેઠળ તે બધાં લડયાં અને નવા પ્રદેશમાં મૂળ વતનીઓને હરાવીને જિતાયેલી જગાપર ઘર માંડીને રહેવા લાગ્યાં.

પણ ત્યારે તેમની બોલીમાં મિલકત નામનો શબ્દ જ નહોતો તે નવો આવ્યો, અને એ લોક મિલકતને 'નાશલાહ' કહેતાં તથા માલિકને 'બાલ' કહેવા લાગ્યાં.

પછી તો મિલકતો ગીરે મુકાવા લાગી, વેચાવા માંડી. થોડાક પાસે ઘણી મિલકતો આવી. ઘણાં પાસે ઓછી આવી અને એ ટોળાંઓના જૂના સંબંધો બદલાવા માંડ્યા તથા એક જ ટોળામાં એક સંબંધને બદલે જુદા જુદા સંબંધો થવા લાગ્યા. બધાં કુળો અથવા ટોળાંઓમાં જેમની પાસે મિલકતો થઈ, તેમનો એક વર્ગ બન્યો, જેમની પાસે મિલકતો ન રહી, તેમનો બીજો વર્ગ થયો.

બરાબર એવા જ વર્ગો મૂળ વતનીઓમાં તો હતા જ. જ્યારે એ ટોળાંઓ આવ્યાં, ત્યારે એમનો ભગવાન જેહોવાહ હતો. ભગવાન જેહોવાહ તો રણવગડાનો ભગવાન હતો—સળગતી આગનો, ભરખી જતા અગ્નિનો અને તાપનો, મોટાં તોફાનોનો, અને ઝંઝાવાતનો ભગવાન હતો.

અને કેનેનાઇટ લોકનો ભગવાન 'બાલ' હતો. એ ભગવાનને બધા માલિક ભગવાન કહેતા. તથા એ બધું ઉત્પન્ન કરતો, દૂધ અને મધમાં સ્નાન કરતો, અનાજના ઢગલા અને દારૂને બનાવતો. બધે હતો, બધું કરી શકતો, અને બધું જાણી શકતો.

નવા આવેલા અને માલિકો બનેલા ઘણાઓએ પોતાના જૂના ભગવાનને છોડી દીધો અને બાલ ભગવાનને ભજવા માંડ્યો. અને કેનાનના ઘણાય મિલકત વિનાના ગરીબો તથા ગુલામોને બાલને બદલે જેહોવાહ ભગવાન ગમી ગયો.

એમ નવા જીવનમાં નવા સંબંધો થતા ગયા અને બધું બદલાવા માંડ્યું.

પછી જેહોવાહ અને બાલ વચ્ચેનો ધર્મ વિગ્રહ એ ગરીબો અને મિલકતવાન વર્ગ વચ્ચેનો કલહ હતો.

જેહોવાહના એક સાધુ એલીશાને મંદિરે ફરિયાદ કરતી કકળતી એક સ્ત્રી કહેતી હતી, "અને મારા બન્ને દીકરાને ગુલામ તરીકે લઈ ગયા."

"કોણ ?"

"નેશીક" (શાહુકાર).

"ભગવાન જેહોવાહ!" સાધુ નિસાસો નાખતો, ગરીબોના હકનો અને ન્યાયનો દિલાસો બનતા જેહોવાહને યાદ કરતો હતો.

પછી 'ટેકોઆ'ના એક એમોસ નામના ભરવાડને જેહોવાહ સ્વપ્નમાં દેખાયો અને એને સંભળાયું. એણે જે સાંભળ્યું તે કહેવા માંડયું કે, "ભગવાન જેહોવાહને ભોગ લેવા પસંદ નથી...એને તો સદાચારી અને ન્યાયી ગમે છે. શ્રીમંતોના પક્ષકારની કાયદાપોથીઓ અને ન્યાયાસનો એને પસંદ નથી...એને રાજન્યો અને સામંતો પસંદ નથી. જેઓ આરસના મહાલયોમાં રહે છે, હાથીદાંતના પલંગ પર શયન કરે છે, અને આપણાં ઢોરોને ખાઈ જાય છે તથા આપણાં પકવેલાં ધાનને ભરખી જાય છે તથા આપણને ગુલામ બનાવે છે, તે બધા પર એનો શાપ છે."

પણ એના જેહોવાહના અવાજને રૂંધી નાખવામાં આવ્યો. અને માઈકાએ એ જ અવાજનો પડઘો પાડયો. જરમિયા અને ઝેહાનિયા તથા ઇઝેકીલે એ અવાજોના હાહાકાર મચાવ્યા.

અને માલિકોએ પોતાના ભગવાનની અને દેવોની નિંદા કરનારા એ જેહોવાહપંથીઓને દેહાંત દીધા. ત્યારે ઇસુને જન્મવાને છસો વરસની

વાર હતી. ત્યારે એ જ દુનિયામાં ગ્રીસની આબાદીનાં ઘોડાપૂર દશે દિશામાં ઊછળતાં હતાં. ગ્રીસના બે પ્રદેશો હતા. એક સ્પાર્ટા અને બીજો એથેન્સ.

સ્પાર્ટા પ્રદેશનાં રહેનારાં માલિક લોક પોતાની પાસેના ક્રીટ, રોડસ અને કોસ પ્રદેશો તથા એશિયામાઈનોરના પશ્ચિમ કિનારાની દક્ષિણના પ્રદેશો કબજે કર્યા હતા. અને એના બીજા પ્રદેશ એથેન્સે કાળા સમુદ્રના કિનારાઓ પર, સીસીલીમાં તથા નીચાણુ ઈટાલીમાં અને ઉત્તર આફ્રિકામાં પોતાનાં થાણાં જમાવ્યાં હતાં.

એ તમામ થાણાંઓ ગ્રીસનાં ગુલામ હતાં. એ તમામનાં જાનમાલના માલિક ગ્રીક માલિકો હતા. એ તમામ થાણાઓમાં ગ્રીક માલિકો તથા મૂળ વતનીઓમાંથી કેટલાક માલિકો હતા. માલિકો ગુલામ ખેડુતો પાસે ખેતી કરાવતા, મજૂરી કરાવતા તથા તેમને ગુલામ તરીકે રાખતા કે વેચતા.

ત્યારે ગ્રીક માલિકોની જોહુકમી નીચે કચડાતી માનવજાતને જોતો ગોરકારાનો એક સાધુ નામે હીસિયડ એક વાત લખતો હતો:

"અને પછી બાજ પક્ષીએ અનેક મધુરગીત ગાતી કોકિલાને પોતાની ચાંચમાં પકડીને આકાશમાં ઊડતાં કહ્યું કે તું સુંદર ગાવાને બદલે મિથ્યા આક્રંદ કરે છે.

"પણ બાજની ચાંચમાં લોહીલુહાણ થતી કોકિલા ચિત્કાર કરી આકાશને કંપાવી મૂકતી હતી, ત્યારે પાછો બાજ બોલ્યો :

"તું મિથ્યા ચિત્કાર કરવા મૂકી દે. જેણે તારું ગ્રહણ કર્યું છે, તે બળવાન છે. તથા તું ગમે તેવી ગાયિકા હોય, તોય તું મારા

જેવા બળવાનની મિજબાની બનવા જ સરજાઈ છે, અને બળવાનની બાથમાં ભૂમરાણુ કરનાર તું મૂરખ છે."

પણ એ વાત લખનાર તો કવિ હતો.

અને દુરાની કહેવાતા સ્પાર્ટન માલિકોએ તથા યુનાની કહેવાતા એથેન્સના માલિકોએ એના જીવનને બળવાખોર કહીને વીંધી નાખ્યું.

પણ પછી દુરાની (સ્પાર્ટન) માલિકોમાં એક લીકર્ગસ થયો. લીકર્ગસે માલિક લોકોના વિલાસ જોયા અને એને બીક લાગી કે, આ માલિક લોકનો એમને એમ તો નાશ થઈ જશે.

એટલે તેણે એમને સુધારવા શાસક માલિક લોકના સુધારાના કાયદા લખ્યા અને તે કાયદાનો અમલ શરૂ કર્યો.

એણે માલિક વર્ગના વિલાસને બંધ કર્યા, ભોજનો સાદાં બનાવ્યાં. સૌની મિલકતને માલિક સંઘની મિલકત બનાવી. માલિકોનાં તમામ જુવાનોને અને યુવતિઓને કસરતો કરાવી તથા મજબૂત કુમારિકાઓને મજબૂત જુવાનો સાથે સંઘ લગ્નથી પરણાવી અને બધાં બાળકોને સંઘનાં બાળકો બનાવ્યાં. પણ ગુલામોની ગુલામી ઓછી થઈ નહિ. માલિકોની માલિકી સંઘ—માલિકી બની.

પણ લીકર્ગસની આ યોજના લાંબો ચાલી નહિ. ગુલામો મરી પરવારતાં હતાં. માલિકોમાં સંઘ-માલિકીને બદલે સો માલિક કુટુંબો જ આખા સ્પાર્ટાની મિલકતનાં માલિક બન્યાં હતાં.

એટલે એગીસ્ટ્રાટાના દીકરા એગીસે લીકર્ગસની યાદ જગવતી હાકલ કરી. સ્પાર્ટાની તમામ મિલકત દરેક કુટુંબને સરખો

વહેંચી આપવાની જેહાદ જગવી અને સ્પાર્ટાની રાજસભાપાસે આવીને એ વાત જાહેર કરી.

પણ લીઓનીડાસ બોલ્યો, "તારી વાત અમને મંજૂર નથી" અને માલિકોની રાજસભાએ એગીસના પ્રાણ માગ્યા. એગીસ નેપ્ચ્યુનના દેવળમાં નાઠો અને ત્યાંથી પકડાયો તથા કારાગારમાં જકડાયો.

અને એને ફાંસીને માંચડે દેવામાં આવ્યો.

ત્યારે ઇ. સ. પૂર્વે ૨૪૦ વરસનો સમય ચાલતો હતો.

★

૩

શાક્યોનો રાજકુમાર સંઘમાનવનું શરણ સ્વીકારે છે.

આજે શાક્યોના ગણપતિ શુદ્ધોદનના કુમાર અને શાક્યોના જુવાન સેનાપતિ સિદ્ધાર્થનો જન્મદિન હતો. શાક્યોના ઘરેઘરમાં આજ આનંદમંગલ ઊજવાતો હતો. દેવભૂમિ પર થયેલા આક્રમણને ખાળવા લશ્કર લઈને ગયેલો વિજયી સિદ્ધાર્થ આજે શાક્યોમાં પાછો આવ્યો હતો.

ઓગણત્રીસ વરસના નવજુવાન કુમારને અભિનંદતો શાક્યોનો ગણપતિ શુદ્ધોદન કહેતો હતો:

"સો શરદ જીવ, રાજકુમાર! આજે તેં આપણી અને સારીયે શાક્ય જાતિની શોભા વધારી છે. આપણા પાટનગરના શાક્યગણો તારું બહુમાન કરવા માગે છે."

"મારું...બહુમાન!" પિતાને નમન કરતો સિદ્ધાર્થ ન કળી શકાય તેવી નજર નાખતો જોઈ રહ્યો.

"તો કોનું, કુમાર! શાક્યોનો તું જ શિરતાજ છે ને...મારી બધી આશાઓને તેં ઊજળી કરી બતાવી છે."

"ના, ના......"

"શું ?"

"મને ખબર નથી...તમે મારામાં શીયે આશાઓ સ્થાપી હશે, પણ......"

"પાછું પણ...તારી ગમગીની જતી જ નથી. આપણી ભૂમિપર જેની અહર્નિંશ છાયા પથરાયેલી રહે છે, તેની દેવભૂમિમાંથી પણ તને આ ગમગીનીનું ઔષધ ન જડયું કુમાર !"

"જડયું...પણ અહીં આવતાં ખોવાઈ ગયું...આપણી શાકય ભૂમિપર દેવભૂમિનો પડછાયો પડે છે, પણ અહીં એ છાયામાં મારી ગમગીની દૂર થવાની જ નથી, એમ મને લાગ્યા કરે છે."

"તને શું ઔષધ જડયું'તું ને અહીં કેમ ખોવાઈ ગયું...?"

"તે આપ જાણો છો...આપણી આખી સંસ્થા...ગણસંસ્થા જાણે છે. ત્યારે સંસ્થાગારમાં મેં નહોતું કહ્યું કે..."

"એ ગઈ ગુજરી જવા દે ને તારી ગમગીનીના નિવારણની વાત કર ને...દેવભૂમિમાં કઈ ઔષધિ હતી ? હું તેને જીવને જોખમે પણ......"

"નહિ લાવી શકો, ગણપતિ......દેવગણોમાં એ ઔષધિ છે... શી ખબર કયાં સુધી જળવાઈ રહેશે ! એ ઔષધિ ત્યાંના જીવનમાંથી... સમાન સંઘજીવનમાંથી ઊગે છે...ત્યાંના ગણપતિ ઈંદ્રથી માંડીને તે સૌ કોઈ સમાન જીવનસંઘીઓ છે...ત્યાં કોઈ માલિક નથી, કોઈ ગુલામ નથી...એટલે માણસે માણસ પર નાખેલાં ગુલામીનાં દુઃખ અને પીડનો, ગરીબાઈનો મહારોગ અને દરદો ત્યાં નથી...ત્યાં સ્વર્ગ છે સ્વર્ગ."

"અને આપણે ત્યાં સમાનતા...આપણો શાકયોનો સમાન સંઘ..."

"શાક્યો જ સમાન છે...આપણી સમાનતા અને આઝાદી ગુલામોપર...ગુલામોનાં પીડન પર ઊભી છે. શાક્યો માલિકો છે... અંદર અંદરની એમની સમાનતા જે પાયા પર ઊભી છે, તે પાયો જ એ સમાનતાનો નિષેધ કરે છે......આપણે પીડનોની ચિતાપર... આનંદમંગલ ઊજવીએ, પણ આખરે..."

"મને આખરની પરવા નથી."

"મને છે."

"તેની મને ખબર છે." શાક્યોનો આગેવાન ગમગીન થઈને સામેની આનસની ખુરશીપર બેસી પડ્યો. "એટલે મારી ગમગીનીનો અહીં ઉપાય નથી, કારણ કે, મને ખબર છે કે, ગુલામોપર આનંદ-વિલાસ માણનારા આપણા શાક્યગણોને કોઈને મારી વાત પસંદ નહીં...અને એમની નાપસંદગી હોય, તો આપણા જીવનના સડેલા આ પાયાને સમરાવી શકનાર હું કોણ?"

"તારી સમશેર પર શાક્ય કુમારો તો મુગ્ધ છે ને!"

"હા, સમશેર પર...સમશેરની ધારપર...પણ એ સમશેરને ધારણ કરનાર મારાપર નહિ...મારી આ વાત એમને વેવલી અને વેદિયા જેવી લાગે છે..."

"તો તો ઉપાય નથી."

"હું એ જ કહેતો હતો કે, આપણી શાક્યભૂમિમાં મારી ગમ-ગીનીનો ઉપાય જ નથી."

"હું એમ નથી માનતો."

"તે મારાપરની મમતાને લીધે. તમારી મમતા મને આ જીવલેણ જીવનઘટનામાં જકડી રાખવા આતુર છે."

"જીવલેણ જીવનઘટના!" શુદ્ધોદન ઊભો થઈ ગયો. "કુમાર, કુમાર...તું આ શું બોલે છે!"

"-સત...હું ગ્રહણ જોઉં છું...આવતી કાલે એ બધાં ત્રણ શાસનોનો નાશ કરશે...આજે તો દેવભૂમિ પર અથડાય છે પણ એ ગ્રહણ વેળાએ આપણી ભારતભૂમિની તમામ સરહદો પર ભૂખ્યાં આક્રમણો અથડાશે અને ત્યારે આપણો બચાવ કરવાની આપણી શક્તિ નહિ હશે..."

"કેમ !"

"કારણ આપણી જીવનઘટના પીડનો પર રચાઈ છે. ગણ-સંસ્થાઓ તેમાંથી બચી નથી...પોતાની અંદર અંદર લોકશાસન અને સમાનતા રાખતી ગણજાતિઓ પણ બીજાઓને ગુલામ રાખવાના વ્યાધિમાંથી પોતાના કલેવરને બચાવી નહિ...શકે અને..."

"શું !"

"નાશ પામશે."

"તારા આ ખ્યાલો તને જંપવા દેવાના નથી."

"સાચું છે...મને ઊંઘ જ નથી આવતી. મને દેવભૂમિ દેખ્યા પછી એ વધારે સાલે છે. આપણા રાજમહાલયના આનંદો મને કરડી ખાય છે. મને જ્યાં ને ત્યાં માનવતાનાં ગુલામ બનેલાં મૂલ્યો જકડાયલાં, ચિચિયારા કરતાં સંભળાય છે અને આપણા બધા ભોગવિલાસોમાં મને ગરીબોનો હાય કંપાવી મૂકે છે...જ્યાં હું હાથ મૂકું છું, ત્યાં મને ડંખ લાગે છે."

"ધીમે ધીમે ટેવાઈ જશે...મનમાંથી એ વિચારો કાઢી નાખે તો."

"કોઈ પોતાની અંદરથી પોતાની જાતને કાઢીને નાખી દઈ શકે છે...! એ બધા તો મારી જાત સાથે જડાઈ ગયા છે." બોલતો રાજકુમાર ગણપતિના ગૌર લલાટપર નીલ વિશાળ નેત્રોની નજર સ્થાપી ઊભો રહ્યો. એના પડછંદ દેહ પરથી નીતરતી આભા નીચે

કચડાતો હોય, તેવો શુદ્ધોદન થોડીવારની ભયાનક શાંતિમાંથી ભાગવા મથતો હોય, તેમ બગાજબરીથી બોલ્યો, "હવે સમય થવા આવ્યો છે."

"શાનો?" જાણે જાગી ઊઠતો હોય, તેવો રાજકુમાર બોલ્યો.

"આપણા દક્ષિણ દ્વારના રંગમંડપમાં જવાનો. ત્યાં તારા સ્વાગતની તમામ તૈયારીઓ થઈ ગઈ છે."

"ભલે." કચડાતો હોય, તેવો શાક્ય કુમાર સંમત થયો.

"પણ ત્યાં આપણે સરઘસમાં પહોંચવાનું છે."

"જી."

અને પછી થોડીવારે શાક્યોના પાટનગર પર શાક્ય ગણોનું સરઘસ નીકળ્યું. કપિલવસ્તુનું મુખ્ય બજાર શણગારાયું હતું. કપિલવસ્તુના મહાલયોની અટારીઓ પર ટીંગાઈ રહેલી શાક્ય યુવતિઓના હાથમાંનાં ફૂલ શાક્યોના મહાન સેનાપતિ અને જુવાન રાજકુમારના માનમાં પડવા અધીરાં બન્યાં હતાં.

શાક્યોના પાટનગર પર એક સાથે અનેક વાજિંત્રો વાગી ઊઠયાં. લશ્કરની હરોળો સરઘસમાં શામિલ થવા પોતપોતાની જગા પર ગોઠવાઈ વાઈ ગઈ. રથોની લંગાર અને ઘોડેસવારોની કતારો થનગનતા ઘોડાઓની લગામ ખેંચીને અધીરી ઊભી. સૌની આગળ પાછળ ઝૂલતા હાથીઓની શોભા લચકાતી લહેરાઈ રહી. બધા સરઘસની વચમાં આંખને આંજી નાખે તેવા રથમાં શાક્યોનો રાજકુમાર એકલો બેઠો હતો.

અને પછી એક સાથે અનેક વાજિંત્રો વાગી ઊઠયાં. તુમુલ નાદ પર તરવરતું સરઘસ કપિલવસ્તુના રાજમાર્ગ પર ચાલવા લાગ્યું.

રાજમાર્ગ પર ચપળ નજર ફેરવતો સિદ્ધાર્થ પોતાના સારથી છન્ન સાથે વાતો કરતો જતો હતો.

"ગરીબ ગુલામ હોય છે ને ગુલામો તો ગરીબ હોય જ...એમનું જીવન જ એવું હોય છે, કુમાર. પીડનોથી ખદબદતું...પાછલા ભવનાં કર્મનાં ફળ..."

"ના, ના." સિદ્ધાર્થે જોરથી માથું હલાવ્યું.

"શું ?" સારથી રાજકુમાર તરફ તાકી રહ્યો.

"પાછલો ભવ...મને તેની ખબર નથી, પણ એ વિરાટ લોક પીડાય છે તે પાછલાં કર્મોથી નહિ...આ જીવનમાં જ કર્મોને લીધે..."

"એમણે આ જીવનમાં તો એવું શું કર્યું છે, મહારાથી !" છન્ન લગામ ખેંચતો તાકી રહ્યો.

"હું ક્યાં કહું છું...આ જ જન્મનાં આપણાં અને આપણા પૂર્વજોનાં પાપકર્મોને લીધે જેમણે એમને ગુલામ બનાવ્યાં."

છન્ન કંઈ બોલ્યો નહિ.

થોડીવારે શાક્ય કુમારે વિચારમાંથી જાગી ઊઠતો હોય, તેમ અચાનક અવાજ ફરમાવ્યો.

"તો તો છન્ન આપણો રથ પાછો હાંક...પાછો હાંક આપણા રાજમહાલય તરફ."

છન્ન આંખો ફાડી જોઈ રહ્યો.

"હું ભાનમાં જ બોલું છું. રથ પાછો વાળ, છન્ન...મને એ કંઈ જ ખપતું નથી...આપણી મિજબાનીઓ અને માનપત્રો...આ પીડિતો હોય ને આપણે આવું કરીએ, તેમાં એમનો અને આખી માનવતાનો ઉપહાસ છે...છન્ન આપણો રથ પાછો વાળ."

"પણ ?..." છન્ન ઘોડાઓની લગામ ખેંચતો રથ અટકાવતો બોલ્યો.

"મારો તને હુકમ છે."

"પણ કેવું દેખાય...રાજકુમાર !"

"કે રાજકુમાર...શાક્યોનો રાજકુમાર માનપત્રને યોગ્ય નથી."

"આપ રાજકુમાર..."

"હા, હું જ...આખી પીડક ઘટનાનો ભાર અમારે શાસક શાક્યોને માથે છે...હું એને ટાળવા કશું ન કરી શકું, ત્યાં સુધી... મને કોઈ માનનો અધિકાર નથી...છન્ન રથ પાછો વાળ."

અને શાક્યોના પાટનગરનો સમારંભ મોકૂફ રહી ગયો અને રાજકુમારનો ગમગીન રથ પાછો ગયો.

તે આખી રાતભર સિદ્ધાર્થને ઊંઘ આવી નહીં. એની નજરમાં પીડન પામતો માનવસંઘ ઊભરાયા કર્યો. એના કાનમાં અનેક પીડનો અને જુલ્મોનો કકળાટ ભોંકાયા કર્યો.

એની પડખેના જ છત્રપલંગમાં એની યુવાન યશોધરા અને એનો બાળક રાહુલ ઘસઘસાટ ઊંઘતાં પડયાં હતાં. એણે એ બન્ને તરફ જોયું, પણ એમનાં શીતલ મુખ પરથી એને શાંતિ વળી નહિ.

એના હૃદયનો ડંખ અસહ્ય બન્યો. એ પાછો યશોધરા અને રાહુલના પલંગ પાસે ચૂપચાપ આવ્યો અને ચોરની જેમ ચાલતો ઉતાવળો આગલા ખંડમાં આવી ઊભો.

એણે છેવટનો નિશ્ચય કરી લીધો. એણે મક્કમતાથી હોઠ દબાવ્યા. એનાં સંકોચાયલાં ભવાં વધારે સખત બન્યાં. એ રાજઘર છોડી જતો હતો.

જાણે એને વારી રાખતા હોય, તેવા અનેક સ્નેહાળ અવાજો એના કાનમાં ગુંજી ઊઠયા. એની આંખ સામે આખો નેપાલ અને

બંગાળ વચ્ચે પડેલો શાક્ય પ્રદેશ ઉપર તળે થતો દેખાયો. હિમાલયની છાયા એને મુઝવી રહી. શાક્ય પ્રદેશનાં મનરંજન નદીનાળાં એના કાનમાં કલરવ કરી રહ્યાં. શાક્યજાતિના ચૂંટાયલા છસો શાક્યગણોની રાજસભા એને અટકાવી રાખવાનો જાણે નિરધાર ગજવી રહી. પણ એ બધાથી પર થઈને ટપી જવાનો નિશ્ચય કરી ચૂકેલો શાક્યોનો રાજકુમાર મધરાતે ચાલી નીકળ્યો.

ઈસુને જન્મવાને ત્યારે પાંચસો વરસની વાર હતી. તે વરસના તે દિવસ પર જાણે એના મહાભિનિષ્ક્રમણના કદમ પર ઇતિહાસના માનવી પરિબળનો પહેલો ડંકો વાગ્યો.

જ્યારે આખું જગત ઊંઘતું હતું, ત્યારે એ એકલો માનવસંઘનો મહારથી બનીને ઇતિહાસી કદમ ઉઠાવતો હતો.

એ કદમની ભાગ કાઢતો કપિલવસ્તુથી નીકળેલો આનંદ આજે પાછો એને સાંભરતો હતો.

" આપણાં મૂળ...અંધારી ગઈ કાલોમાં જોઈ જોઈને ઝાંઝવાં વળી જાય ને નજર ઝંખવાઈ જાય, તેવાં જંગલોમાંથી...ઝાંખરાંમાંથી બરફોથી ઢંકાયેલા ગિરિગહ્વરોમાંથી, જીવનની જંગલિયતમાંથી... જંગલિયતના દારુણ કલહોમાંથી કદમ પર કદમ ઉઠાવતાં ને દરેક કદમ પર લોહીલુહાણ યાદ વેરતાં નરનારીઓ...માનવો રઝળતાં રખડતાં, પડતાં આથડતાં મરી પરવારતાં, તોય પૂરાં નહિ થતાંને પહોંચતાં હતાં." પછી એની વિચારમાળા લંબાઈ : અહીં જ આ સપ્ત સિંધુઓ ને સરિતાઓને આરે...અહીં પહેલી ઉષા ઊગી હશે."

ત્યારે સતયુગ હતો...જે હતું, તે સત હતું. સતસમાન અને એક સરખું અહીં સપ્તસિંધુઓને આરે રહેતું હતું. પછી એક દિ આ મારું અને બીજા કોઈનું નહિ, એવું કોઈએ કોઈને કહ્યું, એવું

વેદવાક્ય છે અને બ્રહ્મને ભય પેઠો, અને ભયને ભયનું વિદારણ કરવા વિરાજન સાંપડ્યો.

"એવું વેદવાક્ય છે." અને એ ખડખડાટ હસ્યો.

"કેવું વેદવાક્ય છે?" પાછળથી એક અવાજ પૂછતો હતો. અને તે સાંભળતો ન હોય, તેમ એ આગળ બોલી રહ્યો, "અને પછી સપ્તસિંધુઓને જ આરે આરે પુરુઓ અને યાદવો અને..."

"અને કુરુઓ અને પાંચાલો..." બોલતો પેલો અવાજ એની પાછળ આવીને ગોઠવાયો.

"અને એ ઉષા જ્યાં આથમેલી દેખાતી હતી...જ્યાં દૃષ્ટિ મર્યાદા બનીને પાછી ફરતી હતી...જ્યાં આકાશ અને પૃથ્વીની દીવાલ બનીને અવરોધતી આડી થતી હતી, જ્યાંથી આગળ દેવો ને દેવીઓ...આર્યો ને આર્યાઓ દેખી શકતાં નહોતાં ત્યાંની માનવતા...યક્ષો ને કિન્નરો, દૈત્યો ને રાક્ષસો, નાગો અને વાનરો..."

"એ બધાં પણ માનવો?" પેલો અવાજ ખડખડાટ હસી પડ્યો.

"હા...દૃષ્ટિમર્યાદાની પેલી પારની નજર આર્યો દાખવી શક્યા નથી...એ એમની દૃષ્ટિની મર્યાદા છે, અવકાશની નહિ."

"આવા આવા વિચારો તને..."

"આવા આવા વિચારો મને જ્યાં લઇ જશે, ત્યાં જઇશ ને...ને ખતમ થઈ જઈશ પણ દૃષ્ટિ મર્યાદાની પેલીપાર જોવાની મહોબ્બત મૂકતો જઈશ..." એ દૃષ્ટિ મર્યાદાની આરપાર જોવા મથતો હોય, તેમ વિચારમાં ડૂબી ગયો, અને પછી એકાએક ઝબકી જાગતો હોય, તેમ બોલ્યો, "શી નાકાબંધીઓ...નજરબંધીઓ, કદમબંધીઓ આ જાલીમોની જાત મૂકી રહી છે અને આપણા ભોંવો, ગુરુઓ તેની ઋચાઓ બનાવવા માંડયા છે કે, સમુદ્રપર્યન્તા પૃથિવી...પર્વતપર્યન્તા પૃથિવી...એમની વંડીઓનાં કારાગારથી દીવાલોની પાછળ પૃથિવી

નથી...જીવન નથી...માનવતા નથી...નથી જ નથી. એ દુષ્ટોએ દોડતા કરેલા અનાર્યો પરના મહાસંહાર મહાલે છે..."

"પણ એને કોણ ફેડી શકશે?"

"હું." એણે ગંગાના જોરથી વહેતા પ્રવાહપર વિશાળ નજર સ્થાપી દીધી. "હું કોણ? આનંદ...મારું તો નિર્વાણ થાઓ... આપખુદ હુંકારાઓએ જ, આનંદ..."

"ના, ના આપનો હુંકાર તો સઘને જંપે છે..."

"પણ હજુ સંઘમાં વિલાયો નથી...નિર્વાણ નથી પામ્યો...ત્યાં સુધી હું પાછો આવીને શું કરું? આનંદ! યશોધરા અને રાહુલ પર તું વહાલ રાખજે ને આપણી ગણસંસ્થાને કહેજે કે, મનેમાફ કરે." અને આનંદ પાછો ગયો.

તે વાતને આજે પાંચ વરસ વહી ગયાં હતાં. હવે શાક્યોનો જુવાન રાજકુમાર મહારથી નહોતો રહ્યો. એના હાથમાં સમશેરને બદલે એક કમંડલુ શોભતું હતું. એના દેહપર વિલાસનું એકે ચિહ્ન હતું નહિ. એના વિશાળ ભાલ પ્રદેશ પરથી નીતરતી તેજની ધારાઓ એની સ્થિર નજરમાં ઓતપ્રોત બનેલી સ્થિતપ્રજ્ઞાનો પ્રભાવ પાડતી એક નિરધારનું નિરંતર સ્મરણ કરતી દેખાતી હતી. આસપાસના જનપદો એને ગૌતમ કહેતા.

આજે એ લિચ્છવી જાતિના ગણરાજ્યના પાટનગરની પાન્થ-શાળામાં ઊતર્યો હતો. એના ઉતારામાં એના શિષ્યોનો મોટો સમૂહ હતો. એ શિષ્યોમાં ભાગી આવેલા ગુલામો હતા. માલિકોનાં મંદિરો અને રાજપ્રાસાદોમાં ગુલામ બનેલી વેશ્યા નારીઓ ભિખ્ખુની બનીને એના સંઘમાં જોડાઈ હતી.

દલિત બનાવોને પીડનોના પરાકાષ્ટા પર જીવતા મરણની યાતનાઓમાં બ્રાહ્મણ શાસકો અને માલિકોએ ધકેલી દીધેલા ચંડાળ

નામના શૂદ્રો પણ એના સંઘમાં આઝાદ અને અભય બનતા હતા.

સારાય જંબુદ્વીપમાં એના સંઘમાનવના સૂત્રે ખળભળાટ મચાવી મૂક્યો હતો. ભારતભોમની ધરતી પર આ શાંત પ્રશાંત લાગતા બળવાખોર શાક્ય કુમારે "સંઘમાનવ મારું શરણુ હો" ની રણહાક ગજવી મૂકી હતી.

લિચ્છવી ગણુના પાટનગર વૈશાલિમાં આજે તથાગતનો મુકામ હતો. લિચ્છવીઓનો ગણપતિ અને મહાસેનાની સિંહ એ જ ગૌતમનો અનુયાયી બનીને ગૌતમના ચરણોમાં બેસતો હતો. આજે વૈશાલિ નગરમાં જનશાસનનો મહા ઉત્સવ મનાયો હતો. આજે જ મગધના બિંબીસાર મહારાજાનાં લશ્કરોને ગંગાને પેલે પાર મારી હઠાવીને ગણુ શાસનનો જયકાર ગજવતો કરીને લિચ્છવીઓનો ગણુ-પતિ સિંહ પાછો ફર્યો હતો.

આ સમારંભમાં કપિલવસ્તુથી પગે ચાલતાં આવેલાં યશોધરા અને આનંદ ગૌતમનાં શિષ્યો બનવા આવી પહોંચ્યાં હતાં. માનવ-ભાવનો મહામેળો અહીં જામ્યો હતો. સંઘમાનવનો મહાશબ્દ અહીં ગાજતો બન્યો હતો. લિચ્છવીઓમાંથી મઝુંખરાંઓએ ગુલામોનો છુટકારો જાહેર કર્યો હતો. વૈશાલી નગરી પર જાણે ભારત લોક જયકાર ગજવતો ગૌતમના દર્શને ઊમટતો હતો.

"ત્યારે સિંહ, તને શું દેખાય છે...આપણી આવતી કાલ!" ગૌતમે માનવસ્નિગ્ધ નજરનો ભાર સિંહ પર સ્થાપી દીધો. સિંહ કંઈ બોલ્યો નહિ.

"આ વિજયથી તને આનંદ થાય છે! આ વિજય કોનો કોના પરનો વિજય છે? સિંહ! ગણુશાસને બિંબીસારના આક્રમણને મારી હટાવ્યું ખરું પણ..." ગૌતમે પાછું કહેવા માંડ્યું.

"શી વાત કહેવા માગો છો, તથાગત?" સિંહ જોઈ રહ્યો.

"મને ત્યારે...જ્યારે હું દેવગણના વિજયમાંથી કપિલવસ્તુ પાછો ફર્યો, ત્યારે મનેય એક પળવાર એમ થયું કે, ગણશાસનોને એક કરી લોકશાસનોની સમશેરની ચોકીવાળું એક તંત્ર કર્યું હોય, તો...પણ મને એ શક્ય ન દેખાયું."

"કેમ?"

"કારણ આજે જે આક્રમણને પાછું હટાવીને તું મગધના બિંબીસારને મહાત કરીને આવ્યો છે, તે આક્રમણ ગણશાસનની સંસ્થાગારોમાં અને ગણરાજ્યોના ઘરઘરમાં પેસી ગયું છે. આક્રમણ પાછું હટ્યું પણ આક્રમણનાં કારણો જે આક્રમકને સરજે છે, તે તો અહીં વૈશાલીમાં પણ..."

"એનો ઉપાય?"

"મને દેખાતો નથી...એટલે તો હું સમશેર છોડીને આ ભિક્ષાપાત્ર ધરીને સંઘમાનવ...એટલે વાસ્તવતાને મારું જીવનચિંતન બનાવીને રખડું છું. મને એથી સંતોષ છે."

"પણ આપ ધારો તો..."

"હું ધારતો નહિ હોઉં? મારો નિરધાર મેં ધારણ તો કર્યો છે પણ...ગણશાસનોનો ઘાત કરી આખાય દેશ પર એકચક્રી આપખુદ શાસન ઘડવા માગનાર બિંબીસારને હું સમજાવી ન શક્યો એમ તું કહે છે ને!"

"એમ જ."

"હું સમજાવી ન શક્યો...કદાચ સમજાવી શક્યો હોત, પણ અજાતશત્રુ–એનો રાજકુમાર સમજી શકે તેવો નથી. બિંબીસારે સંઘશરણ સ્વીકાર્યું છે, પણ તેણે નહિ...એને તો જગત આખું જીતવું છે અને તે માટે બિંબીસાર આડો આવે, તો તેને પણ એ કારાગારમાં જકડી દેવા સુધી જાય તેવો છે, એટલે હું પાછો આવ્યો

પણ મને બિંબીસારે એક વાત કહી તે સાવ સાચી હતી."

"શી !"

"કે તથાગત, ધારો કે અજાતશત્રુ પણ સમજે, પણ અમારી આખી ઓલાદનો શો ભરોંસો ? અને ધારો કે, સિંહ વૈશાલી નગરમાં ભિખ્ખુ બનીને સમાન સંઘમાનવનો ધર્મ પુકારે, પણ બીજા લિચ્છવી ગણોનું શું ! અહીં તો એક અજાતશત્રુ છે, પણ મને તો આખી ધરતી પર અજાતશત્રુઓ પથરાયા દેખાય છે. અજાતશત્રુ સંઘમાનવનો શત્રુ છે અને મારો દેહ નહિ હોય, ત્યારે જે દેખતાં હું કંપી ઊઠું, તેવાં પીડનો એ સંઘમાનવ પર લાદી દેશે અને ન્યાયસમતાનો નાશ કરી નાખશે; પણ એને વારનાર પરિબળ શું !"

"શું !" સિંહ જોઈ રહ્યો.

"હું નહિ...સંઘમાનવ...મેં એનો સંઘ સ્વીકાર્યો એટલો મને આનંદ છે, સિંહ."

પછી એવાં ઘણાં વરસો વહી ગયા અને સંઘમાનવના સંઘપર રાજા મહારાજાઓ અને માલિક જમીનદારોના જુલ્મ શરૂ થઈ ગયા. બુદ્ધના અનુયાયીઓપર ભયાનક મોતની ચક્કીઓ શરૂ થઈ ગઈ.

તથાગતના અનુયાયીઓ ઘાણીમાં પિલાયા, તેલમાં તળાયા, માંચડાઓપર ટિંગાઈ ગયા, તરવારની ધારપર પોતાના લોહીની છોળો ઉછાળતા સંઘ શરણનો આહલેક ગજવતા ખપી ગયાં. પણ સંઘ-માનવ ખપી ગયો નહિ. તથાગતનો અવાજ શમી ગયો નહિ.

એ જ અવાજ પર અશોક નામના એક શૂદ્ર પહેલા મહારાજાએ ન્યાય સમતાનાં સ્મારકોથી ભારતભૂમિને ભરી નાખી. જંગલી જગતમાં હિંદ ભોમપર ન્યાયસમતાનાં પહેલાં નિશાન ફરકી ઊઠયાં.

પણ સંઘમાનવ પોતાના અવાજનો જીવનો આકાર ઘડે, તેને હજુ ઘણી વાર હતી. અશોકનાં ન્યાયસમતાનાં સ્મારકોને બ્રાહ્મણ

શાસનના જાલીમ સમ્રાટોએ ખોદી નાખ્યાં. અશોકના ન્યાયસમતાના શિલાલેખોનો ઉચ્છેદ કરી નાખ્યો અને સંઘમાનવની પીડન ચક્કીઓ શરૂ કરી દીધી.

ન્યાયસમતાનો જગત ભરમાં પહેલો અવાજ ગજવનાર અશોકને ઇતિહાસમાંથી ઉખેડી નાખવા બ્રાહ્મણ શાસનના જાલીમોએ અશોકને બદલે પોતાની સાલ સંવત શરૂ કરીને કાળનો આંક ઠોકી બેસાડયો.

અને પછી બુદ્ધનો ધર્મ બનાવી, દેવળ બનાવી, પહેલું સમાધાન કરીને બુદ્ધ આચાર્યે કહ્યું, " સંઘમાં સૌ નરનારીઓ સમાન બનીને જોડાઈ શકશે પણ ઋણવાન પોતાના માલિકનું દેવું પતાવ્યા વિના તેમાં નહિ પ્રવેશી શકે."

એ સમાધાનના પહેલા પગથિયેથી તથાગતનો રૂઢધર્મ બનાવનારાઓએ પીડકોસાથે સમાધાન કર્યું.

અને પછી સમાન સંઘમાનવોના અવાજમાંથી સમાનતાની રણહાક સરી પડી.

૪

પહેલો ક્રાન્તિકાર

લુકસને ઘેર ગુલામ આવ્યો હતો, સીધો દોર થઇ જવા. ગુલામો પરનો લુકસનો તાપ એવો જાણીતો થઇ ગયો હતો. એ આવ્યો, ત્યારે મરવા માટે જ આવ્યો હતો. એના માથામાં મોટો ઘા હતો અને તે રૂઝાતો જતો હતો. એ એના માલિક લુકસના આંગણામાં કોઇ વાર બંને હાથ માથે દઈને બેસતો. એને જોનારાં બીજાં ગુલામો કહેતાં કે, એ કંઇ યાદ કરે છે. એમ કહેનારાં એનાં જોડિયાં ગુલામો એની યાદની કંઈ કંઈ કલ્પનાઓ કરી નાખતાં ને પોતાને પ્રિય યાદો ઉકેલતાં.

'થ્રેસનો છે ને થ્રેસનો! બિચારાનો બાપ મરી ગયો હશે ને એની એકલી માને સંભારતો હશે...' બોલતું કોઇ ચાલ્યું જતું.

'એ...એઈ...' પોતાના અને કોઈના પણ જીવન તરફ હતાશ હસતો એક વૃદ્ધ ગુલામ એના એકલા તરફ મમતા બતાવતો, એને એકલાને જ જોઈને કોઈ વાર વેરાન હાસ્ય કરતો ને કહેતો, 'સ્પાર્ટેકસ, શું યાદ કરે છે? બિચારો એને પોતાને જ ભૂલી ગયો લાગે છે!' એમ બોલતો એ ડોસો એના એકલા ઘવાયલા માથા ઉપર હાથ ફેરવતો ને એનાં ઝુલ્ફાંમાં આંગળીઓ રમાડતો કહેતો, 'તું છે...તું...ગુલામ.'

અને એ ગુલામ આસ્તેથી ઊંચું જોતો, ત્યારે એની ભૂખરી આંખો સહેજ ચમકતી, એની હડપચી વધારે અણીદાર બનતી, એનાં ભવાં જાણે નિશાન માંડતાં. જાણે બીતો હોય, તેમ પેલો ડોસો ચાલ્યો જતો અને સ્પાર્ટેકસ એક નિસાસો નાખતો પાછો માથે હાથ દેતો.

'મને માલિકે કહ્યું છે કે, તારે...તમારે તલવાર ખેલતાં શીખવું, કારણ કે ગુલામોની અંદર અંદરની સાઠમારીનો ઉત્સવ આવે, ત્યારે...' એની પીઠ પાછળથી અવાજ આવ્યો. એક છોકરી ઊભી હતી. ગ્રીસ સાથેની લડાઈમાં એ પકડાઈ હતી અને લુકસની રાત્રિની પરિચારિકા બની હતી.

જાણે કોઈ પથ્થરની પ્રતિમા જાગી ગઈ હોય તેમ, જાણે કોઈ યંત્ર ફરતું થયું હોય તેમ સ્પાર્ટેકસે ડોક ફેરવી. છોકરીએ પગથી માથા સુધી રોમાંચ અનુભવ્યો. સ્પાર્ટેકસે એક જરમાં આખી છોકરીને જોઈ લીધી ને એની આંખમાં કદી નહિ દેખાયેલું એવું જીવનનું કિરણ ફૂટ્યું.

'નામ ?' પેલાએ જવાબ આપવાને બદલે જુદો જ સવાલ પૂછ્યો.

'એલપિનિસ,' બોલતી છોકરી આગળ આવી. 'અને તમારું ? સ્પાર્ટેકસ ને ? કહી' તે સ્પાર્ટેકસની અડોઅડ બેસી પડી. એક પળવાર કોઈ કંઈ બોલ્યું નહિ, માત્ર બંને પોતપોતાના હૃદયના ધબકારા સાંભળી રહ્યાં. પછી બીજી પળે સ્પાર્ટેકસનો હાથ છોકરીની પીઠ પંપાળી રહ્યો અને અજાણતાં જ છોકરીનું શરીર સ્પાર્ટેકસના પડખામાં દબાયું. પછી સ્પાર્ટેકસની બાથમાંથી એલપિનિસ છૂટી થઈ, ત્યારે પોતે કહેવા આવેલી, તે બધું ભૂલી ગઈ હતી. એલપિનિસે જતાં જતાં એટલું જ કહ્યું, 'મારા બાપાને ઘેર આરસની સરસ

પ્રતિમા હતી, બરાબર તમારા જેવી. મને તે ખૂબ ગમતી હતી.' બોલતાં એલપિનિસની આંખો ભીંજાઈ ગઈ.

એ વાતને આજે એક વરસ વીતી ગયું હતું. માલિકની માનીતી ગુલામ છોકરી એલપિનિસ સાથે સ્પાર્ટકસે પ્રેમ કરવાની હિંમત કરી છે, એવી વાત લુકસનાં ગુલામો એકબીજાના કાનમાં કહેતાં હતાં તથા એ પ્રેમની વાતની સાથે સાથે દક્ષિણમાં ગુલામોએ કરેલા બળવાની અને સરોવરની લડાઈની વાતો પણ ભળતી હતી.

સ્પાર્ટકસ અને એલપિનિસ અંધારે બેસી જાણે કાવતરાની ગુફતેગો કરી રહ્યાં હતાં. એ કાવતરું પ્રેમનું નહિ, પણ બીજું જ હતું. એ કાવતરું બંનેએ ભાગી જવાનું હતું, માલિકના ખૂનનું હતું. પણ પરસ્પરના પ્રેમ સિવાયના બીજા જ કોઈ આદર્શ માટે... બળવા માટે. સ્પાર્ટકસે બધી પૂર્વતૈયારી કરી રાખી હતી.

"ઊંઘે છે." એલપિનિસ બોલી.

"આજે જ રાતના" કહી સ્પાર્ટકસે હાથ લંબાવ્યો. જવાબમાં એલપિનિસે મધરાતના પડછાયા જેવી ડોક હલાવી, અને હાથ ધર્યો. હાથમાં એક ઉઘાડી છરી ચમકી રહી.

"જાઉં છું...ને તું!" છરી લઈને એડી ઊંચકતી છોકરીનો અવાજ બોલ્યો.

"મેં વાત કરી રાખી છે...તું જા..."

"ને તું...તમે?" છોકરીને મધરાતના અંધારામાં સ્પાર્ટકસ ઘણો મોટો લાગ્યો.

"હું જાઉં છું કોઢમાં, અને બધાને છૂટા કરું છું."

"જાઉં છું." છોકરી જતી જતી એક પળ અટકી. અંધારામાં એલપિનિસની આંખોનો ઉગ્ર પ્રેમ સ્પાર્ટકસ જોઈ શક્યો પણ

છોકરીને લાગ્યું કે, એક જ પળમાં સ્પાર્ટકસ પ્રેમની બધી રીતો ભૂલી ગયો હતો. એણે જવાબમાં ગજવામાં ઘાલેલા અને આજ સુધી માલિક ન જોઈ જાય તે રીતે જાળવી રાખેલા ' પ્લેટો રિપબ્લિક ' નામના પુસ્તક પર હાથ ફેરવ્યો.

છોકરી ચાલી ગઈ હતી. જે આલેશાન ખંડમાંની સેજ પર, જેને એણે રોજ પંપાળીને સુવાડયો હતો અને સૂતેલાને ચૂમી ચૂમીને સાચવ્યો હતો, તે માલિકના ઘોરતા દેહ પર તે નીચી નમી. એને યાદ આવ્યું: " એથેન્સમાં ગ્રીક બાપને ઘેર ગ્રીક માતાને સાંપડી હતી, પછી પકડાઈ હતી. સોળ વરસનું જોબન દેખાડતી માલિકની સામે તદ્દન નગ્ન બનીને વેચાવા ઊભી હતી, ત્યારે...ત્યારે ! " એના કપાળ પરની નસોમાં ધસી આવેલું લોહી માયું નહિ. ત્યારે કેપુઆમાં એની હરરાજી બોલાઈ હતી. ત્યારે પેટ્રોનિયસે એના અણીદાર સ્તન દબાવી જોયા હતા, ત્યારે મેનિકસે એની ગરદન પર હાથ ફેરવી જોયો હતો. અને ત્યારે એનું સોળ વરસનું જોબન કુમારિકા છે કે નહિ, તેની તપાસ કરીને પોતાની નિશાપરિચારિકા તરીકે લુકસે એને ખરીદી હતી.

એની આંખ સામે અંગારા ફરતા દેખાયા. એને આખો ખંડ રસાતાળે જતો હોય તેવું ભાન થયું. એને સૂતેલા માલિકનું પ્રચંડ શરીર કોઈ દાનવનું હોય તેવું દેખાયું. એણે પડખામાં સંતાડેલું કંઈક કાઢયું. એ નીચી વળી. પોતે પોતાના પ્રચંડ આવેશને દેખતી હોય, તેમ આંખો મીંચીને માલિકના પેટ પર ઊતરતા પોતાના હોઠને દેખી રહી. એણે પેટ પર ઓઢાડેલું આવરણ ચિરાતું સાંભળ્યું. એક દબાયેલી ચીસ પડી અને શમી ગઈ.

એલપિનિસે આપેલી ચાવીઓથી કોઠમાં પુરાયેલા ગુલામોને સ્પાર્ટકસે છુટા કર્યા હતા. ગુલામોએ હતાં એટલાં હથિયાર સજ્યાં હતાં, અને હવે સૌ માલિકના રસોડામાં યથેચ્છ વિહાર કરતા હતાં.

પછી અંધારામાં નગર આખામાં ભયંકર કોલાહલ મચી રહ્યો. ઘણાં ગુલામો ઘર છોડીને બહાર આવ્યાં. રસ્તા લોહીથી છંટાયા. શેરીઓ પર મડદાં મલકાતાં પડયાં.

પછી સૂરજ ઊગે, તે પહેલાં સ્પાર્ટકસ ગુલામોને મોખરે હતો અને સૌને એક હરોળમાં ઊભા રહેતાં શીખવતો હતો. એના એક હાથમાં લોહીનીગળતી તલવાર હતી. એના ડાબા ખભા પરના ઘામાંથી લોહી ઝરતું હતું. એણે એના ગજવામાંનું પુસ્તક સમાલ્યું અને પછી એ બોલ્યો, "હવે આપણે એક થયાં છીએ. હવે આપણી પાસે માલિકોનાં જ હથિયાર આવ્યાં છે. હવે આપણે લશ્કર બનીને રોમન લશ્કરો સામે લડીશું, ત્યારે દુનિયાને જીતનારી રોમન ટુકડીઓ આપણી સામે ટકી શકશે નહિ. કારણ કે, આપણે વિજય કરવાનો છે અને આપણી વિજય સેનાએ જ્યાં માલિક ન હોય, પણ સૌ સરખાં હોય, તેવી દુનિયા રચવાની છે"

"હા!" તમામ ગુલામોની આંખમાં નવી રોશની ઝળકી ઊઠી. સ્પાર્ટકસના સાથમાં સૌની માનવતા જીવતી થઈ ગઈ. સૌનો જાગી ઊઠેલો પ્રાણ જોરથી ફૂંકાઈ રહ્યો.

પછી દક્ષિણના બળવાખોરોને જઈ મળવા સ્પાર્ટકસની સેના ચાલી. બધાં મળીને હજાર હતાં. મોખરે બુશીના* ફૂંકાતું હતું. વચમાં વચમાં ઢોલ ઢમકતું હતું "ધા, ધા, ધનનન..."

તદ્દન વચમાં એક કદાવર ઘોડા પર સ્પાર્ટકસ હતો. એની સાથે જ અડોઅડ ચાલતા એક બીજા ઘોડા પર એલપિનિસ સવાર થઈ હતી.

એલપિનિસે સ્પાર્ટકસ તરફ આંખ ફેરવી. જાણે પોતાના ઘરમાં

*રણશિંગડું

હતી તે જ આરસની પ્રચંડ પ્રતિમા આજે ઘોડા પર સવાર થઈ છે. એમ એને લાગ્યું.

એ બંનેની પાછળ એક ભયંકર ભૂતકાળ ડોક ઊંચકીને દેખતો હતો, અને સ્પાર્ટકસને ત્યારે નહિ આવતી એવી અનેક યાદો, અત્યારે એના માથામાં દોડધામ કરી રહી હતી.

એલપિનિસે એને વિચારમાં ગરકાવ થયેલો દીઠો અને એના હોઠ પર આવેલા શબ્દો અટકી ઊભા. બંનેની સામે ઊગતી ઉષામાં ધુમ્મસથી ઘેરા બનેલા ડુંગરાઓ મરડાતા હતા, મોં ફાડીને પડેલી કરાડો બગાસાં ખાતી હતી. છરીની ધાર જેવો ઠંડો પવન ધસાતો હતો. બંનેની પાછળ ઘોડા પર સવાર થયેલો ગેનિકસ ધસડાતો હતો.

એલપિનિસને ઊગતી ઉષામાંથી રોમન સરદાર કલૅડિયસની સરદારી નીચે ધસી આવનારી દુશ્મનટુકડીઓ દેખાતી હતી, એને પોતાના પ્રિય સ્પાર્ટકસની સમાન સાથીદારી વાળી નવી દુનિયાની દીવાલોને તોડી નાખતી જણાતી હતી. અને બધાં ગુલામો બળવો કરવા માટે એક સાથે ઊભા કરેલા ક્રોસ પર જકડાઈ જતાં દેખાતાં હતાં. હાથપગની હથેળીમાં ખીંટા ઠોકાતા હતા, આંતરડાં ખાલી થતાં હતાં, માંસ લટકતાં હતાં, લોહી ટપકતાં હતાં, ડોળા ડબકી પડતા હતા...એ ચોંકી ઊઠી. કેવો "ભયંકર ખ્યાલ!"

"પ્લેટોનું રિપબ્લિક..." અને પેલા ભયંકર ખ્યાલને દાબી દેવા સ્પાર્ટકસ તરફ જોઈ ને તે પૂછી રહી. એના કાનમાં ખુશીનાનો અવાજ જોરદાર ફૂંકાયો.

"તે...પ્લેટોના રિપબ્લિકમાં ગુલામો ખરા કે નહિ?"

"હેં?" અને સ્પાર્ટકસે પોતે પ્લેટોના રિપબ્લિકમાંની પોતાની જાતથી પણ અજાણ રહેલી વાત દીઠી.

"તો, મિલકતની ને કુટુંબની સમાનતા તો અંદર અંદર માલિકોના માટે જ ને?" એલપિનિસે કતરાતી આંખે કાતિલ અવાજે પૂછ્યું.

સ્પાર્ટકસ મૂંઝાયો. મૂંગો રહ્યો. ગજવામાં સાચવી રાખેલા પુસ્તકથી શરમાયો. પણ તરત જ એક હાથ ઉતાવળો ઊંચકી ઘોડાને એડી મારી કુદાવ્યો અને બબડયો: "હા, કારણ કે પ્લેટો ગુલામ ન હતો. હું એ સાચવી રાખીશ. માલિકોનો ચિંતક ભૂલ્યો હશે. એણે રિપબ્લીકની સમજ આપી છે. આપણે ઇતિહાસનાં પરિબળ બનીશું તો એના સ્વરાજને માલિકોની ખૂટમાળમાં સંતાઈ રહેવા દેશું નહિ. જે એણે માલિક સમાજ માટે લખ્યું છે, તે આપણે માનવ સમાજ માટે જીવતું બનાવશું."

"તું એવું કંઈ લખને સ્પાર્ટકસ!" એ જોઈ રહી

"હું...હું ગુલામ...હું ગુલામ છું, એલપિનિસ...હું તું અને આપણે બધાં ગુલામ છીએ...આપણે જો લખી શકીએ...આપણા લડાયક સંગઠનની સમશેર જૂના જગતમાંથી નવું જગત કોતરી કાઢશે જેમાં કોઈ માલિક નહિ, કોઈ ગુલામ નહિ...સૌ સમાન."

"આપણાં સૌ ગુલામો એ એક વાત સમજી જાય તો,...દરેકની નજર સામે નવી દુનિયા દેખાતી થાય, તો..."

"થશે જ થશે ..એ નજરને અંધારામાંથી બહાર નીકળતાં વેદના સહન કરવી પડશે...પણ એમની આગેકૂચનું એકએક ડગ એ નવી દુનિયાને ઘડે છે...મને મન છે...બસ એક જ મન છે કે હું આપણાં બધાં વતી નવા માનવસમાજનું તહનામું લખું...પ્લેટોએ લખ્યું હતું, તેવું નહિ, તરવારથી..."

"તરવારથી લખાયેલાં તહનામાં કેટલા દિ..." એલપિનિસ સ્પાર્ટકસના કપાળ પર ચિંતાથી જોઈ રહી.

"એ જ એક સાચી કલમ છે. એ જીવનના આકાર લખવાનું આયુધ છે, જે કલમ પાછળ નવી દુનિયાની સમશેરનું સંગઠન નથી, તે કલમના અક્ષરો, વંચાય ખરા, પણ વરતાતા નથી. પ્લેટો જેવા પ્લેટોએ ઘણું લખ્યું, પણ એ લખાણ પાછળના સંગઠનની સમશેરના અભાવે...અને એ સંગઠન તે જ હોઈ શકે, જે આવતી કાલ ઘડવા માગે છે...જે આવતી કાલના આગેકદમ પર રણઘોષ ગરજી શકે છે."

"પણ પ્લેટોનું શું?"

"પ્લેટોએ જે લખ્યું હતું, તે માલિક સમાજના એક મેકેડોનિયન જાલીમે ભૂંસી નાખ્યું. ગ્રીસની એથેનિયન સંસ્કૃતિ શરમાઈને સંકોચાઈ ગઈ. ડાન્યુબથી સિંધુ સુધી એક હાય જગત પર જાણીતી થઈ ગઈ. પ્લેટોએ ગઈ કાલને સંગઠિત કરવા લખ્યું. ગઈ કાલ તો કબરમાં ગઈ હોય છે, આવતી કાલ જ સંગઠિત થઈ શકે છે. આપણે આવતી કાલનું "રેકસ સરવોરમ" લખશું. એલપિનિસ, જેને કાળભગવાને જુદાં કર્યાં છે, તેનાં અંગ ફરીવાર સંધાઈ શકાતાં નથી. એથેન્સથી સિંધુ સુધી અને ગંગા સુધી જાણવાની સાચી ભૂલવાળા ભેખ ધરીધરીને ફર્યા છે, પ્લેટો પણ પૂર્વના અવધૂતોના ચરણમાં બેસીને ભણી આવ્યો હતો. પણ સૌ ભણીભણીને શું ભણ્યા ? જે કાળ ભગવાને સમયની ફૂંક મારીને જુદું કર્યું છે, તેવાં જૂની દુનિયાનાં મરેલાં અંગોને એકઠાં કરીને જીવન જીવવાની લાલસા. એ લાલસાએ આવતી કાલની ગતિને રોકી અને જૂના જગતમાંથી શું સરજાયું ? સિકંદર, જંઘીસખાન...એ વિના એની પાસે આપવા જેવું બીજું છે શું ? નવું રચવું હોય, તો નવા પાયા નાખવા પડે." બોલતો સ્પાર્ટકસ ચૂપ રહ્યો.

"સ્પાર્ટકસ, સ્પાર્ટકસ...! તું આ બધું ભણ્યો ક્યાં!" એલપિનિસ આ વિરાટ માનવી તરફ અહોભાવ પામી ઊઠી.

"પ્લેટો ભણ્યો હતો ત્યાં નહિ, જેમિનિએ જાણ્યું હતું તે

નહિ...એક વિશ્વામિત્ર અનાર્યોની—દસ્યુઓની—કોઢમાં એ સત્ય પિછાણી શક્યો હતો, જ્યારથી,...જે રાતે...મધરાતે મારા બાપાએ મને જૂની દુનિયાના દેવળમાં લઈ જઈને કકળાણ કર્યું, જે પળે, જ્યારે, એથેન્સના બજારમાં હું ગરીબનો બેટો ગુલામ તરીકે ખરીદાયો...અને જ્યારથી હું રોમની માલિકશાહીના વિજયની લૂંટ તરીકે આવ્યો, ત્યારથી આપણી આ કોઢોમાં મને શીખવાનું મળ્યું."

"શું ?"

"કે, આપણને આવતી કાલ બોલાવે છે, કે આવતી કાલની નવી દુનિયા–સમાન દુનિયા આપણે જ ઘડી શકશું અને એમ કે, તેથી આપણે આજની જૂની દુનિયાનાં માલિક કપ્તાનો કરતાં સેંકડો યુગ આગળ છીએ."

"તું કેવો મહાન છે! મને તું સમજાતો નથી, તોય યુગ–યુગ સુધી સાંભળી રહેવો ગમે છે." એલ્પિનિસે આંખનો ખૂણો લૂછ્યો.

"કારણ કે, તું આવતી કાલની છે, તને આવતી કાલ ગમે છે...એટલું આપણામાંનાં સૌને સમજાશે જ અને ગમશે...પછી કોઈ તાકાત નથી જે આપણને નવી દુનિયા તરફ જતાં અટકાવી શકે."

"પણ...પણ સ્પાર્ટેકસ, મને એક વાત ગળે ઊતરતી જ નથી."

"શી ?"

"કે આવડો મોટો પ્લેટો આટલી સરખી નાની વાત..."

"ન સમજી કેમ શક્યો એમ ને ?" એ વચમાં તરવાર તાકી ઊઠતો હોય, તેમ ટાંપી રહ્યો.

"તું કાળ ભગવાનની ગતિમાંથી બધું નથી જોતી, પ્લેટો પણ ન જોઈ શક્યો એટલે અટવાયો. આજે એ મહાન ચિંતકને ત્રણસો વરસ વહી ગયાં. ત્યારેય દુનિયા આવી જ હતી. બરાબર બસોનવાણુમે

વરસે એના ગુરુ સોક્રેટીસને જેમણે ઝેર પાઈને દેહાંત દીધો, તેમને એજ ગુરુનો ચેલો સંગઠિત કરવા માગતો હતો. પણ જૂના જગતે સંગઠિત થવા અને આવતી કાલ તરફ મોં ફેરવવા ના પાડી. એમણે પ્લેટોનું ચિંતન ખીંટીએ લટકાવી દીધું. ગ્રીકો ઈરાનને ઘેર વેચાવા માંડ્યા, ઈરાનનાં દીકરાં રોમના બજારમાં હરરાજી બોલાયાં અને પ્લેટોએ સીરેક્યુઝની સફરો કર્યા કરી. ત્યાંની માલિક સરકારના એક જાલીમને એણે ત્રણ ત્રણ વાર રાજકારણની સલાહ દીધા કરી અને માન્યા કર્યું કે, એક દિવસ ગુરુદક્ષિણામાં એ જાલીમ એને કાગળ લખશે કે, 'મહાનુભાવ ! અમારા રાજ્યમાં પધારો અને આપે લખેલા સમાજનાં તત્ત્વોનો અમારે ત્યાં અખતરો કરો.' એણે કદાચ એવા નિમંત્રણની રાહ જોયા કરી હશે, અને ચિંતકો રાજા હોય, અને રાજા ચિંતકો હોય, અંગત કુટુંબ અને અંગત મિલ્કત ન હોય, તેવી ઘટના ઘડવાની તક માટે તલપ્યા કર્યું હશે. એવી ઘટનાની પ્રયોગશાળા કાળ ભગવાન વિરાટના–આગળ ધપતા વિરાટના–હાથમાં સોંપે છે, પ્લેટો જેવા પંડિતજીના હાથમાં નહિ, સમજી એલપિનિસ !"

અને એક દિવસ વિરાટ જાગી ઊઠ્યો.

પાછલી રાતનો ચાંદો રોમન આકાશમાંથી ચમકતો હતો. પાંછલી રાતનો એક ઘોડેસવાર થોડી થોડીવારે પાછળ ડોક ફેરવતો દોડતો જતો હતો.

એણે લગામ ખેંચીને ઘોડો અટકાવ્યો. એક શિયાળ એની સામે લાંબી ડોક કરીને રડતું હતું. ચાંદનીમાં એની સામે એના પડછાયા તરફ જોઈને એ હસ્યો ને બબડ્યો : " માલિકનું શિયાળ લાગે છે......રોમથી આવ્યું હશે."

અને એ લગામ ખેંચે ને એડ મારે, તે પહેલાં પાછળથી એક દુઃખની ચીસ સંભળાઈ ને શમી ગઈ. એણે ચમકીને ઘોડાને ફેરવ્યો ને દૂર દૂર જોઈ રહ્યો. " નકામી ચમક......"પણ તરત જ એ

ટટાર થઈ ગયો. સામેના એક ઝાડને ઓથે ઘોડાપરથી ઊતરેલો એક બીજો ઘોડેસવાર એક સૂતેલા શરીરપર નીચો નમ્યો હતો.

એણે લગામ ખેંચી, ને ઘોડાને એડ મારી. ઘોડાએ છલંગ મારી, પેલા નીચા નમેલાએ એને–આવતાને–જોઈ લીધો અને એક હાથે લગામને મજબૂત પકડી, બીજા હાથની તરવાર ધરીને મુકાબલો કરવા ઊભો.

“ કોણ ? ” બન્નેએ એક સાથે પૂછ્યું.

“ ગુલામ ! ” સામેની આકૃતિ છલંગ મારી ઊતરી પડી ને આગળ આવી.

“ હુંય ગુલામ...” બન્ને એક પળવાર એક બીજાને જોઈ રહ્યા, બીજી પળે એક બોલ્યો : “ તો તું નાખ, હુંય નાખી દઉં આપણી તરવાર અને ખંજર એટલે ખાતરી થાય.” બે તરવાર ને બે ખંજરો બાજુએ પડ્યાં. બન્ને ઘોડેસવાર વધુ નજીક આવ્યા. બન્નેએ મોઢાં વધારે નજીક આણ્યાં. બન્ને ગુલામો, એક બીજાના શ્વાસમાં ગુલામીની ગંધ પારખી, બન્નેના હાથ એક બીજાની સાથીદારીના કોલમાં સંકળાયા.

“ મારો ઘોડો રાખ...મારો સાથીદાર...” બોલતા એકે ઉતાવળી લગામ સોંપીને પગ પાસે પડેલા સાથીદાર પર પાછો નમ્યો.

“ હું મરણ પામું છું, મારી જમણી કૂખ છેદાઈ ગઈ છે.” જમીન પરથી દુ:ખી અવાજ આવ્યો.

“ ક્યારની ! ”

“ ત્યારથી...મેં કહ્યું નહોતું આપણે પેલાઓની પકડમાંથી નાઠા પછી, મારે પડખે એક બાણ પેઠું ને નીકળી ગયું. મેં બાંધી રાખી...પણ મારી કૂખ મરે છે...”

" ત્યાં કહ્યું કેમ નહિ... ? આટલે દૂર ચૂપચાપ મારી પાછળ ઘોડો દોડાવ્યો ન હોત તો..."

" મારે ત્યાં મરવું નહોતું, ને ક્લીઓન, તારો પ્રેમ મને મરતાને માવજત કરવા રોકાઈ પડે તો તુંય..." બોલતાએ છેલ્લો શ્વાસ ખેંચ્યો, પગ ઘસ્યો ને ડોક મરડી.

ક્લીઓન મરતા શરીર પર ચીસ પાડીને ઢળી પડ્યો. મરતા કપાળ પર જોરથી ચૂમી રહ્યો.

" એ કોણ છે ?" બન્ને ઘોડાની લગામ ખેંચતો નવો આવેલો પાસે આવીને પૂછતો હતો.

" બ્રેનસ."

" ને તું ?"

" ક્લીઓન." ક્લીઓન ઊભો થતો હતો. " હું કેપુઆ જતો હતો." ક્લીઓન ભયંકર બનીને જોઈ રહ્યો હતો, એનું હૃદય ઠરી જતું હોય, તેવું એને લાગ્યું. એ પલકારો માર્યા વિના જોઈ રહ્યો.

" હુંય કેપુઆ જાઉં છું. તારો બ્રેનસ ગયો, તો હું આવ્યો છું. તમે બે જ હતા ? આપણે આપણું ખંજર અને તલવાર લઈ લઈ એ ને વાત કરીએ."

" બે નહીં બસો." ક્લીઓને ઘોડાની લગામઝાલીને ચાલતાં કહ્યું.

" બસો ? બસો ક્યાં છે ?"

" સો પગપાળા, સો ઘોડેસવાર, બધા ગુલામો, તરાપાની ટેકરીઓ આગળ અમે પેટ્રોનિયસની લીજિયનને ભિડાવી, અમારી પાસે એની સ્ત્રી અને દીકરી કેદી હતાં. અમે એના સો ઘોડા ને સો તલવારો લઈ એની. સ્ત્રી-દીકરી પાછાં સોંપ્યાં, એની લીજિયન પગ ઘસતી ગઈ. એય ગયો પણ એની રમત અમને પછી સમજાઈ.

બીજી બે લીજિયનો એણે બીજે રસ્તે રવાના કરી હતી અમે ઘેરાઈ ગયા હતા, ત્યારે રાત પડતી હતી."

" પછી ? "

" પછી પહેલી રાતના અંધારામાં અમે ત્રણ જણ હતા, ત્યાં જ રહ્યા ને આસપાસની ટેકરીઓ પર તાપણીઓ કરી. અમે બે લીજિયનો આવી, ત્યારે એક ટેકરી પર હોકાર કરતા ત્રણે ઘોડેસવાર ઊભા હતા, અને આપણા બધા ગુલામો કોઈ ઘોડાપર, કોઈ ચાલતા બે ટુકડીઓમાં વહેંચાઈને બે રસ્તે કેપુઆ તરફ રવાના થયા હતા."

" તમે ત્રણ કોણ ? "

" અમે ત્રણમાં એક હું, બીજો આ ક્રેનસ ને ત્રીજો એક ટીટુલ હતો."

" તે ક્યાં ? "

" તે ક્યાં ? અમે ત્રણે ઊભા હતા, મશાલો સળગાવતી રોમન લીજિયન જ્યારે ટેકરીઓ તરફ ધસતી હતી, ત્યારે એનાથી ન રહેવાયું, એણે લગામ ખેંચી ઝંપલાવ્યું. એ એકલો ઘૂમ્યો, માલિકોએ જાણ્યું, એની પાછળ બીજાં બધાં જ હશે. અમે બન્નેએ ઠેઠ સુધી જોયો. એની ત્રાડોથી આ બધી ટેકરીઓ ભરી ભરી થઈ ગઈ. એના પડઘાએ એને અનેક બનાવ્યો, પણ પછી એ પડ્યો હશે...મેં એની ચીસ સાંભળી, ને અમે નાઠા. અમને કોઈએ જોયા નહોતા, પણ આની કૂખમાં કોઈ ભૂલું પડેલું બાણ પેસીને નીકળી ગયું હશે." બોલતા ક્લીઓને કપાળપરથી પરસેવો લૂછ્યો.

" ને હું...ને હું બોલું ને...!" બીજાએ બોલવા માંડ્યું.

" હું એકલો નીકળી નાઠો છું. મારો માલિક રોમમાં હતો."

" તારું નામ ? "

" સ્પાર્ટેકસ."

“ હું ગ્રીક છું. મને કેપુઆથી કાસદ આવ્યો, તો...મારી પાસે તારુંય નામ કાસદ લાવ્યો'તો કલીઓન...” તરાપાની ટેકરીઓપર મેંય તાપણી દેખી હતી ને હું લપાતો ચાલતો હતો, ત્યાં ઘોડાનો પગરવ સાંભળ્યો. તમારી ભાળમાં કોઈ ઘોડેસવાર નીકળ્યો હતો, મેં એનો ચળકતો ટોપ દીઠો, ને ખખડતું બખતર સાંભળ્યું. હું એક શિલા પાછળ સંતાયો ને એ ત્યાંથી નીકળ્યો, ત્યાં એના પર ઠેકીને છલંગ મારી અને એને ઘોડા પરથી નીચે લઈને હુંય પડ્યો. બીજી જ પળે મેં એક મોટો પથરો લઈને એની ખોપરીને કૂટી નાખી. એના માથા પરનો ટોપ નાળિયેર તૂટે તેમ તતડીને તૂટી ગયો.”

“ આપણે ગુલામ...” પાછલી રાતની ચાંદનીમાં કલીઓને એના નવા સાથીદારનો પડછંદ દેહ નીરખવા માંડ્યો.

“ આપણે ગુલામ...” સ્પાર્ટકસે કલીઓનની આંખમાં વાંચતો હોય, તેમ બોલવા માંડ્યું. “ આપણે ગુલામ નહિ...આપણે નવી દુનિયા રચશું, જ્યાં માલિક નહિ હોય, ગુલામ નહિ હોય, બધા સરખા...” બોલતાં એણે પડખામાં દબાવેલું પ્લેટોનું પુસ્તક તપાસી જોયું.

“ એ શું છે ? ”

“ પુસ્તક, હું ગ્રીક છું. અમારે ત્યાંના એક ચિંતકે લખ્યું છે...અંગત મિલકત નહિ, અંગત કુટુંબ નહિ...એણે સ્વપ્ન રચ્યું છે, આપણે સાચું કરશું.”

“ તને વાંચતાંય આવડે છે! ”

“ હા. ”

“ એને...ચિંતકને સ્વપ્ન આવ્યું તું ? ”

“ ઊંઘમાંનું સ્વપ્ન નહિ, એણે દુનિયાની નવી રચના લખી છે; તેમાં અંગત કુટુંબ નહિ, અંગત મિલકત નહિ...”

" પણ ગુલામ ખરા કે નહિ."

" ગુલામ...ગુલામ ખરા..." એણે ધીમેથી પુસ્તક બહાર કાઢયું." ગુલામ ખરા...એ ભણેલો ભૂલ્યો હશે.' બોલતા સ્પાર્ટેકસના હાથમાંથી પોતે જતન કરીને જાળવેલું પુસ્તક પડીગયું. એ બબડયો.

" એ ભલે ભૂલ્યો, ભણેલા તો ભૂલે, પણ આપણે..."

× × ×

પવનની પાંખપર બેસીને ઇટાલીના માલિકોના મહાલયોમાં, ખાણોમાં, ખેતરોમાં, કારખાનાંમાં ને જ્યાં ને ત્યાં એક રાતે રોમના એક માલિકના આવાસમાંથી નીકળી નાઠેલા ગ્લેડીએટર સ્પાર્ટેકસની આસપાસ તરેહ તરેહની વાતો ફૂંકાતી હતી.

એ વાતો માલિકોની લોખંડી લીજિયનોનાં બખતરપર ઘસાતી હતી ને એ લોખંડી લંગારો ચમકી ઊઠતી હતી.

માલિકોના મહાલયના બુરજ પર ચઢીને બોલતી હતી અને અંદરનાં એશઆરામી કાળજાં ધબકી ઊઠતાં હતાં.

એવા ગ્લેડીએટર સ્પાર્ટેકસનું નામ બોલી માલિકણો, એમના બચુ-બચીઓનાં પારણાંપર ટપલા મારતી હતી.

ઇટાલીનાં નગરપર સ્પાર્ટેકસની હાક ગાજતી હતી. ઇટાલીને ચૌટચકલે અખબારી મોંઢાં સ્પાર્ટેકસના આવડા મોટા ને એથીય સૌ મોટા સમાચાર સંભળાવતાં હતાં :

" કહે છે કે, એને મેલડી માતાનું વરદાન છે, કહે છે કે, એને જેહોવાહ ભૈરવની આણ છે ને...એને...ને એ ગુલામોનો

ચૂંટાયલો સરદાર વિકરાળ એવો રાક્ષસ છે, એક હાથમાં કુહાડી ને બીજા હાથમાં તરવાર લઈને ઘૂમે છે...એના મોઢામાં બળતી મશાલો હોય છે, એના ઘોડાને સાપની લગામ હોય છે...એની સાથે એક નારી છે...ચામુંડી. બન્નેને રીંછ જેવું એક બાળક છે, બન્ને સાથે સવારી કરે છે...એ ચામુંડીના માથાપર સળગતી સગડી હોય છે...અને એક એક ઘોડો રાંધે છે, ને ખાઈ જાય છે,...અને એ ગુલામોનો સરદાર પકડાયેલી કુમારિકાઓપર બળાત્કાર કરે છે."

"...અને કહે છે કે, એ સાગર કાંઠે જઈને ગ્રીસપર ઊતરવાનો છે. ગ્રીસને જીતી, ગ્રીસનો કાફલો લઈને રોમ પર ચઢાઈ કરવાનો છે,..." લોકવાયકા ફાવે તેમ વાતી, માલિકોનાં નગરનાં ચોરે ચૌટે વિચરતી હતી.

એવી વાતો માલિકોના મનમાં ધ્રાસકો પાડતી હતી, ગુલામોના દિલમાં ગજબ હિમ્મત જગવતી હતી.

ઇટાલીનાં ગુલામોનાં ટોળાં હજુ પેલા સ્પાર્ટેકસને શોધતાં ફર્યે જ જતાં હતાં.

કેપુઆ ને મોટાપોન્ટમ, એ બે ગુલામોનાં મથક ગણાતાં હતાં. હવે પાપા પર્વતની ટેકરીઓમાં ગુલામ નગર વસ્યું હતું અને એની આસપાસ આઝાદ ટુકડીઓની ત્રાડ સંભળાતી હતી. એ નગર–છાવણીમાં બજારો બન્યાં હતાં, કોઠારો ભરાયા હતા, રસોડાં ચાલતાં હતાં, સંસાર મંડાતા હતા, ખુશીના ફૂંકાતાં હતાં.

હવે બીજો શિયાળો શરૂ થઈ ગયો હતો. રોમન સલ્તનત એના પાયામાંથી હાલી ઊઠી હતી અને આઝાદ ફોજની ગણતરીના આંક કાઢવા રોમના સેનાપતિઓ અને રાજકારણીઓ બેઠા હતા.

પીસાના પતન પછી સ્પાર્ટેકસના હાથમાં દક્ષિણનો બધો મુલક

આવી પડયો હતો. અને ઉપરાંત ઉત્તર તરફના બે ધોરી માર્ગપર પણ એની આણ બેઠી હતી.

આઝાદફોજ પણ હવે વ્યવસ્થિત ફોજ બની ગઈ હતી. શરૂઆતની જેમ હવે તાપણીઓ તાપતાં ને માલિકો સામે લડતાં ગુલામોનાં ટોળાંને બદલે માલિકોની ટુકડીઓ જેવી જ ટુકડીઓવાળી આઝાદફોજની લીજિયનો હતી. ફોજમાં નાયકો, મુખીઓ, સરદારો હતા દરેક લીજિયન ચાર હજાર સૈનિકોની બનેલી હતી. દરેક લીજિયનનાં નામ, પોશાક, વાવટા, હથિયારોના ભંડાર વિગેરે બધું વ્યવસ્થિત બનતું હતું.

દક્ષિણનાં જિતાયેલાં મથકોપર ફોજ વહેંચાઈ હતી. મુખ્ય ચાર છાવણીઓ બંધાઈ હતી. આઝાદ ગુલામ નરનારીઓએ કલ્લોલ કરતાં ઘર માંડયાં હતાં.

આ શિયાળામાં માલિકોનો હલ્લો ન આવે, તો લડવાનું બંધ છે, એમ સ્પાટેકસે જાહેર કર્યું હતું તથા દરેક મથકપર એકેએક સૈનિકને કેદીઓને તથા બીજી વસ્તીને રસ્તાઓ બાંધવા, ચોકીઓ બાંધવા, કિલ્લેબંધીઓ ઊભી કરવા અને હથિયાર તથા ખોરાકનો મોટો જથ્થો જમા કરવા રોકી દીધો હતો.

બીજા દિવસની વહેલી સવારે જ્યારે લડાઈ બંધ પડયા પછીના આગલી રાતનાં નાચગાનના થાકવાળી ગુલામોની આઝાદફોજ હજુ પથારીમાં સળવળતી હતી, ત્યારે ગઈ રાતના કેદ પકડાયેલી એક રોમન સ્ત્રી ઝોકતા ચોકીદારની નજર ચૂકવીને નાસી જવાને બદલે ગઈ રાતના કપાઈ મરેલાં ગુલામોની ચિતાની રાખમાં કંઈ શોધતી હોય, તેમ જોઈ રહી હતી.

" કોણ. " પાછળથી કોઈનો અવાજ આવ્યો.

“ એ તો હું.” બાઈએ પાછળ જોયા વિના જ જવાબ આપ્યો, “ હું રાખમાં...મને રાખમાં દેખાય છે...”

“ શું !” આવનાર ચમક્યો અને વધારે પાસે આવ્યો.

બાઈ પાછી ફરી અને વિકરાળ હસી. ચિતાની ભારેલી અગ્નિ-કણિકાઓ જાણે હસી ઊઠી, “ એમાં મને સ્પાર્ટેકસ દેખાય છે...હું રોમન માલિકોની નાયિકા લડાઈમાં આવી,...તમારી છાવણીમાં આવીને પકડાઈ, તે સ્પાર્ટેકસને નજરોનજર દેખવા...અને આમાંય સ્પાર્ટેકસો સૂતા છે, મેં આજ સુધી પ્રેમ વેચ્યો છે...એ હાટડી બંધ કરીને આજે આ અગ્નિરાખમાં...”

“ તારું નામ ?” સખત અવાજ બોલ્યો.

“ લેવીનિયા.”

“ તું અમારી કેદી છે.”

“ જી.”

\+ \+ \+

હવે શિયાળો આવી ચૂક્યો હતો. ગુલામોની આઝાદ ફોજ અને માલિકોની લીજિયનો વચ્ચેની લડાઈ નરમ પડી હતી. શિયાળા પછીના વસંતના જંગ માટે બંને પક્ષે તડામાર તૈયારીઓ શરૂ થતી હતી.

દક્ષિણમાં જિતાયેલાં મથકો પર આઝાદ ફોજ ચાર છાવણીમાં વહેંચાઈ હતી. દરેક મથક પર, એકેએક સ્ત્રીપુરુષ અને બાળકો, રસ્તાઓ, ચોકીઓ કિલ્લેબંધીઓ બાંધતાં હતાં, નવાં હથિયારોના ઢગલા ઘડાતા હતા, અને ખોરાકના ભંડારો ભરાતા હતા.

હિંસ્ટાં નવાં યંત્રોના આકાર લખતો હતો. અને નવા નકશા દોરતો હતો. સૈનિકો કસરત કરતા હતા અને નવાં હથિયારોને સજી લેતા હતા. સ્પાર્ટકસની સરદારી નીચેનું આઝાદ જીવન, થાક, ભૂખ, અને મુશ્કેલીઓને મહાત કરીને જીવનની નવી જમાવટ માટેના જંગની તૈયારીમાં ઝૂકી પડ્યું હતું.

એપુલિયાનો આખો માર્ગ જીવતો થઈ ગયો હતો અને પાષા કુંભારમાળ પર દિવાળી સળગી ઊઠી હતી. મેળાઓ અને બજારો ભરાવા માંડ્યાં હતાં, ઉત્તરમાંથી આવતી વેપારી વણઝારોને નહિ લૂંટવાની સ્પાર્ટકસે ખાતરી આપી હતી. ઓસમાંથી નવા માલ ખરીદાતા હતા. એમ શિયાળો ઝડપથી ટૂંકો થતો જતો હતો. એકેએક સ્ત્રીપુરુષ અને બાળક પોતાને માલિક અને માલિકનો જીતનાર માનતું ને આનંદ પામતું હતું. એકએક વતની તૈયારીની રચનામાં મચી પડ્યું હતું.

કોઈ રસ્તા બાંધતાં હતાં, કોઈ કુસ્તી કરતાં, કોઈ હથિયાર ઘડતાં, કોઈ તરવાર શીખતાં હતાં. આઝાદ જીવન થાકને, ભૂખને, મુશ્કેલીને મહાત કરી જીવનની જમાવટમાં ઝૂકી પડ્યું હતું. અખાડાની, કામદારોની, કારીગરોની મુલાકાત લેતો સ્પાર્ટકસ અખંડ ફરતો રહેતો હતો. એની નજર સામે ઝડપથી આવી પહોંચતી વસંત આયુધોવાળી બનીને ઝૂકતી હતી. એ વસંતને ટપી જવાય તો જીવનવસંતનાં સમાજ ઘડતરમાં પ્રવેશાય, એવો એક જ હેતુ એના શ્વાસપ્રશ્વાસને ફૂંકી રહ્યો હતો. એ ફૂંક સાથે અત્યારની બધી કામગીરી કદમ ઉઠાવતી હતી. ભઠ્ઠીઓ સળગતી હતી, ધમણો ધીખતી હતી, ઘણા અટક્યા વિના ઊંચકાતા હતા. એને મન હથિયારોને બખતરના ગંજ ખડકવા ઊંચકાતા ઘણનો તમામ ઘા જૂની ઘટનાના નાશ માટે અને નવી સમાન ઘટનાની સ્થાપના માટે હતો.

એવો શિયાળો ગમ્યો હતો, વસંત શરૂ થઈ હતી અને આવતી કાલે જ યુદ્ધ માંડવા સ્પાર્ટેકસની આઝાદ ફોજને આગેકૂચ કરવાનાં ફરમાન અપાઈ ગયાં હતાં.

કૂચકદમ બંને બાજુ ઝડપી બનતી હતી. ધણધણતાં ઢોલ ને શુરણાઈના અવાજ વધારે ઘેરા બનતા પાસે આવતા હતા. એકબીજાના જાસૂસો ફરતા થઈ ગયા હતા. નવી ચોકીઓ બંધાતી હતી.

એ સૌ સાથે અધીરી બનેલી વસંત જાણે કૂચ કરતી હતી. આ વસંતના સંગીતમાં બશીનાં બોલવાનાં હતાં, આ વસંતના નાચમાં લડવૈયા ઊછળવાના હતા, અને આ વસંતની રક્તની છોળો શોણિત રેલાવવાની હતી.

રોમમાં બેઠેલી ઈટાલીયન સરકારની ગાદી પર ક્લોનટસ અને એરિયસ ચૂંટાયા હતા. તેમણે પરદેશોમાં વિજય કરવા રવાના કરેલી રોમન કતારો પાછી બોલાવી હતી અને ઈબેરિયાથી પોમપીયસને પણ દોડતે ઘોડે પાછા ફરવા ફરમાન મોકલ્યું હતું.

ગુલામોએય ગજબ કર્યો હતો ને! માલિક જેવા માલિક સામે માથાં ઊંચક્યાં હતાં અને પ્લેટોએ માલિક સમાજ માટે લખ્યું હતું તેવું જીવનનું સમાન ધોરણ પોતાને માટે પણ માંગ્યું હતું.

એટલે વસંતના વાયરા સાથે મોરચા પરની કૂચકદમ બંને બાજુ ઝડપી બની હતી. બંને બાજુની જાસૂસી ચાલાક બનીને ફરતી હતી. માલિકોના કવિઓ વસંતને, “ ચલી પવનની ચાલ ” માં ગાવાને બદલે, “ ઊંડી કદમની જોશ ” ગાતા હતા અને ધડકતા હતા, અને ગમે તે ઉપાએ ઊગી નીકળવાની લડાઈના ચિત્કાર સાંભળતા હતા.

\+ + +

ઊગી ત્યારની વસંત લાલ વહેતી હતી. ઘણાં દિવસ રાત

ભયાનક ભાવ ધરીને પસાર થઈ ગયાં હતાં. દરેક દિવસે આઝાદ ફોજનો નવો વિજય અંકાયો હતો અને દરેક દિવસ રાત આગળ વધતી આઝાદ ફોજ જીવન મરણનો છેલ્લો જંગ ખેલવા રોમ પર ચઢતી હતી.

અને એક બપોરે આઝાદ ફોજનાં ધસમસતાં ઘોડાપૂર કેમ્પેના પરની સેબીન ટેકરીઓ પરથી માલિકોનું મહાનગર રોમ દેખાતાં હતાં.

નીચે મોન્સ સીસપીયસની વિલાસવાટિકાઓ લીલીછમ લહેરાતી હતી અને ગેરીક દેવળનાં લાંબાં છાપરાં પથરાતાં હતાં તથા મોન્સ ઓપિયસ ઝગારા મારતું હતું. મોન્સ પેલેટીનસ ભયાનક ભવ્ય દેખાતું હતું. ઉત્તર તરફની કેપીટોલાઇન ટેકરીઓ પર જ્યુપીટરનું ગગનચૂંબી દેવળ ચમકતું હતું. સૌને દિલ પર રોમ ધબકી ઊઠયું, અને સૌનાં જીગર પરના ગઈ કાલના ઘા લાલ બનીને ટપકી ઊઠયા.

અને આઝાદ ફોજને દેખવા સીનેટ એના ફોરમના મિનારાની અગાસીમાં ચઢીને તાક માંડતી હતી. રોમનાં દરેક છાપરાં અને અગાસીઓમાં આ મહાભયને દેખવા નાના મોટા આકારો ધરીને ધસી પડયા હતા. કોઢોમાંથી ગુલામો આઝાદ ફોજની ઊડતી વાતો ઝીલવા ડોકાતાં હતાં અને છુટકારાની છેલ્લી ઘડી પર થંભી રહેલા પ્રાણના ધબકારા ગણતાં હતાં.

આજે આઝાદ ફોજની આખીય છાવણીને મધરાત પછી જાગી જઈને નવા વ્યૂહ અને સંચલનમાં લાગી પડવાનો હુકમ હતો.

છાવણીના એક ખંડમાં સ્પાર્ટેકસ અને લેવીનિયા જાગતાં હતાં અને લેવીનિયાને સ્પાર્ટેકસ કંઈ લખાવતો હતો.

" લીવા લીબેરા !" તંબુની બહારથી અવાજ આવ્યો અને

બારણામાં એ બાળકને લઈને મેલા દાખલ થઈ.

"એય જાગ્યો છે કે!" બોલતો સ્પાર્ટેકસ ઊભો થયો અને મેલાની કેડમાંના બાળકના ગાલ પંપાળતો બોલ્યો, "મારા છોટા અરરોમ! તારે માટે એક નવી દુનિયા બાંધવા આપણે રોમ પર ચઢવાનાં છીએ...ત્યારે તું તારી મેલાની પીઠમાં બંધાયલો તોફાન કરતો નહિ હોં!"

બાળક સ્પાર્ટેકસની દાઢી તાણતો હસી રહ્યો.

"લેવીનિયા, લખી રહી ને!" સ્પાર્ટેકસ ઓટલી પર બેસતાં બોલ્યો.

"હા."

"વાંચ જોઉં" બોલતો સ્પાર્ટેકસ મેલા તરફ ફર્યો, "ક્રેસ્ટસને બોલાવવા મોકલો...લેકસ સરનોરમ લઈને એ ઝેલ્લીવાર માલિકો સાથે વાટાઘાટ કરવા જવાનો છે."

અને લેવીનિયા લેકસ સરનોરમ વાંચવા લાગી,

"અમે રોમપર ચઢીએ છીએ. અમે રોમમાંથી જ નહિ, પણ આખા ઇટાલી પરથી ગુલામીને અને ખાનગી માલિકોને નાબૂદ કરવા માગીએ છીએ. અમારા નવા તંત્રમાં આજના માલિકોને પણ ગુલામ બનાવવામાં નહિ આવે. માનવીમાત્ર સરખાં અને સમાન હશે. અમે માનવમાત્રની સ્વતંત્રતા અને સમાનતા સર્જવા કૂચ કરી છે અને અમારા માર્ગમાં જે અંતરાયો આવશે, તે તમામને ખતમ કરીને આગળ વધવાનો અમારો નિરધાર છે."

લી૦
સ્પાર્ટેકસ
સ્ટ્રેટેગોસ (લીજીઓ લીબેરા)

\+ \+ \+

"આપણે જીતવાનાં નથી ..ઘેરાઈ ગયાં છીએ...તું તારી તમામ હરોળ મારી પાછળ રાખ." સ્પાર્ટકસ ક્લીઓનના ઘોડાને પોતાનો ઘોડો અડાડતો કહેતો હતો.

"કેમ ?"

"આપણે આંતરતી હરોળોમાં ભંગાણ પાડી, ભાગી જવાય તો ભાગી જવું જોઈએ, હું એ હરોળમાં ભંગાણ પાડું અને તું તારી ટુકડીઓ સાથે લડતો ભાગી જા."

"ક્યાં ! પમ્પિયસ સામે હું જઈશ, તું ભાગીજા."

"મારો તને હુકમ છે...છેલ્લો હુકમ..."

અને સ્પાર્ટકસે આગળ ચલાવ્યું, "તું જુવાન છે, મારા કરતાં વધારે વરસો તારે જીવવાનાં છે...હું તો મરીને છૂટીશ, તારે માટે છુટકારો નથી...તું સિસિલી પહોંચી જાય, તો આપણે ચેતવેલી આઝાદીની આગ..."

"અને લેવીનિયા...!" ક્લીઓને બૂમ પાડી. પડખે પલાણેલી લેવીનિયાનો ઘોડો પણ કાન માંડી રહ્યો.

અને સ્પાર્ટકસનો બીજો હુકમ બોલ્યો, "લેવીનિયા રોમ જશે... ત્યાં એને આંચ આવવાની નથી. એ તને સિસિલી આવી મળશે." ઘંટીનાં બે પડ વચ્ચે કચડાતી હોય, તેવી લેવીનિયા અવાક બનીને જોઈ રહી.

"જા, લેવીનિયા" સ્પાર્ટકસ લેવીનિયા તરફ ફર્યો.

"પણ..."

"આજે સુધીનાં મારાં તમામ ફરમાનની સામે તેં 'પણ' નથી કહ્યું," બોલતા સ્પાર્ટકસે ક્લીઓનના કાનમાં કહ્યું, "લેવીનિયાના પેટમાં મારું બે માસનું બાળક છે, તેનું જતન પણ તારે..." અને એ અવાક બનીને એના ઘોડાપર થંભી ગયો.

\+ \+ \+

પછી એ વિકરાળ રાત દિવસ ઇતિહાસની રંગભૂમિ પરથી પસાર થઈ ગયાં, ત્યારે બળવો બુઝાઈ રહ્યો હતો. માનવતાની સમાજવાદી રચનાનો પહેલો ઉછાળો ઇટાલીની ભૂમિપર સંકેલાતો હતો.

ત્યારે માલિકોની એક નાયિકા રોમ નગરીમાંના એના આવાસમાં શણગાર સજતી હતી. આજે એની મોહકતા જેવી હતી, તેવી કોઈવાર દેખાઈ નહોતી.

જ્યાં માલિકોએ પંદર હજાર યુદ્ધકેદીઓ માટે પંદર હજાર સ્થંભ રોપાવી પંદર હજારને ખીલા ઠોકીને જડી દીધા હતા, તેમના અભિસારે જવા એ ઉતાવળી થતી હતી.

ગુલામોને મરતાં જોવાનો આનંદ માણવા જતી અને પાલખીઓ, રિક્ષાઓ અને ગાડીઓની ભીડમાંથી એની ગાડી પણ દોડતી જતી હતી અને આખે રસ્તે જોતી પણ દેખતી નહિ એવી લેવીનિયાની અંદરની આંખો એના સ્પાર્ટકસે ચિત્રેલું દિવાસ્વપ્ન દેખતી હતી.

"જાણે એના સ્પાર્ટકસના સંગમાં નવી દુનિયાનો અભિસાર કરતી એ નીકળી હતી. પૃથ્વીના પટાર ખોલાતા હતા, રસ્તા બંધાતા, નવી વસ્તુઓ, નવા આરામગાહો, નવાં શ્રમઘરો, નવાં નગરો...જેમાં કોઈ માલિક નથી, કોઈ ગુલામ નથી એવી નવી દુનિયા સરજાતી હતી, જગતભરનાં શ્રમજીવીઓ

નવી દુનિયા ઘડવા મથી પડ્યાં હતાં...વિરાટ આકારો એની આંખ આગળ ઊભરાતા હતા,...એમાં એનો સ્પાર્ટેક્સ...! એની પાંસળીઓને તોડી નાખતું હોય, તેમ એનું હૃદય અંદર અથડાયું. એનું દિવાસ્વપ્ન તૂટી પડ્યું.

ટાઈબરને પેલેપારના મેદાન પર પંદર હજાર વધસ્તંભોની હરોળો સામે એની ગાડી અટકીને ઊભી હતી.

પંદર હજારના ચિત્કારમાં, પંદર હજારની વેદના એના જીભના ટેરવા પર તોળાઈ રહી હોય, તેમ એનાથી ચીસ પાડી દેવાઈ "લીબરટાસ! લીબરટાસ!"

અને મરણનો મેળો જોવા નીકળેલાં માલિકો ને માલિકણોના આનંદમાં એક કરુણ મોજું દોડતું થઈ ગયું.

"લેવીનિયા! લેવીનિયા!" સૌ મોંમાં આંગળાં ઘાલીને એને જોઈ રહ્યાં હતાં.

એના છુટ્ટા વાળ પીઠ પર ઊડતા હતા, એના મોટા કપાળપર નસો તગતી હતી. એની ભમરો સીધું સંધાન કરતી હતી. એની અને આંખો વિફરેલાં ઘેરાં કુંડાળાં રચતી હતી. એ ઊડતીની પાછળ એનું ઉત્તરીય ગુલામોની આઝાદ ફોજના નાગ-ઝંડા જેવું લાલ ઊડતું હતું.

જાણે જમીન પર પગ જ ન માંડતી હોય, તેવી લેવીનિયા તાંડવે ચઢી હતી. એના અંગેઅંગમાં અભિસાર ઉલેચાતો હતો.

"લીબરટાસ! સ્પાર્ટેક્સ!" એક મોટા માંચડા પાસે થંભી જઈને એણે ઉછાળો માર્યો.

"સ્પાર્ટેકસ ! લેવીનિયા !" એવા ધીમા અવાજો એકબીજાનાં અમી ચૂમતા રોમન વસંતમાં ગુંજી રહ્યા.

"એ ગાંડી નથી, અભિસારિકા છે," એવા અવાજો શ્વાસ અટકાવતા એકબીજાને બોલતા હતા.

જ્યારે રોમન વસંતમાં એવો અભિસાર મંડાયો હતો, ત્યારે કુમારિકાને પેટે સાંપડીને એવા જ વધસ્તંભ પર અભિસાર કરનાર પેલા ઈસુને અવતરવાને હજુ સો શરદની વાર હતી.

૫

મહાન શિક્ષક, મહાન શહેનશાહ અને મહાન દીવાલ

" ચાઉ રાજવંશનો નાશ થશે... એના કાળનાં ચોઘડિયાં વાગતાં મારા કાનમાં સંભળાય છે." ઈ. સ. પૂર્વે સાડાપાંચસો વરસ પર એશિયાના ચીનદેશનો એક ચિંતક માથું હલાવીને કહેતો હતો :

" હું જઈશ, તમે રહેજો."

" ક્યાં ? આ ઉંમરે."

" ત્યાંસ્તો."

" તો એક પુસ્તક તો લખતા જાઓ, લાઓ સી ! તમારા જેવો ચિંતક આ પૃથ્વીપર થયો નથી હોં, ને તમારી યાદ...તમારું નામ સ્મરણ રહે, એવું કંઈ ! "

અને લાઓસીએ એક નાનકડું પુસ્તક લખી નાખ્યું.

" મેં જીવનભર અનુભવોને નીચોવી નીચોવીને જે ડહાપણ એકઠું કર્યું હતું, તે આ પુસ્તકમાં ભર્યું છે " કહીને એણે પુસ્તક આપીને એક બળદ પર બેસીને પશ્ચિમના પ્રદેશો તરફ પ્રયાણ કર્યું.

અને પછી એને વિષે કશું સંભળાયું નહિ.

પણ એના પુસ્તકનો સાર ઘરઘરમાં ગુંજી રહ્યો કે,

" ટાઓ એટલે કુદરતની ગતિ ન્યારી છે. એ ગતિનાં ગણિત સદા સંતાયલાં રહીને એ સૌ વસ્તુ અને વસ્તુસ્થિતિને પલટાવતાં વિકસાવતાં હોય છે."

" જો માણસ ટાઓને સમજે અને ટાઓમાં જ પોતાની જાતને છોડી દે, તો એ બધું કરી શકે અને પામી શકે."

" પણ મને કોઈ સમજી શકે નહિ અને મેં કહેલું કોઈ કરી શકશે નહિ."

" પણ મને સૌ સમજી શકશે અને મારું કહેલું સૌ કરશે." બોલતો એક જુવાન લાઓના અવાજને ઉપાડી લેતો હોય તેમ બહાર આવ્યો. એ શો ટુંગ ઇલાકામાં ચુકુમાં જનમ્યો હતો, ત્યારે એના બાપની ઉંમર સિત્તેર વરસની હતી.

પણ મહાપુરુષોના જન્મ જેવા ન જાણી શકાય તેવા હોય છે, તેમ આ મહાપુરુષના જન્મની આસપાસ અનેક અંતરાયો ઊભા હતા.

પણ એ અંતરાયને ટપી જતો જુવાન ઓગણીસ વરસે પરણીને એકવીસ વરસની ઉંમરે ગૃહત્યાગ કરતો રખડતો હતો, અને ચીનને ચૌટે-ચકલે જુવાનોને સંગીતથી મુગ્ધ કરતો બાણુવિદ્યા શીખવતો ફરતો હતો.

" આવા મહાનુભાવને જન્માવનારી કોઈ સ્ત્રી સામાન્ય નહિ હોય !..." એની આસપાસ તાજુબ થયેલી લોકવાયકા નક્કી કરતી હતી, " એ તો કુમારીકાનું ફરજંદ છે."

એવો કુંગ-ફૂ-સી ચીન પર અઢાર વરસ સુધી ભટકતો રહ્યો. કુંગ-ફૂ-સીના નામને વિદ્વાનોએ ગોખતાં ગોખતાં કનફ્યુશિયસ કર્યું.

ચીન દેશપર કનફ્યુશિયસ જીવન વ્યવહારનો શિક્ષક બનીને ફરતો થયો. એણે જીવન વ્યવહારમાં હૃદયપલટાનું મહાસત બતાવ્યું. એને એક પછી બીજા રજવાડાએ આમંત્રણ આપ્યાં અને કહ્યું,

"મહાનુભાવ અમારી પ્રજાને પણ જીવન વ્યવહારનું સત શીખવો."

અને એણે શીખવ્યું :

"પ્રાચીન કાળમાં બધું સારું હતું."

"અને હમણાં?"

"હમણાં...તેર તેર વરસ સુધી ભટક્યો છું ને પેટ ભરી ભરીને પિછાણ્યું છે કે, સદ્ગુણ નથી...ને સૌંદર્ય પણ નથી... ક્યાંય નથી છે જ નહિ...પ્રાચીન કાળમાં અને હતાં...પણ જેમ મોટા પર્વતો ઘસાઈ જાય છે તેમ..." અને એ ક્યાંય સુધી પ્રાચીનને દેખતો હોય, તેમ ટગર ટગર જોઈ રહેતો અને બોલતો,

"પ્રાચીન કાળમાં બધું સારું અને વ્યવસ્થિત હતું, કારણ કે, સરકારી તંત્રદ્વારા લોકમાં સદ્ગુણો આચારમાં ઉતરાવાતા. સરકારી તંત્ર સદ્ગુણી હતું, કારણ કે, કુટુંબજીવનો નિયમિત હતાં. કુટુંબજીવનો નિર્મિત હતાં, કારણ કે, લોકજીવન આચારશુદ્ધ હતાં, લોકોના આચારશુદ્ધ હતા, કારણ કે, તેઓ તેમના હૃદયની શુદ્ધિ કરતા હતા."

"પણ સૌનું મૂળ મહાનુભાવ...સારું રાજકારણ કે શુદ્ધ હૃદય!"

"બન્ને."

" બંનેમાં પહેલું કોણ ? "

" આજ્ઞાધારકતા, " અને એ આજ્ઞાધારણની છબી જેવો જોઈ રહેતો, " માબાપ તરફ બાળકોની, માલિક તરફ ગુલામની અને પતિ તરફ પત્નીની." જીવનભર શીખવ્યા પછી સિત્તેર વરસનો કનફ્યુશિયસ લુ પાછો આવ્યો. એની આંખ સામે અંગેઅંગમાં કપાયલી ચીની ધરતી તરવરતી હતી, એની નજરમાં અંદર અંદર કત્લેઆમ ચલાવતાં વિગ્રહખોર રજવાડાં ખદખદતાં હતાં. એણે વ્યવહારનું સત શીખવવા આટલાં વરસ ગાળ્યા પછી એ વૃદ્ધ માથું હલાવતો કહેતો હતો:

" હું નિષ્ફળ નીવડ્યો છું."

અને પછી ચીનનો મહાન ચિંતક પંચોતેર વરસની ઉંમરે મરણ પામતો હતો, ત્યારે સીનનો રાજા આ મહાનુભાવનાં દર્શન કરીને પૂછતો હતો, " આપણા વિશાળ દેશને એક, સંયુક્ત કેમ કરી શકાય ? "

" આપણા દેશનાં બધાં રજવાડાંને એક શાસન નીચે લાવી શકાય તો જ." કનફ્યુશિયસે આંખો ખોલીને કહ્યું.

" અને તે કેમ બની શકે ? તેવું કોણ કરી શકે ! "

પાછો એ પૂછી રહ્યો.

" જેને લોકોનો સંહાર કરવામાં રસ ન હોય, પણ જે લોકોને સંયુક્ત કરવાનો પ્રેમ ધરાવતો હોય તે. "

" એવું તો કોઈ નથી." પેલાએ માથું હલાવ્યું અને કનફ્યુશિયસ મરણ પામ્યો.

પછી સીનનો રાજા ચાઉ પોતાને ત્યાં ગયો અને એણે એના

દીકરાને અને તેણે તેના દીકરાને કનફ્યુશિયસે કરેલી વાત કહી.

ત્યારે ચીનમાં મુખ્ય અગિયાર રાજ્યો હતાં. એ અગિયાર રાજ્યો એક શાસન નીચે આવે, તો ચીન એક બને અને તો જ આખા એક ચીનનો પોતે ચક્રવર્તિ બની શકે, તે વાત, સીનના રાજા ચેંગને સમજાઈ ગઈ.

"એ બધાં એક મારા શાસન નીચે આવી જાય..." બોલતો એના એના વડવાને કહેલી કનફ્યુશિયસની વાત સાચી કરવા એ જુવાન રાજાએ લાંબી ને પહોળી તરવારો સજાવી અને શી-હુઆંગ-ટીનું નામ ધારણ કર્યું.

અને પછી એણે આખા ચીન પરથી ઈજનેરો અને વિદ્વાનોને પોતાને ત્યાં વસાવ્યા. આખા ચીન પરથી શોધીશોધીને કુશળ સરદારોને પોતાના સેનાનાયકો બનાવ્યા અને એણે અગિયારે રાજ્યોમાં કજીયા જગાવવા અને હેવાલો મોકલવા પોતાના જાસૂસો પાથરી દીધા.

અને પછી એક પછી એક એણે અગિયારે રાજ્યો જીતી લીધાં, ત્યારે ઈસુ પહેલાંનું ૨૫૧મું વરસ ચાલતું હતું.

ત્યારે ચીન એક અને સંયુક્ત દેશ હતો. એ એક ને સંયુક્ત દેશમાં સેંકડો મોટાં નગરો બંધાયાં હતાં, મોટા મોટા રસ્તાઓ અને ઉદ્યાનો રચાયાં હતાં. એ એક દેશની ખેતીવાડી સુધારવા વિદ્વાનો ફરતા હતા. મોટામોટા ઈજનેરો અનેક યંત્રોની મદદથી મહાલયો બાંધતા એક ચીન પર અનેક રસ્તાઓના આકાર દોરતા હતા.

અને પેલો શી-હુઆંગ-ટી પોતાના બધા પ્રધાનોને એકઠા કરીને કહેતો હતો : "આપણા આવડા મોટા મહારાજ્યનો રાજા હું આજથી હુઆંગ-ટી અથવા મહાન શહેનશાહ કહેવાઈશ, અને હું પહેલો મહાન શહેનશાહ...પછી મારો દીકરો બીજો મહાન શહેનશાહ

પછી..." બોલતા શી-હ્વાંગની આંખ આગળ આખું ગણિત એકએકનો અનંત ફિમેરો કરી રહ્યું.

અને પછી હીન-યાંગમાં વી નદી પર પોતાનો દરબાર બાંધ્યો. એ પહેલા શહેનશાહનો દૈવી રંગ કાળો હતો, એનો માનીતો સંખ્યાંક ૭ હતો અને એનું રૂપક પીળા પાણીનું હતું. એની નદી હુંઆંગ–હો અથવા પીળી નદી હતી.

એના રાજ્યમાં પહેલીવાર લડાઈઓ બંધ પડી ગઈ, કારણ કે, અંદરઅંદર લડનારાં અગિયારે રાજ્યોનું એણે એક રાજ્ય બનાવી દીધું હતું.

અને પછી એણે એક ચીન પર મીટ માંડીને ઉત્તર ચીનનાં રાજ્યો તરફ જોયું. અહીં બધાં રાજ્યો બહારના આક્રમણ સામે બચાવ માટે પોતપોતાની દીવાલો બાંધતાં. આપણે એક મોટી દીવાલ આખા ઉત્તર ચીનને આંતરતી બાંધી નાખો.

એણે બધા ઇજનેરોને બોલાવીને વાત કરી અને સૌની હામ હારી ગઈ, "એટલી બધી પહોળી અને એવડી બધી બે હજાર માઈલ લાંબી દીવાલ બંધાય જ કેમ !"

"બંધાય, બંધાય," એ બગાડી ઊઠ્યો, "મારે–પહેલા મહાન શહેનશાહને શું અસાધ્ય હોય?"

"આવડી મોટી દીવાલ નહિ બંધાય." એનો એક જુવાન દીકરો પણ ના પાડી ઊઠ્યો.

"તુંય ત્યાં જા...જ્યાંથી આપણી દીવાલ બાંધવા માંડવાની છે, ત્યાંના પહેલા મજૂર તરીકે..." અને પહેલા મહાન શહેનશાહે એના દીકરાને ઉત્તર તરફ કાઢ્યો.

અને આખા ચીન પરથી લાખો ગુલામોને દીવાલ બાંધવા રોજ

પહોંચી દેવામાં આવ્યાં. ત્રણ લાખના લશ્કરને પણ એ જ દીવાલના મજૂરો બનાવીને એક મોટા લશ્કરી સરદારને મુકાદમ બનાવીને મોકલી આપવામાં આવ્યો. આખા ચીન પર નવા કર દીવાલ બાંધવા માટે નાખી દેવામાં આવ્યા. આખા ચીનના ઈજનેરો દીવાલના નકશા દોરવામાં, મિનારાના અને બંધોના આકાર ઘડવામાં રોકાઈ ગયા. આખા ચીન પરથી લાખો ગાડાંઓ ભરાઈ ભરાઈને દિવસ રાત ઉત્તર તરફ વહેવા લાગ્યાં.

આખા ચીન પર હાહાકાર ઊઠતા થયા. આખા ચીનનાં કિસાન મજૂરો ગુલામો પર સૂસવતી ચાબૂકોવાળા મુકાદમ વિકરાળ વેઠ કરાવતા ઝઝૂમી ઊઠ્યા. બે હજાર માઈલની મહાન દિવાલના પાયા પૂરવા અને ગણતર ચણતા દીવાલની તળેટીઓ કામ કરતાં ને મરતાંઓનાં મડાંઓથી છવાઈ ગઈ.

"દીકરાને ભગાડી મૂકો, દીકરીઓને દફનાવી દો..." બોલતી મહાન દીવાલ બાંધતાં મરી ફીટતાંની લોકવાતના મહાન ચીનની મહાન દીવાલના આસમાનમાં ભોડી રહી. અને મહાન દીવાલ બંધાઈ ગઈ.

પાઓ શી-હુઆંગ-ટી આખા ચીન પર નવી વાત કહેતો હતો, "કનફ્યુશિયસ બધા પુરાણ સમયને અને પુરાણ રાજાઓને જ વખાણતો હતો પણ પુરાણો સમય સારો નહોતો, પુરાણ રાજાઓ ડાહ્યા નહોતા. હું અને મારો સમય, સૌથી આગળ છીએ."

પણ કનફ્યુશિયસે એવી વાત કહી નહોતી અને લખી નહોતી, એણે કહ્યા કરેલી પુરાણા કાળની વખાણોની વાત બધાં જૂનાં પુસ્તકોમાં હતી.

"એટલે એ તમામ પુસ્તકોને સળગાવી મૂકો." શહેનશાહનું નવું ફરમાન નીકળ્યું, "આપણે નવીનતાનાં નવાં પુસ્તકો લખશું"

અને ચીની ધરતી પર જૂનાં પુસ્તકોના ડુંગરાઓ સળગી ઊઠ્યા.

ત્યારે ચીનનો પહેલો મહાન શહેનશાહ વૃદ્ધ થયો અને મરવા પડ્યો. અણે મરતાં મરતાં વિદ્વાનોને, ઇજનેરોને અને વૈદ્યોને મોટાં વહાણોમાં ભરીને દરિયાપારના દેશોમાં રવાના કર્યા અને ફરમાવ્યું, "હું મરણ પામું, તે પહેલાં અમરકુપ્પી લઈ આવો, ગમે ત્યાંથી લઈ આવો. ખાલી હાથે પાછા ફરશે. તેને દેહાંત થશે."

અને વહાણો ઊપડી ગયાં પણ જાપાનને કિનારે જઈ, લંગરાઈને ત્યાંનાં વતનીઓને માટે સુધારાનો પહેલો આકાર ઘડવા લાગ્યાં.

ત્યારે આજે યુરોપ છે તે હતો જ નહિ. ત્યારનો યુરોપખંડ હિંદ–ચીનના મહાન દેશો સાથે સરખાવતાં જંગલની અંધારી ઝાડી જેવો માનવભક્ષકોનો હેવાન વાસ દેખાતો હતો.

પણ ત્યારે એશિયાના મહાન દેશોમાં ચક્રવર્તિઓ એક એક આખા દેશપર પલાણતા હતા. મોટી મોટી વિદ્યાપીઠો ગુંજતી હતી. કરોડો ગુલામો ખેડૂતો નહેરો ખોદતા અને અનાજના ઢગ નિપજાવતા હતા, લાખો ગુલામો રસ્તાઓ, મહાલયો અને ધાન્યશાળાઓ બાંધતાં હતાં.

ત્યારે એ મહાન દેશોમાંના એક બેબીલોનના કિનારાઓ પરથી નેબુચેડનેઝર ગુમ થઈ ગયો હતો. ત્યારે જેરૂસેલમનું દુનિયાભરમાં અજોડ એવું દેવાલય તોડી નાખવામાં આવ્યું હતું ત્યારે સોલોન મરણ પામતો હતો.

પણ ત્યારે ગ્રીસનો એક ડાબો, લાખો લોકોને એક સાથે એક

જ જાતનો જીવનવ્યવહાર શીખવાની હાકલ કરતો કહેતો હતો, "માણસો તમારી જાત તો તપાસો."

અને ત્યારે જ એ જ જૂની દુનિયાના મહાન નગર રોમના એક રંગમંડપમાં રોમન માલિકો રંગરાગ ઉડાવતા, છાકટા બનીને નાચતા ગુલામ છોકરીઓનાં અંગ ચૂંથતા હતા, ત્યારે એ જ રંગમંડપ નીચેની એક ગુલામોની કોઢના ખોયરામાં એક જુવાન ગુલામ સમજાવતો હતો, " આપણે બળવો કરશું જ કરશું."

૬

નેઝરેથના સુથારનો દીકરો

ઈસુને જન્મવાને જ્યારે ૪૭ વરસની વાર હતી. સરમુખત્યાર સીઝર ઇજિપ્તમાં જાગેલી અંધાધૂંધીને સાફ કરવા ત્યાં ગયો, ત્યારે એને રાણી ક્લીઓપેટ્રામાં એટલો બધો રસ પડ્યો કે, ક્લીઓપેટ્રાએ એનો દીકરો જણ્યો.

અને ક્લીઓપેટ્રા નવા જન્મેલા દીકરા સાથે પોતાના પ્રેમી પાછળ રોમ આવી અને નવા દીકરાને રોમનો તાજ પહેરાવવાનો મનોરથ સેવતી આવી.

પણ ઈસુના જન્મ પહેલાં ૪૪મા વરસે બ્રુટસે સીઝરનું ખૂન કર્યું અને ક્લીઓપેટ્રા રોમમાંથી નીકળી નાઠી.

એટલે સીઝરની બહેન જુલિયાના દીકરા ઓક્ટેવિયેનસે ઓગસ્ટસ નામ ધારણ કરી સીઝરનો તાજ પહેર્યો. પણ એન્ટનીએ તે સામે વાંધો ઉઠાવ્યો; પરંતુ બંનેએ સમાધાન કર્યું, અને રોમન સામ્રાજ્ય વહેંચી લીધું. તથા એન્ટનીએ ઓગસ્ટસની બહેન

ઓક્ટેવિયા સાથે લગ્ન કર્યું. એ લગ્નની એક દીકરી સાંપડી જેનું નામ એન્ટોનિયા પાડ્યું.

ત્યારની દુનિયામાં દૂર સીરિયામાં રોમન શહેનશાહતની નલીમ છાયામાં ગેલીલીની ટેકરીઓમાં નેઝેરેથ નામના એક ગામડાનો એક સુથાર પોતાની કોઢમાં ગામડાંના કિસાનોનાં ખેતીનાં ઓજાર ઘડતો હતો, ત્યારે એના ઘરમાં એક આના નામની ખડતલ કિસાન બાઈ આવી અને બોલી, " પણ જોસેફ, તે હવે તું મોંઘો શાનો થાય છે વળી! આપણા ગામડા ગામમાં લોકજીવનના સંસારમાં તને એવડી શાની સૂગ ચઢી જાય છે! આખા જુડિયામાં જોઈ તો આવ કે, મારી મેરી જેવી કોઈએ દેખાવડી દીકરી જણી છે? અને ક્યાંકથી ખાળ તો કાઢ, એના સરખી કામગરી..."

" પણ હું ક્યાં કહું છું તે?"

" તો તને શાની ચૂંક છે? એને પરણ્યા પહેલાં દિવસ રહ્યા છે, તેની? આપણા ગેલીલીના ડુંગરમાળ કિનારામાં મને કહે તો ખરો કે, કોને એ ડુંગરમાળના દીકરા જેવાં રતન નથી સાંપડયાં? ને એ તને કંઈ આજની ચાહતી છે...?"

" પણ હું ક્યાં ના પાડું છું તે!" અને જોસેફ પીગળ્યો.

" તું શું બોલ્યો...? તું સાચું કહે છે, જોસેફ! તો તમે પરણો. આવતી કાલથી જ એ તારે ઘેર આવીને રહેશે...ને જો તું કહેતો હોય, તો મારે ત્યાંથી જ એ દીકરો જણીને...."

" પણ તમને શી ખબર કે..."

' એને દીકરો આવશે એમ ને! મને ખબર છે હું જાતજાતાંને નજર નાખું, ને વરતી પાડું છું; અને આ તો મારી સગી દીકરી...

એને તો દેવ સરખો દીકરો સાંપડશે... આપણી ગેલીલી ડુંગરમાળનો દીકરો..."

અને પછી જોસેફે મેરી સાથે સંસાર માંડ્યો અને કુમારી મેરીનો દીકરો બંનેનો દીકરો બન્યો. આજે એ દીકરો બાપના કોઢમાં કામે લાગ્યો હતો તથા એનું નામ જેસસ પાડવામાં આવ્યું હતું.

ગેલીલીની ટેકરીઓમાં દૂરદૂરનાં શાંત પાણી પર સાગરના બદલાતા રંગ દેખતો જોસેફને મેરીનો જુવાન દીકરો પોતાની દુનિયાના વિચારમાં ગરકાવ બની જતો હતો અને કોઈ કોઈ વાર બોલતો હતો : " આ રોમન રાજને બદલે...લોકોનું રાજ આવે તો..."

અને એને નહિ સમજનાર આ શાંત દરિયા જેવી નજર નાખનાર જુવાન સામે જોઈ રહેતાં અને પાછો એ કોઈના કાનમાં બબડતો, " મને તે વિના જંપ વળવાનો જ નથી. કદાચ હું એવા જનરાજ્યનાં કમાડ સહેજ ખોલીનેચાલ્યો જાઉં, તોય શું...ગેલીલીને જુડિયાનો અને પછી રોમનશાહી નીચે ઘું દાતા એક પછી બીજા પ્રદેશનો લોક ધારે, તો શું ન કરી શકે ? "

" સમાન રાજ...ગરીબજનોનું, પણ એવું દુનિયામાં ક્યાંય છે તે ?" કોઈ એને પૂછતું નથી તેથી તો બનાવવાનું છે...હાં, ભગવાનને ત્યાં તો એવું જ એક સરખું જ રાજ હશે ને ! છે જ; ત્યાં કોઈ માલિક નહિ...કોઈ ગુલામ નહિ..."

અને પછી જોસેફ મરણ પામ્યો.

તથા પોતાનાં બાળકોને સંભાળતી મેરી સુતારની કોઢ ચલાવતા પોતાના મોટા દીકરા જેસસ સાથે રહેતી હતી.

"હું મારા બાપની સુતારની કોઢ સંભાળીશ પણ પેલા જ્હોનનો અવાજ..." જેસસની આંખો જોઈ રહેતી હતી.

"હું એ જ કહેતી'તી...જ્હોન બેપ્ટીસ્ટ...એને તો પેલા મોસેસની ધૂન લાગી છે...એને એ ગઈ ગુજરી વાત પાછી જીવતી કરવી છે. કંઈ કેટલાયે યુગ વહી ગયા, જ્યારે આ આપણા પેલેસ્ટાઈન પર સહિજનોનું સમાન રાજ સ્થપાયું હશે...કહે છે કે, ઈઝરાઈલને મોસેસે વચન દીધું છે, તે મિથ્યા જાય નહિ..."

"હા." વિચારમાંથી જાગી ઊઠતો જેસસ જોઈ રહ્યો.

"શું, હા?"

"મોસેસનું વચન મિથ્યા જાય નહિ."

"તું પણ કહે છે?"

"હા, માડી! એટલે તો...મારા બાપની આ કોઢ...એ કોઢ આખા પેલેસ્ટાઈન જેવડી મોટી છે અને અંદર અનેક બાપાઓ રોજની ગુલામીની સળગતી ભઠ્ઠીમાં તવાય છે. એ તાપમાં લોઢા ઘડાશે અને એ ઘડતરની ઘટના મોટી રોમનશાહીને અને તેની દલાલ બનેલી રેબીઓની મોટી લૂટમાળને પણ..."

"પણ તું તો દીકરા! જ્હોન બોલે છે તેવું જ..."

"તેવું સૌ બોલે છે...અંતરમાં તો સૌને જ્હોન બેપ્ટીસ્ટ બોલે છે, તેવું જ સંભળાય છે, પણ ટીબેરિયસ સીઝર અને પોન્ટીઅસ પાયલેટ અને આ ગેલીલીનો હાકેમ હીરોડ સૌની હામ ભાંગી નાખે છે. એ રોમનશાહો પાસે લોખંડી લશ્કરો છે, પણ..."

"તોય પાછું પણ...એ બધાંની સામે આપણે કચડાયેલાં, ચંપાયેલાં દુઃખી લોક શું કરી શકવાનાં હતાં?"

" સ્પાર્ટેકસે શું કર્યું...રોમનશાહીને હચમચાવી નાખનાર એ દુઃખને ભૂખના જ ભડકે બળતાં ચંપાયેલાં કલેવરો જ હતાં ને!"

" પણ અંતે તો..."

અને જુવાન જેસસ એ સૌના અંતને આવરી લેતો એક માંચડો દેખી રહ્યો. કેવો ભયાનક એ માંચડો હતો! એ માંચડા પર વીશ હજાર ગુલામ દેહો ચિત્કાર કરતા ટોકી દેવાયેલા એને દેખાયા. એની નજર સામેનો માંચડો જાણે આખાય પેલેસ્ટાઈન પર પથરાતો હતો. અને એક પણ વાર એની નજર સામે નિરાશ બનતું પેલેસ્ટાઈન દેખાયું. ઈઝરાઈલનો જૂનો અવાજ જાણે મરી પરવારતો હતો. એ મરતા અને ઊડી જતા અવાજને ઝાલી રાખવાનું એને મન થયું, અને એ અવાજમાં એને જોન બેપ્ટીસ્ટની છબી દેખાઈ... કેવો એ એકલો ગેલીલીની ડુંગરમાળમાં ગાજતો હતો! ગેલીલીની ડુંગરમાળો રોમનશાહીને પડકારતી જોન બેપ્ટીસ્ટ જેવા અંગારાને સંઘરતી હતી. એ ઉત્તરની ડુંગરાળમાળાનું ખમીર હજુ હોલવાઈ જવાની ના પાડતું બળવાનો નાદ ગજવતું હતું. એ ઉત્તરની ડુંગરમાળની યાદમાંથી હજુ એ દિવસ ભુલાયા નહોતા, જ્યારે સમાન લોક મોસેસની રાહબરી નીચે ભગવાન જેહોવાહને ભજતા હતા.

આજે એ જ ડુંગરમાળમાં પ્રાણને સળગાવતો જોનનો અવાજ ગરજતો હતો, " આપણે આપણી સમશેરથી એ ભગવાન જેહોવાહનું સમાન માનવોનું રાજ ઘડીશું."

અને જોનના એ અવાજ પર ઉત્તરની નદીના કિનારા ખડે પગે તૈયાર થતા હતા. આજે એ તેક્રેરથી વીશ માઈલ પરના બીથાબરા ગામપર આવી પહોંચ્યો હતો. એના બળવાખોર સંઘમાં ગરીબોનાં ટોળેટોળાં જમા થતાં હતાં.

ત્યારે એક મોટી મેદિનીને સંબોધતા જોનની નજર એક જુવાન ખેડૂતપર પડી. નેઝેરેથના સુતારનો એ કિસાન દીકરો હતો. સભા પૂરી થયા પછી એ જુવાન સીધો જોન પાસે ગયો અને બોલ્યો, " મને તમારા સંઘમાં જીવનભર જોડી દો."

અને જોન એના ઊંચા, સીધા શરીરમાંથી ચળકતી આંખોના ધારદાર તેજ તરફ જોઈ રહ્યો. જુવાન પાછો બોલ્યો,

" હું નેઝેરેથના સુતાર જોસેફનો દીકરો...હું કોઢ સંભાળું છું અને મારી મા સાથે અમારું ખેતર પણ..."
" અને તું બધું છોડીને..." જોન સવાલ પૂછી રહ્યો.

" હા." જુવાનનો મક્કમ જવાબ ઉતાવળો બોલી ઊઠ્યો. અને જોન એના ઉપલા મિત્રોને આનંદથી કહેતો હતો, " આખરે એ આવી પહોંચ્યો ખરો. લોકસૈનિક–જેની હું લાંબા સમયથી રાહ જોતો હતો–નેઝેરેથનો જેસસ–જોસેફનો દીકરો...ભગવાન જેહોવાહના સમાન લોકનું રાજ રચવા આપણે એવા જ સાથીદારો જોઈશે."

પછી જોનનો એ જુવાન બેરુબંધ બાપાની કોઢ છોડીને ગેલીલીની ડુંગરમાળના કિનારાઓ રખડતો થઈ ગયો. એણે જકડાયલા જીવનને જોયું અને એની શાંત છબી નીચે ભરેલી આગ ભભુકી ઊઠી. એના પ્રજળતા પ્રાણના તણખા જોનની આગેવાની નીચે લોકને જગાડી રહ્યા. ગરીબોની ઝૂંપડીમાં જોસેફનો એ કુમારિકાને સાંપડેલો દીકરો બળવાની રચના કરતો ભટકવા માંડ્યો અને બળવાની બાની પુકારી રહ્યો.

ત્યારે ગેલીલીના એ દીકરાને એક વાર પાયલેટસે બોલાવ્યો અને પૂછ્યું,

"તું પણ પેલા જોનની જેમ એમ કહે છે કે, પૃથ્વીપર જેવું સ્વર્ગમાં છે, તેવું સમાનલોકનું રાજ ઊતરશે ?"

"હા,"

"પણ ઉતારશે કોણ ?"

"અમે લોક."

અને આ છોકરા તરફ ખડખડાટ હસતો પાયલેટસ ગમ્મત કરી રહ્યો:

"પણ તમને માંચડા પરથી નીચે ઉતારશે કોણ ?" અને જેશુઆ જોઈ રહ્યો. એની આંખ સામે રોમનશાહીના માંચડા દેખાયા. એની નજરમાં પાયલેટસ સાથે સંકળાયેલા રોમનશાહીના પોલાદી અંકોડા ભયાનક દેખાયા.

પાછો પાયલેટસ બોલ્યો, "તે સ્વર્ગમાં બધાં સમાન છે, એમ ને ?"

"હા," પાછો જેશુઆનો પ્રાણ ગરજી ઊઠયો.

"તેં બધું જોયું હશે, એમ ને ?"

"હા, એમ."

અને પાછું પેલા રોમનગવર્નરનું હસવું ખખડી ઊઠયું.

એ વાતને થોડાંક વરસ વહી ગયાં હતાં. હવે જેશુઆ છેક છોકરો નહોતો પણ ગેલીલીની ડુંગરમાળનો બળવાખોર બન્યો હતો. હવે એ બળવાની આગેવાની કરનાર જોન તો રોમનશાહીના કારાગારમાં પડ્યો હતો.

જુવાન જેસસની આંખ સામેથી બળવાખોર જોનની તસવીર ખસતી નહોતી. એની નસોમાં ઉતાવળું વહેતું લોહી ગરમ બનતું

જતું હતું. ગેલીલીના ઉત્તર પ્રદેશનો હવે એ જ આગેવાન હતો પણ જોન જેટલો જાણીતો નહોતો બન્યો. હજુ હમણાં જ જોનની ખાલી પડેલી જગાની જવાબદારી એણે સ્વીકારી હતી. એ જવાબદારી લઈને એ જોન જેવો જ સળગતો બનીને કિનારાઓ પર ફરતો હતો અને ગેલીલીની ડુંગરમાળમાં ગરીબો એને પોતાનું સમાન રાજ ઊતારવાની જેહાદ ગજવનાર રાજા અથવા ક્રાઈસ્ટ કહેવા લાગ્યા હતા.

આજે એના આતશ પર ગમગીન છાયા જોનના કારાગારમાંથી ઊઠતી હતી. પેલેસ્ટાઈનની દક્ષિણે કિલ્લેબંધીના મેકીરસ નામના એક કિલ્લામાં જોન જકડાઈ ગયો હતો. એ કિલ્લાની સાંગની બારીમાંથી બહારના શાંત પડેલા સાગરનાં મરણ પામ્યાં હોય તેવાં પાણીની સપાટી પરથી જકડાયેલો જોન પોતે આજ સુધી પુકારેલા બળવાની છબી દેખવા ક્યાં સુધી ટાંપી રહેતો હતો. છેવટે એની નજરમાંથી જ નીકળતો પેલો આકાર એને દેખાતો હતો. એ મનમાં બબડતો હતો, "મને એનામાં–જેસસમાં–વિશ્વાસ છે." અને પછી એ જોરથી આંખો મીંચી દેતો.

અને એની મિચાયલી આંખ સામે એ કિલ્લાની પાછળથી ઊંચી વધતી ટેકરી પરનો રોમનશાહીના હાકેમ હીરોડનો મહાલય દેખાતો. એ મહાલય સામે બીજા અનેક મહાલયોમાં રહેતી માલિકી આખી દુનિયાપર જુલમ કરતી હતી તેના ખ્યાલથી ક્રોપમાં કંપી ઊઠતો જોન દિવસ પછી દિવસો ગુજારતો હતો અને આખા પેલેસ્ટાઈનમાં પાસોવરના ધર્મોત્સવના દિવસો આવી પહોંચતા હતા.

પાટનગર જેરૂસેલમના વડા દેવળમાં દૂરદૂરથી ખેડૂતો અને વેપારીઓનો મહામેળો જામતો હતો. મોટાં હાટ ભરાતાં હતાં. ચાર

માઈલના વિશાળ ઘેરાવામાં ઘંટાનાદ ગાજતા બનતા હતા. ટેકરીઓ પરનાં દેવળો લોક કોલાહલથી ગાજી રહેતાં હતાં, અને નાણુંઓની બદલી કરી આપનાર શરાફોની પેઢીઓ દેવળોનાં વિશાળ ચોગાનમાં ગોઠવાતી હતી. રોમન શહેનશાહતને શરણે ગયેલી પેલેસ્ટાઈનની ધર્મ સંસ્થાઓ હવે મોસેસની સાચી વાત ભૂલી ગઈ હતી.

ત્યારે એ ઉત્સવમાં આવવા ગેલીલીની ઉત્તર ડુંગરમાળમાંથી પણ ખેડૂતોનાં ઝૂંડ આવતાં હતાં. એવા યાત્રાળુઓનાં ટોળેટોળાં પાસોવરના ઉત્સવમાં જવા, કોઈ પગે ચાલતાં, કોઈ ગધેડાંપર બેસીને ગેલીલીના ભુરા સરોવરને આરે આરે જેરૂસેલમ પહોંચવા વહ્યા કરતાં હતાં. એવા એક ટોળામાં પેલો જુવાન જેસસ પણ હતો. એ પહેલીવાર જેરૂસેલમ જોવા જતો હતો.

અને એણે જેરૂસેલમ જોયું. પેલેસ્ટાઈનના પાટનગરને દેખતો એ જુવાન અંદરથી ઊકળી રહ્યો. રોમનશાહીની સત્તા અને શ્રીમંત ધર્મગુરુઓની પકડ નીચે જકડાયલી પડેલી જેરૂસેલમની ગરીબ માનવતાને દેખતો અને દાઝતો એ યાત્રાળુઓનાં ટોળાંમાં રખડતો હતો.

અને કોઈ કોઈ વાર એ ઊકળી ઊઠતો કહેતો હતો, "પણ અહીં ઈઝરાઈલનું નામનિશાન ક્યાં છે? અહીં તો બધા રોમનશાહીના હીરોડો છે અને લોકોને ચગદવાની દુકાનો માંડી બેઠેલા આ ધર્મ-વડાઓ...ખરેખર તો હીરોડિયાનો જ છે."

અને ટેકરાઓની ઊંચાઈ પરનાં દેવળો તરફ એ દેખી રહ્યો હતો. એ ગમગીન બનીને પછી ઉપર ચઢવા લાગ્યો. એનો ધૂંધવાતો કોપ બહાર ફાટી નીકળશે, એવી એને બીક લાગી.

અને એ ઉપર ચઢતો ગયો. "અહીં એમણે ઈઝરાઈલના ભગવાન જેહોવાહને સોનાની સાંકળોમાં જકડી લીધો છે." એ વિચારે એ ચઢ્યો અને આગળ વધ્યો.

"અહીં જ એમણે જેહોવાહને વેચીને પૈસા પાડવાનું યંત્ર ઘડયું છે." અને એ આવી પહોંચ્યો.

જેહોવાહના ઘુમ્મટની છાયાના આગલા વિશાળ ચોગાનમાં હાટ મંડાયું હતું. અનેક પશુઓને લઈને વેચનારા ઊભા હતા. ભાવિકો તેમને ખરીદીને બલિદાન દેવા લઈ જતા હતા. બાજુ પરના ઊંચા અને લાંબા ઓટપર ધર્મના વડા તરફથી જ શરાફો ગોઠવાયા હતા અને આજના પવિત્ર દિવસે રોમન સિક્કાઓ બદલાતા હતા તથા ધર્મનાં પવિત્ર નાણુંથી બલિદાનો અને ભગવાનની ભેટો ખરીદાતી હતી.

આ બધાં બજારોમાંથી નફાના ઢગલા કરતા આચાર્યો દેવળની અંદરના વિશાળ ખંડોમાં બલિદાનો અને ભેટોના ઢગલા ખડકતા ગોઠવાયા હતા.

અને પોતાની નજર નીચે આબેહૂબ દેખાતા આ લૂંટણહાર વહેવારને જોતો જોશુઆ તપી ઊઠ્યો અને બરાડ્યો,

"પણ તમે આ શું માંડ્યું છે! ભગવાન જેહોવાહના છાપરાની છાયામાં ગોઠવાયલા તમે ડાકૂઓ છો" બોલતો એ છલંગ દેતો શરાફો પર ધસી ગયો. શરાફોના સિક્કાઓ ચોગાનમાં વેરાઈ પડ્યા, "તમે લોકોને પ્રાર્થના કરવાના દેવળને ચોર ડાકૂઓની ગુફાઓવાળું બનાવી દીધું છે."

અને એક મોટો કોલાહલ મચી ગયો. શરાફો નાસી છૂટયા. લોકોનાં ઊછળતાં ટોળાં વચ્ચે શરાફોના સિક્કા ઊછળવા લાગ્યા. એ બધા વચ્ચે વિખરાયલા વાળની લટો પાછળ નાખતો જેસસનો અવાજ ધૂધવી ઊઠયો,

"આ ડાકુઓના દેવળને તોડી પાડો. આપણે શ્રમ–માનવો ત્રણ દિવસમાં નવી ઇમારતો ઊભી કરશું."

અને કોલાહલ વધારે વિશાળ બન્યો. શરાફોના સિક્કાઓ જોતજોતામાં લૂંટાઈ ગયા. અને એનો અવાજ ઊછળતી લોકમેદિની પરથી ગરજી ઊઠયો,

"એમને ધિક્કાર હો...એ આચાર્યો અને ભૈરવો...એ દંભીઓ નટખટો...એ શરાફો...એ સફેદ ડાકુઓ...એમના ગળામાં ઘંટીનાં પડ બાંધીને એમને ડુબાવી દો...એ નરકાગાર ઘડતા સર્પો...એ પેટ પર ચાલતા અજગરોની ઓલાદને ઊગરવા ન દો."

અને જેરૂસેલમના આખાય પાટનગર પર જેસસનો અવાજ પુરાણાં જાલીમ કમઠાણોને હચમચાવી નાખતો ઊઠયો. જેહોવાહનું વિશાળ દેવળ જાણે પાયામાંથી હાલી ઊઠયું. એ તોફાનને જગવનાર પેલા જેસસ નામના જુવાનને પકડવા અને લોકો પર સંહાર મચાવતા રોમનશાહીના મારાઓ ઊપડયા.

પણ ઊછળતા લોક જુવાળમાં એ હાથ આવ્યો નહિ અને ભાગી છૂટયો.

અને મેકીરસના કિલ્લામાં જ્યારે જોને આ ખબર સાંભળ્યા, ત્યારે એના આનંદનો પાર રહ્યો નહિ. એ ખુશખુશાલ બનતો

બબડી ઊઠ્યો. "હું નહોતો કહેતો કે, જેની હું રાહ જોતો હતો, તે...એ આખરે આવી પહોંચ્યો છે !"

અને એના આનંદ પર આઘાત જેવો અવાજ એની કારાગારની ઓરડીના કમાડ પર ઠોકાયો. રોમનશાહોનો નામચીન જાલીમ બનેલો પેલેસ્ટાઈનનો રજવાડી હાકેમ હીરોડ આ કિલ્લેબંધીની પાછળના પોતાના મહાલયમાંથી કહાવતો હતો,

"આપને તેડું છે, મળવા માટે."

"કોણ ?" ચોંકી ઊઠતો જોન ખૂલેલા કમાડમાંથી જેસસની છબી પર અંધારો પડદો ઓતરાતો હોય, તેવા કાસદને પૂછી ઊઠ્યો.

"નામદાર હીરોડ ?"

"નામદારને મારું શું કામ પડ્યું !"

" મારી પાછળ આવો." પેલો અવાજ કડકાઈથી બોલ્યો.

" પણ ત્યાં તો રંગરાગ ચાલે છે...ત્યાંથી તો મિજબાનીમાંથી નશાખોર અવાજોના કોલાહલ સંભળાય છે, ત્યારે મારું અત્યારે...!" એ જોઈ રહ્યો.

" અત્યારે જ. આજે હિરોડનો જન્મ દિવસ છે. એ દિવસની ઊજવણીમાં તમારી જરૂર પડી છે." અને એ કંપી ઊઠ્યો. જાલીમ રજવાડી અને ઉમરાવોની ઊજવણીમાં કંઈ કેટલાંયે ગુલામો વધેરાઈ ગયાં હશે. દારૂના નશાવાળા એ પિશાચો ચકચૂર હશે, ત્યારે..."

" વાર થાય છે... મહારાણી હિરોડિયાને તમારો ખપ..."

અને જોનની નજર આગળ હિરોડિયાની ભયાનક સુંદર છબી લોહિયાળ દેખાઈ. એ પોતાના પહેલા પતિનું ખૂન કરાવી તેના

નાના ભાઈ હીરોદ સાથે પરણી હતી અને હીરોદની આરબ ઓરત જીવ બચાવવા મધરાતે ભાગી છૂટી હતી. આજે એ હિરોડિયાનું એને તેડું આવ્યું, ત્યારે મધરાત વીતી ગઈ હતી. અને જોન ચાલ્યો. ચૂપચાપ ચાલતો જોન એના મોત તરફ પગ માંડતો હતો. હિરોદના કંઠમાં પોતાનું નશામાં ચકચૂર આલિંગન ગૂંથતી હિરોડિયા કહેતી હતી, “ એ બબડવાખોરનું માથું મારે જોઈએ છે.”

અને હીરોદનો ઉતાવળો કાસદ જોનને બોલાવી જતો હતો.

પછી રોમનશાહીનાં માલિકડાંની એ મિજબાનીમાં એક ગુલામ છોકરી એક થાળમાં મૂકીને જોનનું લોહીભીનું માથું હીરોદ સાથે પ્રેમ કરતી હિરોડિયા સામે ધરતી હતી.

આખા પેલેસ્ટાઈન પર ધ્રુજારી ઝીલતા જોનના મોતના સમાચાર ગેલીલીની ડુંગરમાળ પર વિષાદની છાયા પાથરતા પહોંચી ચૂક્યા. જુવાન જેસસની સામે મોત આમેહૂબ દેખાયું. એની નજર સામેની વિકરાળ તસવીર જાણે એને હચમચાવતી કહેતી હતી:

“ જે સત્તા સામે થાય છે, તેને એ જ મોત...”

“ પણ હું ડરતો નથી.” ઈસુનો આત્મા કકળી ઊઠતો હતો.

એવી ગેલીલીની ડુંગરમાળમાં ગમગીન છાયા પથરાતી હતી.

અને ઈસુ નમ્ર બનતો પાડોશીઆર સમાન માનવનું રાજ કરવાની વાતનું હથિયાર બદલતો કહેતો હતો, “ તલવાર નહિ... પ્રેમથી પણ દિલ જીતી શકાય છે ! ”

“ કોનું ? ” જાણે જોનનું લોહીયાળ માથું પેલી ગુલામ

ખોપરીની ખાખમાંથી ફૂટી ઊઠતું એના અંતરને ઉપરતળે કરી મૂકતું હતું.

આજે એ ગેલીલીની ડુંગરમાળામાં છુપાતો ફરતો થાકચો પાકચો એક ગરીબની ઝૂંપડીમાં સૂતો હતો એના માથામાં એ જ અવાજ ડંખતો હતો. એ અવાજ એણે થોડા વખતથી કહેવા માંડયો હતો, " સમશેર નહિ...પ્રેમથી સમાન રાજ લાવી શકાશે અને સમશેર ધરનારા હાથ સમશેરથી જ મરણ પામશે."

" પણ કોના હાથ ? " એ ઊંઘવા મથતો કોઈએ ભર સભામાંથી પૂછેલો અવાજ યાદ કરતો હતો.

અને એને કહેવું પડચું હતું. " જાલીમોના..."

" અને બળવાખોરના ? " પાછો સવાલ આવ્યો હતો અને એ કહેતો હતો:

" પણ પ્રેમથી પણ..."

અને એ ઊંઘવા પડચો. એની આંખમાં એની સામે કપાઈ ગયેલું માથું ગોઠવીને ઊભેલો જોન દેખાયો.

" પણ તમે તો...? "

" હું મર્યો જ નથી...મારી ઝંખના આ ગેલીલીની ડુંગર-માળામાં..."

" પણ હું છું ને ? "

" તું છે પણ...હું તને તે જ પૂછવા આવ્યો છું."

" શું ? "

" કે તું છે ! " અને પેલો પ્રચંડ દેખાવ ખડખડાટ હસ્યો,

" તું જેવો તું દેખાયો હતો...મેં જેની રાહ જોયા કરી'તી અને માન્યું હતું કે તે જ આખરે આવી પહોંચ્યો તે જ...તું તે જ છે !"

" હાસ્તો..."

" ખાતરી ? " પાછું પેલું હાસ્ય હવામાં ઊઠયું, " શી સાબિતી કે .."

" કેમ ? " જેસસનો શ્વાસ અકળામણમાં થંભી ગયો. પેલો દેખાવ એની આખી હસ્તીને પડકારતો હતો. એ ઉતાવળો બોલ્યો:

" કેમ.. સમાન માનવોની નવી દુનિયા શરૂ થવા માંડી છે... આંધળાંઓ દેખતાં અને છે...લૂલાં ચાલવા માંડયાં છે...રક્તપીતિયાં સાજાં થાય છે ને...ગરીબોને આનંદ આનંદ થાય છે."

" જૂઠ..." અને પેલા દેખાવ પરનું માથું હવામાં ભયાનક હસતું ઊડતું દેખાયું. અને એ બેબાકળો જાગી ઊઠયો. એને પોતાનું માથું ભમતું લાગ્યું. એના આખાય અંતરમાંથી જાણે એક અવાજ એને કોરી રહ્યું :

" એણે કહ્યું કે, જેવું સ્વર્ગમાં છે, તેવું સમાન માનવતાનું રાજ હું બાંધતો નથી."

અને ત્યારથી એને ચેન વળ્યું નહિ. એ બીજા દિવસની રાતે ગેલીલીના સરોવરમાં પોતાનો પડછાયો જોતા હાટીનની ડુંગરમાળના એક શિખર પર સૂતો હતો. એનો ગરીબોનો સંઘ ત્યારે ઘસઘસાટ ઊંઘતો પડયો હતો. એના એકલાની ઊંઘ ઊડી ગઈ હતી.

એ ઊઠયો. હાટીન પર અંધારી રાતમાં ઉપરના આસમાનમાંથી તારાઓ ટપકી રહ્યા હતા. એ શિખરની નીચે રોમન શાહીના

જુલમી તાંડવ નીચે કચડાતાં ગામડાં પથરાયલાં પડ્યાં હતાં. એણે ઉપરથી નીચે જોયું. એ બબડ્યો, " જેવું સ્વર્ગમાં છે, તેવું સમાન માનવોનું રાજ પૃથ્વી પર..."

જાણે એક મોટો ભાર એના માથાપર હતો, એમ એને ભાન થયું. માનવતાની સમાન રાજની રચનાનો ભાર ઝીલી રાખતો એ વિચારમાં ગરકાવ થઈ ગયો. " હું ખપી જાઉં, તોય શું ? માનવતા ક્યાં ખપી જવાની છે... હું ખપી જાઉં, તો છેવટે તો એ વણઝારના પગલાનો એક કદમ આગળ હું જરૂર બનતો જઈશ અને પછી વિરાટના કદમ...થંભવાના જ નથી, કદી પણ...એ વિરાટના હાથમાં સમાન રાજના દરવાજા ખોલવાનું કામ છે...હું એ દરવાજા તરફ ઈશારો જ કરીને પણ..." અને જાણે એનો ભાર હળવો થઈ જતો લાગ્યો. છેવટે એણે નિશ્ચય કરી નાખ્યો હતો.

એ આનંદથી ઊઠ્યો. એના સંઘમાં સૂતેલા શ્રમ–માનવોના અભણ ને ગરીબ આગેવાનોને ઉઠાડતો એ બબડતો હતો, " એ જ અદના માનવીઓ...ધરતીનાં એ જ ધન્ય ફરજંદો...એ જ લોકમાનવો છેવટે જેવું સ્વર્ગમાં છે, તેવું પૃથ્વી પર..."

અને એણે ગરીબની ઝૂંપડીમાં જન્મેલાનાં બાર નામો પુકાર્યાં. બારે જણ ચૂપચાપ એની પાછળ ચાલ્યા. પાછો એ પેલી શિલા પાસે ગયો અને સૌ સાથે બેઠો. એણે એનો નિરધાર કહી સંભળાવ્યો.

અને જાણે બરફનો હાથ એના કાળજાને ઠારી નાખતો હોય, તેવો પિટર બૂમ પાડી ઊઠ્યો, " ના, ના મરણની એ બખોલમાં... જેરૂસેલમમાં જાતે જઈને પૃથ્વીપર સમાન માનવોનું રાજ ઉતારવાની વાત કરવા તમારે જાતે જવાની જરૂર નથી. "

૬

" તમે મારા મોતથી ડરો છો ને ?" એ હસી ઊઠયો. " જે પોતાના ખાનગી જીવનને પકડી રાખશે, તેનો પહેલો અંત આવશે અને જે...સમાન માનવોનું રાજ પૃથ્વીપર ઉતારવા પોતાનો પ્રાણ પાથરશે તે પોતાના જીવતરનું જતન કરશે...મેં મારો રસ્તો નક્કી કરી લીધો છે...અને જેમને મારી પાછળ આવવું હોય, તે પોતાની અંગત જાતનો ઇન્કાર કરીને ચાલ્યા આવે."

જાણે એક મહાન સેનાની પોતાના સરદારોને સંગ્રામનો વ્યૂહ સમજાવતો ઘોડે ચઢતો હતો. ઈસુનો આખો ચહેરો ખપી જવાના આનંદથી નીતરતો મહાન સત્યની ઝંખવાઈ ગયેલી ઝાંખી કરતો હતો.

અને પછી જેરૂસેલમ જઈને પોતાનો અવાજ સંભળાતો કરવા નીકળવાનો એક યાદગાર દિવસ આવી પહોંચ્યો.

અને એ જેરૂસેલમ પહોંચ્યો અને પકડાયો. અને પછી રોમન-શાહીની અદાલતે એનો ન્યાય જોખ્યો. એ ન્યાયે સમાન માનવોના રાજને પૃથ્વીપર ઉતારવાની હાકલ જગવનાર સુતારના દીકરાને માંચડાપર ખીલા ઠોકીને લટકાવી દીધો.

ત્યારે એ વાતને વધારે વખત વીતી ગયો નહોતો. તે વખતની રોમન દુનિયામાં, ભૂખ અને દુઃખની વેદનાઓ પર ટિંગાઈ રહેલી લોક જનતામાં ગેલીલીનો પેલો જુવાન રખડુ હજુય રખડતો હતો. એ લોક નરનારીઓને એ સુતારના દીકરાની સાદી વાત સચોટ બનીને ગળે ઊતરી ગઈ હતી.

" નેઝેરેથનો જેશુઆ." ઘણાંઓએ એને નજરે જોયો હતો. ગોલગોથાની ટેકરી પર એ ચઢયો, ત્યારે એને જોનારાં પણ હજી

જીવતાં હતાં. કેપરનોમ ગામનો એક પીટર નામનો માછી તે ભયાનક બપોરે ગોલગોથા ગયો હતો અને રોમન શહેનશાહતના સિપાઈઓ એના શરીરમાં ખીલા ઠોકતા હતા, તે અવાજ એના દિલમાંથી હજુય નીકળતા નથી એમ એ કહેતો હતો.

એમ વાતો સંભળાતી હતી, સમજાતી હતી અને દૂરદૂરના કે પાસેના ભવિષ્યમાં આશાનાં સળગતાં કિરણો એ દુઃખિયાનાં દિલને જીવી જવાની દિલસોજી દેતાં હતાં.

આશાની એ જીવાદોરી પોતાનાં ગરીબ છોકરાં જેવા જ એક ગરીબ સુતારને છોકરે પોતાના પ્રાણ નીચોવીને વણી આપી હતી.

"એ એવા શબ્દો કહેતો હતો ને કે નવો સમાજ આ ધરતી પર ઊતરશે!" ગુલામો ઈસુનું ધર્મશાસ્ત્ર રચતાં હતાં.

"હા, અને તેમાં આપણે આઝાદ હોઈશું."

"કેવો, એ...કહેતો હતો કે, પૃથ્વીનાં સાચાં વારસદાર તો ગરીબો છે."

"અને પૃથ્વી પરની બધી પેદાશનાં પણ..." એવી ઊડતી ઈસુની વાત એ બધાંને સંગઠનમાં સાંકળી લ્યે તે પહેલાં એ સુથારનો છોકરો શૂળીએ દેવાઈ ગયો હતો, અને લખેલો એક શબ્દ પણ મૂકીને ગયો નહોતો.

એટલે જ એ જેશુઆના નામનો જેવો અર્થ કરી બતાવનો હોય તેવો કરવાનું પાછળ આવનારાઓને ફાવી ગયું. અને માલિક લોક સાથે સમાધાન માટે પોલે ઉતાવળથી કહેવા માંડયું, "કે જે નવા રાજ્ય કે નવા સમાજની ઈસુએ વાત કરી છે, તે તો દેખી ન શકાય તેવું, અડી ન શકાય તેવું, કે અનુભવી ન શકાય તેવું આત્માનું

સ્વરાજ છે. અહીં પૃથ્વી પરનાં લોકોએ તો જેવું છે, તેવું શાંતિથી સ્વીકારવું જોઈએ અને તે સૌને સ્વર્ગમાં બદલો મળવાનો છે."

એ વાત પર સંત કહેવાતા પોલે પોતાની ધર્મબહેનોને કાગળો લખીને સમજણ આપી કે, તેમણે પુરુષો સાથે સમાન હક્કની વાત ન કરવી પણ સ્વર્ગમાંથી આદમ–ઈવને હાંકી કાઢ્યા પછીનું સ્ત્રીનું જે ભાગ્ય છે, તે સહન કર્યે જવું. એથી ઈસુના દિલને ચાહનારો દુઃખી અને ભૂખ્યો લોકસમાજ નિરાશ થઈ ગયો. એને પોતાને માટે શૂળી પર ચઢનાર જેશુઆને કહેવાતા ઈસાઈ સાધુઓ પથરા મારતા હોય, એમ લાગ્યું તથા જેમણે ઈસુને અપમાન્યો હતો તથા ગોલગોથાની ટેકરી પર ખીલા ઠોકીને મારી નાખ્યો હતો, તેમના ખૂની હાથ સાથે એ લોક હાથ મિલાવતા દેખાયા.

અને ગરીબો, દુઃખીઓ પોતાને જેશુઆના સાચા મિત્રો માનવા લાગ્યા તથા ઈસુએ જે ખરેખર કહ્યું હતું તે યાદ કરવા લાગ્યા.

ત્યારે ૬૪મું ઈસાઈ વરસ ચાલતું હતું. ત્યારે એ ગરીબોની વસ્તીમાં ગવાતા ઈસુની યાદ પર, ગરીબ કચડાયલી વસ્તીના આખાય સમુદાય પર એક મોટી આગ સળગી ઊઠી.

એ આગની ભયાનક જવાળાઓને નાચતી જોતો રોમન શહેનશાહ નીરો વાજિંત્ર વગાડતો હતો. આ આગ ઈસુને માનનારાઓએ ચેતાવી છે, એમ કહીને રોમન અફસરો ગરીબોમાં વધારે ભાનવાળાનો વધ કરતા ફરતા હતા.

પોલ અને પિટર પણ એ આગમાં બફાઈ જતા હતા.

અને નીરો આપઘાત કરતો ૬૮ ની સાલમાં મરતો હતો. એવું ઈસુનું વધ સ્તંભનું ૬૮ મું વરસ બેસી ચૂક્યું હતું.

૭

છેલ્લો મહાન રોમન

રોમન માલિકોના જ વર્ગ માટે આઝાદી, ન્યાય, સ્વરાજ, સમાનતાના મહાન મંચ પર ઊભેલા રોમન કોનસલ સીસીરોને સમજાઈ ગયું હતું કે, પોતે ગુલામોએ ગજવેલા બળવાના મહાસંહાર પર ઊભો હતો. " કેવી ગાંડી કલ્પના ! ગુલામો પણ ધારે કે એય સમાન થાય અને તેને માટે હજારો મરી ફીટે..." એ ખડખડાટ હસતો હતો, પણ એની આંખ સામે પ્રશ્ન વિરામો જેવા અવિરામ ઊભા થતા આકારો હોલવાતા નહોતા, " સૌને માટે ન હોય, તે ન્યાય નથી, સૌને માટે ન હોય, તે સ્વરાજ નથી–સમાનતા નથી." સ્પાર્ટકસના ગુલામ હલચલના અવાજો હજુય શાંત પડતા નહોતા. એ બબડતો હતો, " સૌને માટે...તો પછી ઊંચનીચમાં ફેર ક્યાં રહ્યો...!"

જાણે મનમાં ને મનમાં એણે લખેલા ડી–રીપબ્લીકાનાં પાનાં ફેરવી રહ્યો. " સૌને માટે સમાન નીતિ..." એ હસતો હતો, અને વિચારમાં ગરકાવ બનતો હતો, " આજે આટલે વરસે મને કેવો કોયડો સતાવી રહ્યો છે! માલિકોને માટે જ સમાનતાની નીતિ તમે ક્યાં લગી તમારા આઝાદ રાજમાં જકડી રાખીને..."

અને એ એકાએક અટકી ગયો એની આંખ સામે રોમન સ્વરાજમાં—સામ્રાજ્યમાં સરમુખત્યાર થવા, માલિકોની અંદર અંદરની સમાનતા પર તરવાર ચલાવવા આજ સુધીમાં ઊભાં થયેલાં અનેક નામો એક પછી એક લોહીથી તરબોળ તરવારોવાળાં ખડાં થવા લાગ્યાં. એનું માથું ભમ્યું, " એનો પાર નહિ આવે." એ બબડ્યો પોતાના વર્ગ માટે જ નીતિ લખતો એ મહાન રોમન લડીઅર રેતીના મહેલ ચણીને ઊભો હોય, એવો દેખાયો. એની સામે રોમન માલિકોનો વર્ગ જાલીમ બનીને તમામ માનવતા પર ત્રાસ રચીને પોતાની આઝાદી અને સમાનતા સાચવતો હતો. " પણ ક્યાં સુધી ? " એની અંદરથી અવાજ ઊઠ્યો. એની સામે કેટલીનાનું નામ સરમુખત્યાર બનવાની તરવાર ચમકાવતું ચમકી ઊઠ્યું.

એ મહાન રોમન કેટલીનાપર કુંચવાતો પોતાના સાંકડા દેખાવના જગતમાં રોમન ભગવાનને યાદ કરી રહ્યો, " રોમ્યુલસે પવિત્ર કરેલું આ નગર...અમારા સ્વરાજ અને સામ્રાજ્યનું રક્ષક છે. રોમનનાં દેવળો કેટલીનાને તમારી છાયામાંથી, રોમના આઝાદ નાગરિકોના ભવનો અને દીવાલોથી, આપણી આઝાદ વસ્તીનાં જીવનમાંથી દૂર રાખો..."

કેટલીન પડ્યો હતો. રોમન સમાનતા અને આઝાદી પર પોતાની સરમુખત્યારી પાથરવાનો સંહાર શરૂ કરતો કેટલીન તો મરી ચૂક્યો હતો. જાણે રોમન સ્વરાજ જીવી જશે, એમ એક પળ વાર એને લાગ્યું, ન લાગ્યું, ત્યાં તો સીઝરનો ઉદય એની નજરને આંટી દેતો... એની ભાવનાને વલોવી નાખતો...એની ચારેકોર સ્વરાજને છાઈ દેતો દેખાઈ પડતો હતો. માર્કએન્ટીનીએ એ જ સીઝરને રાજમુગટ ધર્યો હતો. સીઝર હાથ લાંબો કરીને તાજ પહેરી લે એટલું જ ટૂંકું રોમન સ્વરાજનું જીવન સીસીરોને પાછું દેખાઈ ગયું. સીઝર

સ્વરાજનું તંત્ર ઉલ્લંઘતો અટ્ટહાસ્ય કરતો સંભળાયો.

ગુલામોએ માલિકોના રોમન સ્વરાજને વજ્રાઘાત કર્યો હતો. એ આઘાત આવ્યો અને રોમન સામ્રાજ્યને પાયામાંથી હલાવી નાખતો જીવલેણ વંટોળિયા જેવો જતો રહ્યો. પણ આ કેટેલીન...આ સીઝર...એ તો સ્વરાજના પોતાના ચોકઠામાંથી જ પેદા થયા હતા! સીસીરોનું દિલ વલોવાઈ જતું હતું.

સીસીરો જાણે ખખડી ગયેલા ઝાડ જેવો ટકાઈ રહ્યો હતો. સીઝર જ્યારે હાથ લંબાવે, ત્યારે એના હાથમાં તાજ પડવાનો હતો. સીઝર જ્યારે લંબાવે, ત્યારે એના હાથની સમશેર સીસીરો જેવા સ્વરાજની યાદપર ફરિયાદ કરતા સીસીરોનું માથું ઉતરી જાય તેમ હતું.

અને થાક્યો પાક્યો સીસીરો...રોમન સ્વરાજની ચિંતા છોડીને એક દિવસ વાનપ્રસ્થ બનવા ઉપડતો હતો. એ સીઝરની છલંગ મારીને આવી પહોંચતી સરમુખત્યારી...પાદશાહતને સીનેટ, ફોરમ તથા ઇમ્પેરિયમ સોંપી જતો હતો. એ એના ઉલ્લા નસીબમાં સંતાઈ જવા જતો હતો...જે રોમન માલિકો ગળા સુધી સાહ્મારીઓ અને વિલાસમાં ખપી ગયા હતા, તેમને માટે...સ્વરાજનું ચિત્ર વિલાઈ જતું દેખાતો...માલિક માનવીપર છીંક ખાતો... સ્વરાજના એ એકપક્ષી ઘટકમાં કંઈ વિપરીત દેખાતો પોતાના ખાનગી આવાસમાં છેલ્લાં વરસ વિતાવી દેવા જતો હતો.

મારકસ ટુલિયસ સીસીરો આટલાં બધાં વરસ સ્વરાજનું સુકાન ધરીને આજે...એ સ્વરાજને પોતાની અંદરમાં દેખવા જતો હતો. જીવન અનુભવોને અંતરમાં ઝબોળીને જગત જોગ રજૂ કરવા વિદાય લેતો હતો.

રોમને છોડતો એ ટુસકુલુમ (આજનું ફ્રેસકાટી) પહોંચતો હતો. ટુસકુલુમની વનરાજીઓ નીચે ઢંકાતી ટેકરીઓ કંપેનામાં

ઊતરતી હતી. નાનાં મોટાં ઝરણાં કલકલ કરતાં વહેતાં હતાં. ફોરમના ઉદ્વેગના ઊછળતા જીવનવ્યવહારમાંથી આજે આ વાનપ્રસ્થ કુદરતના ખોળામાં અંતર ઉકેલવા આવી પહોંચ્યો હતો. વિખરાયલું—વીંખાઈ ગયેલું પણ માલિકોના સ્વરાજનું ચિત્ર એના ભગ્ન દિલમાં મોજૂદ હતું...પણ એને સમારવાનો કોઈ તાણોવાણો એને જડતો નહોતો...જે કચડાતી ગુલામ માનવતાની લોહી ઝરતી પીઠપર એ સ્વરાજ ઘડાયું હતું, તે માનવતાએ એને પાયામાંથી હચમચાવી નાખ્યું હતું, અને એ સ્વરાજનો અંદરનો સડો આજે એની છેલ્લી રોશની પર ધૂળ નાખતો સરમુખત્યારીના ખૂની હાથમાં આખાય રોમન જગતના...જૂના જાજરમાન ભવ્ય જગતને સોંપતો હતો.

" તોય એ ક્યાં આગળ બચશે ? " સીસીરો અનેક વેદનાથી ખદખદતું માથું ખંખેરતો અહીં આવી લાગ્યો હતો.

અહીં એ વાનપ્રસ્થનો આશ્રમ હતો. રોમથી દેખાતી ક્ષિતિજમાં આડો પડયો હોય, તેવો સીસીરોનો વાસ શોભતો હતો. એટીકસ એને મળવા આવતો હતો. બ્રૂટસ અને કેશિયસ પણ ચિંતાના ભાર હલકા કરવા અહીં અવાર નવાર આવી ગયા હતા. સીઝર જેવાએ પણ આ જૂના જગતના વાનપ્રસ્થનાં દર્શન કરવા એકવાર દર્શન દીધું હતું.

મારકસ ટુલિયસ સીસીરોએ પોતાની સોબત માટે એક મોટું પુસ્તકાલય ખડકયું હતું. પુસ્તકોની વચમાં એ રોમનો મહાન વાનપ્રસ્થ મધપૂડા જેવું માથું ડહાપણથી ગૂંજતું રાખતો હતો. સ્વરાજ આખાનો ભાર ઊંચકતા ગુલામ કલેવર જેવો જ એક આધેડ ગુલામ આ વાનપ્રસ્થના જ્ઞાનભંડારની સારવાર કરતો હતો. એ ગુલામ એ મહાન રોમનના ડહાપણનાં લખાણ ટાંકયા કરતો હતો. એ

ગુલામની જુવાન દીકરી ટુલિયા આ જૂની દુનિયાના મહાન વાનપ્રસ્થનું શરીર સાચવતી હતી. આ પરિચર્યાથી અહોનિશ સચવાતો રહેતો સીસીરો પોતાની દીકરીથી પણ ઉંમરમાં નાની એવી રોમન યુવતી સાથે હજુ હમણાં જ પરણ્યો હતો.

પણ હવે એ રોમન વ્યાસપીઠ અને રંગભૂમિ પરથી માનવ મેદની પર સ્વરાજના લલકારની લહેરો ફેલાવવાનું ભૂલ્યો હતો. ફોરમમાં એની વ્યાપક બનતી વાણી હવે પાછી ફરીને અંતરનાદ સાથે ગૂંજતી બની હતી. એ ગુંજારવમાં એક વિષાદની છાયા બનીને વાનપ્રસ્થ એક દિવસ ટુલિયાના મનોહર શબપર કંપી રહ્યો હતો, " રોમનં સ્વરાજ ખોટું જ હશે ટુલિયા...માલિક માનવીની આપખુદીનું, જગતના એક મોટા ભાગ પરના અત્યાચારનું સ્વરાજ તપે તોય કેટલા દિ ? " બોલતી ટુલિયાનો અવાજ આજે આ વાનપ્રસ્થને વિહ્વળ કરતો હતો.

અને ત્યારે ઈ. સ. પૂર્વે ૪૪ના માર્ચના તે દિવસે એક ધૂળથી ઢંકાયેલો અને જોરથી હાંફતો કાસદ પોતાની હાજરીથી એના આખા ખંડને ભરાવી દેતો ધડકતા દિલમાંથી શબ્દો ઉછાળતો ઉતાવળો કહેતો હતો : " ફોરમમાં જ સરમુખત્યાર સીઝરની કતલ થઈ છે." અને એ હાંફલો ફાંફલો પડયો.

જાણે જૂના જગતના રોમન સ્વરાજને સમારવાનું દમાક ખૂલી ગયું હોય, તેમ સીસીરો ચમકતો અક્કડ થઈ ગયો. સીઝરના શબમાંથી રોમન સ્વરાજનું મડદું પાછું બેઠું થઈ જશે એવી એના માથામાં આશા ચમકી ઊઠી. એ સીઝરિયા મરણમાંથી આઝાદીની દેવી રોમન માલિક ઘટનાને વરમાળ પહેરાવવા ઊભી થઈ જતી દેખાઈ.

અને એ ઉતાવળો ઊઠયો. મારકસ સીસીરોએ એના પુસ્તકાલયની

વિદાય લીધી, અરધાં લખેલાં પુસ્તકોને સમેટી લીધાં અને સ્વરાજના આતશપર અનુસંધાન માંડીને રથ જોડાયો. પાછો વાનપ્રસ્થ બનેલો મહાન રોમન જૂની દુનિયાની માલિક આઝાદીના સ્વરાજની મમતા પર દોડતો હતો. સીઝરના મિત્રો આ દોડતા આવતા સીસીરોના નામથી કંપી ઊઠ્યા. અંધેર અત્યાચાર અને અરાજકતાનાં ઊછળતાં મોજાંમાંથી આરપાર ઊતરતો સીસીરો સુણાવતો હતો, " મારાં બોક બાંધવો...તમે પાછાં આઝાદ થવાં છો."

પણ એ આઝાદ રોમનની જીભપર ઘોંચાતી હોય, તેવી પેલી ટુલિયાની છાયા એના આવેગને છાવરી દેતી એના કાનમાં કોતરાતી સંભળાતી હતી, " એ આઝાદી આઝાદી નથી...વિરાટ માનવતાનાં હાડપિંજર પર ઊભવા મથતી એ આઝાદી..." અને આશંકા ઊપજતી હતી. એ આઝાદીને ફરીથી નહિ જ એકઠી કરી શકાય ! એન્ટની તો અપરાધી હતો. અને બ્રૂટસ અને કેશિયસ જેવા બાજર-માન જરમનો આઝાદીને એકઠી કરવા દોડતા, આઝાદીના વિકરાળ રૂપથી ડઘાતા થરથરતા ભાગતા હતા. રોમન લોકસમુદાય આઝાદીના તખ્તપર વિલાસનાં ઊબકા ખાતો આઝાદીને ભૂલી ગયો હતો. પોપ્યુલસ રોમેનસની કથા હવે એના આતશને સળગતો બનાવતી નહોતી. એમનાં જીવનમાં તો હવે, નફાખોરી, આનંદ–વિલાસ અને ખાણુંપીણું તથા સાઠમારીઓ જ ઊભરાતી હતી. એવા માલિક દાનવોના આ ઉજ્જડ રોમન નગરમાં જૂના જગતની નીતિમત્તા એેડોળ બનતી હતી, અને અનાચારનાં અંધેર ઊભરાતાં હતાં.

સ્વરાજનું સરજન કરવાની એને એકલાને જ પડી હતી. પોતાની જ આઝાદ દુનિયામાં ભૂલો પડેલો એવો સીસીરો પોતાની જાતને છેતરતો સળગતી મશાલ લઈને વિફરેલો ફરતો હતો. એનો પોતાનો પ્રાણ એના કપાળમાં પછડાતો બોલતો હતો, " રોમનો... તમારા પૂર્વજોની લાયકાત પૂરવાર કરો."

કોઈએ તેને અવાજ આપતું નહોતું. વિશ્વાસના પડછાયા જેવા સડેલા આકારો આ બુઢિયાને અહોભાવથી જોઈ રહેતા અધમણિયાં ઝૂકાવતા હતા.

“ મેં મારી જુવાનીથી આ આઝાદ સ્વરાજને સંભાળ્યું છે. મારા ઘડપણમાં હું એનો જ રહેવાનો છું.” અને એ એન્ટની સામે આઝાદ ફોજોના ધસારા યોજતો ઓક્ટેવીએનસને મદદ કરતો હતો. જુવાળો ઊછળતા થતા હતા. ઊછળતા જુવાળ પર સવારી કરતો એ જૂની દુનિયાનો જરાયોધ ગરજતો હતો : “ બીજાઓ ભલે ગુલામ રહે, આપણે રોમનો કોઈપણ સરમુખત્યારની ગુલામી સ્વીકારવાની ના પાડીએ છીએ...જો આપણે આઝાદ ન રહી શકીએ, તો ભલે આપણે મરી ફીટીએ...”

“ ગુલામી કાઢનારા...ગુલામોના માલિક બનીને તેમ કરી શકે છે, મહાનુભાવ...” પાછી પેલી ટુલિયાનું શબ એના આગ્વર કલેવરના ગળાની આસપાસ ઠંડા ફાંસા જેવા હાથ પહેરાવતું પૂછતું હતું.

અને રોમની આઝાદી પર એકને બદલે ત્રણ સરમુખત્યારોની ખૂની તસવીર એને દેખાતી હતી. ત્રણે લશ્કરવાદીઓ આઝાદી માટે, કે સામે લડવાને બદલે રોમન સામ્રાજ્યની ત્રણ બાદશાહત બનાવીને બાદશાહ બનવાને બોલોનાની છાવણીમાં ભેગા થતા હતા. ત્રણેમાંથી કોઈપણ બે એકબીજાપર વિશ્વાસ કરતા નહોતા પણ રોમન આઝાદીએ જીતેલી દુનિયા વહેંચી લેવા પૂરતા ડાકુ દુનિયાના પનોતા એક છાવણીમાં એકઠા થતા હતા.

આ છાવણીમાં એન્ટની, ઓક્ટેવીએનસ તથા લેપીડસ રોમન મિલકતને વહેંચતા હતા. ઓક્ટેવીએનસને નુપીડીઆ તથા આફ્રિકાના

પ્રાંતો મળતા હતા, એન્ટની ગોલનો માલિક બનતો હતો અને લેપીડસ સ્પેઇનનો માલિક થતો હતો.

ત્રણે ડાકુઓ શરૂઆતના લશ્કરી પગાર ચૂકવવા અને પૈસા મેળવવા રોમમાંના મોટામાં મોટા શ્રીમંતોનાં નામની યાદી કરતા હતા. દરેક જણ પોતાની યાદ તાજી કરતો મહાન શ્રીમંતો અને સામેવાળાઓનાં નામ ઉમેરાવતો હતો. એમ જૂના જગતના ડાકુ વારસદારો આર્થિક અને રાજકીય સવાલનો ઉકેલ લખતા હતા.

મારકસ ટુલિયસ સીસીરોનો ખખડધજ દેહ પગથી માથા સુધી ખખડી ઊઠતો પોતાના વાનપ્રસ્થ આશ્રમમાં પાછો ફરતો હતો. દુલિયાની છબી એને કોરી ખાતી હતી. પુસ્તકાલયનાં ડહાપણ એને એક સાથે અનેક સવાલો પૂછતાં હતાં. જૂના જગતનો આઝાદ રણજોધ આજે એ એકલો અટવાતો હતો. એની દુનિયા મરી જતી હતી. એ એકલો જીવતો જરજર પડછાયાવાળો બનીને એ મરતા જગતની આઝાદીને બાથમાં લેવા ધસતો હતો. પણ એના આલિંગનમાં લોહીની છોળો આવતી હતી, એની આઝાદ મમતા અટ્ટહાસ્ય કરતી ઊડી જતી હતી.

ત્યારે પેલા ત્રણ ડાકુ વારસદારો પોતાના ખૂની પંજામાં પકડીને, એક નામને ઉપરતળે કરતા હતા. એ મહાન નામપર આજ સુધી એમની કાયાઓ કંપી હતી. એ મહાન કલેવરના અવાજે એમનાં કાળાં કરતુકોને થંભાવ્યાં હતાં. અને એ ત્રણ જણ એક બનીને એ નામને પોતાની યાદીમાં મોટા અક્ષરે લખતા કહેતા હતા, "મારકસ ટુલિયસ સીસીરો." એની નીચે લાલ લીટી કરો. એનો આઝાદ આતશ જ્યાં લગી જીવતો છે, ત્યાં સુધી આપણી હયાતી જોખમમાં છે."

અને એ હોલવાતા દીવા જેવો આતશ વાનપ્રસ્થ બનીને એના ખંડમાં બેઠો બેઠો લખતો હતો. એની સામે ટુલિયાની છબી એનો છેલ્લો આશરો હોય, તેવી લટકતી હતી. એ ટુલિયાનો વૃદ્ધ ગુલામ બાપ એક લાત મારીને બારણું ખોલી નાખતો બૂમ પાડતો ધસી આવ્યો. “ આપણા આવાસની બહાર હથિયારબંધ સિપાઈઓ... આપ ભાગો, આપ આપનો જીવ લઈને...”

“ મારો જીવ...મારો જીવ તો કયારનોય આઝાદીની જંખના કરતો...” મહાન રોમને ભાગી જવાની ના પાડી.

“ માલિક...માલિક...” ગુલામ મમતાભર્યો એ માલિક કલેવરને ઢંઢોળી રહ્યો

“ માલિકની આઝાદી, આઝાદી નથી...ટુલિયા...અભણ ટુલિયા—ગુલામ ટુલિયા...ટુલિયા સાચી હતી...હું ભણેલો ભૂલ્યો હતો...જે ભૂમિમાં આઝાદીની અધૂરી જંખના મેં આજ લગી કરી છે, તે ભૂમિમાંથી ભાગી ભાગીને...હું કયાં જઈશ ? મને મરવા દે, મરવા દે.” વૃદ્ધ સીસીરો નાસી જવાની ના પાડતો બેઠો રહ્યો.

અને આ મહાન રોમનને બચાવવા સીસીરોના અનુચર ગુલામો એની આસપાસ હથિયારો તાણીને ઊભા થઈ ગયા.

“ તમે બધા દૂર હટી જાઓ...મેં તમને જાળવ્યા નથી, તમે મને જાળવી શકશો નહિ...”

ગુલામો દૂર હટયા.

અને સમશેર વિનાનો સીસીરો રોમન જલ્લાદો પાસે આવી ઊભો, “ આઝાદીની ખોટી ગમતાવાળું આ માથું હવે મારે ખપનું નથી...તમારે ઉપયોગનું છે, તો ઊતારી લો.”

અને એક ઝબકારાએ જૂના જગતના નાનકડા મહાન નરનું માથું ઊંચકી લીધું.

અને બીજા દિવસના રોમન નગર પર ઊગતી ઉષામાં જે રોસટ્રમમાંથી સીસીરો આઝાદીનો અવાજ ગૂંજતો હતો, તે રોસટ્રમ પર સીસીરોનું માથું અને હાથ ખીલાથી ઠોકવામાં આવ્યાં.

અને લેટીન ભાષામાંથી આઝાદીના આતશપર લાખ શબ્દ સ્વરૂપોની અંજલિ ઉમટાવતી સીસીરોની જીભ બિડાયલા હોઠમાં જકડાઈ ગઈ.

કડડભૂસ થતી જૂની દુનિયાના રોમન માનવીની સરમુખત્યારીને મરવા માટે હવે એ જીભની બાની કામની નહોતી.

૮

ઈસુનું બીજું અવસાન અને અલ્લાહનો ઉદય

પછી ઈસુ પછીના ૩૧૩મા વરસે રોમન સામ્રાજ્યનો તાજધારી કોન્સ્ટેન્ટાઈન હતો. રોમન રિવાજ પ્રમાણે એણે પણ તાજના બીજા વારસદારોનાં ખૂન કરી રોમન શહેનશાહત સંપાદન કરી હતી.

ત્યાં સુધીમાં રોમન ક્રોસ પર ખીલા સાથે જડાઈને જપી ગયેલો નેઝેરેથનો અવગણાયલો સત્યાગ્રહી જીસસ હવે લોકહૃદયમાં દેવ બનવા માંડ્યો હતો અને ઈસુનો, ખ્રિસ્તી ધર્મ બનવા માંડ્યો હતો. રોમન બાદશાહ કોન્સ્ટેન્ટાઈનને ઈસુના એક પણ અવાજ સાથે કશો સંબંધ નહોતો પરન્તુ એનો બાપ કોન્સ્ટેન્ટીનસ એક ગવર્નર હતો તથા એક વીશીવાળાની દીકરી સાથે પરણ્યો હતો. વીશીવાળો ખ્રિસ્તી ધર્મનો હતો અને તેથી તેની દીકરી પણ ખ્રિસ્તી જન્મી હતી. એમ કોન્સ્ટેન્ટાઈનની મા ખ્રિસ્તી હતી, અને “ જેવું સ્વર્ગમાં છે તેવું પૃથ્વી પર હો ” એવું બોલતી ઘૂંટણીએ પડીને ઈસુની છબીને આરાધતો હતો.

ત્યારે રોમન તાજ માટે જ કોન્સ્ટેન્ટાઈન સામે લડતો એક મેકસેન્શિયસ જિતાયો નહોતો. લડાઈઓ જીતતાં, પ્રેમ કરતાં, ધિક્કાર વરસાવતાં જૂનાં દેવદેવીઓની સહાય માટે પ્રાર્થના કરતો કોન્સ્ટેન્ટાઈન મેકસેન્શિયસની ટુકડીઓ સાથે લડતો હતો. આ માનવસંહારમાં દુશ્મનોનો નાશ કરવા, રોમનાં પુરાણાં દેવદેવીઓની પૂજા જ એને યોગ્ય લાગી હતી; પરન્તુ એ પુરાણાંઓએ આ વખતે એની પ્રાર્થનાઓ સાંભળી નહિ. રોમનોને સાંપડેલાં એ વિકરાળ દેવદેવીઓ બીજે ક્યાંય રોકાયાં હતાં અને હાર પામતો કોન્સ્ટેન્ટાઈન માથે હાથ દઈને બેઠો હતો.

દેવાનિયતનો ઘડયો હોય એવો આ સરબિયન કંઈ નાની-સૂની આફતમાં નહોતો. એણે યુરોપનાં દરેક સમરાંગણ પર ભાલો ફેરવી જાણ્યો હતો. અને પોતાની સ્ત્રીને પણ એણે એ જ ભાલાપર ફોચી નાખી હતી.

" પણ એકલો મેકસેન્શિયસ જિતાતો નહોતો તો ચિંતા જેવું શું છે ? " એની ઈસાઈ માને તે વખતના વ્યવહારુ ઈસાઈ પાદરીઓ કહેતા હતા. ઈસુને શૂળીએ ચઢી ગયે ૩૧૩ વરસ થઈ ગયાં હોવાથી ગોલગોથાની ટેકરીપર હવે કોઈ સાંભળનાર ઈસુની ભુતાવળ પણ નહિ હોય, એમ એ માનતા હતા.

" કેમ ! " કોન્સ્ટેન્ટાઈનની ઈસાઈ માતા પૂછતી હતી.

" ભગવાન ઈસુ યુદ્ધ પણ જિતાડી શકે છે..."

" પણ તમે કહો તો ને...પ્રાર્થના કરો તો ને ? "

" અમે બધું કરીએ, માત્ર શાહેનશાહ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરે. "

" એ બધું કરશે, વિજય અપાવે તે કોઈપણ વાત કરવા એ તૈયાર છે."

ઈસુપાદરીઓ હરખાતા હતા. " શહેનશાહ પોતાનો બને, તો..." નેસ્ટરનો હરખ માતો નહોતો. " અમે સરકારના દુશ્મનોનો નાશ કરવા અમારી તમામ આધ્યાત્મિકતાને હોડમાં મૂકીએ અને તમે સરકાર અમારા દેવળના વિરોધીઓનો ઘાત કરવામાં..."

" મારો કોન્સ્ટેન્ટાઈન બધું કરવા તૈયાર છે." અને નેઝેરેથના સુથારના છોકરાના ગોલગોથા પર બનેલા બનાવમાં જનમેલા ધર્મની છેલ્લી હૂંડી વટાવાઈ ગઈ.

અને ડોસી દીકરા પાસે જઈને બોલી:

" એક ઉપાય છે...છેવટનો..." ઈસુની છબી પાસે ઘૂંટણીએ પડીને આરાધના કરતી એની માના મનમાં થયું.

" શું ?" જે વિજય અપાવે તે કાંઈ પણ કરી નાખવા કોન્સ્ટેન્ટાઈન તૈયાર હતો.

" ભગવાન ક્રાઈસ્ટને પ્રાર્થના કર."

" દુશ્મનોનો ઘાણ કાઢવા ? વિજય અપાવવા ?"

" હા." ડોસી પ્રેમસ્વરૂપ ઈસુને—સત્યાગ્રહી ઈસુને—પોતાના રૂપમાં અને દીકરાની જરૂરિયાત પ્રમાણે નવા રૂપે ભજી રહી.

" કોન્સ્ટેન્ટાઈન એકદમ ઘૂંટણભેર થઈ ગયો, આંખોમાં અમી લાવીને ગદ્‌ગદ બની ગયો અને પછી ઈસુની મૂર્તિ પાસે, એની માતાના ભગવાન પાસે, પોતાની માગણી મૂકી રહ્યો.

કોન્સ્ટેન્ટાઈન પછીની લડાઈ જીત્યો. એના દુશ્મનો રણભૂમિમાં રોળાયા. અનેક ઘર ઓજારાં બન્યાં, બાળકો અનાથ બન્યાં, રણભૂમિ પર ખાલી પડેલા ટોપને સૂંઘતાં ગીધ ચિચિયારી કરતાં ચૂંથતાં હતાં.

ત્યારે કોન્સ્ટેન્ટાઇનને ભગવાન ઈસુનાં નવાં દર્શન થતાં હતાં. ગીધડાંનો ચિત્કાર પણ ભગવાન ઈસુની પ્રાર્થના હોય, તેવો મીઠો લાગતો હતો. એની પ્રાર્થના ફળી હતી. એનાં જૂનાં દેવદેવીઓ દેવલાં બન્યાં હતાં. એને નવા ભગવાનમાં આસ્થા ઊગતી હતી. એમ પીડિતોનો પ્રેમાળ ઈસુ, કચડાતી માનવજાતના મહાસંહારને અટકાવવા સત્યાગ્રહનો સાદ પડવા માટે ક્રુસ પર ટીંગાઈ ગયો છતાં, આજે ૩૧૩ મા વરસે મહાસંહાર પર મુસ્તાક મહાલતી રોમન શહેનશાહતના ખૂનખાર સંગ્રામનો ભગવાન બન્યો.

અને કોન્સ્ટેન્ટાઈને ઈસુનો ધર્મ સ્વીકાર્યો. એ પહેલો ખ્રિસ્તી રોમન બાદશાહ બન્યો.

" અને એ જ ધર્મ ને એનું જ નામ જરૂરનું છે. એથી ગ્રીસ અને સ્પાર્ટાએ જલાવેલી આગ જનાક શાળી થશે. એથી કચડાયેલાં, અવગણાયેલાં, ગુલામો અને ખેડૂતો અને મજૂરોને સ્વર્ગના દૈવી રાજ્યની વાતોનાં વડાંથી વેવલાવી શકાશે." કોન્સ્ટેન્ટાઈનના બુદ્ધિમાનો નવા શાહીધર્મનું મૂલ્ય આંકતા હતા.

કોન્સ્ટેન્ટાઈને રોમન જનતા માટે એક આધ્યાત્મિક દર્શનની વાત તરતી મૂકી દીધી :

" જ્યારે એ મેક્સેન્શિયસ સામે લશ્કરને મોખરે કૂચ કરતો હતો, ત્યારે આકાશમાં વાદળો છવાયાં ને વાદળોમાં વીજળી ઝબૂકી ને વીજળીએ ઝબૂકતો ક્રુસ ચીતર્યો ને ક્રુસ સાથે જ આકાશમાંથી અવાજ સંભળાયો, " આ ચિહ્ન અંગિકાર કરવાથી તારો વિજય થશે. "

અને એનો વિજય થયો હતો, કારણ કે ક્રુસનું ચિહ્ન ધારણ કરીને એ એના દુશ્મનોનાં માથાં વાઢતો હતો.

કૉન્સ્ટેન્ટાઈન એ નવા સંગ્રામના ભગવાનથી એટલો તો ખૂશ થયો કે એણે ખ્રિસ્તી ધર્મને સરકારી ધર્મ બનાવવાનો હુકમ કાઢયો. આજ સુધી ક્રાઈસ્ટના ઉપદેશને ધર્મ માની, થોડાક શાંતિપૂજકો અને પીડિતો ક્રાઈસ્ટને ભજતા હતા. આજે તરવારો ચમકાવતી, લોહીની છોળો ઉછાળતી, માણસનો સંહાર મચાવતી, સ્ત્રી. પુરુષો એના બાળકોની કતલ કરતી, વસ્તીને ધૂંવાંધાર જલાવતી, સંહારના અને સીતમના સ્વરૂપ સરખી રોમન બાદશાહીએ ઈસુનો અને ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો હતો.

બિચારો ઈસુ! એનો આવો ઉપહાસ એણે ધાર્યો નહોતો.

રોમનાં ખ્રિસ્તી કટક ચઢતાં હતાં ત્યારે હવે રોમનો યુદ્ધનાદ "રોમન સૈનિકો, આગે બઢો" એવો નહોતો પણ "ખ્રિસ્તી સૈનિકો, આગે બઢો" એવો હતો. "બિચારો ઈસુ!" એના નામ સાથે કેવો ક્રુર શબ્દ જોડાઈ ગયો હતો!

અને રોમન કટક ચઢતાં હતાં. બીજાનો માલ લૂંટવા, બીજાની લાજ લૂંટવા, બીજાની મહેનત લૂંટવા, બીજાનાં લોહી રેડવા, રોમન માલિકોના ભંડાર ભરવા, રોમન માલિકશાહીનાં ફરમાન પ્રમાણે રોમન કટક ફરકતાં હતાં. એ ફરમાનના યુદ્ધનાદની આગળ ક્રાઈસ્ટને–ઈસુને–દોડાવવામાં આવતો હતો.

એને ફરીવાર જીવતો કરી ક્રુસ પર ઠોકી દેવાની કોઈ પણ મહાયાતના કરતાં આ ઉપહાસની યાતના કેવી ભેગી અને ગહીચ હતી! ઈસુ પછી ત્રણસોને તેરમા વરસે માલિકજગત ઈસુને પોતાના સ્વરૂપમાં ફરી જન્માવી સાચા ઈસુની યાદ ભૂસતું હતું.

ક્રુસ પર ટીંગાઈ ગયા પછી ત્રણસોને તેરમા વરસે ઈસુ ફરી વાર ટીંગાઈ જતો હતો. એ મહાસત્યાગ્રહીના શાંતિના અવાજનું

ખૂન કરી રોમન બાદશાહી ઈસુનું ખૂન કરતી હતી.

જુલ્મો અને સંહાર તથા શોષણ સામે સત્યાગ્રહ કે જંગ ખેલનારી જનતામાં જ જીવતો ઈસુ આમ એના મરણ પછી બીજીવાર મરતો હતો. ક્રુસ પર ચઢી ગયેલા ગેલીલીના યહુદીનો ને નેઝેરેથના અવગણાયલા સુથારના દીકરાનો, " સફેદ ડાઘુઓ " * બીજી વાર ઘાત કરતા હતા.

અને ૩૬૪થી ૩૭૮માં રાજ કરતા વેલેન્ટીનિયન શહેનશાહે પોતાના શાહી ધર્મના નામમાં પ્રેમ કરવાના કાયદા પસાર કરવા માંડયા. " બીજા ધર્મવાળાઓએ દેવદેવીઓને પ્રાણીઓના બલિદાન દેવાં નહિ. "

અને શહેનશાહ થિઓડોસીઅસ ઈસાઈ ધર્મનો રક્ષક શહેનશાહ કહેવાયો. એણે ઈસાઈ ધર્મના રક્ષણ માટે ફરમાન કાઢયું કે, " ઈસાઈ ધર્મનાં ધારાધોરણ જેમને માન્ય નહિ હોય, તેવા પરધર્મીઓને દેશનિકાલ કે દેહાંત દંડ થશે."

ઈસુના અનુયાયીઓએ પોલીસની મદદથી ઈસુના વધસ્તંભની નિશાની જ્યાં ને ત્યાં રોપવા માંડી. બીજા ધર્મોનાં દેવળો લૂંટવા માંડયાં, જૂના ધર્મોની મૂર્તિઓ છેદાવા માંડી, વેચાવા માંડી, કે ચોરાઈ જવા માંડી

ઈસાઈ ધર્મનો શાહી રાજદંડ યુરોપપર ભમવા માંડયો. ગ્રીસપર એ શાહીધર્મ સત્તાની સમશેર દોડતી આવી પહોંચી એલેકઝેંડ્રીયાના છસો વરસના જૂના દેવળના ભુક્કા બોડી ગયા.

મહાન સિકંદરે ત્યાં બંધાવેલી એક વિશાળ વિદ્યાપીઠપર ઈસાઈ અંધકારનું લુવડ બોલ્યું. ત્યાંના પાદરીએ એ વિદ્યાપીઠ બંધ કરવાનું ફરમાન કાઢયું.

* ઈસુના અનુયાયીઓ માલિક લોકોને (white sepulchres) કહેતા.

અને ફરમાનની પાછળ પેલા નેઝેરેથના સુતારના છોકરાના નામનાં ધર્મ બનાવનાર શયતાનોએ એ વિદ્યાપીઠપર સંગીન વડે હલ્લો કર્યો. એ હલ્લો દોરનાર પાદરીઓ હતા. એમના ગળામાં સોનેરી માંચડાઓ લટકતા હતા

એ વિદ્યાપીઠ ભૂમધ્યની આસપાસના પ્રદેશોનું વિદ્યાધામ હતું. અહીં ચિંતનનાં તત્ત્વોની રમઝટ જામતી હતી. અહીં હાઈપેશીયા ચિંતન પર વિદ્યાના મૂશળધાર વરસાવતી હતી.

પણ વિદ્યા જેમને કામની નહોતી એવાઓએ હાઈપેશિયાના કલેવરના કટકા કરીને રસ્તા બહાર નાખ્યા. રસ્તાપર કૂતરાંઓ હાઈપેશિયાના વિદ્વાન દેહનાં હાડ ચાટતાં લડતાં હતાં.

પેલા ઈસુના નામમાં મિજબાની માણતા હતા.

અને એથેન્સની વિદ્યાપીઠનાં કમાડ પણ દેવાઈ જતાં હતાં.

હાઈપેશીયાની દશાપર થરથરતા એથેન્સની વિદ્યાપીઠના સાત અધ્યાપકો ઈરાનને રસ્તે જીવ બચાવવા નીકળી નાસતા હતા.

એવું જૂની દુનિયાપર ઈસાઈ શતક બેસતું હતું અને પોતાના વિનાશ તરફ દોડતી જૂની દુનિયાની ગતિને ધક્કો મારતું હતું.

એવો છઠ્ઠા શતકનો પહેલો હપ્તો પૂરો થયો હતો. સીઝર વેળાનું એ રોમન નગર હવે રહ્યું નહોતું. એના વળના દહાડામાં એનાં ખંડેરો ભવ્ય ભૂતકાળની ભયાનક વાત કરતાં હતાં. એ ભવ્યતા અને ભયાનકતાપર કાળનાં પરિબળો જેવી અનેક ચઢાઈઓ અને લૂંટફાટ રોમપર ઊતરી ચૂક્યાં હતાં, સ્પાર્ટકસની ક્રાન્તિનો જુવાળ શમી જશે, એમ રોમન માલિકો અને માલિકણોએ વીશ હજાર કેદ પકડાયલા ગુલામોને એક કતારમાં ખીલાઓથી વધસ્તંભ પર ઠોકી દઈને માન્યું હતું. પણ એવું બન્યું નહિ. રોમન શહેનશાહતના પાયા

હચમચી ઊઠયા હતા અને તેમાંથી કાંકરી ખેરવી પાડનાર ધાડો રોમના કલેવર પર પડી ચૂકી હતી.

ત્યારે એ ખંડેરો પર શનકારના ઓળા જેવો ઈસાઈ ધર્મગુરુ આખા ઈસાઈ જગતનો ધર્મ-નવાબ બનવાની ઇચ્છા કરતો કહેતો હતો કે, ઈસુને પ્યારા એવા પિટરનો વધ જે પથરાપર થયો હતો, તેનાપર મેં મારું નવું દેવળ ચણ્યું છે. એટલે હું તમામ ઈસાઈ પાદરીઓનો વડો છું.

પણ જેરૂસેલમનો પાદરી પણ એ જ કહેતો હતો કે બધા વડાઓનો હું એક જ વડો છું કારણ કે જ્યાં ભગવાન ઈસુ જન્મ્યા, જીવ્યા અને મર્યા ત્યાં જ મેં મુકામ નાખ્યા છે.

જીર્ણ થયેલા, જીવી ચૂકેલા અને જીવનમાંથી પાકીને ખરી પડતાં પાંદડા જેવા રોમન સામ્રાજ્યમાં આ બન્ને પાદરીઓ પોતપોતાની આકાશ જેવડી ઊંચાઈ પુરવાર કરવા મચી પડયા હતા, ત્યારે રોમન પાદશાહ જાહેર કરતો હતો કે આસપાસના ભયો વધી પડવાથી પોતે પેલેસ્ટાઈન પરના મહાલયમાંથી મુકામ ઉપાડી ઈટાલીમાં થઈને રેવેના રહેવા જવાનો છે.

અને મહાન શાહેનશાહત બેખડ પરથી વિનાશની કન્દરામાં વિલીન થઈ જવા સરતી હતી. આવડી મોટી શાહેનશાહતને ગુલામ જનતાએ ધક્કો માર્યા પછી સરતાં સરતાં છ સૈકાઓ લાગ્યા હતા. પણ એ એની બદનામી અને અકરાંતિયા આહારના બોજાઓવાળાં પેટને લીધે સરતી હતી. અને કોઈનો આડો હાથ એ સરણને અટકાવી શકે તેમ હતું નહિ. અને તોય એ અંતને જોતું છતાં રોમન જીવન જેવું ને તેવું જૂનું વહેતું રહેતું હતું. એના મોતની છેલ્લી પળ એનાં પોપચાં મિચાવી દે ત્યાં સુધી જેવું ને તેવું જૂનું એ

જીવતું હતું અને મરણનો ખ્યાલ કરતું નહોતું.

જ્યારે મોતની ગર્તામાં ગબડતા રોમન સામ્રાજ્યની તાજધારી રાણી થીઓડોરા આનંદના ઘૂંટડા ગટગટાવતી હતી ત્યારે કોઈએ ગભરાતાં એને પૂછ્યું, "આપ શહેનશાહબાનુને એમ નથી લાગતું કે આપણી દુનિયા (જૂની દુનિયા) કોઈ ભયાનક કટોકટીમાંથી પસાર થાય છે !" અને એ સમજ્યા વિના સુંદર નજરની મોહકતા સ્થિર કરતી જોઈ રહેતી હતી. એ થીઓડોરા હતી.

કારણ કે એ સમજી શકતી નહોતી. જે જૂની દુનિયા એણે રોમન માલિકોના રંગરાગ માટે રીંછોને સંભાળનાર બાપને ઘેર જન્મીને જોઈ હતી, જે દુનિયામાં એણે મોહક નજરોનાં જાદુપર એક પછી બીજી અમીરાઈ ભાળી હતી અને જે દુનિયામાં એણે કોન્સ્ટેન્ટીનોપલના નવા શાહી વાસમાં આવ્યા પછી શાહી વિલાસની એક પછી બીજી શકયતાઓ દેખી હતી, તે દુનિયામાં કટોકટી જેવું કંઈ શકય પણ બની શકે એવું વિચારવાની એના માથામાં કોઈ સામગ્રી હતી નહિ.

પણ એને યહુદી પાદરીઓએ એક વાત કહી હતી. એ યહુદી પાદરીઓ નવી જાતના માણસો હતા. અને જૂના કાળમાં બની ગયેલી વાત એ રસપૂર્વક સાંભળી રહેતી હતી, કે, "ત્યારે એક રખડતો જેસસ નામનો જુવાન હતો. ગુલામોની જેમ એક લુહારની કોઢમાં સાંપડયો હતો. ગેલીલીના કિનારાપર રખડતો ફરતો હતો. પછી એને આ જૂની દુનિયાના સબંધો બદલવાની વાતો કરવા માટે વધસ્તંભપર કોઈપણ ગુલામને મારી નાખવામાં આવે, તેમ મારી નાખવામાં આવ્યો હતો. પછી એનો એક પીટર નામનો અનુયાયી રોમમાં આવ્યો હતો અને તેને પણ ત્યાં મારી નાખવામાં આવ્યો હતો. પણ પછી રોમની શહેનશાહતે એક દિવસ એમ

સ્વીકાર્યું કે, એનો ઉપદેશ જ મોક્ષ અપાવનારો હતો અને ગ્રીસના બધા જ ચિંતકો મૂરખ હતા. એટલે એ જ ઈસુનો અનુયાયી ધર્મગુરુ આજે રોમન બાદશાહની ગાદી જેવી જ મોટી ગાદી પર રોમમાં બેઠો છે."

પણ શહેનશાહબાનુ પાછી એ પરીકથા જેવી જૂની વાત ભૂલી જતી રોમનશાહીની ભવ્યતામાં તરબોળ થઈ જતી હતી રોમનશાહીના સોનેરી સિંહાસન પર બેસનાર દેવાધિદેવ બાનુ હતું. ચારેકોર પ્રધાનો, સલાહકારો, ચારણો, સરદારો અને રક્ષકો આરસમાં મઢ્યા હોય તેવા અનિમિષ અને અક્કડ બનીને ખડા રહેતા હતા. એ ભવ્યતામાં જાણે શાહી માલિકની સત્તા અને અમલ અવિચળ ભાસતાં હતાં. એ જ દુનિયા હતી. એમાં કટોકટી આવવાનો ખ્યાલ જ અશક્ય હતો.

પણ દુનિયામાં તો અરધો અરધ ગુલામો હતાં, બીજા અરધામાં સેંકડે નેવું ગરીબ બન્યાં હતાં અને દશ માલિકો માલેતુજાર બનીને લક્ષ્મીમાં આળોટતા કચ્ચરઘાણ કાઢતા હતા. ત્યારે કોઈને કશો આશરો નહોતો, કુટુંબની હૂંફ નહોતી, ઘરબારની સલામતી નહોતી.

પણ તેનું એને શું હોઈ શકે! એને એવું દેખવા જ ક્યાં જડતું તે! એ તો સાહ્યબી માટે રાખવામાં આવેલાં રોમનશાહીનાં રીંછોની કોઢનો તબેલો સાચવતા એકેશિયસની સુંદર દીકરી હતી અને સીધી શાહીશયનખંડ સુધી પહોંચી હતી.

નાજુક ને નમણી સરખી, ખંડમાં જડી હોય તેવી કાળી આંખો ચમકાવતી, રોમનશાહીના રાજમહાલયમાં ચમકતી હતી. માલિકોને જે જોઈતું હોય છે, તેવું પોતે કલેવર હતી. એ કલેવર ડૉકટરની ઓપરેશન કરતી છરી જેવી વિજળીની ધાર ફેરવતી એ ગમે ત્યાં પહોંચવાને તૈયાર હતી.

એકેક પહોંચી ચૂકી અને શહેનશાહ જસ્ટીનિયનની આસપાસ ફરતી અનેક સુંદરીઓનો પરાજય કરીને એ શહેનશાહબાનુ બની, ત્યારે એ રોમન શાહ કરતાં વીસ વરસે નાની હતી.

અને પછી શહેનશાહે પોતાની તમામ અમલદારશાહી પાસે શપથ લેવડાવ્યા કે દરેકે દરેક જણુ શહેનશાહ જેટલી જ વફાદારી શહેનશાહબાનુ તરફ બતાવશે.

એટલે જ ઇ. સ. ૫૩૨માં ફાટી નીકળેલો નીકા નામનો એક બળવો શહેનશાહ અને શહેનશાહબાનુ ફક્ત ત્રીસ હજારનો જ ઘાત કરીને દબાવી શક્યાં, અને બળવાખોરો સામે બન્ને જણુ ખુલ્લી તરવારે લડયાં.

અને શહેનશાહને સમજાયું કે થીઓડોરાની તાકાત થીઓડોસિયસે ચણાવેલી અભેદ્ય દીવાલો કરતાં પણુ ઘણી જ ગહન છે.

એ ગહનતામાં રેવેનાનો પાદરી મેકસીમિયન થીઓડોરા પર પવિત્ર ઓળા ઉતારતો વધારો કરતો હતો. એની આસપાસ શહેનશાહની જેમ તેજમંડળ હતું જ એવી કલ્પના એણે જ ઊભી કરી હતી. અને ત્યાર પછી સૌને એ તેજછાયા દેખાતી હતી.

એટલે શહેનશાહને પરણુતાં પહેલાં આફ્રિકા ગયેલા એક રોમન ગવર્નરને ઘેર થોડાં વરસ રહીને તે સમયના રંગમંડપમાં નાચતાન ફરી આવેલી અને રીઝોમાં ઊછરેલી શહેનશાહબાનુને ઇસાઈ ધર્મે સાધ્વીનું બિરુદ આપી દીધું હતું. એવી અનેક ભવ્યતાઓની સેળભેળ બનેલી આ મહાન નારી જોનારને કાળા પ્રકાશવાળી આંખોમાં ઓગાળી નાખતી હતી અને રોમન ઇતિહાસમાં નારી જાતને આલેખતી હતી.

પણુ તે સાતમા શતકના આરંભમાં ઇસુના નામપર અંધારામાં ખૂન,

લૂંટ, આગ અને અત્યાચાર વહેતા કરનાર પશ્ચિમના પ્રવાહોને રૂકજાવની બાંગ પુકારનાર આરબ ભરવાડો ઊભા થઈ જતા હતા.

નેઝેરેથના સુથારના દીકરાએ જગવેલી જીવનજ્યોત પાછળ વાળાઓ હોલવી નાખતા હતા, અંધારી ગલીઓમાં જગતનો અવાજ ગુંગળાવી, ઈસુની વાતને ચાવી ખાતા, ખંજરોને ચમકતાં કરતા હતા.

ઈસુના નામમાં એમણે વિદ્યાપીઠોનો નાશ કર્યો હતો, વિદ્યાના ઘાત ચાલુ કર્યા હતા, પુસ્તકોને સળગાવવા માંડયાં હતાં.

ત્યારે શાંત જીવનવાળા આરબોમાં મક્કામાં અબદુલ્લા અને અમીનાના ઘરમાં મહમદ જન્મ્યો હતો અને ઊંટપર સવારી કરતો હતો. એને અરેબિયાનાં રણમેદાનમાં આખી દુનિયાનો એક ભગવાન અલ્લા દેખાયો. એણે અલ્લાનો પયગામ તે વખતની દુનિયામાં વહેતો મૂકયો.

" એક અલ્લાહ છે અને તેનો સંદેશ છે કે, માનવજાત વચ્ચે સાથીદારી હોવી જોઈએ, ગુલામ અને સ્ત્રીને આઝાદ કરવી જોઈએ." કેવી સરળ અને સીધી એ વાત હતી!

પણ જૂની દુનિયાના પાયામાં લાખો સુરંગ ખોદવા માંડે તેવી એ કઠણ અને ક્રાન્તિકારી હતી.

જૂની દુનિયાએ એનો જાન માગ્યો.

એણે ૬૨૨ની સાલમાં જીવ બચાવવા મદીના તરફ હિજરત કરી.

પેલો જેશુઆ પણ બીજું શું બોલ્યો હતો! એક હજાર વરસ પહેલાં અબ્રાહામે ઈરાનના અખાતપર ઊભીને એવો જ અવાજ કર્યો હતો.

પણ ઈસુના પ્રેમને બદલે સોનું મેળવવા ધિક્કાર અને હરીફાઈમાં ઊતરનાર ધર્મ ને સત્તા બનાવનારા ઈસાઈઓએ એનો વિરોધ કરવાના હજારો અવાજ ફૂંકાતા કર્યા.

મક્કા અને રોમમાં બાર બાર સૈકાઓ સુધી લડાઈની નોબતો ગાજ્યા કરી. મહમદ મોઢું ખોલે, તે પહેલાં જ એની વાતનું જુઠાણું પુરવાર કરવા પોપના ગોઠિયાઓએ દોડાદોડ કરી.

પણ બાર વરસની અંદર પેલેસ્ટાઈન, સીરિયા, પરસિયા, અને ઈજીપ્ત પર ઇસ્લામનો વાવટો ફરકી ઊઠ્યો.

અને ઈ. સ. ૬૩૨માં મહમદ મરણ પામ્યો.

ઈ. સ. ૬૫૬ના અંત પહેલાં ઉત્તર આફ્રિકામાં અલ્લાહની આણ પ્રવર્તી રહી અને ભૂમધ્ય સમુદ્રપર ઈસ્લામનો વ્યવહાર શરૂ થઈ ગયો.

યુરોપપર એશિયાએ ઘેરો ઘાલ્યો. યુરોપ એશિયાનો વ્યવહાર બંધ થઈ ગયો. યુરોપ એશિયા વચ્ચે પુલ બાંધનાર પરિબળ ઈસાઈ સમાજ પાસે હતું નહિ. ઈસાઈ ધર્મને પૂર્વના પ્રદેશોપર લઈ જવા માટે જૂની દુનિયાની રોમનશાહીએ દીધેલી સમશેરનો એ સલ્તનતની જૂની દુનિયા સાથે નાશ થયો.

પોપ મહાશયોએ મધ્યયુગની ઠકરાતો અને રજવાડી જાખરાંઓ સાથે સમાધાન કર્યું. રાજા મહારાજાઓએ પોપને મોટી જમીનદારીઓ એનાયત કરી.

પોપોએ રાજાઓને આશીર્વાદ દીધા, અને રાજાઓએ પોપના નામમાં પવિત્ર સંહારો વહેતા કર્યા. બન્નેએ મળીને જેસસની કચડાતી, પિડાતી, રિબાતી માનવજાતપર કરપીણ કરવતી ચલાવવા માંડી.

૯

સેતુબંધ

ત્યારે એક દેશ હતો, જ્યારે તેરસો તેરસો વરસથી સુધરેલી થવા માગતી યુરોપની પ્રજાઓ અંદર અંદર ને એકબીજા સાથે સંહાર ખેલતી હતી. વાડીઓ ઉછેરતી હતી ને ભેલાડતી હતી, નગરો બાંધતી હતી, ને ખંડિયેરો કરતી હતી. પાડોશીપર પ્રેમ કરવાની વાત કરતી હતી અને પોતાનાં ઘરબાર જલાવી પાડોશીને જીવતો સળગાવતી હતી. સળગાવતી હતી અને ચિત્કાર કરતી તાપણીએ તાપતી હતી. યુરોપનો માનવી લોંકડીની જેમ લપકારા લેતો હતો, રીંછની જેમ ઘૂરઘૂરતો હતો, ગેંડાની જેમ ગાંડોતૂર બનીને દોડતો પિશાચ કે પશુ હતો. અલબત્ત એ બધી રીતે, એ સુધરવાનો પ્રયત્ન કરતો જ હતો.

ત્યારે એ ચીન દેશ ડાહ્યાંઓએ દોરેલા નિયમ પ્રમાણે જીવતો હતો. અનેક બાળબચ્ચાં જન્માવતો સંસાર સોહાવતો હતો. ક્યારેક ચીતરતો હતો, ચીતરીને ચા પીતો હતો, ચા ચૂસતો ચૂસતો દૂર

દૂરના દેખાવો દેખતો હતો, પાક્કો કવિતા લખવા બેસતો હતો. રાત પડ્યે વાળુપાણી કરીને સગડીએ તાપતો, ભલા ભગવાનની હોશિયારીની અને બાપદાદાની અક્કલની વાતો કરતો ઠંડા પહોરમાં તડાકા હાંકતો હતો, અને પોતેય તેવા જ દેવનો દીધેલો ને અમર છે, એવો નશો સેવતો હતો.

શી ખબર ક્યારે? પણ કદાચ દારૂ સુગંધીદાર ગળાયો હશે, આ લહેજતદાર ઊકળતી હશે, વાયુ ખુશનુમા લહેરાતો હશે, ખેતરોમાં ઊભાં મોલ ધાનના સાગર જેવા હિલોળા ખાતા હશે; ત્યારે કે પછી ગમે ત્યારે, નીતરતાં નિર્ઝરણાંના કલકલ નાદમાં, પક્ષીઓના કલ્લોલમાં રોજની જેમ મનુષ્યના અંતિમ ભાવિનું તત્ત્વચિંતન કરતો અને તેને માટે અમરપણાના ખ્યાલ કરતો એ અટકી ગયો અને દરરોજના જીવનના જગતની શોધ કરતો થઈ ગયો હતો.

એણે ઊઠીને ચીનાઈ માટીના પ્યાલા, રકાબી, બરણીઓ ને વાડકાઓ બનાવવા માંડ્યા, કવિતાના પ્રાસ અનુપ્રાસ નવા શોધવા માંડ્યા, કુદરતનાં નદીનાળાંને માતાજી કહીને વેવલો બનવાને બદલે જો 'નદી નાવ સંજોગ' શોધવા માંડ્યા, શરીરને અંદરબહારથી દેખવા માંડ્યું અને શરીરયંત્રને સમજવું જોઈએ એમ કહેવા માંડ્યું. ખેડ અને ખાતરને નવેસરથી સમજવા માંડ્યા, રસોઈ રાંધવાની પણ એક કલા છે, એમ કહેવા માંડ્યું, અને ધરાઈને ખાઈ ઓમરખયામ સાથે ગાવા માંડ્યું હતું.

એવો ચીન હતો. ઈ. સ. પૂર્વે ૭૦૦ વરસ પર પણ એણે એવું એવું અનેક દાખવ્યું હતું. એણે ત્યારે યુરોપના માનવપશુને ઓસમાં જંગલી જોયો હતો. ત્યારના સુધરેલા ચીન દેશે બેબીલોનિયા, એસીરિયા, પર્શિયા અને જુડિયાની હેવાનિયતનાં ધીંગાણાં દીઠાં હતાં, અને એણે પોતાને સુધરેલે આંગણેથી યુરોપમાં જીવતાં

માણસોને શેકવાની ચિતા દયાથી દેખી હતી અને સાથે સાથે, વેનીસ અને સ્પેઇનને ઊગતાં ભાળ્યાં હતાં. દેશદેશાવરના મેળા દીઠા હતા, અને આરબ વેપારીઓ સામે ઊભી થતી યુરોપની વેપારી આલમની ક્રૂઝેડોની અનેક વાતો ઠંડે કલેજે સાંભળી હતી.

અને એ સૌનો હિસાબ નહોતો એવો એ દેશ હતો. એણે એને આંગણે અનેક સુધરેલી રચનાઓ રચી હતી. એને ત્યાં લાકડાનાં બીબાંથી છાપકામ ચાલતું હતું. એને દારૂગોળાની પણ ખબર હતી, ૧૧૬૧માં એણે લડાઈમાં દારૂગોળો વાપર્યો. આરબોએ એ જ્ઞાન લઈને પુસ્તકોમાં લખ્યું, રોગરબેકને એનો અનુવાદ કર્યો. એનાં વહાણોમાં તો કંપાસો પણ હતા, આરબ વેપારીઓએ તે લીધા, અને ૧૧૯૦માં યુરોપને આપ્યા હતા.

એવો ચીન ખેતી કરતો હતો. અને ખેડૂતની સ્ત્રી રેશમ વણતી હતી. એવા ચીનપર ઉદ્યોગ ખીલ્યો હતો અને મજૂરોનાં મંડળો પણ બંધાયાં હતાં. એવો ચીન વેપાર કરતો હતો અને એનાં વહાણો દુનિયાભરમાં ફરતાં હતાં. એવા ચીનમાં સાતમું શતક સોનેરી હતું. ચીની ચૌટાં ને ચોક, ચીની ઇમારતો ને મહાલયો, ચીની કિલ્લા ને કોટ, ચીનના બાગ ને બગીચાઓ, ચીનનાં ચાપાણી અને મિજબાનીઓ, ચીનની કવિતા ને કોતરકામો, ચીનની ખેતી ને હસ્તઉદ્યોગનાં કારખાનાં, બધું ત્યારની જીવનરચનામાં અજોડ હતું.

અને ત્યાં એક ચિંતક ચાલતો હતો. ચીનનો એ ચિંતક હતો. એનું નામ કુંગ-કુ-સી હતું. એ ઇસુ પહેલાં પાંચસો એકાવનમે વરસે જન્મ્યો હતો.

ત્યારે નેબુ ચેડનેઝર બેબીલોનના કિનારા પરથી આથમી ગયો હતો. ત્યારે જેરૂસેલમમાં સૌથી મોટું મંદિર તારાજ થઈ ગયું હતું. ત્યારે

સોલોન મરતો હતો. જ્યારે રોમ હજુ શહેનશાહત બન્યું નહોતું તે વખતનો એ પુરાણો મહાપુરુષ હતો.

અને પૂર્વ એશિયામાં કરોડો લોકોને દરરોજનાં જીવન જીવવાનું સત શીખવતો હતો

એણે ત્યારની સરકારના ખેતીવાડી અધિકારી તરીકે શાન્ટુંગ પ્રાંતમાં વીશ વરસની ઉંમરે અમલદારી સ્વીકારી હતી અને ખેતીની યોજનામાં પત્રકો લખતો હતો. પણ ત્યાંથી રાજીનામું આપીને બાવીસમે વરસે એણે એક નિશાળ જમાવી અને વિખ્યાત બનાવી. પછી એ ચીનના ડાહ્યા પુરુષ લાઓ-સીને મળ્યો. લાઓએ એને દીક્ષા દીધી. એ દીક્ષાનું સૂત્ર પ્રચલિત, કાયદા અને વ્યવસ્થામાં રહીને આજ્ઞાધારકતાનો સદ્દગુણ કેળવવો.

પછી જ્યારે ચીનમાં લોકોએ બળવો કર્યો ત્યારે એણે કાયદાને આધીનતા અને આજ્ઞાધારકતાનો ઉપદેશ કર્યો. એ ઉપદેશ કરતો અને સત્યનું ચિંતન કરતો એ ફરવા માંડ્યો. એનું નામ કનફ્યુશિયસ કહેવાયું.

પછી એ મહાપુરુષનું પૂર્વનું ડહાપણ અને સત મહાન ફ્રેડરીક જેવા યુરોપના રાજવીઓને પણ પોતાની પ્રજાઓ માટે કામ આવી ગયું.

અને એણે માથા પર હાથ દાબીને બેસાડેલો ચીન દેશ સેંકડો વરસની ઊંઘ કાઢવા સમાધી ચઢાવીને બેસી પડ્યો.

અને કનફ્યુશિયસે જ્યાં બેસાડ્યો હતો ત્યાં જ બેઠેલો ચીન ઊભવાની કે હાલવા ચાલવાની ના પાડતો હતો.

તથા જીવનની શરૂઆત કરતા યરોપના હલનચલન પર હસતો વીતરાગની વીણા વગાડતો હતો. પછી આખાયે મધ્યકાળમાં

(બારમા શતકના અંતસુધી) સુધારાની ટોચ પર બેઠેલું ચીન હેવાન યુરોપ પર હસતું હતું અને બાકીની દુનિયા પર ચિંતકની જેમ દેખતું હતું.

પછી બારમા પછી તેરમું શતક ઊગતું હતું અને ઊગતા વહાણામાં—ઇસુના તેરમાં શતકમાં—ચીનની ધરતીને આકાશ અડે ત્યાં ક્ષિતિજમાંથી ધૂળના ગોટા ઊડતા હતા અને એશિયાનાં મેદાનો પરથી ચીન તરફ વા-વટોળ વાતા હતા. તોય ચીનને એના ગુરુએ હાલવા-ચાલવાની ના પાડી હતી.

હૂણ અને તુર્કની જાતનાં મોંગોલ માનવીનાં હરોળો ચીન પર આવતી હતી. મોંગોલોનો આગેવાન જંગીસખાન હતો. એનામાં સિકંદરની નીડરતા હતી, હેનીબાલની સહનશીલતા હતી અને બન્નેને ટપી જાય તેવી યુદ્ધકુશળતા હતી. સમાધી લગાવીને બેઠેલા ચીનપર એ ચઢતો હતો.

ઘોડીનું માંસ એનો પ્રિય ખોરાક હતો, તાણી બાંધેલો તંબૂ એનો મહાલય હતો. ઘોડાનું જીન એની રાજગાદી હતી. એ ચઢ્યો, જીત્યો અને એનાં મોંગોલ લોક ચીન પર પથરાયાં. ચીન જિતાયું—મોંગોલ જિતાયા. ચીનના જીવનમાં મોંગોલ ઓગળી ગયા. ચીનની પ્રજામાં મોંગોલ લોક એક પ્રજા બનીને બેસી ગયા, ચીનના સંસારમાં મોંગોલ ઘરમાંડીને—ચીના બનીને—શમી ગયા.

વા વાયા અને વંટોળ શમ્યા. ચીની જીવન મોંગોલમય બનીને જેવું ને તેવું વહેતું હતું. જંગીસખાનનો પૌત્ર કુબ્લાઇખાન ચીનની ગાદી પર બેઠો હતો.

ત્યારે યુરોપનું વેપારી મથક વેનીસ હતું. વેનીસના વેપારી

મહાજનની રજાથી વેનીસના બે વેપારીઓ આડતિયા તરીકે આવીને ચીનમાં રહ્યા હતા.

કુબલાઈખાનનો દરબાર ભરાયો હતો. દરબારમાં હેવાન બનેલા અને ધર્મને નામે સંહાર મચાવતા ને જીવતાં માણસને સળગાવી દેતા યુરોપની વાત ચાલતી હતી.

" પુચ્છીએ કે એમનેય એક દિ ડહાપણ તો આવે......" કુબલાઈની આંખ સામે કનફ્યુશિયસ તરવરી રહ્યો. " ડહાપણ તો આવે છે નામદાર, પણ......" એક દરબારીએ નામદાર પર ઝીણી નજર ઠેરવી.

" શું ? "

" લોભ બડી બૂરી ચીજ છે; તેમાંય જ્યારે કોઈ જમાત કે વર્ગ મનુષ્યના મનના એ લોભ નામના દૂષણ પર સંગઠિત થાય છે, ત્યારે સંહાર ધર્મ બને છે. યુરોપની વેપારી જમાતોએ પૂર્વ સાથે વેપારની લૂંટ ચલાવવા આરબ સામે–ઇસ્લામ સામે–જંગ માંડ્યો છે, ને તેમાં ધર્મનો નશો ચઢાવી આખીય ઈસાઈ પ્રજાની હોળી સળગાવી છે."

" એ પ્રાણી કેવાં બિહામણાં હશે ! " ખાન વિચારમાં પડ્યો.

" ક્યાંનાં ? "

" યુરોપનાં, હું યુરોપનાં માણસોની વાત કરું છું."

" બિહામણાં નહિ, મઝાનાં ગોરાં. આપણે ત્યાંય એમાંના બે તો છે. ફક્ત એટલું જ કે ત્યાંનાં પીડિતો એ ગોરા માલિક લોકને સફેદ ડાકુઓ કહે છે. "

" આપણે ત્યાં બે છે ? બોલાવો, હમણાં ને હમણાં. આપણે ત્યાં ક્યાં ! "

" અહીં જ પાટનગરમાં."

યુરોપના બે વેપારી આડતિયાઓને બોલાવવા કાસદ છૂટયા.

" નામ ! "

" એક નીકોલો–પોલો, અને બીજો મેથ્યુ–પોલો. બન્ને વેનીસના વેપારી મહાજનના આડતિયા છે. આપ નામદારની મુલાકાત ગોઠવવાની જ હતી. હજુ હમણાં જ આવ્યા છે, થોડાક સમયથી. "

પછી કુબ્લાઈખાને પેલાં બંને પ્રાણીઓને ધારીધારીને જોયાં. બંને ભાઈઓ હતા. નીકોલો ધેરા રંગનો, દાઢીવાળો અને ચાલાક આંખવાળો હતો; મેથ્યુ વિશ્વાસુ ને શઠ હતો.

ખાને એ બંને સાથે વેપારની વાતો કરી અને વેપારી વાતોમાં એ બંને ઘણા પાવરધા દેખાયા. પછી તેમની સાથે રાજકારણ અને ધર્મની વાતો ચાલી. વાતચીતમાં બંનેમાં રાજકારણ અને ધર્મનું તાત્વિક અભાન દેખાયું.

" એક કામ કરો, " ખાને સૂચના કરી. " તમે તમારા પોપ પાસે પાછા જાઓ અને કહો કે, ચીનના શહેનશાહે, સો ડાહ્યાઓ-ધાર્મિકો માગ્યા છે. કહેજો કે ઇસુના કાયદાની અમારી સાથે ચર્ચા કરી જાણે એવા મોકલજો, સારામાં સારા."

પછી નીકોલો ને મેથ્યુપોલો ચીનાઈ ખાનનો સંદેશો લઈ યુરોપ પહોંચવા નીકળ્યા; નીકોલો રસ્તામાં જ મરણ પામ્યો.

થોડા વરસે, નીકોલોના દીકરા માર્કો સાથે મેથ્યુ પાછો ચીન જવાની તૈયારી કરી રહ્યો. આ વખતે એ વેપારીઓ સાથે પોપે બે ધાર્મિકોને પણ ચીનાઈ ધરતી પર ઇસાઈ ધર્મનો પ્રકાશ નાખવા જવા માટે તૈયાર કર્યા.

એક સારા દિવસે વેનીસનો સંઘ ચીન જવા ઊપડ્યો. સફર લાંબી, મુશ્કેલ અને ભયંકર હતી. પણ સાહસિકો તો ઊપડયા.

રસ્તામાં રણ આવ્યાં, ભયંકર એવી નદીઓ આવી, અગાધ જણાતાં જંગલો ને પર્વતો આવ્યાં. બિચારા બે ધાર્મિકો તો રસ્તામાંથી જ પાછા વળ્યા. પેલા વેપારી આડતિયા, એક કાકો ને બીજો ભત્રીજો, બધું ટપી ગયા અને સાડાત્રણ વરસે ચીન પહોંચ્યા. જુવાન માર્કોને કુબલાઈખાને પોતાના દરબારમાં અધિકારી નીમ્યો. કાકાભત્રીજાએ ત્યાં રહીને વેપાર ખેડ્યો અને લાખો કમાયા. એમ સોળ વરસો વહી ગયાં.

પછી પાછા કાકોભત્રીજો વેનીસ જવા નીકળ્યા અને પહોંચ્યા ત્યારે ૧૨૯૮ની સાલમાં વેનીસ અને જીનોવાને લડાઈ ચાલતી હતી. માર્કો પેલો લડાઈમાં જોડાયો ને કેદ પકડાયો. કેદખાનાની ખોલીમાં એની આંખો દૂરદૂર દેખતી હતી. મોટાં રણ ને મેદાનો, પર્વતો ને નદીઓ, જંગલો ને ઝાડીઓની પેલી પાર દૂરદૂર મોટો સાગર સરખો ચીન પડ્યો'તો. એમાંય ભયંકર એવી કુદરત હતી, ખેતરોની હારની હાર હતી, ગામડાંનાં જૂથનાંજૂથ હતાં, ધનના ઢગલા હતા, ખેડૂતની સ્ત્રીઓ અને છોકરીઓ રેશમ વણતી હતી.

" અને તેમાં......" એની આંખો મોટી થઈ જતી હતી. બધું એની નજર સામે ખડું થતું હતું. " કેવાં ભવ્ય નગરો ! કેવી મોટી માનવમેદની ! લાખો મહાલયો ને કોટ કિલ્લાઓ, લાખો સરોવરો ને આરામગાહો, લાખો ક્રીડાંગણો ને બાગબગીચાઓ, રેશમના ઊડતા વાગાઓ, નાણાંની રેલમછેલ, લક્ષ્મીના વિલાસો, ધાનના ઢગલા, હીરા, મોતી..........." એ થાકી જતો.

એણે એક પુસ્તક લખવા માંડ્યું અને લખતાં થાકે ત્યારે એણે ચીનની વાતો બીજા કેદીઓને ભેગા કરીને કહેવા માંડી.

" હા, હા, હું હતો, જાતે, પોતે......પંડે મને તમે જુઓ છો તે જ હતો, કાકા સાથે સાડા ત્રણ વરસનો વિકટ પંથ કાપીને પહોંચ્યો. પહોંચ્યો ને મારી આંખ સામે ચીન—આખો ચીન...... તમને દેખું છું તેમ આજેય દેખાય છે..." બોલતો માર્કો શ્વાસ લેવા અટકતો અને સાંભળનારા શ્વાસ થંભાવી અધીરા બનતા.

"........લાખો ખેતરો ને લાખો ગામ, કલ્લોલતાં પંખીઓ, કલકલતી નદીઓ, આલાપતી ચીની સુંદરીઓ, ધાનના ઢગલા, દૂધ દહીંની રેલમછેલ, સવાર પડે ને અવાજ ઊમટે, " લો રે, લો, દૂધ લો રે દૂધ, મીઠાં મોસંબી, તાજાં ઈંડાં........" માર્કો મુક્ત કંઠે ચીનને લલકારતો ને કારાગારની દીવાલો વચ્ચે સાંભળનારની જીભો લલચાતી ને ટપકતી.

" અને......અને નગરોમાં નગર એવું પાટનગર. જ્યાં જંગીસનો બેટો કુબલો રાજ કરે, દરબારીઓથી દરબાર છલકાય, રાજકારણની રમઝટ જામે, ધર્મચર્ચાનાં ડહાપણના દરિયા ડહોળાય, અને જ્યાં,..." માર્કોની આંખો ચમકી ઊઠતી.

" અને જ્યાં ખાન છે ખાન..." માર્કો જોરથી બોલતો.

" ખાન છે ? ખાન તે શું ?" ચીનના કોઈ ભયંકર પ્રાણીનું નામ હશે એમ ધારી કેદીઓ થંભી જતા.

" ડરશો નહિ, ગભરાશો નહિ, ચીનનો રાજા ખાન છે—ખાન કુબલાઈખાન. એનાથી ઊંચો ને લાંબો પહોળો આદમી મેં ભાળ્યો નથી. ચાર નારીનો ધણી છે, ચારેય શાહેનશાહબાનુઓ છે, દર વરસે ચીનમાંથી સો સુંદરમાં સુંદર સ્ત્રીઓ એની સાથે રહેવા આવે છે ને વરસ રહીને ચાલી જાય છે, એવો ખાન છે ખાન. એના રાજમાં મોટી મોટી નહેરો છે ને તેથી મોટા રસ્તા છે, એના

રાજમાં દુષ્કાળ માટે અનાજના કોઠારો ઊભરાતા પડ્યા છે, એના રાજમાં નિરાધાર લોકોને મફત ખાવાનું મળે છે ને વૃદ્ધોને સદાવ્રત મળે છે, એના રાજમાં ચિત્રકારો ચિત્રો દોરે છે, કવિઓ કવિતાઓ લખે છે, વિદ્વાનો શોધખોળ કરે છે, ને એના પાટનગરમાં..." પાછો માર્કો ઘૂંટણભર થઈ જતો ને એની જબાનમાંથી ધોડાપૂર ઊછળતાં.

"જેણે કુબલાનું પાટનગર દીઠું છે, તેણે બધું જોયું છે; જેણે તેને જોયું નથી, તેણે શું દીઠું છે ? કુબલાનું પાટનગર...થયેલાં ને થવાનાં બધાં નગરો એની આગળ નાનાં સરખાં નગરિયાં. ગાઉના ગાઉ ઉપર આડું ઊભું પથરાયલું પડ્યું છે, લાખો મહાલયોમાંથી, લાખો ઝરૂખામાંથી, લાખો ચીની નારીઓનાં અંગપરથી, લાખો અલંકારોની ઝાકઝમાળ, લાખો ગાડીઓ ને ઘોડા, લાખો વેપારીઓ ને વણઝારો, લાખો રસિયાં ને રંગીલાં એનાં બજાર પર દોડાદોડી કરે છે. અને પછી કોટ પાછળ કોટ અને કાંગરા પર કાંગરા, ઝૂલતા પુલ, અનેક ચોક ને અનેક ઓટ, અનેક રંગમંડપોની રચનાવાળો એક પણ અનેક જેવો, એની અગાસીઓમાંના બગીચાઓમાં એની અનેક રાણીઓ રમે છે, એવો એનો મહેલ છે. જેવો મહાસાગર અગાધ છે, જેવી કુદરત ગહન છે, તેવો એનો રાજમહાલ..." એવી માર્કોની અનેક વાતો રોજ રોજ મંડળીને નવી લાગતી.

એવી વાતોનું માર્કોએ, 'મારી સફર' નામનું પુસ્તક લખ્યું અને મોઢેથી વાતો કરી.

એના અંધારકૂપને દેવની દીધેલી દુનિયા માનતું યુરોપ, સમુદ્રપર્યન્તાપૃથિવી નથી, એમ પિછાણતું હતું. પૂર્વની મહાન ભૂમિના આજની કલ્પના કરતું હતું.

એ કલ્પનાના માથામાં એવા પૂર્વના પ્રદેશો પર પહોંચવાના

 ને વાહનોના વિચાર આવતા હતા.

માર્કોએ અનેક વાત વહેતી મૂકી હતી. લાખોની જ સંખ્યામાં પૂર્વની જાહોજલાલીનાં પારાયણ કરતા માર્કોનું નામ, " માર્કો ધી મિલિયન્સ " પાડ્યું હતું.

માર્કોએ યુરોપના માથામાં પૂર્વ માટે અહોભાવ પેદા કર્યો હતો, યુરોપના મનને ઉત્તેજિત કર્યું હતું, યુરોપના લલચાયલા મને પૂર્વના દેશો સાથે મનોમય સેતુ બાંધ્યો હતો.

યુરોપના સાહસિકોને પૂર્વના દેશોમાં જઈને પૂર્વની સામગ્રી લાવવાનું ને તેની સાથે વેપારના નફા ખેલવાનું શૂર ચઢ્યું હતું.

વેપારી સાહસિકોનાં વહાણુ પૂર્વના પ્રદેશો પર પહોંચવાનો દરિયાઈ રસ્તો શોધવાને ભમતાં થઈ ગયાં હતાં. પૂર્વપશ્ચિમનો સેતુબંધ બંધાઈ રહ્યો હતો.

૧૦

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે વેપારી હુલ્લડો

કહે છે કે, એ ધર્મક્ષેત્ર હતું અને કુરુક્ષેત્ર પણ હતું. "ધર્મક્ષેત્ર અને પાછું કુરુક્ષેત્ર પણ......?" ધર્મના સ્વરૂપની એવી તપાસની મના હતી.

કાચની ઊંચી ટેકરીઓ પરથી નીચી પર અને ત્યાંથી વધારે નીચી પર ગબડતો ગબડતો દડો દોડ્યા જ કરે, તેમ વેપાર દોડતો હતો અને યુરોપના વેપારને કાખમાં ઘાલીને વેપારી વહાણો દોડતાં હતાં. અને વહાણોનાં સુકાન ત્યારનાં ધાર્મિકો, નીતિમાનો અને સુધરેલા પણ માલિકલોકના હાથમાં હતાં.

ગેલીલીનો પેલો રખડુ જીસસ હવે એમના દિલમાંથી ભુલાઈ ગયો હતો. એમની છાતી પર ખાસો મઝાનો સોનાનો ક્રુસ લટકતો હતો, અને એમની થેલીમાં બાઈબલ પડ્યું હતું. પણ એમના ગજવામાં ટપકતા નફાની રેલમછેલની આડે કોઈ આવતું નહોતું.

માણસના શરીર પર અને બુદ્ધિ પર છરી લઈને રાજ કરવા બેઠેલા યુરોપના બાદશાહો બદલાતા હતા, અને એ બાદશાહોને

ઈશ્વરી હક્કો આપવા પોપ ધર્મગુરુઓ બદલાતા હતા. પણ બાદશાહ બદલાતો નહોતો, પોપ બદલાતો નહોતો. પોપ અને બાદશાહની આસપાસ, તાલુકદારો અને ઈનામદારો અને વેપારી ઉમરાવોનાં મંડળ અખંડ ફરતાં હતાં, અને એ અખંડ ફરતાં મંડળોમાંથી અવાજ ઊઠતો રહેતો હતો, કે.........

“ હા, ભગવાન ઈસુના નામમાં આપણે યુરોપ અને એશિયાની વેપારી હરીફાઈમાં વિજેતા થવું જ જોઈએ.” પોપના એ વાતને આશીર્વાદ હતા, કારણ કે એને અને બીજા ધર્માચાર્યોને પણ નફાખોરીનો નશો ચઢી ચૂક્યો હતો. ગોરા બાદશાહો તો મ્યાનમાંથી તરવાર કાઢીને ટમટમી જ રહ્યા હતા, કારણ કે લૂંટવાના નવા પ્રદેશો અને લક્ષ્મીના ઢગલા બીજી કોઈ રીતે સાંપડી શકે તેમ હતું નહિ. અને ભગવાન ઈસુના નામમાં વેપારીઓને તો યુરોપના વેપાર માટે જગતને સલામત બનાવવા માટે મહાન વેપારી વિગ્રહ વિના બીજો આરો જ દેખાતો નહોતો.

“ તો બોલો, મહાત્મા જીસસની જય ” પોપે પહેલ કરી અને સૌએ હતાં તેટલાં ઢોલ ઢમકાવી તે ઝીલી લીધી. પણ એક ખાનગી વાત ઈતિહાસના અરીસામાં બહાર આવી ગઈ કે એ (ક્રુઝેડ) ધર્મયુદ્ધ તો નામમાં જ હતું પણ ખરી રીતે એ વેપારી વિગ્રહ જ હતો.

પાછા પેલા વિગ્રહખોરોએ બધા અવાજ કરતાં મોટો અવાજ કાઢ્યો, “ ચઢો જેરૂસેલમ પર.........એ આપણા ભગવાનની ભૂમિ......આપણું યાત્રાધામ વિધર્મીઓ પાસેથી છોડાવવું જ જોઈશે.”

“ હે દુનિયાના લોકો ! ભગવાન જેસસની જય બોલો અને

તમારું મોત સુધારો. ભગવાનની પવિત્ર ભૂમિ જેરૂસેલમને જીતવા જતાં, બીજા દેશોને જીતવા જતાં અને તેમને ભગવાન ઈસુના ' પડોશી પર પ્રેમ કરવાના ' ધર્મમાં લાવવા જતાં જો મરી જવાય, તો એથી રૂડું શું છે ? ધર્મને ખાતર, જીસસને ખાતર......ચઢો જેરૂસેલમ પર." યુરોપના સુધરેલા ઈસાઈ દેશોનાં મંદિરોમાંથી, ચૌટાં ને ચકલાંમાંથી, નિશાળ અને સરકારી કચેરીઓમાંથી, એ એક જ અવાજ એકધારો ઊઠતો હતો.

૧૦૯૫નું ઈસાઈ વરસ આવતું હતું.

ફ્રાન્સમાં ક્લેરમોન્ટમાં એક મોટા મેદાનમાં એક જાડો આદમી એના પેટ જેવું ઢોલ ઢબુકાવતો હતો ને માનવમેદની જામતી હતી. પોપ અરબન બીજો પોતે જાતે ધર્મક્ષેત્રરૂપી કુરુક્ષેત્રની હાકલ કરવાનો હતો.

મોટી માનવમેદની એડી પર ઊભી હતી. ઢોલનો ધખારો બંધ પડ્યો હતો, પોપ મહાશય પધારતા હતા અને જાતે બોલવાના હતા. પોપ તો ઘણું બોલ્યા. ઇતિહાસે એમના આટલા બોલ જાળવી રાખ્યા છે :

" ધર્મયુદ્ધમાં જોડાઈ જાઓ. જે લોક આજ સુધી અંદર અંદર નિર્દય રીતે એકબીજાનાં ગળાં કાપવાને ટેવાયલા હોય, તેઓ વિધર્મિઓ સામેના ધર્મયુદ્ધમાં જોડાઈ જાય......જે લોકોએ આજ સુધી લૂંટારાઓનો ધંધો કર્યો હોય, તે સહુ આ વિગ્રહના સૈનિકો બની જાય. જે લોકોએ પહેલાં પોતાનાં ભાંડુઓ કે સગાંઓ સાથે કલહ કર્યા હોય, તે હવે એશિયાના જંગલીઓ (વિધર્મિઓ) સામેના ધર્મવિગ્રહમાં જોડાઈ જાય......જે લોકોને તેમની મહેનતના

બદલામાં કંગાલ રોજી મળતી હોય, તે સૌ અનંત લાભો લૂંટવાને તૈયાર થઈ જાય......" *

તૈયાર થઈ ગયા, જોડાઈ ગયા. ધર્મક્ષેત્ર પર ધપીજનારાં કટક ચઢ્યાં. કટકમાં વિગ્રહખોર સામંતો હતા, કટકમાં લૂંટારા ને લડાઈખોરો હતા. કટકને પોપ મહાશયે આશીર્વાદ આપ્યા હતા, સરકારે તરવાર આપી હતી, વેપારી જમાતોએ દાણોપાણી આપ્યાં હતાં. વેપારીઓનું એ કુલ્લક હતું.

એવાં કટક ચઢતાં હતાં. એક પછી બીજું કુરુક્ષેત્ર ધર્મક્ષેત્રમાં ખેલાતું હતું. ૧૨૦૫ ની સાલમાં ચોથું યુદ્ધ ચાલુ થયું હતું.

યુરોપનું વેપારી ધામ વેનિસ વચમાં હતું. વેનિસમાં ધાર્મિક એવા વેપારીનંદનો વસતા હતા, અને ભગવાન ઈસુની કૃપાથી ફરતાં એમનાં વહાણો વેપાર ને લૂંટમાંથી અઢળક ધન વેનિસને આંગણે ઠાલવતાં હતાં.

આ ધર્મયુદ્ધો એ વેપારી જમાતને ગન દેવનાં દીધેલાં હતાં. એમનો દેવ ઈસુ હતો, પણ વખત જતાં સોનાનો બનેલો હતો.

---

* "...... Let those who have formerly been accustomed to contend wickedly in private war-fare join against the faithful fight against the infidel. ......Let those who have hitherto been robbers now become soldiers. Let those who have formerly contended against their brothers and relatives now fight against the barbarians as they fought. Let those who have formerly been mercenaries at low wages now gain eternal rewards......"

ધર્મયુદ્ધે જતાં કટકો માટે વેનિસના બંદરમાં સવડ કરવા છ દૂતો આવી ગયા હતા. તેમાંનો એક વીલેહારડુન બંદરપરના વેપારી વડા સાથે ૧૨૦૧ ની સાલના માર્ચ માસમાં મસલત કરતો બોલતો હતો કે,

" સાહેબ, ફ્રાન્સના ઉમદા ઉમરાવો વતી હું આપની પાસે આવ્યો છું. એ ઉમરાવોએ પવિત્ર ક્રુસને ઊંચકયો છે—ઊંચો કર્યો છે. ભગવાનને ખાતર, અમારાં લશ્કરો અને લશ્કરી સાજ માટે અમને વહાણો દેવાને આપને અરજ કરે છે."

" કઇ શરતે ? " વેપારી વડો પૂછતો હતો.

" આપ સૂચવો તેવી કોઇ પણ શરતે."

પછી શરતો નકકી થઇ અને વેનિસના વેપારી મહાજને ૪૫૦૦ ઘોડાઓ, ૪૫૦૦ સામંતો, વીશ હજાર સૈનિક તથા નવ હજાર બીજા અફસરોને દરિયામાર્ગે ધર્મક્ષેત્ર પર પહોંચતા કરવાનું માથે લીધું, તથા આ બધા ઘોડાઓ, અને માણસોને ખોરાક પૂરો પાડવાનું પણ કબૂલ્યું, અને દરેક ઘોડા દીઠ ચાર માર્ક તથા માણસ દીઠ બે માર્ક લેવાનું ઠરાવ્યું.

" અને એક છેલ્લી શરત......" વેપારી વડાએ છેલ્લી શરત મૂકી.

" શી ? "

" એમ કે અમે આપની થોડીક વધારે સેવા કરવા માગીએ છીએ. ને તે એ કે ભગવાનના પ્રેમને ખાતર અમે તમારાં કટક સાથે અમારા તરફથી હથિયારબંધ સૈનિકોથી સજ્જ એવાં પચાસ વહાણો મોકલીશું. અને અમારું લશ્કર જે કોઇ પ્રદેશ જીતે કે દરિયા

અને જમીન પર જે કંઈ ધન લૂંટે, તેમાંથી અડધો ભાગ અમારો અને અડધો તમારો." †

" જી, કબૂલ " કાસદે કબૂલાત કરી.

પછી પવન ફૂંકાયા, શઢ ભરાયા, દરિયાનાં મોજાંએ આ વહાણોને ઊછળી ઊછળીને ઝુલાવ્યાં, દરિયાના મગરમચ્છોએ એક બીજાને ખાઈને જીવતી સાગરસૃષ્ટિમાં આવા ધાર્મિક મારાઓ દીઠા નહોતા. એ બધાં વહાણોમાં વેપારી સરકાર ને વેપારી ધર્મગુરુઓ માણસો ભરીને જતા હતા. એ બધા મુસલમાનોને કાપવાના હતા અને મુસલમાનો એમને કાપવાના હતા. અને સહુ યહુદીઓની કતલ કરવાના હતા.

કારણ કે વેપારી જાગ્યો હતો, વેપારીએ એના સોનેરી ભગવાનને જગાડ્યો હતો. સોનાના જ પૂજારી પોપે ઈસુના નામમાં આશીર્વાદ દીધા હતા. વેપારી સરકારે એના સાજ સજ્યા હતા. વેપારી માનવી સંહારલીલા કરવા નીકળ્યો હતો. એવાં વેપારી વહાણો દોડતાં હતાં, દરિયો ડોલતો હતો.

એ બધાં ત્યાં જતાં હતાં, જ્યાં પ્રદેશો જીતવાના હતા, લક્ષ્મી લૂંટવાની હતી. વેપાર માટે મથકો પડાવવાનાં હતાં.

અને તેથી ત્યાં દરિયા પર ને જમીન પર તરવારો, ભાલાઓ અને બાણો ઝીંકાવાનાં હતાં, તરવારની ધાર પર લોહીની છોળો

---

† "And we will do still more. We will add fifty armed galleys, for the love of God; on the condition that of every conquest of land or money that we make by sea or land, we shall have one-half and you the other."

ઊછળવાની હતી, ભાલા અણીપર માનવ શરીર કોચાઈ જવાનું હતું, બાણુનો દરેક તાક પર કોઈ માનવછાતી વીંધાઈ જવાની હતી.

કોઈ બાપ હશે, કોઈ દીકરો હશે, કોઈ કોઈનો લાડકો જીવનસાથી હશે !

તેથી શું ? લોહી ઊભકતાં અટક્યાં નહિ, હાડપિંજરના ઢગલા ખડકાયા, ગામનાં ગામ રોળાઈ ગયાં. શું સ્ત્રી, શું પુરુષ, શું બાળક, બધાં રેંસાતાં હતાં.

એક આક્રંદ...ધર્મક્ષેત્ર રૂપી કુરુક્ષેત્રમાં વેપારીની ગીતા ગૂંજતી હતી.

બન્ને બાજુ વેપારી હિતો હતાં, મુસ્લીમ મસ્જિદ અને ઈસાઈ દેવળ યુદ્ધે ચઢયાં હતાં. બધા લડવૈયાના વેપારી સરદારો માણસોના આત્મા બનાવવાની વાત કરીને પેટમાં છરી ભોંકતા હતા. જેરૂસેલમને ઈસુનું ધામ બનાવવામાં યુરોપના વેપારીને, ત્યાં જેરૂસેલમમાં વેપારની કોઠી નાખવાની દાનત હતી. એ રીતે જ યુરોપના વેપાર માટે જગતમાં ફરવાના રસ્તા મોકળા કરી શકાય તેમ હતું.

એ ધર્મયુદ્ધોએ યુરોપમાં આગળ વધતા ઈસ્લામનો કદમ અટકાવી દીધો. એ યુદ્ધે રજવાડાં કરતાં રજવાડી ઈસાઈ ધર્મના પાદરીઓનું શાસન વધારે મજબૂત બનાવ્યું.

એ યુદ્ધોએ અવરજવરના રસ્તા ઉઘાડી આપ્યા. સ્પેઈનના ઈસાઈ ઝંડાએ મુરોના ખસિયા પર ચઢાઈ કરી. છેવટે ગ્રાનાડા પડયું. મુર લોકો ૧૪૯૨માં જિતાયા. ફરીવાર સ્પેઈન આખા પર ઈસાઈ ઝંડો ઊડયો.

એમણે મુસ્લીમ શાસકો નીચે સૈકાઓ સુધી રહેલો સ્પેઈનનો ભાગ નવો થયેલો જોયો. એ ઈસ્લામની સંસ્કૃતિએ વિદ્યાનો પ્રચાર

કર્યો હતો, ખેતીની નવી રીતો શોધી હતી, ઉજ્જડ પ્રદેશો પર વનરાજીઓ વાવી હતી, જીવવાની વધારે ચોખ્ખી અને આરોગ્ય વાળી ટેવો મૂકી હતી. મુર અને યહુદીઓમાં ઉદ્યોગ અને શ્રમની ટેવોનો વિકાસ કર્યો હતો.

પણ ધર્મયુદ્ધમાં ધપી રહેલા સ્પેઈનને પાંચ સૈકાઓથી કોઈ સારી ટેવ પાડવાનો વખત મળ્યો નહોતો એટલે એણે પાંચ સૈકાઓ પહેલાંની જૂની ટેવો ફરી જાગ્રત કરવા માંડી.

જૂની ટેવોવાળા ઈસાઈ વિજેતાઓનો નવી સારી ટેવોવાળી ઈસ્લામી અને યહુદી જનતા સાથે જીવનકલહ શરૂ થયો.

શ્રમ કરીને, કમાઈને, વેપારધંધો કરીને જીવનનિર્વાહ કરવાની વાત ધર્મયુદ્ધોએ ટાળી નાખી હતી. લૂંટ એક માત્ર ઈસાઈ પ્રજાએ જીવન નિર્વાહનો ક્રમ બનાવ્યો હતો.

એટલે જિતાયલા ઇસ્લામ જીવનની ખુશનુમાવાળા પ્રદેશો પર ઈસાઈ સંસ્કારનો કાળો પંજો ફરવા લાગ્યો. લીલોતરીઓ ભેળાવા માંડી, નગરો તૂટવા માંડયાં. સામાન્ય સ્પેનીઆર્ડને શાંતિમય જીવનથી રોટલો રળવાનો વિચાર જ કંટાળા ભરેલો લાગતો હતો, સામાન્ય ઈસ્લામી અને યહુદીને રોટલો રળવાની નાગરિકતા ગળથૂથીમાં મળી ચૂકી હતી.

એટલે રોટલો રળવાની વાતમાં ઈસ્લામીઓ અને યહુદીઓ ડાકુ જીવનપર પહોંચેલા સ્વચ્છંદ સ્પેનીઆર્ડ કરતાં વધારે પાવરધા પુરવાર થયા. એમાંના ઘણાખરાએ ઈસાઈ ધર્મ સ્વીકારી લીધો અને શાંત તથા પ્રમાણિક જાતમહેનતથી જીવનનિર્વાહ શરૂ કરવા માંડયા.

જીવન નિર્વાહની સરસાઈમાં મુર લોકો આગળ દોડવા લાગ્યા, વધારે પાવરધા દેખાયા, વધારે ફતેહમંદ બન્યા.

એટલે સ્પેનીશ નાગરિકો માટે ગૃહસ્થાઈનો એક જ રસ્તો બાકી રહ્યો.

એ રસ્તો મુર નાગરિકોની દોલત લૂંટવાનો હતો. પણ મુર લોકો પણ ઈસાઈ હતા.

"તો તેમનું લોહી પરદેશી હતું. એ લોહીમાં સ્પેનીશ લોહીમાં હતી તેવી 'લીમ્પીઝા' શુદ્ધિ ક્યાં હતી?"

એ શોધ ધર્મે કરી હતી, એ શોધના પાયામાં સ્પેનીશ નાગરિકોનું અર્થકારણ હતું.

યહૂદી કે મુરીશ દાદો કે દાદી હોય, તેનું લોહી અશુદ્ધ લેખાયું.

એવાં અશુદ્ધ લોહીવાળાં નરનારીઓ અને બાળકબાળકીઓને ધર્મની અદાલત પાસે ખડાં કરવામાં આવ્યાં.

એવાં અશુદ્ધ લોહીવાળાંઓની જમીન, જાગીર કે ધનદોલત ઈસાઈ ભગવાનનાં શુદ્ધ લોહીવાળાં અનુયાયીઓ માટે જપ્ત થઈ ગયાં.

એ લોહીનાં ન્યાય ચૂકવનાર અદાલતોનો વડો ૧૪૨૦ની સાલમાં કેસ્ટાઈલમાં જન્મીને જુવાનીમાં સ્પેનીશ રાણી ઈન્ફન્ટા ઈસાબેલાના દરબારમાં ધર્મનો વડો નિમાતો હતો.

પવિત્રોમાં પવિત્ર એવા એણે અશુદ્ધ લોહીવાળાંને જીવતાં સળગાવી નાખી સ્પેનીશ રાજારાણીના ભંડાર ભરી દેવાની ખાતરી આપી હતી.

એનું નામ ટોરકીમેડા હતું. એ ઈન્કવીઝીટર જનરલ નિમાયો.

અને ભગવાનના કુત્તાઓ જમીન સૂંઘતા અશુદ્ધ લોહીની તપાસમાં યહૂદી અને મુર લોકોમાં ફરી વળ્યા.

ઈસુની ૧૪૮૧ ની સાલમાં પવિત્ર તાપણીઓ સળગી ઊઠી.

મુરીશ સંસારો સળગવા માંડ્યા. મુરીશ અને યહૂદી ઘરબાર

લૂંટાયાં અને ધનદોલતના ઢગલા જપ્ત થયા.

એવાં પંદર વરસ કકળાટ કરતાં પસાર થયાં.

ત્યાર પછી ૧૭૯૨માં આ પવિત્ર અગ્નિને બુઝાઈ ગયે ત્રણ શતક પછી તે વખતના ચોપડામાં એ પંદર વરસનો ચોક્કસ અંદાજ હાથ આવ્યો.

એ ખતપત્રોમાં પવિત્ર અદાલતની કામગીરીનો ઉલ્લેખ હતો.

તે વખતના સરકારી આંકડાઓ પ્રમાણે અશુદ્ધ લોહીવાળાં સત્તર હજારને સળગાવી મૂકવામાં આવ્યાં હતાં, તથા તેમની મિલકતો જપ્ત કરવામાં આવી હતી અને બીજાં સત્તાણું હજારને પવિત્ર યાતનાઓવાળાં કારાગારમાં રાખી, મિલકતો જપ્ત કરી, મજૂરી કરવા છોડી દેવામાં આવ્યાં હતાં.

એ તાપણી સળગતી હતી, ત્યારે વિજેતા ડાકુઓને પોતાની મિલકતો આપવા માટે એવાં એક લાખથી ઘણાં વધારે નરનારીઓ અખંડ અગ્નિઝાળમાં શેકાતાં હતાં. હાથ ઊંચા કરીને ચામમાંસની સ્વર્ગમાં ઊંચે ચઢતી ગંધ સાથે સળગતા હાથ ઊંચકતી એ માનવ આકૃતિઓ, શરીરો મરડતી યાતનાઓમાં ખદબદતી હતી, અને યાતનાનું સાચું સ્વરૂપ સમજતી નહોતી. એ યાતના ઊગતા મૂડી-વાદની હતી, સમાજઘટનાનું સ્વરૂપ વેપારી મૂડીવાદનો અંચળો ઓઢતું હતું અને નફાખોરીના નગ્ન સ્વરૂપ ડાકાઈ રીતથી શરૂ કરતું હતું.

એ સ્વરૂપમાં રાજારાણી સ્પેઈનમાં બેસીને સોનાની કલ્પનાઓ કરતાં હતાં. સરકારને હંમેશાં વેચાયલો રહેતો ધર્મ એના બધા જાદુ એ સોનેરી ટોળી માટે અજમાવવા તૈયાર રહેતો.

રાજારાણીને એક દુઃખ હતું. માર્કો પોલોએ પૂર્વના દેશોની પહેલી પિછાણ આપી હતી. ત્યાં સોનારૂપાના ઢગલા હતા. ત્યાં જીવન-વિલાસની ખાણો હતી.

ઊગતા વેપારી મૂડીવાદની એક તમન્ના એ બધું લૂંટીને લાવી શકાય, તે વેપારની હતી.

"પણ ત્યાં પહોંચવું સહેલ નથી. હજારો માઈલનાં રણ ભલભલાને ગળી જાય તેવા પડયાં છે...સહેલો અને સટ એક ઉપાય તો એ છે કે, દરિયા માર્ગે એ પૂર્વના હિંદ–ચીન દેશોપર પહોંચી જવું અને"...એક જુવાન ખલાસી સ્પેઈનનાં રાજારાણીને સાકરના સરોવર જેવી મીઠી વાત સમજાવતો હતો.

પણ ત્યાં જવા વહાણો જોઈએ અને વહાણો માટે વાપરવાના પૈસા ત્યારે એ પવિત્ર દંપતી પાસે હતા નહિ.

પણ ટોરકીમેડાએ પવિત્ર યજ્ઞ કર્યા પછી હવે પેલા ખલાસીને સોનેરી દેશોની શોધ કરવા પૂર્વમાં મોકલી શકાશે એમ લાગતું હતું.

૧૧

શ્રીમંતોની નવી દુનિયાનો નાવિક

"અને એક હતો...અને એક હતો..." ચૌદ વરસની ઉંમરનો એક જુવાન રાતના પથારીમાં જ એક પુસ્તક લઈને વાંચતો વાંચતો ઊંઘી ગયો હતો, અને ઊઠતાંની સાથે એને પાછલી રાતનું આવેલું સ્વપ્ન એણે પેલીયામાં વાંચેલી વાત જગાડતું હતું અને જાગીને એના માથામાં એક અવાજ ઘૂમતો હતો. એને વાઈકીંગ કેપ્ટન લીફ એરીકસન યાદ આવતો હતો. એણે ત્યારે વાંચેલી એની વાત આજે સ્વપ્નમાં દેખી હતી.

ઈ. સ. ૧૦૦૩ની સાલની એ વાત હતી. આજે ૧૪૫૦ની સાલમાં એ જુવાનના માથામાં જીવતી થઈ ગઈ હતી. લીફ એરીકસનનું વહાણ એના સ્વપ્નમાં દરિયો ડહોળતું દોડતું હતું. એકાએક વહાણના ભોંયરામાં ગુલામોની ચીસ સંભળાઈ. કેટલાક ગુલામોને ફટકા મારીને મારી નાખવામાં આવતા હતા...આ જુવાન પણ એ વહાણ પર હતો. એકાએક ક્ષિતિજમાં એક મોટું મોજું ઊઠ્યું ને ગાંડા મગરમચ્છ જેવું વહાણ તરફ આવવા લાગ્યું. વહાણ પરથી એક અવાજ થયો. વહાણ પર દોડાદોડી થઈ... પાછું સ્વપ્ન આગળ

લંબાતું હતું, ભંડારિયામાંથી ઉંદરો દોડયા ને વહાણના તુતક પર ફરવા લાગ્યા. એક મોટો ઉંદર વહાણના કુવાસ્તંભ પર ચઢતો હતો,... "હરામખોર ઉંદરો..." જુવાને સ્વપ્નમાં વહાણના કેપ્ટનનો અવાજ સાંભળ્યો ને એને લાગ્યું કે, તે ગુલામો માટે હતો. એ અવાજ સાંભળીને એણે પાછું ચમકીને કુવાસ્તંભપર ચઢતા પેલા મોટા ઉંદર તરફ જોયું. એ મોટો ઉંદર એને એની માએ કહેલી ઈસુની વાતમાંના ઈસુ જેવો દેખાયો. "ગુલામો ઈસુઓ હતા!" એને અજાયબી થઈ, કુવાસ્તંભ પર ચઢતો ઉંદર ક્રસ પર ચોઢાતા ઈસુ જેવો દેખાયો. પણ ત્યાં તો એક મોટો અવાજ થયો. પેલા ઉંદરે સઢનું દોરડું કાપી નાખ્યું હતું, અને વહાણ ડૂબકાં ખાતું હતું.

પછી શું થયું, તે એને ભાન રહ્યું નહિ પાછું સ્વપ્ન આગળ દેખાયું, ત્યારે એ અને વાઈકીંગ કેપ્ટન એરીકસન બે જ જીવતા હતા અને એક અજાણ્યા ટાપુપર ફરતા હતા. એ ટાપુપર દ્રાક્ષોનાં ઝૂંડ લટકતાં હતાં અને નાના નાના ઝરાઓ વહેતા હતા. આ બન્ને જણ દ્રાક્ષ ખાતા હતા, પાણી પીતા હતા અને આગળ વધતા હતા.

પછી એરીકસને દૂરથી એક પડછાયા જેવું, આદમી આવતું દીઠું અને એને ઝાલીને એક ઝાડને ઓથે બેસાડયો. એની સામે એરીકસન પોતે બેઠો હતો. જુવાનને એરીકસન મોટો દેવ હોય, તેવો દેખાતો હતો. એરીકસનનો અવાજ જુવાનના કાનમાં કહેતો હતો: "આજે આપણો તહેવાર છે...ઈસાઈ તહેવાર...આજે આપણી ધાર્મિક ક્રિયા પ્રમાણે આપણે પ્રસાદી ખાઈએ ગએ—ભગવાનનું લોહી અને માંસ......" એ વિધિ તો એ જુવાને એની માએ અનેકવાર કહ્યો હતો. સ્વપ્નમાં બંને જણ દ્રાક્ષની મૂઠીઓ ભરીને ખાતા હતા. પાછો, પેલા દ્રાક્ષના ટાપુના અંધારામાંથી જુવાનના કાન પર એરીકસનનો અવાજ અથડાતો હતો,

"ઇસુ હજુ સુધર્યો નથી...એને લોઢાનો ક્રોસ છોડવો નથી... આપણે સુધર્યા છીએ, આપણે સોનાનો ક્રોસ કર્યો છે...નહીં તો એ પેલાં ગુલામોનો પક્ષ લઈ આપણા ઇસાઈઓના સઠનો દોર કાપી નાખે! પણ આ વાત ખાનગી રાખીને..." એ છેલ્લા શબ્દો જુવાનના કાનમાં ગૂંજતા હતા ને એ જાગી ઊઠયો હતો. એને એ શબ્દો હસવા જેવા દેખાતા હતા. વહાણ, દરિયો, કેપ્ટન, દ્રાક્ષનો ટાપુ એ બધું એની યાદમાં તાજું હતું. સ્વપ્નમાં દેખાયેલો સેંકડો વરસ પહેલાંનો દરિયો ખેડનારો પેલો બહાદુર એરીકસન જાણે હજુ એની આંખ સામે જીવતો ઊભો હતો, અને દરિયા ખેડવાના એના તરંગોને દોડાવતો હતો. એ જાગીને પણ આનંદમાં, સાહસના વેગમાં, બબડતો હતો, "અને એક હતો..." "ક્રીસ્ટોફર...ક્રીસ્ટોફર!" બાપા જુવાનને બૂમ પાડતા દેખાતા હતા, "આજે તને ચૌદમું બેઠું, જલદી ઊઠ'ને પરવાર, મને અને તારી બાને પગે લાગ, પછી આપણે દેવળમાં..."

ક્રીસ્ટોફર કોલંબસ કૂદીને પથારીમાંથી ઊભો થઈ ગયો. એની પડખે પડેલું પુસ્તક નીચે પડયું. બાપાએ પુસ્તક ઊંચકયું અને જરાક મોટેથી વાંચ્યું, "માર્કો પોલો" અને પછી હસીને ઉમેર્યું, માર્કો ધી મીલિયન-સ ને!"

"હા, પણ..." જુવાન ગંભીર થઈને બોલ્યો. "પણ લોકો એને ખોટા હસે છે, એણે કહ્યું તેથીય વધારે પૂર્વ દેશોમાં સોનું છે, રૂપું છે, ચાંદી છે...એના મોટા રાજાઓના ત્યાં દેશો છે. સોનાના જોડા પહેરે છે, હીરા ને રત્નના ટોપા મૂકે છે, આરસના મહેલોમાં રહે છે, હાથીઓ પર સોનાની અંબાડીઓમાં ઝૂલે છે. આપણું વેપારી મહાજન પણ એ હવે માને છે, કારણ કે, જે વેપારીઓએ એ બધું આંખેઆંખ દીઠું છે, તેમણે જ કહ્યું છે." "હા, હા" બાપા ગંભીર દેખાવના ચળકતી આંખોવાળા પડછંદ છોકરાને દેખી રહ્યા. પાછળથી

જુવાનની મા દેખાઈ અને જુવાને પ્રણામ કર્યા. ચૌદ વરસના જુવાનને માતાએ જાતી સરસો ચાંપી, કપાળમાં ને ગાલપર ચુંબન કરી, આશીષ દીધા, " દીકરા, મોટો દરિયાવીર થજે ને પૂર્વને લૂંટીને, બા, બાપ, અને ભગવાનના ભંડારા ભરે એવો સૌથી સવાયો વેપારી. બનજે."

પછી જુવાન મોઢું ધોવા ગયો પણ એના માથામાં હજુ પેલા સ્વપ્નનો દેખાવ જ ભીંજાતો હતો. એની આંખ સામે પેલા વાઈકીંગ કેપ્ટન એરીકસનની છબી દેવ જેવી દેખાતી હતી. એને એ કેપ્ટને કહેલી વાતના છેલ્લા શબ્દો વિચિત્ર લાગતા હતા, હજુય એને પેલા દ્રાક્ષના ટાપુમાં લટકતાં દ્રાક્ષનાં ઝૂમખાં યાદ આવતાં હતાં.

અને એને પેવીયાની શાળામાં ભણેલી એ લીફ-એરીકસનની વાત યાદ આવતી હતી. તુફાનમાં પકડાયેલું અને પછી નોવાસ્કોશિયાના ટાપુપર નીકળેલું એનું વહાણ યાદ આવતું હતું, તથા એ ટાપુપર ખૂબ દ્રાક્ષ હોવાથી એના ખલાસીઓએ તેને " વાઈન લેન્ડ " કહ્યો હતો, તે વાત પણ સાંભળતી હતી.

એને બે ભાઈ હતા, એને એક બહેન હતી, એને બા હતી, બાપા હતા. એને છલકાતી આંખે જોતી બા દેખાતી હતી, ભારે મને ફરતા બાપા દેખાતા હતા, એને બન્ને ભાઈઓનો ભાવ ભીંજવતો હતો, એને એની બહેનનું વહાલ જાણે એને જીનોવા સાથે જ બાંધી રાખતું હતું.

આજે એ બધા બંધ તોડવા તૈયાર થયો હતો. એણે દિવસોના દિવસો સુધી ઊનનો વેપાર કરતા બાપાનાં બારણાંમાંથી ભૂરા આકાશ સામે દેખ્યા કર્યું હતું, બાપા સાથે બંદર પર જઈ દૂરદૂર, આંખ ઠરી જાય, નજર પાછી ફરી જાય, ત્યાં સુધી દરિયા પર દેખ્યા કર્યું હતું.

અને એની પાછી ફરેલી નજર એના મનમાં દરિયા દેખાડતી

હતી. દરિયા પર વહાણો ઝુલાવતી હતી. વહાણો પર સાહસિક ચાંચિયા હતા, વેપારીઓ હતા, વેપારી, ચાંચિયા હતા, ચાંચિયા, વેપારી હતા. બન્ને સાહસખોર હતા. એ વિચારમાં ને વિચારમાં પોતાની જાતને દરિયાપર દોડતી દેખતો એ તરંગમાં ને તરંગમાં જીનોવાથી ઘણે દૂર જ્યાં આકાશને પાણી જ દેખાતાં હતાં, આકાશના તંબૂના પાલવ પાણી પર ઢંકાઈ ગયા હતા, ત્યાં દેખતો હતો.

એણે મનમાં ને મનમાં તો અનેક વાર જીનોવાના જ એક કલાકારને મરણેલી ખૂબ વહાલી બહેન સાથેના બંધ તોડી નાખ્યા હતા. આજે એ સાચેસાચ જીનોવા છોડવા, દરિયો ખેડવા, વેપાર લૂંટવા, ગુલામો પકડવા તૈયાર થઈ ગયો હતો.

આજે એની આંખ સામે સાગરસૃષ્ટિ સમસમી ઊઠી હતી, આજે એને નહિ શોધાયેલા સાગર કિનારા દેખાતા હતા. કિનારા પર પૂર્વનાં નગર દેખાતાં હતાં. નગરમાં સોનાનાં શિખરોવાળાં મહેલ ને દેવળો દેખાતાં હતાં, ચિત્રવિચિત્ર લોકો દેખાતા હતા, મોટા મોટા ઢીંગલા જેવા સોનાથી, મોતીથી, હીરાથી ને રત્નથી મઢેલા, સોનેરી અંબાડી પર ઝૂલતા રાજાઓ—મહારાજાઓ દેખાતા હતા.

એકવીસ વરસનો જુવાન કોલંબસ તૈયાર થતો હતો. બા અને બહેન એને યાદ કરી કરીને બંધાવતાં હતાં. એ એનાં પુસ્તક અને નકશા શોધીને બાંધતો હતો.

જીનોઆના ઊનના વેપારીનો જુવાન દીકરો ચાંચિયાઓના વહાણમાં લૂંટ કે વેપાર ખેડવા, દરિયા દેખવા નીકળતો હતો.

એટલે જ આજે એ વેપારીનું ઘર ગમગીન હતું. વેપારીનો દીકરો સાહસ ખેડવા, દરિયો ખૂંદવા, કોઈના બનાવેલા, કોઈ વેપારીના, કોઈના વીંટાયલા, કોઈના ખરીદાયલા, માલ લૂંટવા નીકળવાનો હતો.

"ભગવાન ઈસુ અને માતા મેરી..." ભાવિક બાએ ઓવારણા લીધાં, બહેને ભાઈલાનો ગાલ ચૂમ્યો.

"આકાશ પરનો ઈસાઈ ભગવાન..." બાપાએ પણ આશીર્વાદ આપ્યા. જીનોવાના પાદરીએ એની કોટમાં માદળિયું પહેરાવ્યું.

ભૂમધ્યનાં ભૂરાં પાણીપર ચાંચિયા વહાણના સફેદ સઢ ખૂલ્યા. ભૂમધ્યનાં ભૂરાં પાણી પર ચાંચિયા વહાણના ખલાસીઓ ને પેલો જુવાન ભૂખરા દેખાતા જીનોવાના કિનારા પર આડું આવતું ઝાકળ ભૂંસતા રૂમાલો ફરકાવતા ઊભા, ભૂમધ્યનાં ભૂરાં પાણી પર ભોંયરામાં લોખંડી સાંકળોથી જકડાયલા ગુલામોએ હલેસાં હલાવ્યાં.

"આ જાય, પેલું, જાય..." કિનારા પરનાં વળાવિયાં વહાણને નાનું ને નાનું થતું જોઈ રહ્યાં ને પાછાં ફર્યાં. ભૂમધ્યની છાતી પર વહાણ દોડી રહ્યું.

એ ત્યાં જતું હતું જ્યાં આરબો અને મુરનાં વહાણ ફરતાં હતાં, એ ત્યાં જતું હતું જ્યાં આરબ ને મુર વેપારીઓના માલ લૂંટવાના હતા. જીનોવાનાં મોટાં ઘરોએ એમાં દાણોપાણી ભર્યાં હતાં, બંદૂકો ગોઠવાવી હતી, જીનોવાના માલિક મહાજને એને દોડતું કર્યું હતું.

ક્રીસ્ટોફર કોલંબસ એ વહાણમાંનો એક હતો. એ એની પહેલી સફર હતી. એ સફરમાંથી, વેપાર, વીરતા અને ધન જીતવાના એને કોડ હતા.

એક સફર પૂરી થઈ અને બીજી શરૂ થઈ, બીજી પૂરી થઈ અને એ ત્રીજી સફરે નીકળ્યો. દરિયો એનો દોસ્ત બન્યો હતો, આકાશ સાથે એને નિસબત થઈ હતી, પવનમાં તોફાન આવે તે પહેલાં એને તે ગંધાતું હતું. આજે જેને ગ્રીનલેન્ડ કહેવાય છે, ત્યાં સુધી એ પહોંચ્યો ને પાછો આવ્યો.

પાછા આવીને એણે ફરીવાર કમ્મર તાણી બાંધી. ન[illegible]સના

રાજાએ ટ્યુનીસ પર હલ્લો કરવા કાફલો તૈયાર કર્યો તેમાં એ ગોઠવાયો હતો અને પછી જીનોવાએ સ્પેઈન સામે કાફલો મોકલ્યો તેમાંય એ બહાદુર બનીને ઊભો હતો.

પછી લીસ્બોન નજીક એના જહાજને એક બીજાએ ભીડાવ્યું. એનું સળગતું હતું બીજું ડૂબતું હતું, એક હાથમાં હલેસું લઈને એણે પાણીમાં ઝંપલાવ્યું. એક હાથે હલેસાથી પોતાની જાતને ટેકવતો ને બીજા હાથથી તરતી રાખતો ક્રિસ્ટોફર કિનારે પહોંચ્યો.

કિનારો પોર્ટુગાલનો હતો.

એનો એ જ ઉત્સાહ, એનો એ જ સાહસનો વેગ, દરિયા ખેડવાની દોડધામ, વેપાર ને લૂંટના હડકવા...પોર્ટુગાલમાં એ બધું જોઈને એના જીવને શાતા વળી. એનાથી એ વિના જીવાય તેમ જ નહોતું. એ આસ્તેથી વસ્તીમાં પેઠો ને વસ્યો.

પોર્ટુગાલના કિનારા પર એ ચીંથરેહાલ ઊતર્યો, ત્યારે એને કોઈ ઓળખતું નહોતું. પોર્ટુગાલની વસ્તીમાં એ વસ્યો પછી લોકો એને નકશા કોતરનારો ને નકશા ચિતરનારા તરીકે ઓળખતા થયા.

એવો નકશા વેચનારો લીસ્બોનના એક ઘરની ઓરડીમાં રહેતો હતો. નકશા ચિતરતો હતો, વેચતો હતો, ને ગુજરાન કરતો હતો.

ક્રિસ્ટોફર દરરોજ લીસ્બોનના દેવળમાં જતો હતો. ચૂપચાપ બેસતો હતો, પ્રાર્થના કરવા ઘૂંટણભર થતો હતો, પાદરીનું પ્રવચન સાંભળતો હતો. કોઈ વાર પ્રાર્થનાની વચમાં જ પેલા સ્વપ્નના બોલ એને સાંભરતા;

" ઈસુ હજુ સુધર્યો નથી, એને તો લોખંડને ક્રૂસે લટકી જવું છે, આપણે સોનાનો ક્રૂસ..."

ત્યારે કોઈવાર પ્રાર્થનાની વચમાં એને હસવું આવતું ને એ

હોઠ દબાવતો, ને ઘણીવાર વિચારમાં પડી જતો.

એને આવતાને અને જતાને સાક્ષી બનેલી એક ઇટાલીના ઉમરાવની જુવાન દીકરી જોઈ રહેતી.

એકવાર એ યુવતિએ અનેક અપવાસો કરીને શરીરની ઇચ્છાઓને મૂળમાંથી ઉખેડી નાખવાનો પ્રયત્ન કરેલો છતાં આ અજાણ્યાને જોઈને એને પ્રેમ થઈ આવ્યો.

" પાપ...પાપ..." એ ચોંકી ઊઠી અને પ્રાર્થના પૂરી થતાંની સાથે ઉતાવળી જઈને પોતાની ઓરડીમાં ભરાઈ ગઈ અને અંદરની સાંકળ વાસીને માથું દબાવીને ક્યાંય સુધી બેસી રહી.

પછી બીજે દિવસે એણે પ્રાર્થનામાં ન જવાનો નિરધાર કર્યો પણ એનાથી જઈ પડાયું, એણે પેલો જુવાન ન દેખાય, તેમ બેસવાનો વિચાર કર્યો પણ બીજી જગા ઠીક નહિ લાગવાથી તેની નજદીક બેસી પડયું. અને તદ્દન અજાણતાં જ એનાથી એની આંખ સામે દેખાઈ ગયું. એના મગજમાં પેલાનો ભરાવદાર ચહેરો, ભવ્ય રેખાઓ, ધારદાર તેજ અને પડછંદ દેહ, બધું પ્રાર્થના પૂરી થઈ ત્યાં સુધી ફર્યા કર્યું.

પ્રાર્થના પૂરી થઈ ને જાણે રાહ જોઈને જ બેઠી હોય, તેમ બન્નેની આંખો પાછી ભેગી થઈ ગઈ. " આપ ઇટાલીયન...! " પેલી યુવતિથી પૂછાઈ દેવાયું.

" કેમ જાણ્યું ? " ક્રિસ્ટોફર નજીક આવ્યો ને ઓળખતો હોય, તેમ મુખ મલકાવી બોલ્યો. " તમારો દેહ પણ ઇટાલીયન..." અને પેલી યુવતિને પગથી માથા સુધી જોઈ રહ્યો.

બાઈ શરમાઈ ને નીચું જોઈ રહી.

" નામ ? " ક્રિસ્ટોફરે પૂછ્યું.

" ફીલીપા..."

" ઘણો જ આનંદ થયો, પરદેશમાં જ્યારે કોઈ સ્વજન દેખાય છે ત્યારે..."

" જરૂર...એ તો અરસપરસ...ને તમારું ? "

" મારું નામ ક્રિસ્ટોફર કોલંબસ " અને એણે ઉમેર્યું, " હું નકશા બનાવું છું."

" બાપાજીનેય એનો બહુ શોખ..."

" તમારા બાપાજી ! "

" જી. "

" કોણ? હું ઓળખી શકું છું ? "

" જરૂર, હાલ તો અહીં નથી, પેલેસ્ટ્રેલો, પોર્ટુગાલની નોકરીમાં છે. હાલ દરિયાઈ સફર પર ગયા છે, શોધખોળ કરવા. ને મને અહીં મૂકતા ગયા છે, મારી મા એકલી રહે છે, એક ઘરમાં..."

બન્ને એક બીજા તરફ થોડી વાર જોઈ રહ્યાં. પછી ક્રિસ્ટોફર બોલ્યો, " ઘણો અનંદ થયો, ફરી વાર પાછાં..."

" જરૂર, હું પણ એમ જ કહી શકું." બન્ને જુદાં પડયાં. ગંભીર ને જોરાવર પગલાં મૂકતા ચાલ્યા જતા કોલંબસને ફીલીપા થોડીવાર જોઈ રહી.

" મારી ઓરડી પર " બીજે દિવસે ફીલીપા કોલંબસના કાનમાં આમંત્રણ આપતી હતી.

" આવવાનો જ છું." કોલંબસે પગ ઉપાડયા. ફીલીપાની પાછળ પાછળ એ ચૂપચાપ ચાલ્યો. એક ઓરડીમાં બન્ને બેઠાં.

"આ, ફલોરેન્ટાઈનના પ્રખ્યાત ખલાસી ટોસકેનેલી સાથે બાપાજીએ ચાલેલો, આ પત્રવ્યવહાર." ફીલીપાએ કોલંબસ પાસે કાગળોનું ગૂંછળું મૂક્યું "અને હિંદ દેશ શોધવાની આ સૂચનાઓ, અને..." ફીલીપા એના નવા મિત્ર પાસે એના બાપાની વસ્તુઓ એક પછી એક મૂકી રહી. કોલંબસનો આનંદ માયો નહિ.

પછી થોડા દિવસ લીસ્બોનના લોકોએ જાણ્યું કે, ફીલીપા સાધ્વી મટી ગઈ હતી અને મઠ છોડીને લીસ્બોનમાં નવા આવેલા એક ક્રિસ્ટોફર કોલંબસ નામના ઈટાલીયન સાથે પરણી હતી.

લગ્ન પછી ફીલીપા, એની મા તથા કોલંબસ એક ઘરમાં રહેવા લાગ્યાં અને કોલંબસ વહાણવટાના ઊંડા અભ્યાસમાં ગરકાવ થઈને બેસી ગયો. એ દરિયાના માર્ગોના અનેક નકશા દોરવામાં તલ્લીન બની ગયો. ત્યારે એના શાંત ઘરમાં એક તરતના જન્મેલા બાળકનો રડવાનો અવાજ આવ્યો. ફીલીપાએ એ દીકરો જણ્યો હતો. બન્નેએ દીકરાનું નામ ડીગો પાડ્યું.

દૂર દૂરની સફરેથી પાછા ફરેલા ખલાસીઓ કોલંબસના દોસ્તો બન્યા. કોલંબસના ઘરમાં નકશાઓની વખાર ભરાઈ નહિ દેખાયેલા દરિયાઈ રસ્તા પર સૌ નજર ફેરવતા હતા, દરિયાના રસ્તાઓ દોરતા હતા, ટાપુઓ ગોઠવતા હતા, ધરતીના ખંડોની કલ્પના કરતા હતા.

એટલેન્ટીકની વચમાં ઘણી મોટી જમીન કે એવું બધા અનુભવીઓનું માનવું હતું. તેમણે એઝોર્સ પર્વતો પરથી કિનારાઓ દેખાતા ને અદૃશ્ય બનતા દેખ્યા હતા.

"માર્કો પોલોએ પણ કહ્યું હતું ના ! દરિયા માર્ગે પશ્ચિમમાં ને પશ્ચિમમાં હંકારાય, તો પૂર્વમાં, પૂર્વના દેશોમાં આવી જવાય, જ્યાં..." કોલંબસની કલ્પના લલચાવતી દોડતી હતી, "જ્યાં સોનાના દેશો છે, હીરા, મોતીના ઢગ છે, જ્યાંથી સોલોમનને ધનના

હમલા સાંપડયા'તા, જેને બાઈબલે ઓફીર કહ્યો છે, એવો દેશ, એવો પ્રદેશ..." કોલંબસની કલ્પના ઝાંખી થાય ત્યાં સુધી એ જોયા કરતો હતો, ને પછી બબડતો, "પૃથ્વી ગોળ છે, એટલે જ..."

"એટલે જ...એટલે જ શું ?" કોઈવાર ફીલીપા ડીગોને ધ્રૂજાવતી ઊભી રહેતી ને બોલતી, "એટલે જ બીવાનું છે, એટલેન્ટીક પર હંકારો, હંકાર્યા જ કરો, પછી પૃથ્વી પરથી ગબડી પડાય તો...આકાશમાં મારા બાપ ! પૂરેપૂરો વિચાર કરજો, બાપાનેય એ જ ધાક લાગતી, તે ગયા છે તે હજુ પાછા ફર્યા નથી."

"અને ત્યાં, દરિયામાં..."

ફીલીપાની માતા પણ બીધેલી બોલતી, "પણ ત્યાં કયાં ?"

"ત્યાં દરિયામાં જયાં...જયાંથી આકાશમાં ગબડી પડાય તેવું હોય, ત્યાં પર્વત સરખાં મોજાં કેવાં કરાળ હશે, પર્વતોનેય ગળી જાય તેવી પાણીમાં પડતી કરાડો કેવી કારમી હશે !"

"અને એમ એમ પણ બને કે..." પાછી ફીલીપા બોલી ઊઠતી, "કે, દરિયાના ઢાળ પરથી તો વહાણો લપસ્યાં જાય, ઊતરી જાય, પણ એવા હજારો માઈલ ઊતર્યા પછી અહીં પાછાં કેમ આવે.."

"કોલંબસની આસપાસ એવી અનેક બીકો ન સમજાય તેવી બનીને નાચી ઊઠતી. કોલંબસના ઘરનાં માથાંમાં દરિયા નાચી ઊઠતા.

પણ છેવટે એણે આંક કાઢયો, "હિંદ પહોંચવાનો જળમાર્ગ શોધી જ શકાશે, પશ્ચિમમાં અને પશ્ચિમમાં જતાં પૂર્વમાં આવી પડાશે...એને રોજને રોજ એટલાંટીક મહાસાગર પર સફર કરવાની ઇચ્છા વધતી જ ગઈ.

એ ઇચ્છાને લઈને એક દિવસ એણે પોર્ટુગાલના રાજાની મુલાકાત મેળવી.

પોર્ટુગાલમાં રાજા જોન બીજો રાજ કરતો હતો. એ જુવાન રાજાને દુનિયાની લક્ષ્મી લૂંટીને પોર્ટુગાલમાં ભરવાની ઉમેદ હતી. એણે પોર્ટુગાલના વહેપારી, શાહુકારોને અને ચાંચિયા સાહસિકોને મદદ કરી હતી, પોર્ટુગાલનાં વહાણો ભયાનક દેખાતા એટલાંટિકમાં પેઠાં હતાં તથા આફ્રિકાના પશ્ચિમ કિનારા પર લોહીને લોખંડ વરસાવતાં, ચલાવી શકાય ત્યારે લૂંટ, નહિ તો વેપાર ચલાવતાં મેડીરા અને કેનેરી ટાપુ સુધી પહોંચ્યાં હતાં.

એવા પોર્ટુગાલના રાજાનેય તુર્કોએ જમીનમાર્ગ બંધ કર્યો હોવાથી દરિયા માર્ગે પૂર્વના પ્રદેશો પર પહોંચવાનું મન હતું.

એ ટાણે રાજા જોનના દરબારમાં ક્રિસ્ટોફર કોલંબસ આવ્યો ને મુજરો ભરીને ઊભો રહ્યો.

“પશ્ચિમની સફર કરીને હું દૂરપૂર્વના દેશોનો પત્તો મેળવીશ.” એ બોલ્યો.

“પણ સફર માટે વહાણો જોઈએ, વહાણો પ્રમાણે ખલાસીઓ જોઈએ, બંદૂકો જોઈએ, તરવારો જોઈએ, સાધન જોઈએ, સામગ્રી જોઈએ...” રાજા હિસાબ ગણતો હતો.

“ત્યાંથી રાજાઓના સોનાના ઢગલાથી ભરેલા દેશો પર પહોંચાશે, જહાજનાં જહાજ લક્ષ્મી ભરીને લવાશે, પરધર્મીઓને ઈસાઈ બનાવાશે, અને બધું પોર્ટુગાલના મહારાજાના નામમાં.” કોલંબસ રાજા જોનને સમજાવતો હતો.

“પૃથ્વી તો ગોળ છે. એટલે વાત તો ઠીક છે, પણ...”

“જી, આજ્ઞા” કોલંબસ અધીરો ઊભો.

"તમે અમારા વિદ્વાનોની સમિતિ પાસે તમારો આખો ખ્યાલ રજુ કરજો પછી."

"જી, હજૂર" કોલંબસે રજા લીધી.

અને પછી એક દિવસે એણે રાજાના વિદ્વાનો, ખલાસીઓ અને ખગોળશાસ્ત્રીઓ પાસે પોતાના નકશા અને બધું રજુ કર્યું.

પછી રાજાની ખાનગી સમિતિ મળી. રાજાએ સૌને સમજાવ્યું, "તમે કહો છો તેમ જો કોલંબસની વાત સાચી જ હોય, તો આપણા ઉત્તમ વહાણવટીને કાફલા સાથે મોકલી તપાસ કરાવો. હિંદ શોધવાનું માન એ ઈટાલીયનને આપવા આપણે તૈયાર નથી.

"જી, હજૂર" હજૂરિયાઓ એક અવાજે સંમત થયા.

અને કોલંબસ ઘેર બેઠો રાહ જોતો હતો. રાહ જોતાં મહિનાઓ વીત્યા, એક પછી બીજું વરસ આવ્યું ને ગયું, રાજાની સમિતિ હજુ વિચારી રહી નહોતી, કોલંબસની સાસુ મરણ પામી હતી, કોલંબસનાં દાણોપાણી ખૂટ્યાં હતાં ફીલીપા બીમાર પડી હતી.

"તમારા નકશાઓ, ને નકશાઓના દરિયાઈ માર્ગો. દરિયાના માર્ગો અને સફર......" એ બધામાંથી જ આપણી ભૂખ ભાગવાની નથી,..." ફીલીપા બીમાર બિછાના પર શરીર ટેકવી બોલતી હતી.

બધું ઠીક થશે, જો..."

"બધું ઠીક નહિ થાય, હું તો, આજ છું ને કાલ નથી, ડીગો હજુ આઠ વરસનો જ થયો છે. હું નહિ હોઉં, પછી એનું કોણ, તમારું કોણ?"

એમ કોલંબસના ઘરમાં દરદ પેઠું હતું, દુઃખ પેઠું હતું. ભૂખમરો ડોકાતો હતો.

પાછી એક દિવસ મરણપથારી પર પડેલી ફીલીપા, કોલંબસનો હાથ હાથમાં લઈ ભાંગ્યું તૂટ્યું, બોલતી હતી, "આજ સુધી દેવું

કરીને ખાધું...ધાયું''તું કે સફર નક્કી થશે ને રાજા સાલિયાણું... આપશે પણ..." કોલંબસ ફીલીપાના કપાળ પર હાથ ફેરવતો પોતાનો દુઃખી સંસાર દેખતો હતો.

"મારાથી જિવાવાનું નથી જ. હું મરું, કે ડીએગોને લઈને ચાલી નીકળજો, નહીં તો માગતાવાળા તમને કેદખાને..." બોલતી ફીલીપાએ મરવા માટે ડોક મરડી.

મધરાત પછી મરેલી ફીલીપા પર કફન ઢાંકી, કોઈએ ધીમેથી બારણું ઉઘાડ્યું. ખભે એક નાનું સરખું પોટકું લટકાવેલો આદમી એક આઠ વરસના છોકરાનાં ડૂસકાં લૂછતો, પંપાળતો કહેતો હતો, "બેટા ચૂપચાપ ચાલ્યો આવ, આપણે માથે દુઃખના દહાડા આવ્યા છે, આપણે ભાગી જઈએ."

"ક્યાં?" છોકરો પૂછતો હતો.

"ત્યાં...જ્યાં..." પેલા આદમીની છાતી ભરાઈ આવી.

"પણ મારી બા." છોકરાએ ચીસ પાડી.

"મરણ પામી છે, એ...એ હવે જાગશે નહિ...આપણી સાથે આવશે નહિ...આપણે......" બોલતાં એણે છોકરાને ઊંચકી લીધો. બીધેલો બાળક ચૂપ થઈ ગયો.

લીસ્બોનના ઘરનાં કમાડ ઉઘાડાં જ રહી ગયાં હતાં, દીવો સળગતો જ રહ્યો હતો. અંદર મરણ સોડ તાણીને સૂતું હતું.

અને લીસ્બોનના પાદરેથી પેલા બે, ચૂપચાપ ચાલ્યા જતા હતા. એક બાપ હતો, બીજો તેનો દીકરો હતો.

"અધધધધ..." એક ઉછળતા જહાજમાં થોડાક ખલાસીઓની હામ ફાટી ગઈ.

એમની સામે બેઠેલા પારદર્શક આંખોવાળા એક જુવાને કતરાતી

નજર ઊંચકી, "કેમ...તમારો દિલ દરિયો ડહોળાઈ ગયો, એટલામાં જ !"

"આ તોફાન તમને એટલું જ લાગે છે?" એક જણ બોલ્યો.

"નાવિક છો, કે છો કોણ! આ ભૂમધ્યના ખાબોચિયામાં આ કાગળની હોડકી જેવા જહાજમાં ટપકા જેવા આપણે..." એ પાછો મહાસાગરના તોફાન સાથે કુસ્તી કરવા માગતો હોય, તેમ તોફાની નજરનું અડપલું કરી રહ્યો. "મને માર્કો યાદ આવે છે" એ બોલ્યો. "ગોબીના મહાસાગરનો એ ખલાસી..."

"ગોબીનો મહાસાગર...!"

"હા, આ ઊછળતા ભૂમધ્યથી ભારે કપરો. રેતીના દરિયા ડહોળીને, અખંડ વરસતી ઊની આગનાં મોજાંઓ પર લહેરાતી અગન-ઝાળને ઝબોળીને પાછો આવ્યો, કેવો એ કપરો હશે!" એ એકીટશે બોલતો હતો, "ત્યાં આપણે જઈએ છીએ...આપણે ત્યાં જઈએ છીએ" એણે મક્કમતાથી સૌ સામે જોયું.

"પણ ત્યાં ક્યાં...કંઈ આરો!" એકથી ન રહેવાયું.

"જ્યાં આરો આવશે ત્યાં, કેવી મઝાની જમીન હશે...જમીન પર નાળિયેરીનાં ઝૂંડ હશે...અંદરમાં સુંદર માનવો કલ્લોલતાં હશે, પક્ષીઓ માણસના જેવી ભાષાઓ બોલતાં હશે, વનરાજીઓ મનરંજન કરતી હશે, ત્યાં અમન ચમન ને આનંદ હશે...નહિ ટાઢ, નહિ તડકો...બસ ખુશનુમા ખુશનુમા ત્યાંનાં લોકો સોનાનાં ઘરમાં રહે છે, હીરા અને ઝવેરાતના ઢગલા પહેરે છે..."

"પણ ત્યાં જઈને કોણે જોયું છે, તે!"

"માર્કોએ."

"એ ગોબીમાં થઈને ચીન ગયો, હિંદ ગયો...ગોબીનું રણ ભલભલાને ગમી જાય તેવું છે પણ આ દરિયે દરિયે..."

"એ દરિયો તો મોટાં મોટાં જહાજોને ગળી જાય એવો" પાછો પેલો સાગરનાં મોજાં પર નજર ટીંગાવી કહી રહ્યો.

"અને એનો આરોય ક્યાં આવે છે! આજે એકએક કરતાં આઠ અઠવાડિયાં આ દરિયાઈ મોજાંના ગબડતા ગુબ્બારા પર ગબડી ગયાં."

"અને એમ એમ કરતાં ધરતીનો છેડો આવી ગયો તો એક કરોડ જોજનની ખાઈમાં આપણેય આ જહાજો સાથે ગબ થઈ જઈશું..."

"ધરતી ગોળ છે..."

"એટલે જ ગબડાય ને...અને કોણે હાથમાં લઈને દેખી જોઈ છે કે ધરતી ગોળ છે...આપણે તો સીધા સટાક પવન ને પાણીના ઘોડાઓ સાથે તણાવા જઈએ છીએ."

"ગેલીલીઓએ કહ્યું છે કે..." કોલંબસ આગળ બોલી શક્યો નહિ...બધા ટગર ટગર જોઈ રહ્યા, અને એક ક્ષિતિજમાંથી ધસ્યા આવતા પ્રચંડ મોજા તરફ ધ્રૂજતા જોઈ રહ્યા.

"ત્યાં પાણી ખખડે છે, ત્યાં ખડક છે...નીના ને મીન્ટા તરફ સુકાન પલટાવો, નહિ તો આપણું સાન્તામેરિયા અથડાઈ પડવાનું."

કોલંબસનું સાન્તામેરિયા માનતું નહોતું. એક તોફાની મોજા પર ચઢેલું એ ખડકો તરફ ધસતું હતું. થોડા ખલાસીઓએ હોડી છોડી. નીના અને મીન્ટા નામનાં બે જહાજો તરફ હોડીઓ ઊછળતી કૂદતી હતી. ખાલી થયેલું સાન્તામેરિયા એક ખડક પર ચઢી ગયું હતું.

પવનનો દરેક ઝપાટો, મોજાંનો દરેક ફટકો એને ઉછાળીને ફીંકતો હતો.

કોલંબસ એના પ્રિય જહાજને ઝબ્બે થતું જોઈ રહ્યો.

બીજા દિવસની સવાર ઊગી, ત્યારે નીના વહાણ પર સભા ભરીને કોલંબસ સૌને દરિયા જેવો ગંભીર બનીને બોલતો હતો; "આ સૂરજ ઊગે છે, તે જુઓ...મને એ સ્વપ્નમાં આવ્યો હતો અને કહેતો હતો કે, જેવો હું ઊગું છું, તેવી જમીન આજ રાત પડતા પહેલાં તમને સાંપડશે..."

"ને નહિ તો...!"

"તો જોયું જશે."

એ સૌ પાછા કામે વળગ્યા. બીજા સાત સૂરજ ઊગીને આથમી ગયા, તોય જમીનની હદ આંખ આડે ન દેખાય. ભૂરા આકાશ ને ભૂરાં પાણીપર અંધારાંઅજવાળાંના ઓળા આ નવતર નાવિકો તરફ હસવા લાગ્યા. કોઈવાર ક્ષિતિજમાં જમીનની કિનારી દેખાઈ પડતી ને વિલોપ થઈ જતી. કોઈ વાર કાળાં વાદળાં આંખ ઠરે ત્યાં અનેક આકારો ધરીને ગેલ કરતાં, અને આ ખલાસીઓને ડરાવતાં, ચીડવતાં, આશાનિરાશાની લપડાકો મારતાં ચાલ્યાં જતાં.

"પેલીકન!" એક જણ ઊંઘમાંથી ઝબકી ઊઠચો.

બીજાએ ઊભા થઈ જઈને કહ્યું "ક્યાં કોણ!"

ત્રીજો ઊંઘમાં બબડચો. "ત્યાં, તેરતો..."

નીના જહાજમાં એકબીજો જાગવા લાગ્યાં. હજુ પેલો સ્વપ્ન જોનાર પેલીકન પક્ષીઓની પાંખોનો ફફડાટ સાંભળતો હતો..." એ તો આપણને એમની...પાંખો પર બેસાડી સોનેરી દેશમાં...પરીઓના પ્રદેશમાં લઈ જવા આવ્યાં છે."

એવી અનેક ગરમ ગરમ વાદ પછી ઓક્ટોબરની ૧૧મીએ દૂર દૂર દષ્ટિમાં એક દીવો ઝબકીને હોલવાઈ ગયો. કેટલાયે મહિનાઓની ઊની આગ પર દરેકના દિલ પર મીઠાશની ફૂંક ફરી વળી,

અનેક ઉચાટ પર એક અમીની જ્યોત જાણે ઝબકીને હોલવાઈ ગઈ. કોલંબસે બૂમ પાડી, " દીવો દીવો."

અને સવાર પડતાં એ દીવાની સરસાઈ સાબિત કરતી જમીનની કિનારી દૂરદૂર દેખાતી થઈ.

એક હાથમાં સ્પેઈનનો ઝંડો અને બીજામાં સોનાની મૂઠવાળી ઝળકતી તરવાર લઈને કોલંબસે જે જમીન પર પહેલો પગ મૂક્યો તેનું નામ એણે " તારક બેટ " (વોટલીંગ) પાડયું.

તારક બેટ પર યુરોપના સાહસિક તારાઓ ટપકી પડયા. એમને લાગ્યું, એમણે ચીન અને હિંદની ભૂમી પર પગ ટેકવ્યો હતો, પણ એ તો અમેરિકા તરફ ઊતરી પડયા હતા.

૧૯

મધ્ય યુગની ધરા ધીખતી હતી

મધ્ય યુગનો ઇતિહાસ યુરોપની ધરતી પર એક નવો અવાજ વગાડતો હતો. એ અવાજ ઊગતા મધ્યમ વર્ગનો હતો. મધ્યમવર્ગ એ અવાજનો આગેવાન હતો.

એક કદમ આગે ઉઠાવવા માગતાં તમામ પરિબળો એ અવાજમાં અવાજ મેળવતાં હતાં.

એ અવાજ સામાજિક અસમાનતાની આખી પ્રથા સામે હતો.

એવી અસમાન અને ખૂની ઘટના દૈવી હોઈ શકે જ નહિ, એવી ખાતરી શોષિત જનતાને થઈ ચૂકી હતી.

મધ્યયુગનો શોષિત સમાજ હાલી નરનારીઓ હતાં. એમનાં ખૂન ચૂસતી અસમાન ઘટના જમીનદારી અને રજવાડી ઘટનાઓની માલિકશાહી હતી.

એ અવાજ ફ્રાન્સમાં પહેલો ફૂંકાયો અને યુરોપ પર પથરાતો ઇંગ્લેંડ પહોંચ્યો.

કેન્ટનો ગાંડો કહેવાતો પાદરી જોરશોરથી સમાનતા પુકારતો હતો. એ સમાનતા હાલી જનતા માટે હતી, એ સમાનતા જમીનદારી અને રજવાડી માલિકો સામે હતી.

ઊગતા મધ્યમ વર્ગને પણ એ સમાનતા જોઈતી હતી. મધ્યયુગની રજવાડી ડેલીઓ અને અંધારી વંડીઓનાં ધારાધોરણ વ્યાપારને, વિકાસને આગળ વધવાને સુધરવાને ઝંખતા નવા જીવનને રોકતી અને રહેંસી નાખતી હતી. એવી ધીખી ઊઠેલી મધ્યયુગી ધરાપર કિસાન જનતા દીવાલ સાથે પીઠ અડાવીને ઊભી હતી. એને પાછળ હટવાનું હતું નહિ, બેડીઓ વિના બીજું કશું ગુમાવવાનું નહોતું અને કામ કરવાની આઝાદી મેળવવાની હતી.

અને ઊગતા મધ્યમવર્ગને એ જનતાના જુવાળ સાથે આગળ ધપીને નવી વ્યાપારી દુનિયા મેળવવાની હતી.

ઇંગ્લેંડનો પેલો કેન્ટનો પાદરી પ્રવચન કરતો હતો:

" ભલાં લોકો, જ્યાં સુધી માલમિલકતની જાહેર કે સામાજિક માલિકી થાય નહિ, ત્યાં સુધી ઇંગ્લેંડમાં કોઈ સુખચેનથી જીવી શકવાનું નથી. જ્યાં સુધી ઈંગ્લેંડમાં હાલીઓ અને ધણિયામા છે, ત્યાં સુધી કોઈને નિરાંતે ઊંઘવાનું મળવાનું નથી. જે અમીર-ઉમરાવો છે, જમીનના ધણિયામા છે, તેમને તેના માલિક થવાનો, આપણાથી મહાન થવાનો કયો અધિકાર કેવી રીતે છે ? એ અધિકારની લાયકાત એમણે કેવી રીતે મેળવી છે ? એ લોક આપણને ગુલામીમાં હાલી તરીકે કેમ બાંધી રાખે છે ?"

"આપણે સૌ એક માબાપ—આદમ અને ઈવ—ની ઓલાદ છીએ, તો એ માલિકો આપણાથી વધારે સારા કે અધિકારવાળા કેવી રીતે ? આપણે તન તોડીને જમીનની મહેનતમજૂરી કરીએ છીએ અને એ લોક આપણા શ્રમે નીપજાવેલી તમામ પેદાશ પચાવી પાડે છે, પડાવી લે છે, તેથી ! "

એવી અસમાન ઘટના સામે જમીનમાંથી એ સવાલ સળગતો ઊભો થઈ જતો હતો. માલિક લોકની પાશવી ઘટના જમીનમાંથી

પકડારાતી હતી. અને 'મારે તેની તરવાર' એ સિવાય એ સવાલને બીજો કોઈ જવાબ જડતો નહોતો.

એ સવાલ ઉઠાવનાર સમાજનાં બે પરિબળો હતાં. એક હાલી બનેલી કિસાન જનતા અને બીજું નવો ઊગતો મધ્યમવર્ગ.

બન્ને રજવાડાશાહીની પકડમાંથી પોતાને, પોતાના સમાજને, માનવ માનવના વ્યવહારને છોડાવવા માગતા હતા.

કારણ, ઇતિહાસનાં પરિબળો આગળ વધતાં હતાં. આગળ વધતાં પરિબળોને જૂના જગતે દીધેલું રજવાડી કોચલું નાનું માલૂમ પડતું હતું..

એ આગળ વધતાં પરિબળો ઊગતા મધ્યમ વર્ગમાંથી ઊપજતાં હતાં. એને વેપાર ખેડવો હતો, વેપારને અનુકૂળ એવી ઉત્પાદન અને વહેંચણીની પ્રથા કરવી હતી. વેપારને અનુકૂળ એવી સરકાર અને દેવળ કરવાં હતાં. વેપારને અનુકૂળ એવો ભગવાન બનાવવો હતો.

ઉત્પાદક કિસાન હતો. કિસાન સાથે એને લોહીનો સંબંધ હતો એટલું જ નહિ, પણ આર્થિક, રાજકીય, અને રજવાડી દુશ્મન સામે લડવા માટેનો વ્યૂહઘડતરનો પણ સંબંધ હતો.

વેપાર વધારે ને વધારે પૈસા લાવતો હતો. પૈસા નવી તાકાતનું જોરદાર સ્વરૂપ હતું, જૂની સમાજઘટનાને આગળ ધપાવવા આપવામાં આવતું નવું લોહી હતું, તથા બેઠેલા સમાજને ઊભો કરવા માટેનો નવો ધક્કો હતો.

એ વેપાર જ્યાં શરૂ થઈ ચૂક્યો હતો, ત્યાં સમય જોરથી દોડતો હતો. આંખ મીંચીને ઉઘાડો, ત્યાં નવા જીવનનાં નવાં ઘટકો જેવાં નાનાં મોટાં શહેરો ઊગી નીકળતાં હતાં.

એ જ શહેરોમાંથી શહેરવાસીઓ હુક્કા ગગડાવતા નશાખોર અને અફીણી રજવાડી ધામોને પડકારતા હતા, ખાસ હક્કો માગતા

હતા, આઝાદીની અને આગળ વધવાની વાતો કરતા હતા, જમીનનાં હાલી ગુલામોને નવું જોમ અને તાજગી આપતા હતા. એ બધા નવા અવાજોનો સરવાળો એ હતો કે, ખેતીની પ્રથા બદલો, રજવાડી પ્રથા બદલો, બજારોનો વિકાસ કરવાની તજવીજ કરો, હાલી ગુલામોની ઉત્પાદક તાકાત કેળવવા તેમના પરના જુલમો ઓછા કરો.

એમ વેપારના અનેક નાણાંના ચઢતા જુવાળો રજવાડી દીવાલો પર અથડાતા હતા. અને જૂની ઘટનાની સડેલી ઈંટમાટી ધીમે ધીમે ખરતી હતી. ૧૩મા અને ૧૪મા શતકમાં એ રજવાડી ઠકરાતી પ્રથાઓમાં થોડા ફેરફાર શરૂ થઈ ગયા.

માપેલે ડગલે ચાલતો હોય, તેવો દારુણ મહારોગ કાળામોતને નામે ઓળખાતો પૂર્વમાંથી યુરોપપર ઊતરતો હતો. ૧૩૪૯ના ઓગસ્ટની ૧૫મીએ એ મહારોગ બ્રીસ્ટોલ પહોંચતો હતો. ગામનાં ગામ ઉજ્જડ થતાં હતાં.

બીજાઓની શ્રમશક્તિ એ કેવળ અંગત કે ખાનગી માલિકોની માલિકીની વસ્તુ નથી, પણ એનું સ્વરૂપ તો સામાજિક હોય છે, તે વાત બહાર આવતી હતી. જમીનપરથી ન ઉખેડી શકાય, તેવી ચોંટેલી દેખાતી હાલીની શ્રમતાકાત વહેતી બનવા માંડતી હતી.

અને ઈસાઈ સંતાનો એક વિભાગ વહેતી સમાજ ઘટનાના સાથમાં યુરોપના દરેકે દરેક દેશમાં એક પછી એક અવાજ ઉઠાવતા ક્રાન્તિનો નાદ ગાજતો કરતા હતા. ઈસુના સાચા અવાજનો એ પડઘો પડ્યો હતો.

એ ગર્જનમાં મુખ્ય અવાજ ઈસાઈ સંતોનો હતો, શિક્ષકોનો, વકીલોનો, અને ઊગતા મધ્યમ વર્ગનો હતો. એ ઊકળતો ચરુ ઊકળી ઊકળીને યુરોપના એક પછી બીજા દેશપર ફરી વળતો કિસાન હિલચાલો, કિસાન સંગ્રામો જન્માવતો હતો.

૧૩

કવિનો ઝેરનો કટોરો

"તે તમે કોણ છો ?"

"હું તમારા દાદાના બાપના બાપનો..."

"બસ, બસ...મારે મારી વંશાવળી નથી સાંભળવી...મારા સમયથી...મારા સમયના લોકોથી અને દુનિયાથી કંટાળેલો હું બળ્યો-ઝળ્યો અહીં આવ્યો છું, તે મારો વંશ ક્યાંથી ઊતરી આવ્યો છે, તેનાં એક લાખ નામો સાંભળવા નહિ...મને માત્ર તમે કોણ છો, તે જ કહો."

"હું તે જ કહેવા જતો હતો, પણ ભલે... મારું હું જીવતો હતો, ત્યારનું નામ કેકસીઆ ગાયડા છે."

"તે તમે જીવતી દુનિયામાં નથી ?"

"હું અને તું બંને...હું મરી પરવારીને અહીં જેની તું કવિતાઓ લખે છે તેમાં અને તું તારી દુનિયાથી કંટાળીને...પણ તારો સમય શો છે વારુ ?"

"તેરમો સૈકો ચાલતો હશે...ઈસુનું તેરમું શતક..."

અને સાંભળનારે અટ્ટહાસ્ય કર્યું.

"કેમ એમ હસો છો ?"

"ઈસુનું શતક ક્યાં રહ્યું છે હવે ? મારા વખતમાંય કેટલાક શઠ લોકો ઈસુના નામને સમય સાથે પરોવેલું રાખીને બિચારા એ ઈસુનો ઉપહાસ કરતા હતા...નરકાગાર જેવી દુનિયાને ઘડીને તેના સમય સાથે ઈસુની સાલગિરાહ ઊજવનારા એ મોટા લોકોએ દુનિયાની કેવી બૂરી દશા કરી નાખી હતી, તે હું જાણું છું અને એ અવદશા તારા સમયમાં તો અનેકગણી વધી ગઈ હશે, નહિ તો તું અહીં સ્વર્ગમાંથી નરકલોકમાં ભાગી શાનો આવે ? તારી દુનિયાથી કંટાળેલો તું, તે માટેના ધિક્કારથી ભરેલો તું...તારું નામ શું છે ?"

"ડાન્ટે, એલીઘીએરી..."

"બસ, બસ, ઓળખ્યો મારા જ કુળનો તું..." પાછો પેલો અવાજ ખડખડાટ હસી પડ્યો.

"મને મારા કુળનું જ ભાન નથી, પણ શુદ્ધ લોહીવાળા જરમન વિદ્વાનો મને નોરડીક હેરન જાતિનો પુરવાર કરવા મથે છે, પણ મને એ કોઈની સાથે કશું નથી...મારી તરફનો સારો વર્તાવ કોઈએ દેખાડ્યો જ નથી...પણ હું ક્યાં છું અને તમે...!"

પાછો એક હસવાનો ખખડાટ સંભળાયો. વહેલી સવારમાં ડાન્ટેના ટેબલ પરના લખેલા કાગળનાં પાન ઊડતાં હતાં. એક કાગળ ઊડીને સ્વપ્નની યાદ પર વિચારતા એના ચહેરા સામે આવ્યો. એના પર મોટા અક્ષરે લખ્યું હતું, "ઈનફરનો." એ કવિ હતો. ૧૨૬૫ની સાલમાં ઈટાલીમાં, ફ્લોરેન્સ નગરમાં એક સુખી કુટુંબમાં એ જનમ્યો હતો. એનાં માબાપને એના સિવાયનાં બીજાં ઘણાં બાળકો હતાં, અને સૌને ભણાવવા માટે એના શ્રીમંત બાપાએ સારો એવો ખર્ચ કર્યો હતો.

પણ ડાન્ટેને તેરમા શતકની રજવાડી અંધેરમાં ખદબદતી દુનિયામાં જરા જેટલો સંતોષ પણ થયો નહિ. કોલંબસ જેવી શોધખોળ કરવા એનો જીવ તપી ઊઠ્યો. અને એણે શોધ પણ કરી પણ એ શોધ ધરતી પરના કોઈ દેશની નહોતી. રજવાડી સડેલી દુનિયાની છબીની ભયંકરતા નહિ ભૂલેલો એ પોતાની જ તરંગી દુનિયા રચતો સ્વર્ગ અને નર્કની સૃષ્ટિનો શોધક બન્યો.

પણ તે પહેલાંના જીવનના રંગોના આરંભમાં એને એક મનોહર છોકરીનો ચહેરો દેખાયો હતો. એ છોકરીનું નામ બીએટ્રીસ પોરટીનારી હતું. એની એ આરંભની યાદ એ નવ વરસનો હતો, ત્યારની હતી. પણ પછી તો એ મનોરમ ચહેરા સાથેનો એનો સંગ થઈ શક્યો નહિ અને એના મનોમય દેશ પર એ ચહેરાની છબી એકલી ચોંટી રહી.

અને કદી ભૂંસાઈ ગઈ જ નહિ ડાન્ટેનાં બધાં રઝળપાટ અને લખાણોમાં નાનાં મોટાં રૂપ ધરીને એ સ્નિગ્ધ છાયાની પ્રતિમા હરતી ફરતી થઈ ગઈ.

એ પ્રતિમાની મનોમય છબીમાં રાચતો ડાન્ટે તે સમયની ફ્લોરેન્સની નગર સરકારમાં ત્રીસ વરસની ઉંમરે જોડાતો હતો. એ સરકારના રાજકરણમાં તે વખતે બે મુખ્ય ટોળીઓ હતી. એક ટોળી કાળી હતી, બીજી સફેદ હતી. એના રાજકીય જીવનના આરંભમાં જ કાળી ટોળી સત્તાપર આવી અને સફેદ ટોળી પાછી પડી.

એટલે ફ્લોરેન્સમાં રહેતાં છસો સફેદ ટોળીવાળાં કુટુંબો પર સત્તાવાળાઓએ જુલમો શરૂ કર્યા. છસો કુટુંબનાં ઘરબાર છીનવી લેવાયાં. લોકશાસનમાં માનતાં છસોયે કુટુંબો એક જ રાતમાં ઘરબાર વિનાનાં રસ્તાનાં રખડનારાં બની ગયાં.

પણ ડાન્ટે એથી હામ હારે તેવો ન હતો. એની પાસે આબરૂ હતી, કલમ હતી, અને એના મનમાં પેલી પ્રતિમા હતી. એટલે રઝળપાટે નીકળવાનો એણે હિંમતભર્યો નિર્ણય કર્યો કે, "રખડાશે પણ દેશ તો દેખવા મળશે." અને એ ઘરબાર વિનાનો બનેલો મિલાન પહોંચ્યો. અને મિલાનથી ઉત્તર ઈટાલીના પ્રદેશ પર ભટકવા લાગ્યો અને છેવટે રેવેનામાં જઈને રહ્યો. ત્યાંના સરમુખત્યાર ગાયડો–ડા–પોલેન્ટાએ એનો સત્કાર કર્યો.

ત્યાં જ એ જીવ્યો અને ત્યાં જ ૧૩૨૧ ના સપ્ટેંબરના ચૌદમા દિવસ સુધી પેલી મહાન કવિતા લખતો એ મરણ પામ્યો.

પણ ત્યાં સુધીમાં એ હદપાર થયેલો કવિ ફ્લોરેન્સના વિચારો કર્યા જ કરતો હતો અને કડવો બન્યા કરતો હતો.

ત્યાં પેલી મનોમય છબી એણે જીવતી જોઈ હતી અને કોઈવાર કોઈ અસાધારણ સમયે જ્યારે...કોણ જાણે ક્યારે કોઈ દિવ્ય સંજોગે ...સુંદર ફ્લોરેન્સમાં ક્યાંક...અથવા તો સુરમ્ય ટસકનીની કોઈ ડુંગરમાળમાં સૂરજ આથમતો હોય અને ચાંદો ઊગતો હોય, તેવી સંધ્યા ટાણે...અથવા તો ઝડપથી વહેતી જતી આરનો નદીને આરે ...જ્યાં કિનારાની ભેખડ પરથી કલકલ કરતી એ પ્રવાહિની પર જ એણે પેલી પ્રતિમાને દેખી હતી ત્યાં જ બીજીવાર એ દેખાઈ પડે અને કહી પડે કે...હુંય તમારી જેમ..."

"પણ હું તો હદપાર છું." એને આઘાત જેવી યાદ આવતી, અને વિચારમાળા તૂટી પડતી.

"હાં, પણ હું માફીપત્ર લખી આપું તો..." એ વિચારે ચઢતો. "પણ શાનું...માફીપત્ર શાનું ?" એનું અહં ઊછળીને પૂછતું.

"લોકશાસનમાં માનવાના અપરાધનું ? હદપાર તો શું પણ દુનિયા

બહાર ફેલાઈ જવાય તોય શું !" અને એ મક્કમ નિર્ણયની કઠોરતા ધરતો. એવી વિચારમાળાનાં વમળો તો અનેકવાર આવતાં અને જતાં રહેતાં. દરેક વમળમાં વલોવાતો કવિ હળાહળ જેવી કડવાશને પીધા કરતો.

અને પછી એણે મહાકાવ્ય લખવા માંડ્યું. એ કાવ્યનું મશહૂર નામ 'ઇનિફરનો' (નરકદેશ) હતું.

આજ સુધી યુરોપની વિદ્યાપીઠોએ એ કવિનું કવન વિદ્વાનોની મિમાંસા માટે સોંપ્યા કર્યું છે અને વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ એ કાવ્યમાં ડાન્ટે શું કહેવા માગે છે, તેના નિબંધો લખ્યા કર્યા છે.

એના મહાકાવ્યની ઘટનાનો સમય ૧૩૦૦ની સાલનો છે. એણે ઇનિફરનો લખીને મરવાને લાયક થયેલું અને સડીને નરકાગાર બનેલું રજવાડી જગત નાશ પામવાને જ લાયક છે, તે વાત બતાવી. રજવાડી ઘટનાનું એ છેલ્લું પ્રકરણ બન્યું અને પછી ડીવાઇન કોમેડીનું કવન નૂતન જીવનનું પહેલું પ્રકરણ બન્યું.

એટલે જ ઇનિફરનો સડેલા રજવાડી સમાજના નાશની નોબતની સાબિતી બની રહ્યું. ડાન્ટે એ નોબતનો અતિ કડવો એવો વગાડનારો હતો. કેવળ સાદા અને પ્રાથમિક જગતમાં શ્વાસ લેતો સાદી કલમથી લખતો હતો. એ જગતમાં એકનો એક ભગવાન આખી પૃથ્વી અને સ્વર્ગપર આપખુદ રાજ કરતો હતો. એ આપખુદીનો પ્રતિકાર કરે તેવું વિજ્ઞાન તો ત્યારે જનમ્યું જ નહોતું.

ત્યારના આખાય અનુમાનીતા જગતને એણે બન્ને હાથે ઉપાડીને, હતું તેથીય વધારે કટુ બનાવીને, પોતાના મહાકાવ્યમાં ઉઠાવીને મૂકી દીધું અને ઉચ્ચાર્યું કે, હવે એનો નાશ હો અને નવજીવન ઊગો.

એ ઉચ્ચારની ઇમારત એનું કાવ્ય બન્યું.

પોતાની વણુસી ગયેલી બધી તરસના તાપ એણે એ ઇમારતમાં મૂકેલ્યા. પોતાની અલોપ થયેલી પ્રતિમાનાં બધાં વહાલપને એણે એ કટોરીમાં કટાણું બનાવીને ભરી લીધાં.

અને હળાહળ પીતો જાણે એ સડેલા જગતને પડકારતો કહેતો હતો, "હવે, તારો મારામાં નાશ થઈ જાઓ."

૧૪

ભગવાનને ભજવાની સમાનતા, જીવવાની નહિ...

૧૫૦૫ ના જુલાઈના મોડા બપોરે બે જુવાનો એરફર્ટની જર્મન વિદ્યાપીઠમાં વેકેશનની રજાઓ પછી પાછા આવતા હતા. બન્ને કાયદાનો અભ્યાસ કરતા હતા અને કયા કાયદાઓ સામાજિક ન્યાય નીચે આવે, તથા કયા કાયદાઓ આધ્યાત્મિક ન્યાય નીચે આવે, તેની ચર્ચા કરતા હતા.

એ ચર્ચા કરતા બન્ને દૈવી કાયદા સુધી પહોંચતા હતા.

એમાંનો એક મારટીન લુથર હતો.

થોડીવારે મિત્ર એનાથી જુદો પડયો અને વરસાદ ને વીજળીના તોફાનમાં જોતો લુથર વિચારમાં ગરકાવ થઈ ગયો. "છેવટે આ માનવી કાયદા અને તેનો અભ્યાસ કોઈ કામમાં નહિ આવે."

એણે દૈવી કાયદો જાણવા ભગવાન ઈશુને યાદ કર્યો અને તેની પાછળ જવાનો નિશ્ચય કર્યો.

એ નિશ્ચયને પંદરમે દિવસે એ એક ધર્મના મઠમાં પેસતો હતો અને બાપાને એ વાતની જાણ કરતો હતો.

"જોયો પેલો વેદિયો મૂરખ..." બાપાએ એની માને વાત કરી, "એનો કાગળ આવ્યો છે."

"શો ?" માતાનો મિજાજ પણ ઊછળી પડ્યો. બન્ને ખાણિયાં ધણીધણિયાણીને આ વાત પસંદ ન પડી. પણ એ તો મઠમાં પેઠો.

અને મઠાધીશે એને તપશ્ચર્યા સમજાવી, "અહીં તો તપ કરવું પડશે, સાદો ખોરાક અને સાદાં કપડાં, દિવસે શ્રમ અને રાતના જાગરણ, ભીખ માગવી, અપવાસ કરવા અને મઠમાં ગોંધાઈને જીવવું–એ બધું..."

"એ બધું હું ઈસુની કૃપાથી..."

અને મઠાધીશ "આમીન" બોલ્યો, અને સાધુઓએ સ્તોત્ર ગાયું.

પછી લુથર ક્યાં બેસવું અને કેમ બેસવું, કેમ ઊભા રહેવું, ઘૂંટણીએ પડવું, અને આંખો નીચી રાખીને ચાલવું, એ બધું શીખ્યો. હજુ ગઈ કાલે જ એમ. એ. થયેલો એ રસ્તામાં સાધુની જેમ ભીખ માગતો હતો.

અને ધર્મગ્રન્થોનો અભ્યાસ કરતો હતો. અને અભ્યાસથી એ ઊભરાઈ ગયો. એને પાપમાં પડવાની બીક લાગી. ધીમે ધીમે એ બીક વધતી જ ગઈ. એ બીક સાથે જ એણે એની જાતને સવાલો પૂછવાનું શરૂ કર્યું.

એણે સવાલો ઉડાવવાના પાપમાંથી બચવા કુમારિકા માતાને યાદ કરી. એ યાદમાં મેરીની મૂર્તિ એનામાં પવિત્રતાનો ઉમેરો કરી રહી. એ પવિત્ર પ્રતિમાના સ્તનપર ભગવાન ઈસુને ધાવતા એણે દેખ્યા. એને સંત બર્નાર્ડના શબ્દો સાંભર્યા. એણે એ સંતની વાણીમાં પ્રાર્થના કરી, "માતા, તું તારા સ્તન તારા દીકરા ઈસુને બતાવીને મારે માટે આશીષ મેળવ."

અને પછી એ જનમનરંજન સ્વપ્નો દેખતો ઊંઘવા પડ્યો.

પણ એ ઊઠ્યો ત્યારે ગમગીન હતો. એને લાગ્યું, એણે પાપ કર્યું હતું.

પછી નાસ્તો કરતી વેળા મઠાધીશે એને તેડું મોકલ્યું. એ ધ્રજતો મઠાધીશને મળવા ગયો.

"પ્રભુ જીવનમાં ઠીક આગળ વધાય છે ને ?" મઠાધીશે પૂછ્યું અને એણે હા પાડી.

પછી ૧૫૦૭ ના એપ્રિલની ૩જી તારીખે માર્ટીન લુથર ધર્મગુરુ બન્યો.

અને એને ધર્મગુરુ સાલ્ઝબર્ગના મગરૂર શબ્દો યાદ આવ્યા. "આ પૃથ્વીપર અને સ્વર્ગમાં ધર્મગુરુ જેવો કોણ મહાન છે. માતા મેરીએ ગર્ભ ધારણ કરીને ભગવાનની માટીની જ કાયાને પૃથ્વીપર અવતારી પણ ધર્મગુરુનો પવિત્ર હાથ અડતાં, રોટી અને દારૂના રૂપમાં ભગવાન ઈસુ સાક્ષાત હાજર થાય છે...માતા મેરીએ તો ભગવાનને એક જ વાર જન્મ આપ્યો, પણ ધર્મગુરુ તો રોજ અમર ભગવાનને જન્માવે છે, ભગવાનનો એક જ દીકરો ઈસુ..."

પણ એ અટકી ગયો. એના માથામાં સવાલો અફળાયા. એ આગાકારો કરતો ગયો અને વધતા શેષ ઉરાડતો ગયો; પણ કંઈ તો બાકી વધતું જ હતું એમ એને લાગ્યું. એને ભગવાનનો શાપ પોતાના પર ઊતરવાની બીક લાગી.

એમ એનાપર પ્રકાશનું તેજ અને અંધારાના પડછાયા ફરતા થઈ ગયા. એણે ધર્મગ્રન્થોનો અભ્યાસ કરતાં તેમના પર વિવરણ કરવા માંડ્યાં

પણ વિવરણ કરવા જતાં, અનેક સવાલો અને સંદેહો એની સામે જવાબ માગતા ઊભા થઈ જતા. એનું કામ અટકી પડતું. એક

પોતાની શંકાઓ અને નિરાશાઓને સેતાને મોકલેલી માયા સમજીને મન મનાવવા લાગ્યો.

એક દિવસ એને એનાં ખાણિયાં બા-બાપા યાદ આવ્યાં અને એ વ્યાકુળ થયો. બીજે દિવસે વીટેનબર્ગમાં એક સંત-દિનમાં પધારવાનું એને આમંત્રણ આવ્યું. એ આનંદ ઉત્સવમાંથી થાકેલો પાછો આવ્યો અને સાદડી પર સૂતો ત્યાં તો એનાં કમાડ ખખડ્યાં. એને તેડું આવ્યું હતું. એ વડા ધર્મગુરુઓને પૂછ્યા વિના પવિત્ર ધર્મશાસ્ત્રોને ચૂંથતો હતો, તેમનાં વિવરણ કરતો હતો. એને ઓગ્સબર્ગ જવાનું હતું અને વડા ધર્મગુરુ લીગેટ એની તપાસ કરવાના હતા.

"તમે એમાં પોપની સત્તા વિષે પણ અભિપ્રાય આપ્યો છે?" લીગેટે પૂછ્યું.

"જી."

"એમ કરીને તમે ક્યાં રહેવા માગો છો?"

"આકાશ નીચે." લુથરે થોડાક ચિડાઈને કહ્યું. અને એ જવાબ સાથે મુલાકાત પુરી કરતાં લીગેટે પૂછ્યું, "મને તમારે માટે લાગણી છે, હું માત્ર તમારી પાસે એટલી જ કબૂલાત માગુ છું કે, તમે ભૂલો કરી છે."

"પણ હું ધર્મશાસ્ત્રોપર ટીકા કરવાનો મારો અધિકાર સાબિત કરવા માગું છું."

"એનો અર્થ એ થયો કે, દૈવી લખાણમાં તમે...અને તેનો અર્થ એ થયો કે, તમને ઈસુમાં પોતાનામાં વિશ્વાસ નથી."

"ના, ના." લુથરે અસંમતિ બતાવી. પછી લુથરની તબિયત લથડી પડી. લથડતી તબિયતે લુથરે વિટેનબર્ગ તરફ જવાની મિત્રોની સલાહ પૂછી.

"તમને ગમે તે થાય...આખી વાત પોપ પાસે પહોંચી ચૂકી છે." મિત્રોએ બીક બતાવી.

અને જે ધર્મમઠનો એ મહેમાન હતો, એ મઠનું વાતાવરણ બદલાઈ જતું એણે જોયું.

પછી એ મધરાતે ઊઠયો. મઠની બહાર ચૂપચાપ નીકળી નાઠો. બહાર તૈયાર રાખેલા ઘોડાપર લુથર સવાર થઈ ગયો અને એ નુરેમ્બર્ગને રસ્તે દોડયો, પણ રસ્તામાં મોનહીમ ગામને પાદર એની તબિયત વધારે લથડી. એ ઘોડાપરથી ઊતર્યો અને જમીનપર સૂઈ ગયો.

હવે એની શંકાઓના જવાબ એ દેખતો હતો. હવે કોઈ સેતાન એને ડરાવતો નહોતો. એની આંખમાં નવું તેજ આવતું હતું. એ બેઠો થતો બોલતો હતો, "ભગવાન ઈસુએ પોતાનું દેવળ ફરમાનોપર નથી બાંધ્યું પણ અંદરના પ્રેમપર બાંધ્યું છે. એ દેવળપર તમામ લોકોના સરખો હક્ક હોઈ શકે, પોપના ખાસ અધિકારો નહિ."

અને એણે એક દિવસ ઈરેસમસનો અભિપ્રાય વાંચ્યો. ઈરેસમસ જેવો વિદ્વાન લુથરનો પક્ષ કરતો હતો. "લુથરે ઘણી વાતો સાચી કહી છે. આપણે સૌએ એનો સાથ કરવો જોઈશે." લુથરમાં નવું જોર આવ્યું. પોપે જેને નાસ્તિક જાહેર કર્યો હતો, તેનો હાથ યુરોપનો એક મહાપંડિત પકડતો હતો.

પછી ઈરેસમસ અને રાજા ફ્રેડરીકની મુલાકાત થઈ. ફ્રેડરીકે પણ લુથરની વાત સ્વીકારી હતી. ઈરેસમસ કહેતો હતો, "એ રીતે આપ નામદાર એક વ્યક્તિનો નહિ, પણ સિદ્ધાંતનો પક્ષ કરો છો."

"પણ લુથરે કંઈ ભૂલ કરી જ નથી." ફ્રેડરીક પૂછતો હતો.

"હા, બે બાબતમાં, એક તો એણે પોપના તાજપર અને સાધુડાંઓના પેટપર લાત મારી છે."

“એટલે જ ફીલીપ પણ એનો મિત્ર બન્યો છે ને!”

“એટલે જ નહિ” ઇરેસમસ બોલ્યો, “એ તો એક વાંધો છે...આજના યુગનો યુગવેગ છે...લુથરે એ વેગને ઉઠાવ આપ્યો છે. એ વાંધા ને વિરોધને વહેતો મૂકયો છે. સમાજનાં નવાં પરિબળોને પોપશાહીના આડંબર પોષાય તેમ નથી. છેલ્લાં ત્રણ શતકનો વિરોધ લુથરે બોલતો કર્યો છે” ઇરેસમસે પૂરું કર્યું. ફ્રેડરીક જોઈ રહ્યો. આ વાતને થોડાં વરસો વીતી ગયાં અને લુથરનો વાંધો ૧૫૨૯માં જાહેર થયો.

એ વિરોધ લુથરનો નહોતો, ઊગતા રાષ્ટ્રવાદનો હતો. એ વિરોધની એકતાપર ડેન્સ, સ્વીડસ, ફ્રેંચ, નોર્સ તથા અંગ્રેજો વધારે નજદીક આવતા હતા.

યુરોપનો સમાજ ધર્મમાં સમાનતા માગતો હતો. ધર્મમાં એકહથ્થુ સત્તાની સામે વિરોધ ઉઠાવતો હતો.

એ વિરોધનો યુગવેગ નવીનતા તરફ જવા માગતો હતો પણ જતાં જતાં લેવાય તેટલાં પૂર્વજોનાં પોટલાં ખાંધપર ચઢાવી ચાલવા માગતો હતો.

એ યુગવેગનો અવાજ તમામ ઇસાઈ વ્યક્તિનો તેના ભગવાન સાથે તદ્દન નવી એવી સગાઈ રચવા માગતો હતો.

એણે સમાજઘટનાને આગળ વધતી દેખી હતી. એણે જમીન અને દરિયાને માર્ગે વેપાર ખેડતી વેપારી જમાતોને જુદી જુદી ધર્મની વેપારી જમાતો સાથે ભેગી ભળતી, હૂંડીઓ લખતી ને સ્વીકારતી, વેચતી ને ખરીદતી ભાળી હતી. વેપારનું એ જીવન હતું. ધર્મનાં વેરઝેર વેપારી યુગની વેપારી ઘટના માટે નકામાં હતાં. જેવાં વેપારીઓનાં હિત નફામાં હતાં, જેવી વેપારીની વિચારસરણી એક હતી, જેવા વેપારીના વ્યવહાર એક હતા, તેવો જ વેપારી ઘટનાનો

ભગવાન જુદાં નામવાળા પણ એક હોવો જોઈએ, ને તેને ભજવાની સમાનતા હોવી જોઈએ, એમ એને સૂઝતું હતું.

એથી એણે સુધારો માગ્યો, ને સુધારા માટે પોપના વિલાસ ને દૈવી પરવાનાનો વિનાશ માગ્યો, પોપના ફતવાઓ અને અદાલતોનો અંત માગ્યો, પોપની જોહુકમી અને જુલ્મોનો અંત માગ્યો. એણે સમાનતાની વાત કરી, ન્યાયની વાત કરી, યહુદીઓ અને પરધર્મીઓ તરફ સહિષ્ણુતાની વાત કરી.*

અને એ આગળ વધતો ગરજતો હતો, ચૌટે ને ચકલે, એનો અવાજ માનવીનાં ઘોડાપૂર ચઢવતો હતો. ખેડુતો ને મજૂરો પણ એ તારણહારને તાકીને જોઈ રહેતાં હતાં. એ ચોત્રીસ વરસના જુવાન સાધુના અવાજમાં પ્રાણ ઘુમરીઓ ખાતો ગરજતો હતો:

"ન્યાય સમાનતા, સહિષ્ણુતા" વિટેનબર્ગમાં લુથરનો અવાજ રણલલકાર કરતો હતો. એની પાછળ ખેડૂતો, મજૂરો, વિદ્યાર્થીઓ ને જુવાનોનાં ઝૂંડ બાઝતાં હતાં.

૧૫૧૭ની સાલના ઓક્ટોબરના ૩૧મા દિવસે એણે પોપ સામે વાંધો ઉઠાવતું (પ્રોટેસ્ટન્ટ) જાહેરનામું ચોઢ્યું. પોપની પશુલીલા સામે સેંકડો વરસથી વાંધા ઊઠતા રહ્યા હતા. વાંધા ઉઠાવનારને નાસ્તિક ગણીને સળગાવી દેવામાં આવ્યાં હતાં, સેંકડો વરસનો અવાજ

* The Jews are blood relations of our Lord Jesu was born a Jew, and if it were proper to boast of flesh and blood, the Jews belong to Christ more than we. Therefore, it is my advice that we treat them kindly......We must exercise not the law of the Pope, but that of Christian love, and show them a friendly spirit......"

આજે માર્ટીન લુથરમાં વધારે વ્યવસ્થિત બનીને ધર્મ સ્વાતંત્ર્ય માગતો ગરજી ઊઠ્યો.

લુથરને તેડું આવ્યું, “ઓગ્સબર્ગમાં આવીને જવાબ આપી જાઓ.”

લુથરે જવાબ આપી દીધો, અને પોતે ઉઠાવેલો વાંધો પાછો ખેંચી લેવાની સાફ ના પાડી દીધી. જર્મન જનતાનો એને સાથ જોઈને પોપે એને સલામત જવા દીધો.

પછી ૧૫૨૦માં પોપે પવિત્ર ફતવો કાઢ્યો. લુથરનાં લખાણો જાહેરમાં બાળી મૂકવાનો હુકમ કર્યો અને જીવતા સળગી જવાની શિક્ષામાંથી બચવા માટે માફી માગવાની સાઠ દિવસની મુદત આપી.

પછી લુથર ભરી સભામાં પોપનો ફતવો વાંચતો હતો, વીટન-બર્ગનાં વિદ્યાર્થીઓ ને નરનારીઓની સભામાં એણે પોપનો હુકમ સળગાવ્યો.

પોપે એને સળગાવવાની તૈયારી કરવા માંડી. લુથર પર કેસ ચાલ્યો. લુથરને સળગાવી મૂકવા લઈ જતા હતા, ત્યાં જ રસ્તામાં નક્કી કર્યા પ્રમાણે એના હથિયારબંધ ઠકરાતી મિત્રોનાં માણસોએ બહારવટિયાના પોશાકમાં એને લઈ જતા કાફલા પર હલ્લો કર્યો અને એને ઉપાડી ગયા. પછી વોર્ટબર્ગના કિલ્લામાં જુદા નામ ને જુદા વેશમાં રહીને એણે બાઈબલનો તરજુમો કર્યા કર્યો.

નાસી ગયેલા ધર્મના ગુનેગારને પકડવા જર્મનીના બાદશાહે જાહેરાત કાઢી; પણ તે જ અરસામાં જર્મની સામે ફ્રાન્સની સરકારને લડાઈ સળગી. દશ વરસ સુધી સળગતા એ વિગ્રહમાં લુથરને શેકી નાખવાની તાપણી ભૂલાઈ ગઈ. ગુપ્ત રીતે લુથરે પોપ સામે પ્રચાર ચાલુ રાખ્યો. એણે ઈસાઈ ધર્મનો સુધારક પંથ સ્થાપવા માંડ્યો.

કેથોલીક દેવળ સામે લુથરનું સુધારક દેવળ બંધાયું. પ્રોટેસ્ટન્ટ

દેવળનો દરેક સભ્ય પોતાનો પાદરી લેખાયો પોતાને ફાવે તેમ ઈશ્વરને ભજવાની છૂટ અપાઈ. પોપને બદલે બાઈબલનું જ પ્રમાણ મૂકાયું. બ્રહ્મચર્યની જાલીમ બીમારીમાંથી પ્રોટેસ્ટન્ટ પાદરીને મુક્ત કરી તેને પરણવાની છૂટ આપવામાં આવી. દરેક માણસને પાદરીની દખલગીરી વિના બાઈબલને આધારે ઈશ્વર ભજવાની છૂટ આપવામાં આવી

ક્ષિતિજમાં ડોકાતી મૂડીવાદી ઘટનાની આ છૂટ હતી. શ્રીમંત-શાહીની ઉષાની ધાર્મિક સ્વતંત્રતાની આ જાહેરાત હતી. સ્વર્ગના રાજા ભગવાનના સંબંધમાં મનુષ્યના વેરા ને લાગાઓ ભૂંસી નાખવામાં આવ્યા. સ્વર્ગના રાજતંત્ર નીચે મનુષ્યને સરખો ને સમાન હક્ક આપવા સામેના જૂના જગતની રોમશાહીવાળી દુનિયાના વાંધાઓને ચગદી નાખવા એણે "પેપલ બુલ્સ"ના ફતવાઓ ઉદારતાથી ભીડતા ર્ક્યા. શાહી લશ્કરોએ એના એંધાણમાં કૂચ કરવા માંડી.

"પોતાથી જુદી માન્યતા ધરાવનારનો નાશ કરવો, એ પવિત્ર ધર્મલેખથી વિરોધી છે." લુથરે પડકાર કર્યો.

લુથરની સાથે કાલવીને એ જ અવાજની ગર્જના કરી.

બન્ને બહારવટે નીકળેલા જૂના જમાના તરફ એક જ અવાજમાં ફરિયાદ કરી રહ્યા.

એમણે બાઈબલને ઘેર ઘેર પહોંચતું કર્યું. એમણે પવિત્ર પુસ્તકના લોકોને સમજાય તેવા અર્થ ફેલાતા કર્યા.

લુથર અને કાલવીન ક્રાન્તિનો ઝંડો લઈને ઘૂમી વળ્યા. લુથર અને કાલવીને ભગવાન સાથે લોકોનો સંબંધ આઝાદ અને છૂટવાળો બનાવી દીધો.

મુક્ત વિચાર કરવામાં, જ્ઞાનની શોધ કરવામાં, માનવી અક્કલને

આંતરતો મોટો બાઇબલ નામનો પથરો, લુથર અને કાલવીને મરણની બીક ર્યા વિના અળગો કર્યો.

અને ગ્રીક ચિંતકોએ શરૂ કરેલી જ્ઞાનની કેડી ફરી એકવાર આગળ લંબાવા માંડી.

રોમન શહેનશાહતની જૂની દુનિયા રોમનશાહીના પતન સાથે પડી હતી, પણ એનું એક રૂપ પોપનું ક્લેવર ધરીને જૂની દુનિયાને સંભાળતું બેઠું હતું.

લુથર-કાલવીનના વાંધા-વિરોધે એ જૂના જગતના છેલ્લા ભૂતને હાંકી કાઢયું.

પોપના ફતવા વેચાતા બંધ થયા, ધર્મના મઠોમાં અભ્યાસ શરૂ થયા, સુધરેલાં શહેરોની શેરીઓમાં ભીખ માગતા સાધુડાઓ બંધ થયા, અને સાધુતાએ લોકસેવા કરવાની વાત સ્વીકારી

મધ્યયુગનું જૂનું મંદિર પડી ભાગતું હતું મધ્યયુગનો જૂની દુનિયાનો દેવ બદલાતો હતો.

દરવાજા પર નવાં ધારાધોરણો ચોઢાતાં હતાં. ત્યારે પાછલે દરવાજેથી એક જણ દાદ માગતો હતો. એ તરછોડાયેલો, જમીનનો હાલી ગુલામ હતો.

ક્રાન્તિનો ઝંડો તો એણે ઉઠાવ્યો હતો. લાખોનાં બલિદાન એણે દીધાં હતાં.

ઉષા ઊગે અને માનવતા એક કદમ આગે બઢે તે માટે અંધારાં કમાડ તોડવા એણે લાખોના પ્રાણ નીચોવી આપ્યા હતા.

લુથર-કાલવીનને જ્ઞાનનાં કમાડ ખોલવા બોલવાની જીભ એણે આપી હતી. નવા યુગનો એ યુગ-વેગ હતો.

પ્રચંડ ઝંઝાવાત જેવો ફૂંકાતો ફૂંકાતો એ લુથરને દેશ આવી પહોંચ્યો.

એણે ધર્મમાં વ્યક્તિની આઝાદી ભગવાન સાથેના સંબંધમાં સમાન ધોરણે માગી હતી, હવે જમીનનો હાલી કિસાન માલિક સાથે સંબંધમાં ન્યાય માગતો લુથરની મદદ માટે કમાડ ઠોકતો હતો.

ત્યારે લુથર ધર્મમાં લગ્નને લાવવાની વાતનો અધિકાર જોરશોરથી બોલતો હતો: "લગ્નનો વિરોધ ઇસુવિરોધી છે" એ કહેતો હતો "પ્રભુની એવી ઇચ્છા છે કે સ્રીઓ તરફ માનથી જોવું અને તેમની સાથે પ્રેમથી સંસાર માંડવા. સાધુઓની પણ એ જ ફરજ છે."

"પ્રેમ અને સમાન હક્કની વાતમાં હવે હું, એક જ બાકી છું" બોલતા જર્મન કિસાનો લુથરને યાદ આપતા હતા.

લુથર એક પળવાર થંભીને વિચારમાં પડ્યો. કિસાન હિલચાલના આગેવાન થોમસ મનઝરના નામે એને હચમચાવી નાખ્યો. સાધુઓને સુધારવા એ વાત મેં કરી છે પણ સાધુઓની હજારો એકરની ધર્મમઠની ખાનગી મિલ્કતો પડાવી લેવાની વાત સેતાની છે.

એક કદમ આગે બઢી, બીજા કદમપર સુધારક લુથર ધર્મનો શાપ વીંઝતો ગુસ્સે થતો હતો.

"થોમસ–મનઝર!" એ યાદ કરી રહ્યો, "એ પણ સુધારક સાધુ હતો,...પણ..."

પણ આજે એ બાઈબલને લઈને જ એક કદમ આગે ઉઠાવતો હતો. લુથરને એ વાત મંજૂર નહોતી. એને મંજૂર વાત તો એ હતી કે, ભગવાનનું દેવળ સૌને માટે સરખું ખૂલે અને શ્રીમંત ને ગરીબ, માલિક ને ગુલામ સૌ બાઈબલ વાંચતાં થયાં. સરખી રીતે પ્રાર્થનામાં ઘૂંટણીએ પડતાં થયાં. સ્વર્ગની સરકાર સાથેના વચેટ પાદરીઓની વચલી હકૂમત ઉખેડી નાખવામાં આવી. મનુષ્ય એણે સરજેલા ઇશ્વરની સામેસામ આવીને ઊભો.

પણ જેવું સ્વર્ગમાં છે તેવું પૃથ્વી પર ઉતારવાની વાત ધર્મ ફ્રુટની આ જેહાદે યાદ દેવડાવી. સ્વર્ગના રાજાના કર ને લાગાઓ ભૂંસી નાખનાર ને ધાર્મિક સ્વાતંત્ર્યની સમાનતા પામનાર મનુષ્યે પૃથ્વી પરના મામૂલી રાજા, મામૂલી ઠાકોર, કે માલિકના લાગાઓ ભૂંસવાની ન્યાય માગવાની, સમાનતા પામવાની અને તેમની ગુલામીમાંથી સ્વતંત્ર થવાની વાત ઊભી કરી. ઈસુએ પણ એ જ વાત કરી હતી અને શુળીએ ચઢ્યો હતો.

પૃથ્વીના માલિક રાજાઓ પાસે ન્યાય માગવાની વાત પેલા સુધારક સાધુએ નકારી. એ પોતે માલિકલોકની સોનેરી ટોળાનો એક બનીને બોલ્યો, એણે એક ડગલું આગળ વધતી જનતા સામે આડો હાથ ધર્યો ને ગર્જના કરીઃ

"દરેક દરેક માનવી પોતાથી ઊંચી સત્તાની તાબેદારીની નીચે જ રહે."

થોમસ–મનઝર સાથે લુથર ચાલ્યો હોત તો! તો એક ધાર્મિક સાથે એક સામાજીક હિલચાલે એને અપનાવ્યો હોત, પણ લુથર આગળ વધવા માટે ખતમ થઈ ગયો હતો.

એનાથી આગળની વાત કરનાર પર એની જીભ નાગની ફણા બનીને ઝેરી ફૂંફાડા કરતી બોલતી હતી.

લુથર પોતાના ઈસુ ભગવાનને અને તેના પવિત્ર પુસ્તકને કિસાનોને ગરદન મારવાની ચાવી બતાવવા ચિચિયારી કરતો હતો.

અને લુથર જેવો લુથર જૂના અને જર્જરિત થયેલા ધર્મ-પુસ્તકના પાનામાંથી વાંચી સંભળાવતો હતો,

"સીઝરની વસ્તુઓ સીઝરને આપો."

"પણ સીઝરની વસ્તુઓ શી છે!" કિસાન હિલચાલ અવાજ કરતી હતી.

અને જવાબમાં એ સુધારક રાજા મહારાજાઓ તરફ ચીસ પાડીને બોલતો હતોઃ

"કિસાનોની ખૂની અને લૂંટારુ ટોળકીઓને, મારી પાડો, કાપી નાખો, લટકાવી દો. યાદ રાખો કે બળવાખોર જેવું શયતાની કોઈ નથી. તમે એને મારી નાખો, નહિ તો એ તમારા પ્રાણ લેશે."

ઈસુના અવાજને ઓળખનાર છેલ્લા ફિરસ્તાનો એ સંદેશ હતો. માલિકોની સોનેરી ટોળીએ તે ઉપાડી લીધો. વેપારીઓના, શાહુકારોના, જમીનદારોના, ઠાકોરોના અને રાજાઓના આ ઈસાઈ સરદારની શીખ પ્રમાણે માલિકોએ પોતાના અધિકાર નીચે જોડી દેવા ખેડૂતોનાં ખૂનની નદીઓ ઈસુને ચરણે વહાવી દીધી.

માર્ટીન લુથરનો સોનાના ભગવાનો તરફ હૃદયપલટો થતો હતો. યહૂદીઓ માટે પણ એણે પોતાના સોનેરી ને સુધરેલા ઈસાઈ ભક્તોને લખી નાખ્યું,

"યહૂદીઓના ધર્મસંઘો અને શાળાઓનો નાશ કરો. એમના ઘરોમાં ઘૂસી જાઓ અને તેમનો નાશ કરો." †

એ વિનાશ કરવાની વિગતોનાં ચારસો પાન ભરાયાં અને પુસ્તક છપાયું.

જે લોકોએ એને ભગવાન આપ્યો હતો તે લોકના સર્વનાશની વાણી આ મૂડીવાદી ઈસાઈ સાધુ ને સુધારક ઉચ્ચારતો હતો, ૧૫૪૬ના વરસમાં ઈસાઈ સુધારક શઠ મરણ પામ્યો.

ધાર્મિક જુલમ સામે જેહાદ જગવીને એણે નવી માલિકીના

---

† "Burn their synagogues and schools; what will not burn, burr with earth......Break into and destroy their houses......"

જુલમી રાજની જંજીરો પર ધાર્મિક આશીષ ઉતારી. પહેલાંના જૂના દેવળની જેમ જ એણે પણ નવીન સુધારક દેવળનાં કતલખાનાંમાં જનતાને હલાલ થવા બાંધી દીધી. †

સોળસો વરસ પછી પીડિત જનતાની મુક્તિ માટે શૂળી પર ચઢી ગયેલો પેલો નાઝરેથનો કુમારિકાને સાંપડેલો સુથારનો દીકરો માર્ટીન લુથરના અવતારમાં ફરીવાર ટીંગાઈ ગયો.

ઈસુ અને ઈસાઈ ધર્મ કમઠાણ ને આકાશ જેટલો અંતરાય પડયો.

---

† "Luther committed religion as completely to the support of power and possession, however, ruthlessly used, as ever the medieval church had done, and dashed the hopes of those who dreamed that the gospel had a promise for the life that now is, as well as for that which is to come"

Prof. George Foot Moore
(History of religions Vol II. P. 325)

૧૫

" ઊઠો માનવીઓ, તમે આઝાદ છો ! "

એમ બોલનાર બે પરિબળો હતાં. એક "રીનેસાં" અને બીજું "રેફરમેશન."

"પણ આઝાદ થઈને કરવાનું શું ?"

"કેમ શું કરવાનું? ભગવાનની સાથે સીધી દોસ્તી કરો, બાઈબલના અનુવાદ કરો, વિદ્યાની શોધખોળ કરો, સત્ય, શુભ અને સુંદરતાનાં ચિંતન કરો. ગ્રીક ચિંતકો શું કરતા હતા ? તે તમે કરો."

ઈસુના ચીપિયા ખખડાવતા તેરમા શતકથી ઊભા થઈ ગયેલા સંતોએ મૂછ મરડીને જગાડેલો ધરતીનો જનલોક આ આઝાદીની ઘટનાના મૂળમાં સૂતો હતો.

પણ હવે ભૂલાઈ ગયો હતો.

અને લુથરે જગવેલો સુધારાનો સાદ વાજતે ગાજતે ગરજતો હતો. સ્થિર થતા સમાજના સુધારાનો એકનોએક ઈજારદાર બનીને એ ઈજારા સામે સુધારો માગનારનું માથું ઉતારી લેવાની વાત કરતો હતો.

લુથરની વાતપર મુગ્ધ થતા જુવાનોમાં એક કાલવીન નામનો પેરીસની વિદ્યાપીઠમાં ભણતો વિદ્યાર્થી હતો. એ થોડોક લંગડાતો હતો તોય એનો પવિત્ર વેગ ભગવાન ઈસુના નામમાં લુથરે દોડતો કરેલો સુધારો રક્ષવા પવિત્ર લશ્કરની સરદારી લેવા તૈયાર હતો.

એ લુથરથી થોડાં વરસે નાનો હતો. એની જન્મતારીખ ૧૫૦૯ની જુલાઈના ૧૦મા દિવસની હતી. એની જન્મભોમ ઉત્તર ફ્રાન્સનું નોયોન નગર હતું. કારકુન બાપનો એ મધ્યમવર્ગી દીકરો હતો, અને મા, એક વીશીવાળાની છોકરી હતી.

એ ૧૩ વરસની ઉંમરે પોતાના વર્ગના વિદ્યાર્થીઓને ભણાવીને પૈસા કમાતો. એણે કાયદાના અભ્યાસમાં નામના મેળવી, પણ વકીલાત કરી નહિ.

એ તો સુધારક હતો અને ૧૫૩૪માં જૂના ધર્મ સાથે તલ્લાક કરતો પેરીસ છોડીને સ્ટ્રાસબર્ગ જવા નીકળ્યો પણ હિંદ શોધવા જતાં અમેરિકાપર અથડાઈ પડેલા કોલંબસની જેમ એ કપડાં વણનારા વણકરોના જીનીવા નામના સ્વીસ નગરમાં પહોંચ્યો. અને જીનીવા પ્રોટેસ્ટન્ટ બન્યું. ડયુક ઓ સેવોયે એને સ્વીકાર્યો.

એણે જીનીવાપર મરજાદીવાદ વહેતો મૂક્યો.

જાણે એક રાતમાં એ આનંદી નગરના હોશકોશ ઊડી ગયા. દિવસરાત એ પાપીઓની વસ્તીપર ધર્મચર્યાઓના કોરડા ઓળા ફરતા થઈ ગયા. કાલવીનના મતથી જુદા મત દંડાયા–દમાયા અને જીનીવામાંથી હદપાર કઢાયા.

જીનીવાનું હાસ્ય ઊડી ગયું. જીનીવાનાં ગાન ભોમ-ભીતર થયાં. જીનીવાનાં નાચતાન અટકી ગયાં. ગંજીફાની રમત પાપી ગણાઈ. જયન્તિઓ અને મેળાઓ બંધ થયા. કપડાંના આડંબર સમેટી લેવાયા, ઊર્મિઓના ઘોડાઓપર લોખંડી લગામો ચઢી ગઈ.

વેપારી મૂડીવાદનો નીતિમાન નવા ગાદીનશીનનું સંગઠન ચોકઠું બાંધતો હતો. નવી રચનાની આસપાસ દિવાલબંધી રચતો વંડીપર

વિકરાળ બોલતો હતો, "આને ઓળંગવાની મનાઈ છે."

ત્યારે એને પેરીસની જ વિદ્યાપીઠમાં ભણતો એક જુવાન કાલવીનની ક્લિષ્ટતા સમજતો નહોતો અને કાલવીન જેવા કાલવીનને અંગત કાગળ લખીને પૂછતો હતો, "આપ નામદાર રજા આપો તો મારે આપની સાથે રૂબરૂમાં કેટલીક તાત્ત્વિક ચર્ચાઓ કરવા આવવું છે."

પણ મહાનુભાવ નામદારે એને રજા આપી નહિ. અને એણે એના દોસ્ત સાથે પવિત્ર આત્માને શોધવાને બદલે શરીરશાસ્ત્રનો અભ્યાસ કરવા માંડયો.

ત્યારે જીવનકલાવિદ્યાનું મોટું ધામ પેરીસ હતું. દૂર દૂર વિખ્યાત થયેલો પ્રોફેસર સિલવિયસ ત્યાં શરીરરચનાશાસ્ત્ર (anatomy) શીખવતો હતો. સિલવિયસનું એ શાસ્ત્ર કુકકર, દેડકાં અને કૂતરાંઓના શરીરવિચ્છેદપર રચાયું હતું. વિચ્છેદનું એ શાસ્ત્ર પંદરસો વરસનું પુરાણું થયું હતું.

"હવે આપણે આપણા શરીરના એક એવા વિભાગની રચના સમજવાની છે કે, જેની સમજ ઘણી અઘરી છે. એની વિગતમાં ઊતરીને હું મારામાં ગૂંચવાડો ઊભો કરવા નથી માગતો" પ્રોફેસર સિલવિયસ વિદ્યાપીઠની વ્યાસપીઠ પરથી બોલતા હતા.

"આપ સાહેબને પણ તે નહિ સમજાતું હોય." એક વેસાલિયસ નામનો વિદ્યાર્થી પોતાના દોસ્ત તરફ અડપલું કરતો બોલતો હતો, "કાં સર્વેટસ...એ વાત પ્રોફેસર પોતે જ નથી સમજતા. હો !"

"નિંદા !" આ બન્ને તોફાનીઓ તરફ ઠપકાની નજરથી બીજા જોતા હતા.

પ્રોફેસર સિલવિયસ એક દિવસ ગેલનના પુસ્તકમાંથી કૂતરાની શરીરરચના સમજાવતા હતા. પણ ગેલને લખ્યું હતું તેથી થોડીક જુદી રચના કૂતરાના શરીરના એક અંગમાં દેખાઈ હતી.

"તેનું શું...?" સર્વેટસે ઉતાવળા થઈને પૂછી લીધું. પ્રોફેસર ગૂંચવાઈ પડ્યા: ગેલનના વેદવાક્યને કંઈ ઉથાપાય!

પણ પેલા તોફાની વેસાલિયસે બૂમ પાડી, 'એ તો, સાહેબ, સાહેબ! એ કૂતરાનું શરીર જ ખોટું હશે...' અને સાહેબને એક પળવાર શાંતિ મળી ગઈ, પણ પછી પેલો સર્વેટસ એટલે મોટેથી હસી પડ્યો કે, વેસાલિયસે કરેલી મજાક સૌને સમજાઈ ગઈ અને સિલવિયસને ખોટું લાગ્યું.

પાછો એવો એક દિવસ આવ્યો વેસાલિયસે છાતી કાઢીને સવાલ કર્યો, 'માણસનાં દર્દ સમજવા કુક્કર ને કૂતરાંની શરીર-રચના સમજવાની કે માણસના શરીરની, સાહેબ?'

'મનુષ્યના દેહની' સિલવિયસે જવાબ આપ્યો.

'ત્યારે આપણે તો કૂતરાં ને કુક્કરો જ ચીર્યા કરીએ છીએ, માણસના શરીરનો વિચ્છેદ શા માટે નહિ?' વેસાલિયસ ઊભો થઈ ગયો.

'નિંદક...ધર્મનિંદક...' થોડાક અવાજે ગણગણી ઊઠ્યા.

'કારણ કે તેનો નિષેધ છે'–સિલવિયસે આ ચમકારને ધીમેથી જવાબ આપ્યો.

'કેમ નિષેધ છે?' સર્વેટસે ઊભા થઈ પૂછ્યું.

"કારણ કે માનવજીવનમાં મરણ પછી એક દિવસ પુનર્જીવન એ સૌથી મહત્વની બાબત છે. જો ઈસાઈ શરીરનો વિચ્છેદ થઈ જાય, તો ફરીવાર એ જીવન્ત થઈને જાગી ઊઠે કેવી રીતે? અને વિચ્છેદથી માનવશરીરનો કોઈ પણ ભાગ અસ્તવ્યસ્ત થાય કે કાઢી લેવાય, તો પછી સ્વર્ગમાં એ જીવતું થાય, ત્યારે..." સિલવિયસ જોઈ રહ્યો.

'ત્યારે સ્વર્ગની શેરીઓમાં–' વેસાલિયસ હસી પડતો નીચે મોઢે બૂમ પાડીને બોલ્યો. અને સર્વેટસે આગળ ચલાવ્યું:

'એક બીજાના દેશો જીતવા માટે એ જ ઈસાઈ રાજાઓ તોપને મોઢે જીવતાં શરીરનાં અંગેઅંગ ઊડાડી શકે, લડાઈમાં કુહાડી અને તરવારથી શરીરને કાપી શકે અને માત્ર અમે જ શરીર વિજ્ઞાનને માટે, રોગનો નાશ કરવા માટે અમારા ચપ્પુ વડે મરેલા શરીરને ન તપાસી શકીએ ?' વેસાલિયસને શૂર ચડી ગયું, તેણે કહી દીધું

એ વાતને થોડાં વરસ વહી ગયાં હતાં. હવે ૧૫૩૫ની સાલમાં એ પેરીસ છોડીને લોવાં પહોંચ્યો હતો. એનો મિત્ર સર્વેટસ ભણી-ગણીને ધર્મની શોધખોળ કરતો ચિંતક જેવો ભટકતો હતો.

ત્યારે લોવાંમાં ગેમા નામનો એક બહારવટિયો પકડાયો. લોવાંની દેહાંતભૂમિ પર એના શરીરને શૂળીપર ચડાવવામાં આવ્યું હતું અને ખીલાઓથી જડીને ધીમા તાપથી શેકી નાખવામાં આવ્યું હતું. સ્વર્ગનાં પક્ષીઓ એના બાફેલા બદનને ખાઈને આનંદ કરે એવો કાયદાવાળાઓનો એમાં શુભ આશય હતો.

પણ જ્યાં કોઈ જાય નહિ, તેવી જગા તરફ વેસાલિયસ શું કામ ફરતો હતો ? ખવાઈ ગયેલા બદનના હાડપિંજર તરફ એ કોઈ જોઈ ન જાય તેમ લાલચુ નજરે જોઈ રહ્યો હતો.

એક કાળી રાતે બેત્રણ પડછાયા એ માંચડા પર ખીલાથી ઠોકાઈ ગયેલા હાડપિંજરના આસપાસ ભમતા હતા. ચૂપચાપ હાડપિંજર પર બાઝી જતા હતા. ખીલે ઠોકાયેલાનાં હાડ એક પછી એક ઉતારી લેતા હતા અને બહારવટે નીકળ્યા હોય, તેવા ચૂપચાપ ઉતાવળા ચાલતા હતા.

એના ઘરની ગુફામાં વેસાલિયસ છૂટાં હાડ ગોઠવીને હાડપિંજર રચતો હતો.

હવે એ ગેલનથી જુદો પડતો હતો. હવે એ જૂનાઓની ઠેકડી

કરતો હતો. હવે એણે માનવશરીરની અંદરની અનેક આકૃતિઓ દોરવા માંડી હતી.

એવા થોડા દિવસ વહી ગયા.

એક દિવસ એના ગુફા જેવો ઓરડાનું કમાડ ઠોકાયું ને ઊઘડી ગયું. એક પાદરીએ હાડપિંજર પાસે ઊભેલા વેસાલિયસનો ખભો ઠોકીને પૂછ્યું:

"આહ, માસ્ટર વેસાલિયસ, માનવશરીરનો આ કેટલામે વિચ્છેદ કરો છો?"

"હા, હા, હા, પવિત્ર એથાનેસિયસ!" વેસાલિયસે ચમકીને કહ્યું.

"શરીરરચના કેવી દેખાઈ?" પાદરી કડવાશથી જોઈ રહ્યો.

"ઠીક છે, ઠીક છે." વેસાલિયસે ઉતાવળથી કહ્યું.

"એ રચનામાં આત્માનું સ્થાન શરીરના કયા ભાગમાં દેખાયું? માસ્ટર એન્ડ્રીઆસ વેસાલિયસ?"

"તે મને ખબર નથી–મેં કરેલા કોઈ પણ વિચ્છેદમાં મને આત્માનું સ્થાન દેખાયું નથી" વેસાલિયસે છેવટે કરડાકીમાં સંભળાવ્યું.

પાદરી મોટેથી હસ્યો. એના વિકટ ચહેરા પર ભયંકર ચળકાટ પથરાયો. એ મગરૂરીમાં બોલ્યો, "હું તમને થોડી સલાહ આપું?"

વેસાલિયસ કંઈ પણ બોલ્યો નહિ.

"વેસાલિયસ, તમારો ધર્મદ્રોહ તમને કોઈ સંકટમાં ન સપડાવી દે, તેનું પણ ધ્યાન રાખજો." પાદરી જતાં જતાં બોલતો ગયો.

વેસાલિયસના ગુસ્સાનો પાર રહ્યો નહિ પણ એને વિચાર

આવ્યો, પાદરીઓ આજકાલ ઠીક ચિતાઓ ચેતાવે છે! અને જીવતા શેકાઈ મરવું એ મરણ પણ...!"

"હું મરવાને તૈયાર નથી" એની વિચારમાળા લંબાઈ, "મારું કામ હજુ ક્યાં પૂરું થયું છે? મારાં શોધન પછી નાશ જ પામે ને" વેસાલિયસને આખી રાત ઊંઘ આવી નહિ.

એને એકાએક યાદ આવ્યો :

"પેલો સ્પેનીઆર્ડ સર્વેટસ. એ મારી સાથે હતો. પેરીસમાં અમે સાથે ભણતા. એ તો ધર્મશોધક ચિંતક બન્યો પણ શરીરની અંદરનો એનો રસ ક્યાં હતો!" એની આંખો સામે સર્વેટસ દેખાયો. એ સર્વેટસ પણ ભાગતો ફરતો હતો, કારણ કે શરીરની અંદરની લોહીના હલનચલનની પ્રક્રિયા એણે સમજાવી હતી અને શરીરની અંદર આત્મા કે ભગવાનને રહેવાની કોઈ જગા દેખાઈ નથી એમ એણે કહ્યું હતું.

એણે સર્વેટસની ચારે કોર અગ્નિશિખાઓ ઊછળતી ભાળી. એણે સર્વેટસને ભાગતો દીઠો. "સર્વેટસ ક્યાં જતો હતો?" એણે એના જાતને પૂછ્યું. સર્વેટસની પાછળ ચિતાઓ દોડતી હતી.

એ પથારીમાં બેઠો થઈ ગયો. એણે અંધારામાં પોટલું બાંધ્યું. એની નજર ઈટાલિમાં પાડુઆની વિદ્યાપીઠ પર ચોંટી રહી. એ ભાગતો હતો.

"જલદી...જલદી...!" એ એકથી બીજે ગામ પહોંચતો હતો. કોઈ આવીને ઝડપી લેશે, એવી બીકથી એ ચોંકતો હતો.

એવો એ વૈજ્ઞાનિક એની આકૃતિઓ અને હાડપિંજરના પોટકા સાથે પાડુઆ તરફ ધસતો જતો હતો.

એનું નામ માઈકલ સર્વેટસ. એ સ્પેઈનની ભૂમિમાં પાક્યો હતો. આરાગોનામાં વીલાનોવાનો એ વતની હતો. એનું કલેવર

કદાવર હતું. એની નજરમાં આરપાર જોવાની ધાર હતી. એના ચહેરા પર ધીરગંભીર તેજની ગહનતા પથરાયેલી રહેતી હતી.

આજે એ જુવાનજોધ ૧૫૫૩ની સાલમાં, ઓક્ટોબરના ૨૭મા દિવસે પ્રાચીન જીનોવાના બજારમાં કોઈ ન જુએ તેમ ઉતાવળો ઉતાવળો ચાલ્યો જતો હતો. પણ પવિત્ર ધર્મના સંત્રીઓએ એને પકડી લીધો. ભરબજારમાં એ ગિરફતાર નર એની ઊંચાઈ કરતાં અદકો દેખાયો. અહોભાવની હજારો નજર એના પર ઢળવાઈ. વિજ્ઞાન જેવો વિશાળ થઈને એ જીનોવાનગર પર પથરાતો ચાલ્યો. ચૌટે ચૌટે લોકોની મેદનીએ એ અચરજ જોવા પડાપડી કરી.

ઘણાં પવિત્રોએ એને જોઈને અપશુકન માન્યા, કેટલાંક ધાર્મિકોએ એના તરફ દાંત કચકચાવ્યા. કેટલાંક ડોસાંડગરાંએ એને પકડ્યો સાંભળી, આકાશમાંના ભગવાનોના ઉપકાર માન્યા એને દેવળના મઠમાં કેદખાને પૂરવામાં આવ્યો. ધર્મગુરુએ નોંધ કરી: "છેવટે નાસ્તિક અને ધર્મનિંદક પકડાઈ ગયો છે. એ જીનોવાથી સરકી જવા માગતો હતો. સરોવરમાં હોડી મારફત ઝુરીચ અને વેનિસ પહોંચી જવાનું એણે કાવતરું કરી રાખ્યું હતું."

જોન કોલ્વીન જેવા ધર્મધુરંધરને પણ એણે પકડાર્યો હતો. હવે એને કોલ્વીનના પવિત્ર રોષની સામોસામ ઊભા રહેવાનું હતું. હવે એના અંતના ડંકા વાગી ચૂક્યા હતા.

બીજા દિવસનું સવાર ઊગ્યું અને હોટેલ–ડી–વીલેની ભવ્ય ઇમારતમાં પવિત્ર અદાલત ગોઠવાઈ. અદાલતના ન્યાયાધિશો આવી ગયા હતા. માઈકલ સર્વેટસને પૂછવાના સવાલો તૈયાર હતા. ધર્મ પર લખેલાં એનાં ત્રણ પુસ્તકો મોજૂદ હતાં. એમની બીજી બધી નકલો તો ક્યારનીય સળગાવી દેવામાં આવી હતી. આ પૃથ્વી ઉપરથી ધર્મનિંદક સર્વેટસની તમામ યાદ ભૂંસી નાખવાનો એ

મહાનોનો ઉચ્ચ આશય હતો. પછી પાછલું બારણું ઉઘડ્યું અને નાગી તરવારોવાળા પવિત્ર સંત્રીઓની કતાર વચ્ચે સર્વેટસ છેલ્લીવાર દેખાયો. એનું એ જ કદાવર શરીર, એની એ જ ચળકતી આંખો-વાળો વિશાળ ચહેરો. આખીય અદાલતની વામણી કાયાને કકળાવતો હતો. એક ભયાનક ગમગીનીએ આખા ખંડને ભરી દીધો.

સર્વેટસનો લાંબો સ્પેનિશ ચહેરો એના પોતાના ન્યાય જોખ-નારા ભૂખરા માનવીઓ તરફ જોઈ રહ્યો. એની આંખોનાં તેજ કોઈ ગહન ઊંડાણમાં ઊતરી પડતાં દેખાયાં.

" તમે ભગવાનનું ઐક્ય લખતાં શરીર પર ઊતરી પડ્યા છો, તે વાત ખરી છે ? "

" શરીરમાં... શરીરની ભીતરમાં..." સર્વેટસે સુધાર્યું"

" ત્યાં તમને શું દેખાયું ? "

" જીવન તત્વ—ત્યાં મને જીવન તત્વ દેખાયું છે, જે હૃદયમાં અને નસોમાં લોહીને શુદ્ધ કરતું વહે છે."

" એ શું છે !"

" જીવન-તત્વ " સર્વેટસ હસ્યો, " એ લોહી સાથે મળીને જમણેથી ડાબે જાય છે." એણે કહ્યું.

" પણ એ છે શું !"

" એ ભગવાન નથી, આત્મા નથી—એ લોહી શોધકહવા છે હવા. એ ફેફસાંમાં ફરી લોહીને ચકચકીત શુદ્ધ અને રાતુંચોળ બનાવે છે."

"–અને એ વહે છે ?"

પોતાના ન્યાય તોળનાર વામનજીઓ તરફ સર્વેટસ જોઈ રહ્યો, એણે આખી નજર ઊંચકીને પોતાને જોવા આવેલાં ધાર્મિક ટોળા

ભર નાખી. એ કોઈ દારુણ ધુમાડામાં ઊભો હોય, એમ એને લાગ્યું. એને પોતાનાં સળગી ગયેલાં પુસ્તકોની આગ દેખાઈ. એણે બારી બહારના ભૂરા આકાશમાં નજર ઠેરવી. એને અદાલતે ચુકાદો સંભળાવ્યો:

"આ અને એવાં અનેક કારણો ભગવાનનાં દેવળોને આવા ચેપી ઉપદ્રવોથી મુક્ત કરવા માગે છે તથા અમારા બાપદાદાઓના ન્યાયાસન પર બેઠેલા અમે માઈકલ સર્વેંટસને ધિક્કારી કાઢીએ છીએ; તથા તેને બાંધીને શેંપલ પર લઈ જઈ, સ્ટેક પર જીવતો સળગાવી નાખવાની શિક્ષા ફરમાવીએ છીએ..."

સર્વેંટસનો લાંબો ચહેરો એની ઉન્નત ડોકપર ઊંચકાયો. ચુકાદો આગળ વાંચી સંભળાવવામાં આવ્યો:

"માઈકલ સર્વેંટસ, તને તારા ગુના બદલ સળગાવી મૂકવામાં આવશે, ત્યારે છપાયેલાં તથા હાથે લખેલાં તમામ લખાણો તારી સાથે સળગાવી મૂકવામાં આવશે. આ પવિત્ર જગતમાંથી તારું નામ-નિશાન ભસ્મસાત્ કરવામાં આવશે."

પછી કૉલવીનના નોકર અને રક્ષક ફેરેવે વધારે કઠોર ચહેરો કરી સર્વેંટસને પવિત્ર અદાલતના હુકમ પ્રમાણે દેહાંત સ્થળ તરફ ઘસડવા માંડયો. ફેરેવે અને કેદીને વીંટતી ઘોડેસવાર લશ્કરી ટુકડી સાથે ચાલી.

શેંપલ ટેકરીના પાયામાં આખો રસાલો અટકયો. સર્વેંટસે ગોઠણભર થઈ ઈસુને પ્રાર્થના કરી અને પછી પોતાના જલ્લાદોને પોતાનું કલેવર સોંપી દીધું. સ્ટેક પર સર્વેંટસનું માથું દોરડાથી બંધાઈ ગયું. એનાં તમામ અંગો લોઢાની સાંકળથી સ્ટેક સાથે જકડાઈ ગયાં. એની સાથે એના સિદ્ધાંતો પણ સળગી જાય તે માટે એની કેડ સાથે એનાં લખાણો બાંધવામાં આવ્યાં. એની ચિતાનાં

લાકડાં જાણી જોઈને લીલાં રાખવામાં આવ્યાં હતાં. એના માથા પર સૂકું ઘાસ અને જલદી સળગી ઊઠે તેવી લાકડીઓ રાખવામાં આવી હતી અને જેમના બાપદાદાઓ બધું જ જાણતા હતા તેમણે એની ચિતા ચેતવી.

ધુમાડાના ગોટામાં, ભડકામાં એક ચિત્કાર સળગી ઊઠી ઊડી ગયો. અડધા કલાક સુધી તરફડતો કદાવર સ્પેનિશ જુવાન દેહ છેવટે કોલસા સાથે કોલસો થઈ બુઝાઈ ગયો.

પણ પછી જીવનકલાના ઉપચારકોએ નમ્ર બની, સર્વેટસે કહેલી વાતને માથું નમાવીને ગોખ્યા કરી કે, " લોહીનો પ્રવાહ હૃદયની જમણી બાજુથી ફેફસામાં થઈને હૃદયની ડાબી બાજુ તરફ વહ્યા કરે છે તથા એક દેદીપ્યમાન હવાથી શુદ્ધ થાય છે."

અને શેંપલની ટેકરી પર સળગેલી આગના તણખા જીવનકળા જેવા જીવતા બનીને આખા જગત પર ઊડયા કર્યા.

પણ કાલવીને સળગાવેલી ખૂની ચિતા હોલવાઈ ગઈ નહિ. જીનીવાના દરવાજાથી એક કલાકના અંતર પરના એક સુધારક બોક નામના પાદરીએ મંચ પરથી પડકાર કર્યો, " સર્વેટસ તરફનો વર્તાવ ધર્મવિરોધી અને કાયદાવિરોધી છે." જીનીવામાં બહાર નીકળતા કાલવીનનો રસ્તો રોકીને એક કામદાર બાઈએ સાચા ઇસાઈ અને શહીદ સર્વેટસનો જયઘોષ કર્યો.

કેસ્ટેલિયોનો અવાજ દુનિયાના ડાહ્યાઓને સવાલ પૂછતો હતો, "સત્તાવાળાઓથી જુદો અભિપ્રાય ધરાવનારાઓને મારી નાખવાનો સત્તાને હક્ક છે ખરો ? "

અને કાલવીને પવિત્ર પુસ્તકમાંથી ટાંકી બતાવ્યું, " સત્તાવાળાઓના હાથમાં તરવાર એટલા માટે આપવામાં આવી છે કે, ભગવાનનું માન જાળવવા માટે તેને તેઓ વાપરી શકે.''

પણ કેસ્ટેલિયોનો અવાજ શાંત પડતો નહોતો. એ અવાજને કાલવીન ધિક્કારતો ઓળખતો હતો.

એ કેસ્ટેલિયોએ બેસ્લેમાં પોતાનું ઘર કર્યું હતું. અહીંની વિદ્યાપીઠ હજુ કાલવીનને શરણે નહોતી ગઈ પણ કાલવીન સાથે પેરીસમાં અભ્યાસ કરનાર ઈરેસમસ નામના એક પંડિત સંતને બહુ માનતી હતી.

બેસ્લેમાં માનવતાના વિદ્યાપ્રેમીઓ ભેગા થયા હતા અને કાલવીનની કરપીણતા વિરોધી પ્રચાર શરૂ કરતા હતા. પોપના અંધેર સામે જાગેલી સુધારાની જેહાદને, સુધારાના જ અંધારા કૂવામાં ડૂબી જતી રોકવા તેઓ મથતા હતા.

એ બધા એકઠા થઈને એક જાહેરનામું ઘડતા હતા. એ જાહેરનામું માનવતાના રક્ષણનું હતું અને ધર્મની સરમુખત્યારીનો નાશ માગતું હતું.

એ જાહેરનામું કેસ્ટેલીઓએ ઘડ્યું હતું પણ જાહેરનામાપર માર્ટીનસ નામ ધારણ કર્યું હતું.

એ જાહેરનામું છેવટમાં જાહેર કરતું હતું,

" હજારો અને દશ હજારો નિર્દોષ નરનારીઓને ડુબાડી દેવાયાં છે, શૂળીએ દેવાયાં છે, લટકાવી દેવાયાં છે, અને જીવતાં સળગાવાયાં છે, કારણ કે તેઓએ સત્તાવાળાઓ કરતાં જુદો મત દર્શાવ્યો." અને જાહેરનામું ઉમેરતું હતું,

" ભગવાન ઈસુના નામમાં મહાન સર્વેટસનું ખૂન થયું છે. પણ ભગવાન ઈસુના ફરમાને સર્વેટસને શેકી નથી માર્યો પણ જેહાન કાલવીન નામના પાદરીના ફરમાને ઈસાઈ સર્વેટસનું ખૂન કરાવી જગતભરના ઈસાઈ ધર્મને ધોકો પહોંચાડ્યો છે."

અને એ જાહેરનામાની નકલો જીનીવા પણ પહોંચી.

કાલવીનનાં કાર્યાલયોમાં એસ્લેની નાસ્તિકતા સામે રોષનો અગ્નિ સળગી ઊઠ્યો.

એ અગ્નિથી સળગતા ઊગતા મૂડીવાદના સુધારક કાલવીને-લુથરે કિસાન જનતા તરફ પાડી હતી તેવી બૂમ-પાડી, "સારાસાર વિચારવાની વિવેકની છૂટ એ શયતાની સિદ્ધાંત છે." (Libertas conscicutiae diabolicum Dogme.)

કાલવીનનો સળગતો અંધ અગ્નિ આખી દુનિયાને ધુમાડામાં ઢાંકીને બાળી મારવા માગતો હોય તેવો કેસ્ટેલીયો તરફ ધસતો હતો.

કેસ્ટેલીયોનું એસ્લેનું માનવતાભર્યું મિત્રમંડળ કાલવીનના રોષથી ધ્રૂજતું હતું. કાલવીન એ જાહેરનામાના લખનારને ખુલ્લામાં આવવા આવાહન કરતો હતો અને સમજાવતો હતો, "ભગવાનનું માન રક્ષતી સત્તાની સમશેર વાપરવા માટે હોય છે."

અને વેપારી મૂડીવાદની સત્તાની સમશેર ભગવાને કાલવીનના હાથમાં સોંપી હતી,

એકલો કેસ્ટેલીયો માનવતાની વિચાર કરવાની આઝાદી પર મુસ્તાક ગરજતો જવાબ દેતો હતો.

"એ જાહેરનામું મેં લખ્યું, છે. એ જાહેરનામું લખવાનો ઉદ્દેશ જાલીમ સત્તા સામે લોકમત કેળવવાનો છે. એ જાહેરનામું ધર્મસત્તાના સરમુખત્યાર જેવા બની ગયેલા કાલવીન સામે લખવામાં આવ્યું છે જેણે પોતાથી વિરૂદ્ધ મત ધરાવતા એક સર્વેટસ નામના મહાનુભાવનું ખૂન કર્યું છે.

"હું દરેકે દરેકને સાફ કહેવા માગુ છું કે, કાલવીનની લોહીની તરસે એને ભાનભૂલ્યો બનાવ્યો છે. મારી પાસે સત્તા હોય તો પણ જેવો વર્તાવ એણે સર્વેટસ સાથે કર્યો તેવો વર્તાવ હું એની સાથે ન કરૂં, નથી કરવા માગતો; માત્ર એણે કરેલા કર્મની સચ્ચાઈની ચર્ચા જાહેર સમક્ષ ખોલવા માગુ છું."

હવે તો હદ આવી ગઈ હતી. માનવતાએ સત્તાની સમશેર ધરાવના કાલવીન વિરૂદ્ધ સાંભળતાં બીક બતાવવા માંડી હતી. બેસલે નગરમાં કેસ્ટેલીયો કાલવીનની મરણપકડમાં આવેલો ભૂત જેવો ફરતો હતો.

બેસ્લેની નગરકમિટિપર કાલવીનનું દબાણ દોડતું આવી પહોંચતું હતું. બેસ્લેની વિદ્યાપીઠનો અધ્યાપક કેસ્ટેલીઓ ચારેકોરથી ઘેરાતો બહિષ્કાર પામતો હતો.

જે ચિતાનાં લાકડાં સર્વેટસને સળગાવીને યુરોપપર ભમતાં ફરતાં તેમણે કેસ્ટેલીઓની આસપાસ ભૈરવી આકારો રચવા માંડ્યા હતા.

ઊતરડી જતી ચામડી, ટપકી પડતા ડોળા, ધીમે ધીમે શેકાતું માંસ એ બધી છાયા કેસ્ટેલીઓની આંખમાં દેખાતી હતી.

એની અંધારી ઓરડીમાં માનવતાનો એ ઉપાસક હોઠ ફફડાવતો હતો, "ભગવાનનું રાજ્ય આ દુનિયાનું નથી...જેમણે ઈસુને શૂળીએ ચઢાવ્યો..."

તે એની આંખ આગળથી જતો નહોતો, કાલવીને સીબાશીઅન કેસ્ટેલીયોપર મોતનું અનુસંધાન કર્યું હતું.

તોયે કેસ્ટાલીઓ નમતો નહોતો. એને પોતાને હાથે પોતાની જાતના ટુકડાઓ કરીકરીને ફેંકી દેવાનું વધારે પસંદ પડતું હતું.

કેસ્ટાલીઓ એટલું જ લખતો હતો, "તમે મારા મોતની બિછાવટ કરી રહ્યા છો તેની મને ખબર છે, પણ મહાનુભાવ સર્વેટસનો ખૂની એથી વધારે શું કરવાને શક્તિમાન છે!"

અને બેસ્લેની કમિટિએ એક દિવસ કાલવીનની સમશેરના અનુસંધાનમાં એ માનવીઓમાં મહાન એવાને પકડ્યો.

બેસલેની વિદ્યાપીઠની વિદ્યા કલંકિત થઈને ઊભી રહી. બેસલેની વિદ્યાપીઠનો વિદ્વાન અધ્યાપક સીનેટ સામે પોતાનાપર મુકાયેલા અપરાધનો જવાબ આપવા ખડો થયો, અને બોલ્યો:

"મારો જો કોઈ અપરાધ હોય, તે બતાવવા માટે કાલવીનને મારી સામે લાવો."

એની માગણીનો અનાદર થયો. પણ એનાપર કામ ચાલે તે દિવસની આગલી રાતે એનું થાકેલું કંટાળેલું હૃદય ધબકતું બંધ માલૂમ પડ્યું અને ૧૫૬૩ના ડિસેંબરના ૨૯મા દિવસે એક પવિત્ર અગ્નિ ચેતવવાની તક ગુમાવવા માટે કાલવીનને આઘાત થયો.

પછી એકસો વરસ પછી જ્યારે કાલવીન હતો નહિ ત્યારે જીનોવા નગર સર્વેંટસના માનમાં એક સ્મારક રચતું હતું અને બેસ્લેની વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ પોતાના મહાન અધ્યાપકની યાદ તાજી રાખવા બીજું સ્મારક બનાવ્યું હતું, અને લખ્યું હતું, "ઊઠો, માનવીઓ, તમે આઝાદ છો."

૧૬

મધ્ય યુગનાં મહાસમાજ મંડળો.

જૂના જગતનું સરનશીન રોમ હવે આથમી ચૂક્યું હતું. યુરોપપર મધ્યકાળ ઊઘડતો હતો, ત્યારે ચૌદમું ઈસાઈ શતક શરૂ થઈ ચૂક્યું હતું. નવા અર્થકારણનાં નવાં ઘટકો કસ્બાઓમાં બંધાતાં હતાં. રાષ્ટ્રિય સરકારની વાતો શરૂ થતી હતી. જવાબદાર રાજતંત્ર અને ધર્મનો સુધારો ઈંગ્લેંડ, બોહેમીઆ અને જર્મનીમાં લોકજીભ પર ચઢતો હતો.

ફ્રાન્સની સરકાર એવી રાષ્ટ્ર સરકાર બનવા મથતી હતી. સ્થાયી લશ્કરની યોજના કરતી હતી. અને ત્યારે જુના અર્થકારણના નાશપર રચાતી નવી અર્થઘટનામાં લોક જુવાળ પણ જાગતો હતો. એ જુવાળ ફ્રાન્સના ઢીલા પડેલા રાજતંત્ર અને આપખુદ અમીરતંત્રના સિતમો સામે જાગતો હતો. અનેક વિગ્રહખોર ઠકરાતોના સિતમો નીચે કચડાતી અરધી ગુલામ જેવી કિસાનજનતા રાજા અને ઠકરાત સામે માથું ઊંચકતી હતી. કસ્બાઓ અને નગરોની વસ્તી આ જુવાળને વધાવી લેતી હાલી જનતાતા પ્રકોપને સંકોરતી અમીરો અને રાજા સામે મોરચા માંડતી હતી.

ત્યારે એ જ સરસામાં અંગ્રેજી વાણિજ્યના પાયો નાખનાર

અંગ્રેજી રાજા ત્રીજો એડવર્ડ પોતાનું વેપારી અર્થકારણ રચતો હતો તથા ફ્રાન્સના તાજનો દાવો કરતો ફ્રાન્સ અને ફ્લેન્ડર્સને લૂંટવા ફ્રાન્સ પર લડાઈઓ લડવા નીકળ્યો હતો.

અંગ્રેજી અને ફ્રેંચ જનતા આ વિગ્રહો નીચે લૂંટાતી હતી, કચડાતી હતી અને લોહીલુહાણ બનતી હતી. આ જનતા કિસાન જનતા હતી, અને વિગ્રહખોરોના અસહ્ય બોજા નીચે બંન્ને દેશોમાં ધૂંધવાતી હતી. એમ નવી આવતી અર્થઘટનાની ભઠ્ઠી તપતી હતી. જેકસ કહેવાતી કિસાન જનતામાં એ ભઠ્ઠીની ધમણો ફૂંકાવા માંડી હતી. સમાજઘટનામાં નવું સાંપડતું મધ્યમવર્ગી પરિબળ વાણિજ્ય અર્થકારણના નવા સંબંધોમાં આકાર ધરતું હતું. એ આકારના આરંભે ક્રાન્ત પડછાયા ફરતા કરી દીધા હતા.

૧૩૫૮માં ફ્રાન્સના કોંપીન વિભાગમાં હાલી કિસાને માથું ઊંચક્યું અને જોતજોતામાં પેરીસથી આમીન સુધી કિસાન જેહાદના ઝંઝાવાતે ફરઆઓ અને શહેરોનાં મજૂરોને પોતાની વિપ્લવની પાંખમાં વીંટી લીધાં.

આ વિગ્રહમાં સમાનતા કે આઝાદીની કોઈ મોટી જાહેરાતો નહોતી. જેકવેરી નામે જાણીતો બનેલો આ વિગ્રહ તો જાલીમ ઠકરાતોના અસહ્ય જુલમો સામે ચોક્કસ માગણીઓ બોલતો ઊઠયો હતો.

એ વિગ્રહના કિસાન નાયક જીલેમ-કેલને ફ્રેંચ રાજાએ સલાહ કરવા પેરીસ બોલાવ્યો અને પકડી લીધો. પછી અસહ્ય યાતનાઓમાં પીડીને જીલેમનો વધ કરવામાં આવ્યો. પણ કિસાનો રાજાનાં લશ્કરો સામે ઠેરઠેર લડયા ને હજારોનો સંહાર થઈ ગયો. બોસી, સીન અને માર્નેનાં કિસાન મથકો પર આગ અને રજવાડી સમશેરે સંહાર મચાવ્યો, સ્ત્રીઓ અને બાળકોની પણ એકધારી કતલ ચાલી

અને જેકવેરી નામે જાણીતા થયેલા આ લોકજુવાળને લોહીમાં ડુબાડી દેવામાં આવ્યો અને એના આગેવાનને કિસાનરાજા બનાવી, મજાકમાં યાતનાઓ નીચે પીડી પીડીને એ કિસાન રાજાના દેહને લોહીલુહાણ કરી તેનું માથું ઉતારી લેવામાં આવ્યું.

ત્યારે ફ્રાન્સ અને ફ્લેન્ડર્સ પર લૂંટ, ખૂન અને ખાનાખરાબી કરતું અંગ્રેજી રજવાડું લૂંટના ઢગલા પર મલકાતું હતું. રાજાના વેપારીઓએ આ લૂંટના ઢગલા પર પોતાને ત્યાંના માલ ખરીદવા માંડયા હતા. સંગ્રહખોરી ઇંગ્લેંડમાં શરૂ થતી હતી. ભાવો વધતા હતા.

ત્યારે લંડનનો લોર્ડ મેયર એડવર્ડ ત્રીજાને લખતો હતો, "આપણા રાજમાં વીમાઉથમાં કાળો કાળ શરૂ થયાના સમાચાર આપ નામદાર જાણો છો, અને લંડનમાં એ મહામારી ન ફેલાય તે માટે..."

પણ સંગ્રામમાં તીરકામઠાંની ઝડપ વધારનાર અને વાણિજ્ય અર્થઘટનાનો આરંભ કરવા ફ્રાન્સ અને ફ્લેન્ડર્સ પર લૂંટફાટ કાયમ કરનાર એડવર્ડ એના વેપારીઓ ભેળી પોતાની લખલૂટ દોલત દેખતો બબડયો હતો, " મહામારી આવશે, તો આપણા પ્રાસાદોમાં શું થવાનું છે...નાગી ભૂખી લોકવરણ થોડી ઘણી મરી પરવારશે..."

અને કાળો બુખાર આવી પહોંચ્યો. અને ઈંગ્લેંડની ગરીબાઈ-માંથી કુલ વસ્તીની અર્ધી અર્ધ માનવતાને ચરી ગયો.

ત્યારે ધર્મમઠના આચાર્યોને ધરમ કરવાનો તુક્કો જડયો. એમણે વાત વહેતી મૂકી, " એ તો યહૂદીઓનાં પાપને લીધે પ્લેગ આવ્યો છે...એ લોક રાતમધરાતમાં કૂવાઓમાં ઝેર નાખે છે."

અને મહામારીના માનમાં યહૂદીઓની કત્લેઆમ શરૂ થઈ ગઈ.

એકલા મીન્ઝમાં બાર હજાર યહૂદીઓનાં માથાં ઉતારી લેવામાં આવ્યાં.

પણ મહામારીએ લાખો કિસાનો અને મજૂરોનો સંહાર કર્યો અને અંગ્રેજી ધરતીપર રહ્યાં સહ્યાં કિસાનોપર અંગ્રેજી જમીનદારો અને ઠકરાતોના સિતમો ઊતરી પડ્યા. ખેડવાનું ઘણું હતું પણ ખેડનારાં ઓછાં હતાં. એટલે ઓછી હતી તે શ્રમતાકાતને વધારેમાં વધારે કામ આપવાના અને જમીનો ખેડાવવાના તથા બીજી મજૂરીઓ કરાવવાના જાલીમ વ્યવહારો જીવલેણ બન્યા.

હાલી પ્રજા કિસાન જનતા પર જાલીમ બનીને તૂટી પડી. અને કસ્બાઓ તથા શહેરોમાં મજૂરોની રોજી અનેકગણી વધી ગઈ. વેપારીઓએ માલના જથ્થાનાં કાળાં બજાર શરૂ કર્યાં તથા ભાવના દર વધી વધીને અસહ્ય બની ગયા.

અને રાજાનો કરભાર પણ વધ્યો. કારણ કે, રાજાની દોલત વધી હતી. અંતઃપુર ઊભરાતું હતું, હજૂરિયાઓના ડાયરા વધી ગયા હતા. લશ્કર વધ્યું હતું, વૈભવ વધ્યો હતો. ફ્રાન્સ અને ફ્લેન્ડર્સની લૂંટના ઢગલામાં આળોટતો રાજાનો દરબાર વધારે દબદબાવાળો બન્યો હતો અને દાસીઓથી વીંટળાયેલો રાજા પોતાના રંગમંડપોની માવજત કરનાર એક તરુણીને નીમતો, તેને 'સૂર્યની રાણી'નો ઇલ્કાબ એનાયત કરતો હતો.

ત્યારે લોકો પરનો આ બધો ભાર અસહ્ય બનતો હતો અને લોક ભીતર ધૂંધવાતું હતું.

ત્યારે લૂંટ અને ખૂનનો વૈભવ માણતો રાજન્યોનો દબદબો મિજબાની માણતો હતો, અને એ મિજલસમાં ખલેલ કરતી કિસાન જનતાની બૂમરાણની વાત સાંભળી સાંભળીને કંટાળતો રાજા વટહુકમ લખતો હતો,

"...કે આજે કિસાનો અને મજૂરો તેમના માલિકોને વશ વર્તી કામપર ચઢવાની ના પાડે છે તથા ઊંચા પગારો માગે છે, તે વાતની અમને જાણ થઈ છે તથા અમે અમારા ધર્મગુરુઓ, ઉમરાવો, અને પંડિતોની સલાહ લઈને ફરમાન કરીએ છીએ.

"કે જે કોઈ નરનારી સાઠ વરસની નીચેની ઉંમરના હોય અને કોઈ વેપારધંધો કે કારીગરીનું કામ ન કરતાં હોય, તેમણે તમામે આપણા રાજના વીશમા વરસમાં હતા તે મજૂરી કે કામના પગારનો દર લઈને કામપર ચઢી જવું. આ ફરમાનનો ભંગ કરનારને સખત જેલની શિક્ષા થશે."

પણ રાજ–આજ્ઞાનો જ્યાં ને ત્યાં અનાદર થયો.

એટલે છંછેડાયેલા રાજાએ, પાદરીઓએ, પુરોહિતોએ અને પંડિતોએ મળીને રાજાના દરબારમાં નવું ફરમાન ઘડાવ્યું.

૧૩૫૧નું એ ફરમાન કામદાર કાયદા તરીકે જાણીતું બન્યું. એ કાયદો ઉપલા વર્ગે ઘડેલા શ્રમ કરનાર વર્ગ માટેનો વર્ગ કાયદો હતો.

એ કાયદો તદ્દન ઓછા પગારથી ખેડુતો અને કામદારોને માલિકને માંડવે કામપર ચઢી જવાની આજ્ઞા ફરમાવતો હતો.

પણ એ કાયદાની સામે શ્રમ–માનવો એકઠાં થતાં હતાં. કામપર નહિ ચઢવાના ઠરાવો કરતાં હતાં. ઠરાવોના અમલ માટેનાં શ્રમજીવી જનતાનાં છૂટક છૂટક સંગઠનો ઘડતાં હતાં.

એ મંડળો અને તેમના ઠરાવો નવા ઊગતા વ્યાપારી રાજકારણના રાજકારભારમાં સરકાર સામેના કાવતરા તરીકે રાજકીય ભાષામાં ઓળખાતાં હતાં, અને એવાં તમામ કાવતરાં દંડવા યોગ્ય જાહેર થતાં હતાં.

અને અનેક અદાલતો ઊઘડતી હતી. નવા સેંકડો ન્યાયાધીશો

શાંતિ જાળવવા રાજાએ ઘડેલું મજૂરીનું ફરમાન લઈને ફરતા હતા. રાજન્યો અને વેપારીઓનો કાયદો અમલ માગતો હતો. પગારના ફરજિયાત કામપર ચઢવાની ના પાડવાના અને કરારભંગ કરવાના અનેક દાવાઓ ઉતાવળા મંડાતા હતા અને ચુકાદા થતા હતા.

એમ નવી સમાજઘટના જૂના શ્રમસંબંધોના રાફડાઓમાં અગ્નિ પેટાવતી, લોક જનતાની હલચલના તાપ વધારતી હતી. હડતાળો શરૂ થતી હતી, લોકનેતાઓ ભોમભીતર જતા હતા, લોક-સંગઠન જોર પકડતું જતું હતું.

અને કામદાર-કિસાનો પર સરકારનો બીજો વટહુકમ ઊતરતો હતો. એ હુકમ પ્રમાણે કામ કરવાની ઉંમરવાળું કોઈ પણ ઈસમ ગામ કે કસ્બામાંથી ગુમ થઈ જતું, તો તેની શોધ કરવામાં આવતી, તેને ગેરકાયદેસર જાહેર કરવામાં આવતું તથા પકડાયા પછી તેના કપાળમાં 'એફ' આકારનો ડામ દઈ, તેને ભાગેડુ તરીકે જાહેર કરી, બળજબરીથી તેને પોતાના મૂળ સ્થળે મોકલી આપી કામ કરવાની ફરજ પાડવામાં આવતી હતી.

એવા ઘણા ગેરકાયદેસર પોતાની ટોળીઓ જમાવી જંગલમાં છુપાતા હતા અને બહારવટું પોકારતા હતા, પણ ઘણાખરા લોકો આ વર્ગીયપીડનો સામે લડવાનાં મંડળો બાંધતા હતા. એવાં મંડળોમાંનું એક મોટું મંડળ " મહાસમાજ " નું સંગઠન બનીને ઠેરઠેર ફેલાતું હતું.

એમ ઉપલા વર્ગોની રજવાડી સરકારે જેને દબાવવા ધાર્યું હતું તે લોકપરિબળ દરેક દબાણ સામે વધતું જતું હતું. વટહુકમોએ જે સંગઠનોને નાબુદ કરવા ધાર્યાં હતાં. તે જ લોકસંગઠનો ઊલટાં વધતાં જતાં હતાં. સરકારના દમને લોકઅવાજને રૂંધવાની કારવાઈ યોજી હતી પણ અવાજ તો સૌથી મોટો શોર જગવતો ફરતો હતો.

વટહુકમો, પીડનો અને દમનનાં કારભારાં નાકામિયાબ પુરવાર થતાં હતાં. રાજન્યો, વાણિજ્યો અને પુરોહિતોની પૂંઠ નીચેની ગરમીથી તપતી હતી અને અકરાંતિયા ઉપભોગો નીચે મૂંઝાતી હતી. ઘરડો થતો એડવર્ડ નાતાકાત બનેલી ઇંદ્રિયોપર ઉપભોગ જતા કરવા માટે ચીડાતો હતો, અને મરણુ પથારીએ પડતો ધીમે ધીમે મરતો હતો, ત્યારે ૧૩૭૭ની સાલ બેસી ચૂકી હતી અને એડવર્ડની ગાદીપર એક રીચર્ડ નામનો એડવર્ડનો છોકરવાદ દીકરો બેસતો હતો તથા ઉમરાવો, પુરોહિતો અને સામંતોની અંગ્રેજી રાજસભા તમામ મજૂરો પર પોલ કર નામનો એક નવો કર નાખતી હતી. એ કર ચૌદ વરસથી ઉપરની કામ કરવાને લાયક ઉંમરવાળાને તમામને લાગુ પડતો હતો.

એમ ધૂંધવાટ વધતો હતો. રોટલીનો સવાલ રાજકારણુ બનતો હતો. દરેક ગરીબના ઉંબરા પર શાસકોના રાજકારણુની સમશેર રોટલી સાથે પટ્ટા ખેલતી હતી અને ગરીબોની હલચલને હઢોળતી હતી.

કેન્ટ, ઇસેક્ષ, અને નોરફોકનાં પરગણાં આગેવાની લેતાં હતાં, વસ્તીગણુતરીનો લોકવિરોધ જાગતો હતો. દમનવારાને બરબાદ કરવાની લોકમાગ લડાયક બનતી હતી. મહાસમાજનાં જનતાનાં મંડળો મરણિયાં બનવાનો દિવસ નક્કી કરવાની ગણુતરી ગણુતાં હતાં. મહાસમાજનાં લોકસંગઠનો પૂર્વ એંગલીયા, ઇસેક્ષ, મીડલ-સેક્સ, તથા કેન્ટમાં વધુ મજબૂત બનતાં હતાં. ઉમરાવો, સામંતો અને મોટા વેપારીઓની રાજસભાનો સામનો કરવા જાણે આમની સભાનું લડાયક સંગઠન આકાર ધરતું હતું.

એ આકાર ચોક્કસ સંગઠનો ઘડતો પથરાતો હતો. જનતા-માંથી જનતાના આગેવાનો ઘડાતા હતા. કિસાન જનતાના ભણેલા

દીકરાઓ એ મહાસમાજ મંડળોના પ્રચારકો બનતા હતા અને ભાણીગણીને કેટલાક પાદરી બન્યા પછી ઈસુના સમાન રાજની વાતોનો પ્રચાર કરતા વેપારી રજવાડી સરકાર સામે પ્રચાર કરતા હતા. એ બધા ગરીબ વર્ગના દીકરા હતા. પોતાના વર્ગનાં દુઃખ દરદનો ઉપાય માગતા ધર્મના નામમાં લોકરાજકારણની માગનો પ્રચાર કરતા હતા. એ પ્રચાર જેવું સ્વર્ગમાં છે તેવું સમાજ–રાજ પૃથ્વી પર ઉતારવાનો હતો એ પ્રચાર લોકરાજકારણનો હતો. એ પ્રચારના શબ્દો ધર્મના સાહિત્યમાંથી શોધાયા હતા.

એ પ્રચારને અટકાવવા રીચર્ડ બીજાએ એક તાકીદનો કાયદો પસાર કર્યો :

"કોઈ પણ હાલી સ્ત્રી કે પુરુષ પોતાના બાળકોને નિશાળમાં ભણવા મૂકી શકશે નહિ તથા કિસાનનાં કોઈ પણ બાળકોને પાદરી બનવાની ધાર્મિક તાલીમ પણ આપવામાં આવશે નહિ"

એ રીતે હાલી કિસાનો તથા મજૂરોનાં બાળકોને અભણ રાખી હાલીઓ અને મજૂરોની સંખ્યામાં વધારો કરવાનો તથા ભણવાથી મળતા ક્રાન્તિકારી જ્ઞાનને રોકવાનો પ્રયત્ન હતો.

પણ એથી મહાસમાજ મંડળોની ભોમ–બીતર ઘટના રોકાઈ નહિ. મંડળના સભાસદો વધતા જતા હતા. મંડળમાં થોડી થોડી જમીનના માલિક–કિસાનો, હાલીઓ, મજૂર–કિસાનો, કારીગરો, દુકાનદારો, અને ગરીબ પાદરીઓ જોડાતા હતા. મહાસમાજ મંડળના પ્રચારકો પાદરીઓ બનીને પ્રચાર કરતા ગુપ્ત બનીને ફરતા હતા, ભાગી જતા હાલીઓ અને ગુલામ મજૂરો મહાસમાજ મંડળના દૂતો બનતા હતા. યુરોપની ધરતીપર ઊગતા નવા અર્થકારણે અને વેપારી મૂડીની રાજકીય ઘટનાએ સમાજના નવા કલેવરની ઘટના પહેલાંનો લોકજુવાળ ચડવા માંડ્યો હતો ફ્રાન્સમાંથી ઉછાળો મારીને એ લોકજુવાળ યુરોપની ધરતીપર ધમધોકાર ધસતો ઇંગ્લંડ પર કદમ ઉઠાવતો હતો.

એ જુવાળના પ્રચારકો બનીને જુવાન પાદરીઓ ભટકતા ફરતા હતા. ખાનગી સભાઓ કરતા હતા. સૂચનાઓ આપતા લેતા

હતા અને એકથી બીજે ફરતા મહાસમાજ મંડળની કારવાહી આગળ ધપાવતા હતા.

એ કારવાહીની ઊડતી વાતો ઊપલા વર્ગના આગેવાનોના કાનમાં અથડાતી હતી. એ અફવાનો બનેલો હોય એવો એક જુવાન પાદરી ભગવાન ઈસુના પૃથ્વીપર ઊતરવાના સમાનરાજની વાતો કહેતો ફરતો હતો. એનું નામ જોન બોલ હતું. લોકનાયકો એના પર મુગ્ધ હતા, લોકનજર એની સીધી સાદી તસવીરને ભૂલ્યા વિના યાદ કરતી હતી. એ સાધુ હતો અને ગરીબોના સંગમાં રખડતો રહેતો હતો.

એણે લાંબો ઘેરો ઝબ્બો ઓઢયો હતો. એની બગલથેલીમાં બાઈબલ હતું. એનો પડછંદ ઊંચો દેહ કાળાં ઝુલ્ફાંની વચ્ચે ચળકાટ મારતી આંખોની નજર ફેરવીને પેલા પુસ્તકનો એક જ સાર અનેક રીતે નીચોવી નીચોવીને સમજાવતો હતો કે "...ત્યારે આ ધરતીપર જેવું સ્વર્ગમાં છે તેવું માલિક—માનવી વિનાનું સમાન શ્રમ માનવોનું રાજ સ્થપાશે."

"ક્યારે...!" બોલતો મેદની એનાં ફૂલતાં નસ્કોરાંની કિનારીપરથી એના વિશાળ ભાલપર મીટ માંડતી નિસાસાનો શ્વાસ ખેંચતી અહોભાવ અને બહુમાનની ભાવ ધરતી હતી.

પાછો એ જ સાધુ કોઈ ગુપ્ત મંડળી સાથે ગુફતેગો કરતો ચૂપચાપ બેસતો હતો. એની ભૂખરી આંખો ત્યારે ગેલીલીના કિનારાપર રખડતા જુવાન ઈસુ જેવી ઉગ્ર બનતી એના આખા ચહેરાપર ગહન છાયા પાથરતી કોઈ યોજનાને ઉકેલતી હોય તેમ દૂરદૂર જોઈ રહેતી હતી.

એણે ૧૩૬૬ની સાલથી આ રઝળપાટ શરૂ કર્યો હતો. એણે જાહેર સભાઓમાં નવી આશાઓ ઉભરાવી હતી. એના પર જમીન-

દાર ઇસાઈ આચાર્યોની આંખ લાલ બની ચૂકી હતી. એનાપર ધર્મની અદાલતના હથિયારબંધ કાસદો એકવાર ગિરફતારી લાવ્યા. બોકીંગના ધર્મવડાએ એનાપર કામ ચલાવ્યું ઇસુના સ્વર્ગમાં છે તેવા સમાનરાજને પૃથ્વીપર ઉતારવાની વાત પૃથ્વીના ગરીબ લોકોને સમજાવવાના ગુના માટે એને કારાગારમાં પૂરવામાં આવ્યો. વરસો પછીની ધર્મની યાતનાઓ સહ્યા પછી એ પાદરી પાછો આવીને ફરી વાર એક ચૌટાપરથી લોકોની મેદનીને એની એ જ વાત કહેતો હતો.

"એણે આમવર્ગને ખુશ કરવા માટે ભગવાનનો અપરાધ કર્યો છે." બોલતા સુડબરીના ધર્મવડાએ એને ચેતવણી આપી અને કોઈ પણ દેવળ કે દેવળના વાડામાં વ્યાખ્યાન આપવાની કે વાત કરવાની મના ફરમાવી. અને તોયે એ એક ગામના પાદર પર ભેગી થયેલી ગરીબ જનતાને સંબોધતો હતો.

"પ્યારા દોસ્તો, જ્યાં સુધી તમામ મિલકત તમામ લોક જનતાની સંઘ માલિકની ન બને, ત્યાં સુધી ઇંગ્લેંડમાં કોઇ સુખે જંપી શકવાનું નથી. આપણને ગુલામ બનાવનાર માલિકોની કોઈને જરૂર નથી. આપણે આદમ અને ઇવનાં સમાન ફરજંદો છીએ. આપણા માલિક બનવાનો ઉમરાવોને કોઈ અધિકાર નથી...દોસ્તો, આપણે એક સાથે હજારોની સંખ્યામાં લંડન પર કૂચ લઇ જઈએ. આપણે આપણી ફરિયાદો એક સાથે રાજાને સંભળાવીએ. રાજા જુવાન છે અને સમજુ છે...પણ આપણને સમજવાની એ પણ ના પાડશે તો આપણે આપણી દશાને બદલવાનો ઉપાય આપણા હાથમાં લેવો પડશે."

મહાન-સમાજનો નવો કાર્યક્રમ ઘડાઈ ચૂક્યો હતો. મહા-સમાજ મંડળનો આ રખડુ સાધુ ચોંકાવનારી નવી કારવાહી

બોલતો હતો. એને પકડવા અધિકારીઓના નામચીન કાસદો દોડતા હતા.

જાણે ક્રોમવેલિયન અને ફ્રેંચ ક્રાન્તિના પડછાયા ઊભરાવતો આ જુવાન સાધુ માનવી માત્રના સમાન અધિકારણના મૂળાક્ષર વેરતો ભોમ–ભીતર ફરતો હતો, અને વર્ગરાજકારણના પાયા નાખતો અંગ્રેજ જમીનપર આગ બનીને પથરાતો હતો. રજવાડા શાહીનો નીચલો થર ઊકળતો ચરુ બનતો હતો. આગળ વધવા માગતી સમાજ ઘટનાનાં તમામ પરિબળો આ જેહાદ સાથે ભમતાં હતાં. રજવાડી કોચલાને તોડી નાખવાની તમન્ના શાસકવર્ગ વિનાના તમામ શિરોમાં નવજીવન રેડતી ચમકતી હતી. નવા નવા આગેવાનો આગળ આવતા હતા. ક્રાન્તિનું નવું સાહિત્ય રચાતું હતું. સાહિત્યનાં કવનમાં નવી બાની વેગ ધરતી હતી. જાણતાં અજાણતાં શાસક વર્ગ તરફનો ધિક્કાર સામુદાયિક બનતો હતો.

ત્યારે ચોસર રાજકવિ હતો, લેંગલેન્ડ મધ્યમ વર્ગનો કવિ હતો. બંનેની આંખો આ હિલચાલને દેખતી હતી, બન્નેના કાન નવા અવાજ સાંભળતા હતા. પણ ચોસરની જીભ દોલત અને રાજસત્તાની ચારણી બનતી હતી, લેંગલેન્ડનાં કવન કચડાતી માનવતાને બિરદાવતાં હતાં અને રાજન્યો તથા પુરોહિતોનાં પાતકો તરફ ફિટકાર વરસાવતાં હતાં, અને ગરીબ જનતાની ઝૂંપડીપર માનવતાભરી ઊર્મિઓ ઊભરાવતાં હતાં, પણ ન્યાય માગતી એ માનવતા લડાયક કારવાહીના નામમાં ઊભી થતી જોતો એ કવિ પણ વાસ્તવતાના તાપ આગળ ઓગળી જતો ઊર્મિઓને રોકી શકતો નહોતો.

અને જોન બોલ પાછો પકડાતો હતો. હવે એનો છુટકારો શક્ય નહોતો. એની એક આશા જનતા હતી. એનો છેલ્લો સંદેશ લોકજનતાની લડાયક કારવાહી માટે એ હતો કે,

"જે મહાન જનતાના નામમાં મેં લડાયક ઘંટાનાદ વગાડ્યો છે તેને મારાં અભિનંદન સાથે મારો એક જ સંદેશ એ છે, કે હવે તમારે તમારા લડાયક નિરધાર સાથે, લડાયક આવડત સાથે અને તમારા માનવીહક્કના લડાયક પરિબળ સાથે મોરચાપર કદમ ઉઠાવવાનો છે, ભગવાન તમારા દરેક કદમનો વેગ બઢાવો."

અને ધિક્કાર પામેલા પોલ કરને ઉઘરાવવા રાજાના ઉઘરાતદારો આવ્યા. કોરીંગહામ અને સ્ટેનફોર્ડના લોકોએ કર આપવાની ના પાડી દીધી, શ્રમજીવી લોકપર ખાસ લદાયેલો ધારો નકારાયો અને સરકારની ફરતી અદાલત લઈને થોમસ બેંપટન હથિયારબંધ ઘોડેસ્વારો સાથે આવી પહોંચ્યો. મે મહિનાના એ ત્રીસમા દિવસે કાયદો તોડનાર લોકોને હાજર થવાનું ફરમાન નીકળ્યું.

અને લોકો હાજર થતા હતા.

"પણ આ રીતે?" બેંપટનની હામ હારી ગઈ, જે હતાં તે હથિયાર લઈને ધૂંધવાતો લોક એકઠો થતો હતો અને બેકર મહાસમાજ મંડળના નામમાં સૌને સંબોધતો હતો:

"એને ગિરફતાર કરો" બેંપટન વિફર્યો. પણ ગામના ઉશ્કેરાયેલા લોકોએ એના રસાલાપર હલ્લો કર્યો.

મહાસમાજ મંડળની ગ્રામકમિટીએ ઉતાવળો નિર્ણય લીધો અને તે લઈને ચારે બાજુના ગામમાં દુતો દોડ્યા. આદમ અને રોગર ઉતાવળા ઇસેક્સ આવ્યા અને મેની ૩૧મીએ જાહેર કર્યું:

"અમે શરૂ કરી દીધું છે."

અને આ બળવાખોરો તરફ રાજસભાએ લશ્કરની ટુકડીઓ રવાના કરી. બળવાખોરોને પકડીને તેમના આગેવાનોને લટકાવી દેવાની લશ્કરને આજ્ઞા હતી, પણ બળવાખોરોએ ભાગી જવા લશ્કરના આગેવાનોને પકડ્યા. પોલ કરને નાબૂદ કરવા વિષે તેમને

સમજાવ્યું અને લંડનના રાજા પાસે પાછા જીવતા રવાના થવા દીધા, પણ પેલા થોમસ બેંપટનપર ક્રાન્તિની અદાલતે કામ ચલાવ્યું અને તેનું જાલીમ માથું ઉતારી લીધું.

અને જ્યાં ને ત્યાં એક સાથે કિસાન જનતા જાગી ઊઠી, જ્યાં ને ત્યાં પોલધારાના ઉઘરાતદારોપર હલ્લા થયા. પોલ કરની અદાલતો ધૂળભેગી થવા લાગી.

પણ ત્યારે જ ડાર્ટફોર્ડમાં તો પોલ કર ઉઘરાવાતો હતો. ઉંમરલાયક દરેક શરીરે પોતાના મહેનતાણામાંથી તે દેવાનો હતો.

" મારી દીકરી ઉંમરલાયક નથી. " જોન ટીલરની ઘરવાળીએ ચીસ પાડી.

" ને તારો માટીડો..."

" ગયો છે. "

" મહાસમાજમાં ? " બોલતા ઉઘરાતદારે જોન ટીલરની જુવાન દીકરી ઉંમરલાયક છે કે નહિ તે જોવા તેને પકડીને ઊંચી કરી.

પણ મહાસમાજની ખાનગી સમિતમાં બેઠેલો જોન આ બૂમરાણ સાંભળીને ઘરમાંથી છલંગ મારીને બહાર આવ્યો. વડા અમલદાર પર એક ફટકો વિંઝાયો અને ગામને પાદરે ભુંગિયો ગાજ્યો.

અને સમાચાર ફેલાયા, " રોચેસ્ટર કિલ્લાપર લોકકટક ચઢ્યું છે. "

આખા દિવસ સુધી કિલ્લાપર ચઢેલા લોકકટક સામે લશ્કર લડ્યું પણ આથમતા સુરજ વખતે કિલ્લો પડ્યો અને રોચેસ્ટરનાં કારાગાર ઊઘડી ગયાં. તમામ કેદીઓને છૂટકારા મળ્યા. એ કેદીઓમાંનો એક મહાસમાજનો આગેવાન બેલીંગ હતો. અને ગામેગામના કસ્બાઓ પર લોકકૂચો ચાલી, કસ્બાઓની અદાલતો પર મહાસમાજની આણ ફરકી, કસ્બાઓના કારાગારોનાં કમાડ ખૂલી ગયાં. પોલ કર નહિ ભરનારા કિસાનો કારાગારોમાંથી બહાર નીકળ્યા ને મહાસમાજના ક્રાન્ત સમારંભો ગાજતા થયા.

જેવું સ્વર્ગમાં હતું તેવું પૃથ્વીપર ઉતારવા

ઈસુની ૧૩૮૧ની સાલ, જેવું સ્વર્ગમાં હતું તેવું માલિક અને હાલી વિનાનું સમાનરાજ પૃથ્વીપર ઉતારવાની હાકલ કરતી બાગી બની.

અને કાયદો જાળવવાના રજવાડી કકળાટ કથળતા દોડતા હતા. રાજઆજ્ઞાઓ ઉથાપાઈ હતી, ચાલતી આવતી પ્રથા તૂટતી હતી. ધરતીની ધૂળમાં રગદોળાયેલી જનતા માથું ઊંચકતી હતી, હાહાકાર વરતાયા હતા. શાસકોના વર્ગ માટે આથી વધારે આફત કઈ હતી? સ્થાપિત હિતોનાં ભીંતડાં ડોલી ઊડતાં હતાં. અકરાંતિયાઓને અપશુકનના ઓળા ભીંસતા હતા. આ આફતને ટાળવા રાજન્યો અને સામંતો બધું કરી છૂટવા તૈયાર હતા, ઈસુના નામને શાસકોને ત્યાં વેચી ચૂકેલા ધર્માચાર્યો, અને જમીનદારો હાંફતા હતા. એમની નજરસામે વિફરેલી લોકજનતા ડાકુ દેખાતી હતી, ખૂની જણાતી હતી. ધર્મનો લોપ અટકાવવાની એ આચાર્યોની ભુમરાણ રાજાના લશ્કરોમાંથી સંભળાતી હતી.

અને ગામેગામનાં ઈસાઈ ધર્મમઠોની જાગીરો લૂંટાતી હતી. જમીનદાર ધર્માચાર્યોના ચોપડા સળગતા હતા. હાલી પ્રજાનો નાશ જનહાકલ બન્યો હતો. કારાગારો ખૂલતાં હતાં. કચેરીઓની ધારા પોથીઓ ખાખ થતી હતી. જમીનદારો ને ઉમરાતદારો લંડનના રસ્તે રખવાળાં શોધતા ભાગતા હતા.

મીડસ્ટોનપર મહાસમાજની આણ બેઠી હતી. મીડસ્ટોનમાં મહાસમાજ મંડળોની સંગ્રામ સમિતિ બેસતી હતી. મીડસ્ટોનમાં એકઠાં થતાં લડાયક જોમની ઘટના ઘડાતી હતી. મીડસ્ટોનની સંગ્રામ સમિતિ વોટ–ટીલરને પોતાનો આગેવાન ચૂંટતી હતી.

"આઝાદ અને સુખી ઇંગ્લેન્ડ ઘડવા" વોટ લોકકટકની સંગ્રામ સમિતિઓને અનુસંધાન આપતો હતો. ધરતીનાં દીકરા દીકરીઓ એ કિસાન જુવાનની આજ્ઞાઓ ઉપાડવા પ્રાણ પાથરતાં અધીરાં બનતાં હતાં. વોટ–ટીલરનો પ્રાણ આઝાદ અને સુખી ઇંગ્લેંડની નેમ તાકીને લંડનના પાટનગરપર લોક–કૂચનો પયગામ બોલતો હતો.

ત્યાં ઇંગ્લેન્ડનો ઊંચો જન્મેલો રાજા રાજદંડ ધરીને રાજન્યો અને શાસકોનો તાજ પહેરીને બેઠો હતો. એ તાજ અને એ દંડપર ઇસાઈ પુરોહિતોએ ધર્મસંસ્થાના એક લાખ આશીર્વાદ છાંટ્યા હતા. એ દંડ પાછળ લાખ લશ્કરે કવાયતો કરી હતી. એ તાજની આસપાસ શેકસપિયરો નાટકો રચતા હતા, પંડિતો પંડિતાઈ લખતા હતા, ચારણો કસુંબા ઘોળતા હતા, દરબારીઓ મુજરો ભરતા હતા.

તે તાજ અને તે દંડની પ્રથા બદલવા, આઝાદ અને સમાન સુખી ઇંગ્લેન્ડ સર્જવા વોટ–ટીલર નામના એક કિસાનના દીકરાની સરદારી નીચે લોકકટક લોકકૂચ કરતું હતું. ઇતિહાસની પગદંડી પર નવા કદમ પેશ થતા હતા. કિસાનો અને કારીગરોના દીકરા હળને હડસેલીને, માટીની મહેનતવાળા ધૂળ ભરેલા લેબાસ ધરીને, સીધાંસાદાં આયુધ ધરીને ઊંચા જન્મેલા રજવાડાની ભપકભરી સત્તાની ધુરા કાઢવા કૂચ કરતા હતા. દરબારીઓ અને દરબારણોનાં જળહળતાં જવાહીરોના અલંકાર ઝાંખા પડતા હતા. ધર્મના ઈસાઈ ગુરુઓ વેંતિયા દેખાતા હતા, રાજ–શાસનની સમશેર ધ્રૂજી ઊઠી

હતી. રાજ્યકુંઓની પંડિતાઈ પાંગળી બનીને થરથરતી હતી.

"પણ એમની માગણીઓ ?" રાજા રીચર્ડની જુવાની એક પળમાં જર્જર બનતી પૂછતી હતી.

"આપણા કાયદાની કતલ કરવાની, આપણા શાસનના પાયા તોડવાની, આપણી સત્તાનો સંહાર કરવાની એમની માગણીઓ...કોઈ હાલી નહિ કોઈ માલિક નહિ...હદ આવી ગઈ છે નામદાર...!"

અને નામદારની આંખ સામે લોકજનતાનો આ અપરાધ અક્ષમ્ય દેખાતો હતો.

"પણ આ બધાનો સરદાર ? જેન બોલ તો કારાગારમાં..." રાજાની જીભ તાળવે ચોંટતી હતી.

"આ બધાનો સરદાર...બિલકુલ નીચ જાતનો કારીગર મોટા મોંઢાવાળો, બુલંદ અવાજવાળો એક વોટ-ટીલર...એકદમ રાક્ષસ જેવો લોક વરણનો આગેવાન—"

અંગ્રેજી સલ્તનતના દોડતા દૂતો હાંફતા સમાચારોના શોર મચાવતા હતા.

પણ લોક-કટક તો હજારોની સંખ્યામાં કેંટરબરી પહોંચતું હતું. આખુંય શહેર જાણે આ મહાસમાજ મંડળની લોકસેના અને સેનાનીને દેખવા ઉપરતળે થતી હતી. એ કિસાનકૂચના આગેવાનો સામાન્ય માણસો હતા. એમના દિલમાં ભૂખનું, અપમાનનું, ગુલામીનું દુઃખ દરદ હતું. તેની અરજી ઘડીને, સુધારા માગતી એ કિસાનકૂચ કેન્ટરબરીમાં પહોંચતી હતી. સારાયે નગરપર એનો જયકાર ગાજતો હતો. એની સંખ્યામાં ચારે દિશાઓના રસ્તાઓમાંથી બીજી કૂચો ઊભરાતી ભેગી થતી હતી.

કેન્ટરબરીનાં ગરીબોએ, મધ્યમ વર્ગના ધંધાદારીઓએ આ કૂચનું સ્વાગત કર્યું. એના માનમાં મંડપો બંધાયા, ખાણાં પીણાં

ગોઠવાયાં. પછી રજવાડી નોકરશાહીનાં જ રખોપાં કરતો કેન્ટરબરીનો સુડબરી નામનો ધર્માચાર્ય એના આવાસમાં ધ્રૂજતો હતો. ઈસુની જૂની યાદને જીવતી કરતો લોકસમુદાય ઘોડે ચઢીને એના પ્રાસાદની આસપાસ ઘેરો ઘાલતો હતો. કેન્ટબરીનો ધર્મવડો ભાગતો હતો. ધર્મમહાલયના દોલતથી ઊભરાતા ખંડમાં કિસાનો ફરતા હતા. ધર્મની જમીનદારીના તમામ ચોપડાઓ, ધર્મના ફતવાઓ, અને બીજા ઢગલાઓપર અગ્નિદાહ થતો હતો.

ત્યારે ટીલર એક મોટા ધર્મખંડમાં સાધુઓની પરિષદમાં ઉતાવળો પહોંચતો હતો. સાધુ બનેલા મધ્યમવર્ગના દીકરાઓનો મોટો ભાગ લોકજનતાને સમાનરાજ સ્થાપવાનો ઈસુએ જાગતો કરેલો માનવધર્મ મુગ્ધ બનીને સાંભળતા હતા. " જાલીમ રજવાડાએ ઊભો કરેલો ધર્મવડો ભાગી ગયો છે...તમારે તમારો ધર્મવડો ચૂંટી કાઢવો જોઈએ " ટીલર ધર્મખંડમાં વધારે મહાન દેખાતો આખાય ખંડમાં ઊભરાતો સમજાવતો હતો.

" ટીલર...વોટ-ટીલર " ધર્મ મેદની એની અંદર કચડાતી માનવતાનો પહેલો આર્તનાદ ઊઠાવતો ઈસાઈ વડો દેખતી પોતાનો મત બૂમ પાડીને બોલતી હતી.

" આપણી સમાજ ઘટનાને મહાસમાજ મંડળના પાયામાં નવી રચવા અમે રૂકાવટખોર રજવાડી કરચલાંઓને સીધાં કરવા આગળ વધીએ છીએ પણ તમે બધાય નાગરિકોની સભા બોલાવો અને નાગરિકોની સમિતિ કેન્ટરબરીનો રાજકારભાર હાથ કરો..."

પછી કેન્ટરબરીપર લોકસમિતિ ચૂંટાઈ. કેન્ટરબરીની લોક-અદાલતે પકડાયેલા ધર્મવડાનો ન્યાય જોખ્યો અને તેને લોકજાલીમ જાહેર કરી દેહાંત દંડ આપ્યો.

અને લોકકટકની ગગડતી નોબતોનો કાન્ત શોર આગળ

વધ્યો. મીડસ્ટોનથી આવતી વિરાટ કૂચ અને લશ્કરી ટુકડીઓ પણ ટીલરની લોકસેનામાં જોડાઈ ગઈ. રોચેસ્ટર તરફ માનવ સમુદાયોના લડાયક કદમ આગળ વધ્યા.

રોચેસ્ટરના કિલ્લાનો ગઢવી ન્યુટન પકડાયો. રોચેસ્ટરના ઉમરાવોને વિરાટની કૂચ–કમિટિએ ગિરફતાર કર્યા ઈંગ્લેન્ડની આમ–જનતાના ત્રીસહજાર લડાયકોના નેજા ફરકયા. લોકસૂત્રો ગગનભેદી બન્યાં. વિરાટની પકડ લોકજાલીમ બનેલા જમીનદારો અને ઉમરાવોનો ન્યાય ચૂકવતી, તેમના ખૂનખાર પ્રાસાદોને જમીનદોસ્ત કરતી, લોક–દુશ્મનોનો ન્યાય ચૂકવતી અંગ્રેજી પાટનગરપર આગળ વધી.

લોકઝંડાઓ પહેલીવાર ફરકી ઊઠયા. લોકલાગણી લોક જેહાદનું સંગઠન સંભાળવા બેઠી. લોકવેદના લડાયક બનીને કદમ-જોશ કરતી આગળ વધી. લોકજનતાનાં સમાન અને ઉન્નત માથાં ઈસુએ રચેલા સ્વર્ગના સમાનરાજને પૃથ્વીપર ઉતારવા આકાશે અડયા. લોક–કદમ ધરતીની ધા નાખતા જમીનપર રોપાયેલા રુદ બન્યા. લોકનેમની અનિમિષ નજરમાં લાખ ઉષાઓ ચમકતી બની. લોક–અનુસંધાનમાં ઇતિહાસી ન્યાય માનવી માનવી વચ્ચેની બિરાદરીને બુલન્દ કરતો આગળ વધ્યો.

જોન બોલની લડાયક બાની વિરાટ કલેવરમાં મૂર્ત બની ગઈ. મહાસમાજના પ્રચારકોએ પાઠવેલો પ્રાણ પ્રજળતો થયો. જનજંગોલ બનેલી જનતા આવતીકાલના મહાસમાજને રોશન કરવા નીકળી પડી. ઇતિહાસનાં વાસેલાં કમાડપર વિરાટ માનવનો ટકોરો વાગ્યો.

૧૩૮૧ના જૂનના ૧૨મા દિવસે લંડનના મહાસમાજ મંડળનો પ્રતિનિધિ હોર્ન લોક–ફોજના ચૂંટાયેલા સરદાર ટીલરને મળવા બ્લેકહીથ આવ્યો અને લંડનપરની કૂચની યોજના નક્કી થઈ. સીંબલે લંડન–પુલપર કબજો કરવાનો હતો ટોમ આલ્ડગેટ પર કાબૂ જમાવવાનો હતો. પછી હોર્ન લંડન પાછો ગયો. લંડનના મહાસમાજ

મંડળની સભા રાતોરાત મળી અને છેવટની વિગતો વિચારાઈ.

જૂનનો ૧૩મો દિવસ કોર્પસક્રીસ્તી દિન હતો. એ પવિત્ર દિવસની ઊજવણીમાં આખીય કિસાન ફોજ અર્ધચંદ્રાકારમાં ગોઠવાઈ ગઈ હતી. અનેક નેજાઓ ફરફરી ઊડ્યા હતા. બળવાની નોબત ગગડતી હતી.

જોન બોલ સાઠ હજાર બળવાખોર કિસાન સૈનિકોજોગ પ્રવચન બોલતો હતો. મહાસમાજ મંડળના સમાન બાંધવતાના સિદ્ધાંતોને હલ કરવા લંડન નગરપર ગાદીનશીન સરકારી તંત્રને તોડી નાખ્યા વિના બીજો કોઈ ઉપાય રહ્યો નહોતો. જેવું સ્વર્ગમાં છે, તેવું પૃથ્વી પર ઉતારવા માટે આપણા વિના, આમવર્ગ વિના, બીજું કોઈ વધારે લાયક નથી એ વાત ઇતિહાસની સાક્ષી સમજાવીને સ્પષ્ટ કરતો હતો.

પછી કિસાનફોજની સંગ્રામ સમિતિ જાહેરનામું ઘડવા બેઠી. મહાસમાજ મંડળનું જાહેરનામું લઈને બળવખોર ફોજનો દૂત ઘોડાપર ચઢીને ટાવરપર પહોંચ્યો. ટાવરમાં બેઠેલા રાજદરબાર સામે એ લોકદૂતને આવવા દેવામાં આવ્યો.

"તમે જે કામ માટે આવ્યા હો તેની રજૂઆત કરો, તમે અમારા ગુનેગાર છો" રાજદરબારનો મુખ્ય અધિકારી તડૂકી રહ્યો.

અને કિસાનફોજનો લોકસામંત લોકફોજનો સંદેશ આપતો બોલ્યો, "અમારી સંગ્રામ-સમિતિ રાજાની મુલાકાત માગે છે, અમે એમની સલામતીની ખાતરી આપીએ છીએ."

અને લોકદૂત જવાબ માગતો ટાવરમાં ઊતર્યો હતો. રાજ-દરબારમાં કોલાહલ જાગ્યો હતો. રાજદરબારીઓ લંડનપર ઉમટેલા સાઠ હજારના લોકકટકપર થરથરતા દેખતા, શું કરવું તે વિચારતા હતા. રોથરહીથપર લોકસંગ્રામના આગેવાનો બેઠેલા રાજાને મળવા માગતા હતા. છેવટે રાજાને તૈયાર કરવામાં

આવ્યો. રોધરહીથના કિનારે પહોંચવા રાજાની નૌકા શણગારાઈ. રોધરહીથની બળવાખોર જમાવટે રાજનૌકાને આવતી દેખી. એક મોટી કિકિયારી ગાજી ઊઠી. લોકસૂત્રો ગગનભેદી બન્યાં. નૌકામાં બેઠેલા રાજા અને પ્રધાનો કંપી ઊઠ્યા. નદીની વચ્ચોવચ્ચ રાજનૌકામાં બેઠેલા ઝોલે ચઢ્યા. રોધરહીથના કિનારાથી થોડે દૂર નૌકા થંભાવીને રાજાસાહેબ બોલ્યા, "બોલો, તમારી માગણીઓ સાંભળવા હું જાતે આવ્યો છું."

"નામદાર નીચે ઊતરો, કિનારે આવો. અમારે રીતસર વાત કરવી છે."

અને રાજા અને પ્રધાનોની આશંકા થથરી ઊઠી, "આપણી નૌકા ઉતાવળી પાછી વાળી લો." રાજાસાહેબ અને પ્રધાનોએ પાછા વળવાના હુકમ આપ્યા. અને રાજનૌકા પર એલીસબરી ઊંચો ઊઠ્યો અને દબદબાવાળું ગળું ફુલાવતો બોલ્યો, "હે નાગરિકો, તમારા પોશાક બરાબર નથી અને વળી તમે મહારાજા સાથે વાત કરવાને લાયક દશામાં પણ દેખાતા નથી."

અને ઉતાવળી પાછી ફરતી રાજનૌકા પર લોકફીટકારનો પૂણ્યપ્રકોપ વરસ્યો.

પછી પાછી સંગ્રામ-સમિતિ બેઠી. રાજાની સાન ઠેકાણે લાવવા લંડનપર ચઢાઈ કર્યા વિના નહિ ચાલે, તે સમજાઈ ગયું, અને લોક કદમ ઉતાવળા ઊપડ્યા. બ્યુગલો ફૂંકાયાં. લંડનપર ચઢવાનાં ફરમાન ફરકી ઊઠ્યાં.

અને લંડનનો પુલ પડ્યો. લંડનના નગરપતિ વોલવર્થે ફ્લેમીશ વેશ્યાઓને ભાડે આપેલા મોટા આવાસ સળગી ઊઠ્યા, નફાખોરોના પ્રાસાદો કબજે લેવાયા. બેઉ બાજુથી એક સાથે લંડનપર લોકકટક ચઢ્યાં. લંડનના આમવર્ગે લોકજુવાળ ને અભિનંદતાં સામૈયાં કર્યાં.

હાઈબરી પર લંડનના મહાસમાજના લોકલડવૈયા ચઢ્યા. ઓલ્ડગેટ, અને આલ્ડરમેન લંડનના પુલનો બચાવ કરવા અડગ બનીને ઊભા.

સેવોયપર લોકકટકનો પૂણ્યપ્રકોપ પ્રજળી ઊઠ્યો. સેવોયપર મહાસંહાર ભભૂકી ઊઠ્યો. ફ્રેંચ અને અંગ્રેજી જનતા પાસેથી લૂંટેલા શ્રીમંત ડાકુઓના સેવોયના ખજાનાપર આગ ઊમટી સેવોયને ધરાશાયી કર્યા પછી લોકજનતાપર જુલ્મગાર બની ચૂકેલા ધર્મના મઠપર હલ્લો આવ્યો. ધર્મના પ્રાસાદોમાં સંતાયેલા રજવાડી સામંતો, સલાહકારો અને દરબારીઓ ઉપરતળે થતા ભાગતા હતા. રાજકોઠી પર લોકઆક્રમણ ચઢ્યું. સરકારના જાલીમ કાયદાઓને અગ્નિદાહ દેવાયા. પછી ફ્લીટ કારાગારપર છાપા વાગ્યા. ન્યુગેટના એ નામચીન કારાગારનાં કમાડ તૂટી પડ્યાં ફીગ્સ બેન્ચ કારાગારનાં કમઠાણ હાલી ઊઠ્યાં શ્રમજીવીઓ સામેના કાયદાનાં કમઠાણ હાલી ઊઠ્યાં. જકડેલાઓનાં ધાડાં છૂટાં થયાં. રજવાડી શાસકોએ વર્ગન્યાયના જાલીમ ધારા રચીને કેદ કરેલા માનવોને લોક ઈન્સાફે મુક્ત કર્યા.

અને પછી લોકસંગ્રામના સામંતો લંડન ટાવરપર ચઢાઈ કરતા પહેલાં રજવાડી દરબારીઓ, નફાખોરો, જમીનદારો, પ્રધાનો અને પોલીસ વડાઓના લોકઅપરાધી નામોની યાદી કરતા હતા. લોકઈન્સાફ એ બધાંનો દેહાંત માગતો હતો.

એવા રજવાડી ડાકુઓમાં પહેલું નામ ઈંગ્લેંડભરમાં જાલીમ પૂરવાર થઈ ચૂકેલ રાજાના કાકા જોન ઓફ ગાઉન્ટનું હતું. પછી સુડબરી, હેલ્સ, કોર્ટની, લંડનનો ધર્મવડો, જોન લેગ વગેરે મુખ્ય હતા. એ બધા રાજરત્નોનો નાશ માગતો લોકજુવાળ હજુય રાજા સાથે વાતચીત માગતો હતો. રાજા પાસે કિસાન લડવૈયા તમામ ફરિયાદો રજુ કરવા માગતા હતા. રજવાડી સમાજઘટનાના બળવાખોર બનેલા કિસાન ઘટકમાં રાજા માટેનો અહોભાવ ઓગળી ગયો નહોતો. જો રાજાની આસપાસ પિશાચ બનીને ફરતા ધર્મગુરુઓ,

ઉમરાવો, દરબારીઓ, જમીનદારો અને વેપારીઓનાં કૂંડાળાં ભેદીને રાજાને સાચી વાત સમજાવી શકાય તો રાજા તેમની ન્યાય માગણીઓ જરૂર કબૂલે એવું કિસાન માનસ ભલુંભોળું હતું.

"તો તો રાજા ક્રાન્તિકારી બની જાય!" કિસાન આગેવાનોને સમજાવતો ટીલર કહેતો હતો, "રાજા સૌથી મોટો ધર્મગુરુ છે, સૌથી મોટો જમીનદાર છે, સૌથી મોટો ઉમરાવ છે, અને જાલીમ વિગ્રહખોર છે..."

"એમ તે કંઈ હોય!" કિસાન આમજનતાની આગેવાની રાજાની આસપાસ દિવ્ય કૂંડાળું દેખવા ભોળી બનતી હતી,

અને ટાવરપર હલ્લો કરતા પહેલાં એકવાર લોક માગણીઓ રાજા પાસે પેશ કરીને એકલા રાજાની મુલાકાત માગવામાં આવતી હતી. એ માગણી સાવ સાદી અને સરળ હતી તમામ હાલી કિસાનોના મુક્તિ, ખેડે તેની જમીન, વેપારની સમાન છૂટ અને ન્યાયનું સમાન ધોરણ. આ માગણીઓ ક્રાન્તિકારી નહોતી. જૂની સમાજ ઘટનાના પેટમાંથી બહાર નીકળતી મૂડીવાદી ઘટનાનાં કમાડ ખોલવા પૂરતી જ હતી, પરન્તુ અંધ રજવાડી ઘટના પ્રકાશના કોઈ પણ કિરણને પ્રવેશ કરવાની મના ફરમાવતી હતી.

અને રજવાડી ઘટનાની રાજસભા ટાવરની અંદર ગંભીર વિચાર કરવા બેઠી હતી. સૌને ઘોડે ચઢેલો મધ્યમવર્ગ દેખાતો હતો. ઉગ્ર બનેલો કિસાન ટાવરનાં કમાડ ઠોકતો સંભળાતો હતો. સળગતા જ્વાલામુખી પર બેઠેલો હોય એવો રજવાડી કૂપમંડૂકોનો કાફલો ઉપરતળે થતો હતો.

એ બધામાંથી માર્ગ કાઢવાની મસલતો પછી સેલીસબરી ઊભો થયો, અને યોજના બોલ્યો, "સૌથી પહેલાં આ બળવાખોરોને રૂવાબથી ધમકાવી ઘેર ચાલ્યા જવા ફરમાન કરવું. એટલેથી ન પતે તો વાટાઘાટો શરૂ કરવી અને વાટાઘાટોમાં એમના તમામ માગણીઓનો

સ્વીકાર કરીને આ આઠ હજારની ભુતાવળના નાયકોને તેમનાથી દૂર કરવા. પછી મીઠા શબ્દોની માવજત ચાલુ રાખી, એમની ગરમી-પર ઠંડુ પાણી છાંટી છાંટીને એકુથી બીજાને છૂટા પાડીને જોરદાર ઘા કરતા તૂટી પડવું."

અને રજવાડી સભાના તમામ દરબારીઓ સંમત થયા.

એટલે ટાવરના બુરજપરથી રાજા લોકફોજની જમાવટ સામે દેખાયો. કેથેરીન ડોક તરફ બળવાખોરનો મોટો ભાગ જમા થયો હતો. પછી રાજા બોલ્યો, "તમે બધા વિખરાઈ જતા હો તો હું તમને સૌને માફ કરું છું."

અને જવાબમાં લોકજુવાળનો કોપ ગરજી ઊઠયો. લોકફોજે તમામ માગણીઓ હલ કર્યા વિના, લોકઅપરાધીઓને દેહાંત દીધા વિના વિખરાવાની ના પાડી અને ટાવરમાં સંઘરાયેલા જાલીમોને લોક-ઈન્સાફ માટે સોંપી દેવાની માગણી મૂકી.

અને પાછળના દોરીસંચાર પ્રમાણે રાજા અંદર સંકોચાયો અને માગણીઓનું ખત લઈને દેખાયો, "આ તમારી મુખ્ય માગણીઓ છે. હુ તે બધી જ મંજૂર કરું છું. તમારા સૌના દેખતાં આ ખતપર મારી સીલ મારું છું."

અને રાજાએ ખતપત્રપર પોતાની સીલ લગાવી. પછી એક રાજખુરશીપર ચઢીને રાજાએ ખતપત્ર વાંચી સંભળાવ્યું.

"રાજા પોતાના આમવર્ગની વફાદારી માટે આભારી છે. તેમના બધા ગુનાઓ માફ કરે છે. દરેકને ઘેર જવા ફરમાવે છે તથા તેમનાં તમામ ફરિયાદો ઘેર જઈને લેખિત મોકલવા સૂચવે છે તથા ત્યારપછી આખા રાજ્યના અને આમવર્ગના હિતની દષ્ટિએ પોતાના ઉમરાવોની સલાહ પ્રમાણે તમામ પગલાં લેવાનું વચન આપે છે."

પણ પાછો લોકપ્રકોપ સળગી ઊઠયો, અને આ ખતપત્ર

ઘડનાર દરબારીઓનાં માથાં માગતી લોકમેદનીની ઉગ્ર ગર્જનાઓ વધારે વિકરાળ બની. રાજાને આખરીનામું પેશ થયું, " અમને આમવર્ગને તાબડતોબ મુલાકાત આપો. નહિ તો થોડા જ કલાકમાં મોતને ભેટવા તૈયાર થઈ જાઓ. "

અને રાજસભાએ છેલ્લો પાસો નાખવાનો તાકીદનો નિર્ણય લીધો. માઈલઍન્ડના ચોગાનમાં તમામ આમવર્ગને એકઠા થવાનું કહેણુ મોકલવામાં આવ્યું, " આવતી કાલે બાર વાગ્યે હું પોતે આમવર્ગના પ્રતિનિધિઓની માગણીઓ મંજૂર કરવા માટે તેમને મુલાકાત આપવા માઈલઍન્ડમાં આવી પહોંચીશ. "

રાજા અને રાજમાતા ટાવરના ઊંચા બૂરજપર ચઢીને સૈકા-જૂના પાટનગરપર દેખતાં ઊભાં હતાં. ટાવરની ઊંચાઈ નીચે પથરાયેલા અંગ્રેજી ભૂમિપરના એ સૌથી મોટા નગરમાં એની સત્તા વિલાઈ ગઈ હતી. એના રાજદંડના પુરાણુદાર આજે પાટનગર પરથી પરવારી ગયા હતા. જુન મહિનાની વિકરાળ રાત્રિ એના મિનારાને હચમચાવતી હતી, એના પગ નીચેની ધરતી સરી જતી હતી.

એ બધાના પાયા હલાવી નાખતો આમલોક બાગી બનીને ટાવરની ચારેકોર પથરાયો હતો અને ટાવરના કાળ જૂના પ્રાસાદમાં કેદી બનેલા રાજવીપર રોષે ભરાયેલો ચોકી કરતો હતો. દૂર દૂર ક્ષિતિજમાં રજવાડી ઉપલાવર્ગનાં રંગભવનો ભડભડાટ સળગતાં હતાં. સત્તા એક પળવારમાં સરી ગઈ હતી. રાજદંડને કાળની એક જ ફૂંકે પક્ષાઘાતી બનાવી દીધો હતો. આમતાકાતનો એક ફૂંફાડો એની લશ્કરી હરોળોના સાંધા ઢીલા કરી નાખવાને બસ બન્યો હતો. મિજબાનીઓની લહેજતો હજુ તો એના જીભના ટેરવા પરથી સરી નહોતી, ત્યાં અદના માનવીના ઇન્સાફે એના દાંત ખાટા કરી નાખ્યા હતા.

●

પશ્ચિમ બાજુ સળગતા કારાગારની જ્વાલાઓ વેસ્ટમીનીસ્ટરના મહાલયોને મળવા દોડતી દેખાતી હતી, ક્લરકનવેલનાં ચોગાનોમાં નાઈટ્સ ટેંપલરની ઈમારતો સળગતી હતી અને જાણે હાથ લંબાવાયતો અગ્નિશિખાને અડી શકાય, તેટલે જ દૂર એના કાકા જોન ઓફ ગાઉન્ટનો મહાલય ભસ્મીભૂત બનતો હતો. આ મહામારીમાંથી બચવા જોન સ્કોટલેન્ડની સરહદ તરફ જીવ લઈને નાસી છૂટ્યો હતો.

બધું કેવું બદલાતું હતું! સેવા કરવા જ જન્મેલી લોકવરણ માગણીઓ માગતી હતી. શ્રમ કરીને ઉચ્ચ જાતિઓ માટે સાધન સામગ્રી બનાવનાર ને તેમના હુકમ પાળવા નિર્માયેલો શ્રમવર્ગ બળવાખોર બનતો હતો. નીચલા વર્ગોનો પડછાયો લેતાં પણ અભડાઈ જનાર રાજવંશમાં જ જન્મેલો એનો રાજવી શ્રમલોકને શરણે થઈને તેમને મળવા જવાનો હતો.

અને પછી પણ શું? છૂટો છવાયો હતો ત્યાં સુધી તો ઠીક હતો, પણ એકઠો, સંગઠિત અને લડાયક બનેલો લોક..." એ આખો થરથરી ઊઠ્યો. એની આંખ સામે પેલો સળગતો મહાલય વધારે ભયાનક બન્યો.

× × ×

પછી માઈલ એન્ડના ચોગાનમાં જવા માટે રાજાની સવારી નીકળી. લપાતો છૂપાતો અપરાધી લોકોનાં ટોળાં વચ્ચેથી લોકલાગણીઓના ગગનભેદી અવાજો વચ્ચે દોડ્યો જતો હતો. લોકપ્રકોપની લહેરોમાંથી ક્યારે શું થશે તેની ચિંતા નીચે ચંપાતો રાજ ઠઠારો માઈલએન્ડ પર પહોંચતો હતો. વધી જતા લોક જુવાળને રસ્તો કરવા ડ્યુક ઓફ કેન્ટ અને સર થોમસ હોલેન્ડ વિનવતા હતા. માઈલ એન્ડના મથક પહેલાં થોમસ ફેરીંગડન રાજાના રથના ઘોડાઓની લગામ થંભાવતો, "રાજસાહેબ આપની સાથે

બેઠેલા હેલ્સને અમારે સુપ્રત કરો, અમારે એનો ન્યાય જોખવો છે."

અને એ રોબર્ટ હેલ્સનો મહાલય સળગાવીને હમણાં જ પાછા ફરેલા ફેરીંગડનની વિકરાળ આંખમાં અગ્નિઝાળથી દાઝતો કહેતો હતો, "અમને જવા દો...જે ન્યાયી હશે, તે બધું જ થવા દેવાશે." અને ન્યાયની રાડ નાખતી એક ભરવાડણ નદી કિનારાપરની એક હોડીમાં બેસીને ભાગી જતા વડા ધર્મગુરુને પકડતી પાછો વાળતી હતી. રાજાની હારોહાર સમાજ જાલીમ બનેલો ધર્મપિશાચ, ઇસાઈ દેવળનો વડો એ આમર્ઇન્સાફની પકડમાંથી વછૂટતો પાછો રાજાના ટાવર તરફ ભાગી જતો હતો.

માઇલ એન્ડની કિનારીપર કિસાનફોજનો એક મોટો ભાગ પથરાયેલો ઊભો હતો. એ કિનારીથી દૂર અંદર રાજાનો શમિયાણો ગોઠવાયો હતો. રાજાશાહીના એ શમિયાણામાં પોતાના લોક-આગેવાનોને ગોઠવેલા રાખી લોકસેનાપતિ ટીલર પ્રતિનિધિમંડળ સાથે લોકહક્કપત્ર લઈને રાજાની મુલાકાત લેવા ઘોડેસવાર બનીને આગળ આવતો હતો. લોકફોજનો બીજો વિભાગ લંડનના ટાવર-પરનો ઘેરો ચાલુ રાખતો ત્યાં જ જમા રાખવામાં આવ્યો હતો.

ટીલરે રાજાની મુલાકાત લીધી. પોતાની લોકમાગણીઓનો ખરીતો પેશ કર્યો. એ ખરીતાની મુખ્ય માગણીઓ એ હતી કે, "આખા ઇંગ્લેંડપરના તમામ લોકઅપરાધીઓને પકડવાની અને તેમનો અંત આણવાની બળવાખોરોની સંગ્રામ–સમિતિને સત્તા આપવી અને અત્યાર સુધીમાં પેશ થયેલી તમામ માગણીઓ તાબડતોબ મંજૂર કરવી.

રાજાએ તમામ મંજૂરીનું ખતપત્ર બનાવ્યું. એ મંજૂરીપર પોતાનો સિક્કો મરાવ્યો અને એના અમલ માટે લોકપ્રતિનિધિઓને સત્તા સુપરત કરવાના નિશાન તરીકે પોતાના વાવટા આપ્યા. રાજાએ

લોકજનતાના પ્રતિનિધિઓને સત્તા સુપરત કરી અને વિનવણી મૂકી, "હવે તમે આ તમામને ઘેર પહોંચી જવાનાં ફરમાન આપશો ને!"

"હા, ધીમે ધીમે..." ટીલર રાજાની વિહ્વલ આંખમાં જોઈ રહ્યો.

અને વિજેતા બનેલી લોકફોજના પ્રતિનિધિઓનો ક્રાન્ત અમલ શરૂ થયો. ટીલરે પોતપોતાનાં ઘટકોના આગેવાનોની સભા કરી. લોકફોજના સેનાપતિએ દરેક ટુકડીઓને કામગીરી સોંપી. પછી લોકસેનાની ટીલર પોતાના ચુનંદા સાથે ટાવરમાં પેઠો. છએ જેટલા રાજસંત્રીઓએ કમાડ ખોલીને સલામ ભરી.

અને લોકઅપરાધીઓનો ઈન્સાફ શરૂ થયો. સડબરી અને હેલ્સ દેવળમાં જઈને આપઘાત કરીને મર્યા હતા. વડો ધર્મગુરુ ઈસુનો ક્રોસ બતાવતો પ્રવચન કરતો બોલ્યો, "મારો ઘાત કરશો, તો આખા ઈંગ્લેંડ પર શાપ વરસશે." ધર્મના વડાએ આજ સુધીમાં લોકજનતાપર ગુજારેલા અત્યાચારના એકેએક ઘા અંધારાના એ જાલીમ ઓળા સામે જીવતા થઈ ગયા. લોકપ્રકોપે પહેલા નંબરના લોકઅપરાધીને ગિરફતાર કર્યો. ધર્મના વડાનું માથું ઢીમચાપર ધરાયું ને જુદું થયું. પછી રાજાની ઉમરાવી અદાલતનો વડો જોન લેગ અને એ પેલેકાર વિકરાળ ન્યાયમાં વધેરાઈ ગયા.

લોકઅપરાધીઓનો ન્યાય તોળવા લોકઅદાલત શરણે આવેલા રાજાના નામમાં મંડાઈ ગઈ. એકેએક અપરાધીની આસપાસ ગોઝારાં બનેલાં ઘરબાર, ઊજડાઈ ગયેલા અંગમરોડ, સળગી ગયેલા સંસાર અને ગુલામી તથા ભૂખમરામાં હડસાયેલી અનેક યાતનાઓ ચિત્કાર કરતી જાગી ઊઠી. એ અપરાધીઓએ જમીનદારી હાકેમો સાથે મળીને જનતાને વીંધી હતી, ફટકા મારીને હલાલ કરી હતી, જંગલમાં હાંકી

કાઢી હતી, ભયાનક કારાગારોમાં સડાવી હતી, ઘરઘરપર અત્યાચારી આક્રમણો રોજનાં બન્યાં હતાં. આજે આમવર્ગની અદાલતમાં એ અપરાધીઓ શિક્ષાઓ સાંભળતા થરથરતા હતા.

લંડનના રાજાઓના મહાધામ જેવું લંડન ટાવર હવે બળવાની ફોજનું ધામ બન્યો હતો. રાજા એના રસાલા અને મા સાથે ઉમરાવો અને શ્રીમંતોનો આવાસ બનેલી કાર્ટર લેનમાં આવેલા લુડગેટ ટેકરી પરના પોતાના રોયલ વોરડ્રોબમાં રહેવા ગયો હતો. એ ટેકરીની આસપાસ પ્રતિક્રાન્તિના પડછાયા ભેગા થતા હતા. એ આવાસોમાં રાજા પોતાના વફાદાર સૈનિકો અને સરદારોની જમાવટ કરતો હતો, અને લોકસેનાની ટીલરને વિનવણી પાઠવતો હતો,

"હવે આપ આપની ટુકડીઓને રવાના કરો એવી ભલામણ છે."

અને વીશ હજાર કિસાન લડવૈયા બધું મળી ગયું એવું ધારતા ધીમે ધીમે રવાના થતા હતા. દશ હજારની ટુકડીઓને ટીલર જીલ્લાઓમાં બધું સરખું કરવા રવાના કરતો હતો. ત્રીસહજારની લોકફોજ લઈને ટીલર પોતે લંડનટાવરમાં રહીને રાજાએ સોંપેલી સત્તાનો અમલ કરતો ફરતો હતો.

ઈંગ્લેંડનો વડો નફાખોર અને જાલીમ રીચર્ડલીઓન્સ ગિરફતાર થતો હતો. માર્શાલસીના ભયાનક કારાગારનો વડો હાકેમ રીચર્ડ ઈનવર્થ લોકઅપરાધી બનીને પકડાઈને આવતો હતો. બન્ને જાલીમો-પર અદાલત દેહાંત ફરમાવતી હતી. એમ લંડનભરમાં લોકઅપરાધી-ઓની સાફસૂફી ચાલતી હતી.

પણ ત્યારે કાર્ટર લેનપર રજવાડી પડછાયા લોકપ્રકોપ બનેલા ક્રાન્ત પડછાયાપર ભયાનક કાવતરું રચતા ફરતા હતા.

ત્યારે ટીલર લંડનની સાફસૂફી કરતો રાજાની મુલાકાત માગતો કહાવતો હતો, "થોડાંક નવાં ધોરણો દાખલ કરવા અને જનહિતના કાયદાઓ કરવા અમારે આપ નામદારની મંજૂરી જોઈએ છે."

રાજા અને એની કાર્ટરલેનના કાવતરાખોરો આ મુલાકાતમાં કાવતરું ગોઠવવા ઉતાવળા થતા હતા. સેલીસબરીની યોજનાનો છેલ્લો ભાગ હવે અમલમાં ન આવે, તો પરિસ્થિતિ એકદમ ગંભીર બની જવાનો ભય સૌને લાગતો હતો. રોબર્ટ નોલીસ જીવતો હતો. રાજાશાહીના રક્ષણ માટે એ ઉમરાવો અને સામંતોને પોતાની આસપાસ એકઠા કરતો હતો. હજારોની સંખ્યામાં વેશપલ્ટા કરીને રાજાની ખાસ ટુકડીઓ ગોઠવાતી હતી. ટીલરને મુલાકાત આપવાની જગા સ્મીથફીલ્ડની નક્કી થતી હતી. સ્મીથફીલ્ડમાં સેંકડો સામંતો બખ્તર ઉપર સાદાં વસ્ત્રો પહેરીને હથિયારો સંતાડીને સ્મીથફીલ્ડમાં રાજાનો શમિયાણો શોભાવતા આવતા હતા. રજવાડી દેવળોમાં જમીનદાર ધર્મગુરુઓ બળવાખોરોના નાશ માટે પ્રાર્થનાઓ કરતા હતા.

લંડનની ઉત્તર દીવાલોની પાછળ સ્મીથફીલ્ડના વિશાળ ચોગાનમાં એક છેડાપર બળવાખોર ટુકડીઓનો જમાવ રાખવામાં આવ્યો હતો. બીજા છેડાપર રાજાનો રસાલો ગોઠવાયો હતો. એક છેડાપર ગોઠવાયેલી આઝાદ ટુકડીઓ બીજા છેડા પર શું બને છે, તે જોઈ શકતી નહોતી.

પછી વોલવર્થ ટીલર તથા તેના બે પ્રતિનિધિઓને બોલાવવા માનભર્યો આવ્યો. ચાર મહારથીઓ ઘોડાપર સવાર થઈને લોક-જનતાના નેજા ફરકાવતા રાજા પાસે પહોંચ્યા. રાજાએ ચારેને માનભરી રીતે બેસાડયા, અને વાતચીતો શરૂ થઈ. ટીલરે માગણીઓ રજૂ કરી અને રાજાએ મંજૂર કરી.

અને તરત જ એક પણ અવાજ બહાર આવે તે પહેલાં ચારે-ચાર લોકસરદારોપર મારાઓ તૂટી પડયા, ને ચારેનાં શબ લોહી ઊભકતાં ઢળી પડયાં. પાછલે રસ્તે સામંતો ચારે જણનાં માથાં

લઈને ઊપડતા હતા, લોકટુકડીઓને અવળે રસ્તે દોરવા રાજા પોતે ઘોડાપર સવાર થઈને પહોંચતો ખુશખબર આપતો હતો. ટીલરને અમે આપણો લોકસામંત બનાવ્યો છે.

પછી ચારે બાજુથી લોકટુકડીઓ ઘેરાઈ જતી હતી. કાવતરામાં જકડાઈ ગયેલી લોકફોજ સમજે તે પહેલાં ચારે કોરથી તેમનાપર મારો શરૂ થતો હતો. વોલવર્થ ભાલાની અણીપર ટીલરનું માથું મિનારાપરથી બતાવતો હતો.

પ્રતિક્રાન્તિના પાશવી પડછાયા સંહાર મચાવતા વિફરતા હતા. રાજા ઉતાવળો એની મા પાસે જઈને અભિનંદન બોલતો હતો, "આનંદો આનંદો, આજે આપણે આપણા અધિકારો, વારસો અને રાજ્યનાં શાસન પાછાં મેળવ્યાં છે."

મહાસમાજ મંડળની રચના કરનાર ટીલર અને જોન બોલનાં મહાન માથાં ભાલાની અણીપર ચઢ્યાં હતાં. ચારે બાજુથી રાજાના સાત હજાર ચુંનંદા ઘોડે ચઢીને કતલ કરતા વીફરતા હતા. હાલીઓનો જનજંગ જમાવવા જીવન ધરી દેનાર સેંકડો આગેવાનોનાં જીવન વધેરાઈ જતાં હતાં.

વોલવર્થ, બેંબ્રે, ફીલપોટ, સ્ટેન્ડવીક નામના લોકજલ્લાદો રાજાના નવા સામંતો બન્યા હતા. વોલવર્થ સૌથી વડો હતો. વેશ્યાવાડાનો એ મોટો વેપારી હતો, નફાખોરોનો આગેવાન હતો. લોકડાકુઓનાં શાસનના નેજા એ ફરીવાર લંડનપર રોપતો હતો. રાજા રીચર્ડ, લોકજલ્લાદ બનેલા સર રીચર્ડ નોલ્સની લશ્કરી સત્તા નીચે આખા લંડનને સુપરત કરતો હતો. ભાડુતી ગુંડાઓની ટુકડીઓ લંડનની લોકજનતાનાં લોહી રેડતી બરેબર ખૂંદતી રખડતી હતી. ચીપસાઈડપર ઢીમચાં ગોઠવાયાં હતાં. તમામ બળવાખોર કેદીઓનાં માથાં રાજાના જલ્લાદો કુહાડાથી જુદાં કરતા હતા. કેટલાયે કિસાનોને

ઉમરાવો અને જમીનદારોના આનંદ ખાતર યથેચ્છ સંહાર માટે તેમને હવાલે મોકલવામાં આવતા હતા. જોન કરબી, એલન ગ્રેડર અને જેક સ્ટ્રો નામના લોકસરદારો મરી પરવારતા હતા.

જીલ્લાઓમાંના સામંતો, જમીનદારો અને ઉમરાવોને જૂનના ૧૮મા દિવસે સબસલામતની જાહેરાત કરીને પોતપોતાના વિભાગોમાં બળવાખોર કિસાનોનો સંહાર કરવાના, તેમના કુટુંબોપર અત્યાચાર ખેલવાના તથા તેમની મિલ્કત જપ્ત કરવાના અધિકાર મોકલાતા હતા. મુખ્ય લશ્કર લઈને રાજા રોમનદિન ઊજવવા ઇસેક્સ પહોંચતો હતો. બળવાના ધામ જેવું ઇસેક્સ પરગણું લોક ટુકડીઓનો સામનો રચતું હતું. રાજાનાં બખ્તરિયાં ઘોડાં ગામડાંના કિસાનોપર તૂટી પડતાં હતાં. જૂનના ૨૮મા દિવસે પાંચસો કિસાનલડવૈયા રણમાં પડયા પછી ઇસેક્સની ધરતીપર કત્લેઆમ શરૂ થતી હતી. જંગલમાં નાસી છૂટતા કિસાનોના સામુદાયિક શિકાર શરૂ થતા હતા.

કેવેન્ડીસની જગાપર રોબર્ટ ટ્રેસીલીઅન લોર્ડ–ચીફ–જસ્ટીસ નિમાતો હતો. અંગ્રેજી અદાલતની ખુરશીપર ભયાનક માનવખોર બિરાજતો હતો. ફાંસીના માંચડા ઠેર ઠેર પથરાતા હતા, એક સાથે એક જ માંચડાપરથી દશદશ લોકસૈનિકો અને કિસાનોને લટકાવવામાં આવતા હતા. ઈંગ્લેંડપરની શ્રમજીવી જનતાપર મોત મ્હાલતું હતું. અંગ્રેજી ધરતીપરની મહેનત માનવતા ઉજ્જડશીલ બનતી હતી. લાખોની લોકમાનવતાનાં લોહીમાં મહાસમાજ મંડળને ડુબાડી દેવામાં આવતું હતું. સેન્ટ આલ્બાન જુલાઈની ૧૫મીએ છેવટ સુધી લડતા લોકલડવૈયાની હરોળમાં પકડાતો હતો. એના શરીરના ચાર ટુકડા કરીને જનતાપર ત્રાસ વર્તાવવા બહાર મૂકવામાં આવતા હતા, જુલાઈની ૧૫મીએ જોન બોલ ફાંસીને માંચડે ચઢતો હતો, ૧૬મીએ શીરલેપર કુહાડો ફરતો હતો. જોન રાઈટ અને

જ્યોર્જ ડનસ્થી પણ પકડાતા ને કબ્જે થતા હતા. પૂર્વ એંગલીઆ-પર ઝઝૂમતા લોકલડવૈયાઓની હરોળો કપાઈ જતી હતી.

આખા ઈંગ્લેંડપર છૂટા છવાયા લોકલડવૈયા કેસરિયાં કરતા હતા, મહાસમાજ મંડળનાં લોકસૂત્રોની રણહાક ગજવતા હલાલ થતા હતા. મેઈડિસ્ટોન પર સપ્ટેંબરની ૨૯મીએ લોક ઝંડો ફરકી ઊઠતો હતો. મહાસમાજ મંડળના રણનાદ ધરતીમાંથી ધીખી ઊઠતા હતા, અને લોહીમાં શમી જતા હતા.

મહાસમાજ મંડળની કારવાહી સ્વર્ગમાં છે તેવી સમાન-બાંધવતાની સમાજઘટના પૃથ્વીપર ઉતારવાની ઈસાઈ હાકલપર શરૂ થઈ હતી. ઈસુના સોનેરી ક્રોસની કારવાહી બનેલી રજવાડી, જમીન-દારી અને ઉમરાવી સામાજિક કમઠાણોએ કારવાહીને લોહીમાં તરબોળ બનાવી તોડી હતી. ભગવાન પાછો સ્વર્ગનાં કમાડ વાસી દેતો હતો, પૃથ્વીપર ઉમરાવની કિલ્લેબંધીઓનાં, જમીનદારી વંડી-ઓનાં, ધર્મશ્રીમંતોનાં જાલીમ દેવળોનાં રાજ પાછાં મંડાતાં હતાં.

૧૭

પ્રાગની આગના જર્મન ભડકા

પણ ઇંગ્લેંડમાં ઉઠેલી આગના અંગારા એકલા ઇંગ્લેંડમાં સળગતા નહોતા, એ જ વરસોમાં ઇસાઈ ધર્મગુરુઓના જાલીમ બનેલા રજવાડી ક્રમડાણ નીચે યુરોપભરની જનતા માથું ઊંચકતી હતી. ઊગતા મૂડીવાદના વેપારીજીવનમાં અને માનસમાં મધ્યયુગી ખ્યાલો બંધ બેસતા નહોતા આવતા.

ઇંગ્લેંડના રજવાડી અત્યાચારમાં ઊઠતા સંહારના ચિત્કાર હજુ હમણાં જ શમતા હતા ત્યારે જોન હસ નામનો એક મહાવિદ્વાન ૧૩૯૬ની સાલમાં પ્રાગ વિદ્યાપીઠમાં પ્રથમ આવતો એમ એની ઉપાધિ મેળવતો હતો. બે વરસ પછી ધર્મગુરુ બનતો હતો, અને ૧૪૦૧માં ચિંતન વિભાગનો વડો બનતો હતો અને તરત જ રજવાડી ધર્મની વહેમી અને જંગાલિયત કારવાહીમાં સુધારો માગતો હતો.

૧૪૧૪માં ધર્મસંસ્થાનો જાલીમ સરમુખત્યાર પોપ એને નાસ્તિક જાહેર કરતો પકડતો હતો તથા ૧૪૧૫ના જુલાઈના છઠ્ઠા

દિવસે અનેક યાતનાઓમાં તાવીતાવીને જીવતો સળગાવી દેતો હતો, અને એક વરસ પછી તરત જ જોન હસના ખ્યાલને ટેકો આપવા માટે પ્રાગના મહાવિદ્વાન જેરોમને પણ જીવતો જલાવી દેવામાં આવતો હતો. પણ બોહેમિયાના શ્રમજીવીઓ, ખાણિયાઓ, ખેડૂતો અને વેપારીઓ ધર્મની આ જંગાલિયત સામે રોષ જાહેર કરતા હતા અને હસને રાષ્ટ્રનેતા તરીકે જાહેર કરતા હતા. પછી વિકલીફ, હસ અને જેરોમના ખ્યાલો જાગતા હતા. ઊગતો વેપારી મૂડીવાદ જનતાનો સાથ લેતો સુધારો માગતો હતો તથા કેટલાક કિસાનો, મજૂરો અને ખેતમજૂરો પૃથ્વીપર સમાન બાંધવતાનું સ્વર્ગ ઉતારવાની ઈસાઈ ભાવનાને જાગતી કરવા પ્રાગની દક્ષિણ પશ્ચિમે બાઈબલના ટાબોર નામ પરથી ટાબોર નામની એક વસાહત બાંધતા હતા. એમાં કેટલાક સમાજ સુધારકો હતા, કેટલાક ધર્મ સુધારકો હતા અને બીજા સામ્યવાદી હતા.

એ તમામ એક વસાહતમાં સમાજના જાલીમ દુશ્મનો સામે સંયુક્ત મોરચે એક થયા હતા. ટાબોરમાં સુધારા અને ક્રાન્તિના સૂર સૂસવતા હતા. સામાજિક બળવાખોરો ત્યાં ભેગા મળતા હતા. શ્રમજીવી સંઘો હજારોની સંખ્યામાં ત્યાં યાત્રા કરવા આવતા હતા.

આથમતી અંધારી રજવાડી ઘટનાપર સૌ આયુધ ધરતા હતા. ડૂબતા મધ્યયુગપર સૌનો સંયુક્તમોરચો રણભેરી ગજવતો હતો. યુરોપ આખાના પ્રગતિપ્રવાહો ત્યાં સંગમ કરતા હતા, યુરોપના નાસ્તિકો ત્યાં સલામત બનતા હતા, યુરોપનાં ક્રાન્ત ઝરણાં ત્યાં જોર પકડતાં હતાં.

ત્યારે ૧૪૧૯ના જુલાઈની ૩૦મીએ રાજા વેનસેલસે ટાબોરના દેખાવોપર પ્રતિબંધ મૂક્યો. વડો ધર્મગુરુ કોરાન્ડા ઉમરાવી હકૂમતોને

એકડી કરીને અંધારકાળના વિફરેલા પશુ જેવો બરાડી રહ્યો.

પ્રાગની ટાબોર વસાહતે આ જાલીમ ફરમાનનો ભંગ કર્યો અને જોન ઝીસ્કા લડતનો આગેવાન ચૂંટાયો. ઝીસ્કાની આગેવાની નીચે ટાબોરની લોક જનતાએ નગરખંડ પર હલ્લો કર્યો, રાજસભાના જાલીમ ગોઠિયાઓનો સંહાર કર્યો. બીધેલો રાજા વેનસેલર આઘાત પામતો મરણ પામ્યો.

પણ જર્મન શહેનશાહતે સીઝીસમુન્ડે પોતાના મરેલા ભાઈનો વારસો ઝડપતાં પોતાની જાતને બોહેમિયાના રાજા તરીકે જાહેર કરી. નામીચો જર્મન જાલીમ ટાબોરનો સંહાર કરવા તૈયાર થયો. ટાબોરની લોકવસાહતે પડકાર કર્યો. બોહેમિયાની જનતામાં અંગાર વરસતા થયા. પ્રાગની લોક કતારો કેસરિયાં કરવા નીકળી.

પોપે સીઝીસમુન્ડ આશીર્વાદ મોકલ્યા. ધર્માંધોનાં ધાડાં સીઝીસમુન્ડની મદદે તરવાર ધરીને રવાના કરવામાં આવ્યાં. રજવાડી ગુંડાઓની ટુકડીઓ ટાબોર પર કતલ કરવા, સંહાર ચલાવવા અને અત્યાચારના આનંદ લૂંટવા નીકળી. બોહેમિયાની પશ્ચાત જનતાનો મહાસંહાર ઊજવવા સીઝીસમુન્ડ અને પોપનાં પાશવી ધાડાં ભેગાં મળ્યાં. સામંતો, સૈનિકો અને સાહસિક ગુંડાઓ મળીને દોઢલાખ મારાઓ ટાબોર પર કિકિયારી કરતા લોહી રેલવતા ચઢ્યા. ૧૪૨૦ના માર્ચના આરંભમાં મધ્ય યુગની રજવાડી નોબતો પ્રગતિનાં લોકપરિબળોનો સંહાર કરવા ગગડી ઊઠી. પોપની પાશવી ઘટનાઓ આ જનસંહારને ધર્મયુદ્ધ કહીને ગરજી ઊઠી.

રજવાડી પશુઓનાં ઘોડાપુર પાંચપાંચ વાર ટાબોરપર ધસ્યાં. ટાબોરની લોકજનતાએ પાંચપાંચ વાર મધ્યમવર્ગી હેવાનિયતના હલ્લા પાછા હટાવ્યા.

એવાં ખૂનખાર ત્રણ વરસ વહી ગયાં. ત્રણ વરસમાં પ્રાગપર ઉદ્દામ લોકજનતાના ઝંડા ફરક્યા. જાલીમ જર્મન રજવાડાં અને

પોપની જંગાલિયત પાછાં હટયાં. ટાબોરાઈટની રણહાક જર્મનીપર પથરાઈ ગઈ. ટાબોરાઈટનું નામ ક્રાન્તિની મશાલ બનીને ઝળકી ઊઠયું. ટાબોરની જનતાએ જર્મન શાહીવાદની જંગાલિયતનો પરાજય કર્યો. ટાબોરના લોકમથકે પ્રગતિના પ્રવાહોમાં પૂણ્યપ્રકોપ પ્રજાળતા કર્યા.

પોપ અને જર્મન બાદશાહે ટાબોરની લોકજનતાની સરદારીને સલાહનું કહેણુ મોકલ્યું. બેસ્લેમાં સલાહકમિટી બેઠી. લંબાણુ વાટાઘાટો પછી ૧૪૩૩માં પ્રાગમાં સલાહ થઈ અને પ્રાગ કોમ પેકટને નામે જાણીતી થઈ. જર્મન શાહીવાદ નરમ પડયો. બાહેમિયાની જનતાને છૂટછાટ મળી. મવાળ અને ઉદાર મતના ટાબોરાઈટને સંતોષ થયો પણ ઉદ્દામ બળો ધૂંધવાઈ ઊઠયાં ને છૂટાં પડયાં. ટાબોરનો સંયુક્ત મોરચો તૂટયો.

પ્રાગની સલાહને ટાબોરનાં ઉદ્દામ સામ્યવાદી ઘટકોએ સ્વીકારવાની ના પાડી. અઢાર હજાર સામ્યવાદી લોકલડવૈયા પચીસ હજારની સામે મેદાને ઊભા. ૧૪૩૪ના મે મહિનાના ત્રીસમા દિવસે લીપન આગળ જનજંગ ખેલાયો. ઝીસ્કા મરણ પામ્યો હતો. પ્રોકોમ જનતાનાં ઉદ્દામ ઘટકોનો સરદાર હતો. આખો દિવસ અને આખી રાત રણસંગ્રામ ઘૂમવતો રહ્યો. ઈસુના બાંધવતા અને સમાનતાના ખ્યાલનો આકાર ઘડવા લોકજનતાના લડવૈયાનાં તેર હજારનાં શબ રણપર પથરાયાં. પ્રોકોમ પણ મરાયો હતો.

લોકજુવાળ લોહીમાં ડૂબી ગયો. જનતાનો સંહાર કરીને જર્મન જાલીમશાહી રાણીએ તમામ સુધારા પાછા ખેંચી લીધા. પોપની જાલીમ સત્તા જનતાપર લોહી વરસાવતી પાછી વીફરી પડી. કિસાનસંઘો પાછા હાલીઓ બની ગયા.

પણ જર્મન કિસાનજનતાને બોહેમિયાની પરાધીન લોકજનતાએ શહાદતની જેહાદ જગવીને જગાડી. જર્મન કિસાનો પણ હાલીઓ હતા, પ્રાગમાંથી ઊડેલા તણખા એ હાલીઓની ધરતીપર ધીખવા લાગ્યા. પ્રાગે પ્રગટાવેલો લોકપ્રકાશ જર્મન ધરતીપર

પેટાવા લાગ્યો. જર્મનીપર કિસાન હિલચાલ હાલી ઊઠી. જર્મનીની જનતા જમીનપર જાગી ઊઠી.

જર્મનીપર પહેલી વાર લોકજુવાળ ઊભરાતો થયો. જર્મની-પર પહેલી વાર, ફ્લોરિયન,—ગેયર, થોમસ—મુન્ઝર, સેબાસિયન—ફ્રેંક તથા જોન ઓફ લેન્ડન જેવા લોકનેતાઓની જનજંગી રણ-ગર્જનાઓ સંભળાતી થઈ. રજવાડી અંધારનો ઓથાર ઓઢીને સૂતેલો જર્મનલોક પહેલીવાર બેઠો થયો.

૧૫૧૬માં ધર્મસુધારક લુથરે નાનકડો એવી ક્રાન્ત હિલચાલ જગવીને સમાજનાં થરોમાં ગરમી ચેતાવી. જનતાના મોટા પ્રવાહોમાં નવું ભાન ચમકતું થયું. સ્પેઈનના ચાર્લ્સ પહેલા પાસે સ્પેઈનની ગાદી આવી અને તે સાથે જ જર્મન તાજનો પણ એ જ વારસદાર બન્યો અને જર્મનીનો ચાર્લ્સ પાંચમો કહેવાયો. ૧૫૧૯માં એણે શાસન શરૂ કરતાં જ જર્મનીમાં ધર્મસુધારાનો લડાયક અવાજ સાંભળ્યો તથા દક્ષિણ જર્મનીમાં ઊગતા મૂડીવાદનો સંચાર સળવળતો દેખ્યો. જર્મન એકતાની મૂડીવાદી હિલચાલ પણ એ જ અરસામાં આરંભાઈ અને એના જ કાળમાં જર્મન કિસાન જનતાની જંગી હિલચાલે જર્મનીનો એકથી બીજે છેડો ધમધમાવી મૂક્યો. રજવાડી અંધારકમઠાણ આથમતું હતું. મુડીવાદનો ઉદય થતો હતો. નવી ઘટનાના પાયામાં કિસાન લોકજનતા હાલીની ગુલામી તોડતી હિલચાલ જગવતી હતી.

પણ લુથરનો સુધારવાદ મધ્યમવર્ગ અને ઉપલા વર્ગની નૈતિક કટોકટીનો સુધારો માગતો ઊઠયો હતો. એ વર્ગ માટે એ સુધારવાદને ભગવાનને ભજવાની અને નૈતિક વ્યવહારની સમાનતા અને આઝાદી જોઈતાં હતાં. અને લોકજનતા કે નીચલા વર્ગો સાથે એ સુધારો હાથ મિલાવવા નહોતો માગતો. માણસ માણસના

સમાન વ્યવહારનો વિરોધ કરતો હતો તથા એ સુધારાના થર નવા ઊગતા મુડીવાદની નૈતિક જરૂરિયાત પૂરતા જ હાલતા ચાલતા બન્યા હતા.

અને છતાં જર્મનીની લોકહિલચાલપર આ સુધારવાદની અસર તો હતી પણ સૌથી વધારે અસર બોહેમિયાની લોકહિલચાલની હતી. ૧૪૭૬માં હેન્સ બોહીમ નામનો જુવાન ભરવાડ વુર્ઝબર્ગમાં સમાન બાંધવતાના આવતા યુગપર ભાષણો આપતો હતો. એને સાંભળવા હજારો કિસાનો એકઠા થતા હતાં. સમાજના નીચલા થરોમાં એથી ઊપજતી ગરમીથી ગભરાયેલો મીન્ઝનો વડો ધર્મગુરુ એને નાસ્તિક જાહેર કરતો ગિરફતાર કરતો હતો. હેન્સ બોહીમને જીવતો સળગાવી મૂકવામાં આવતો હતો.

બુન્ડશુ નામના લોકહિલચાલના એક ખાનગી મંડળના એ છેલ્લા ચિરાગ જેવો સળગી જતો હતો અને ૧૫૧૪માં કિસાન મંડળો ઊગી નીકળતાં હતાં અને જમીનદારો તરફથી તેમનો નાશ કરવામાં આવતો હતો.

પછી ૧૫૨૮ની સાલમાં સેબાશ્ચિયન ફ્રેંચ નામનો એક પાદરી પોતાની જગાનું રાજીનામું આપીને એક છાપખાનાનો કામદાર બનતો હતો ત્યારે તેની ઉંમર ૨૮ વરસની હતી, પછી એ સાબુના કારખાનામાં કામ કરતો હતો અને નવરાશના વખતમાં પોતાના કોમ્યુનીસ્ટ વિચારોને એ ' પેરેડોક્સા ' નામના પોતાના લખેલા પુસ્તકમાં પ્રગટ કરતો હતો. ફ્રેંકે ક્રાન્તિની હિલચાલમાં ઝંપલાવ્યું નહિ પણ પોતાના સામ્યવાદી ખ્યાલપર બાર જેટલાં પુસ્તક લખ્યાં.

પણ થોમસ મુન્ઝર ક્રાન્તિના દિમાગવાળો હતો. કદમાં ઠીંગણો, દેખાવે ખરબચડો, કાળા વાળ અને ચમકતી આંખોવાળો તથા લોકપ્રિય વાણીવાળો એ લોકલડવૈયો હતો.

એ સ્ટોલબર્ગમાં જન્મ્યો. લીપઝીગ વિદ્યાપીઠમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીને ૧૫૧૯માં માર્ટીન લુથરને મળવા ગયો હતો. પણ ૧૫૨૦માં એ એનેબેપ્ટીસ્ટ મજૂરો અને ખેતમજૂરોના સંગમાં આવ્યો. ૧૫૨૧માં એણે એના ભાવિનો કાર્યક્રમ નક્કી કર્યો, લુથરનો સુધારવાદ એને સંતોષી શક્યો નહિ. એણે આખીય સમાજઘટનાનો સુધારો માગ્યો. એ સુધારો સમાન વ્યવહારનો સામ્યવાદી સુધારો હતો.

અને માનવ જાતનો સમાન વ્યવહાર માગતો, કચડાતી માનવતાનો પક્ષ લેતો એ જીવન કલહમાં ઝંપલાવતો હતો. રજવાડી, જમીનદારી અને શ્રીમંતોના તંત્રપર ફિટકાર વરસાવતો હતો. શ્રમજીવીઓને એકઠા કરતો હતો, અને સમાન બાંધવતાના જીવન વ્યવહારવાળી સમાજઘટના રચવા બળવો પોકારવાની વાત કરતો હતો.

ધર્મસુધારક લુથર આ બળવાખોરને ઓળખતો હતો. એનો ઘાત કરાવી દેવા સેક્સન ઠાકોરોને ઉશ્કેરતો હતો પણ લોકજનતામાં માનીતા બની ચૂકેલા મુન્ઝરથી રજવાડાં પણ ડરતાં હતાં.

પછી ૧૫૨૪માં સ્વીટઝરલેન્ડના સ્વીસ કિસાનોએ જમીનદારો અને રાજા સામે બળવો પોકાર્યો. મુન્ઝર બળવો જોવા માટે ત્યાં પહોંચ્યો અને પાછો આવીને એણે સળગતો પ્રચાર શરૂ કર્યો, તથા મેન્હાસીલ્ડ અને પુરનજીઆનમાં કિસાનોની ક્રાન્તિકારી ફોજની રચના જમાવવા માંડી. કિસાન મંડળો ઊગવા માંડયાં. મુન્ઝરની આગેવાની નીચે કિસાનમાંગણીઓના ખતપત્ર તૈયાર થયાં.

એ માગણીઓમાં હાલી પ્રથાનો નાશ હતો, જમીનદારોની વેઠ અને લાગાઓની નાબૂદી હતી, જમીનદારોના જાલીમ ધારાઓ તથા અદાલતોને બંધ કરવાની હતી, તથા નદીનાળાં અને જંગલોને કિસાનો માટે સમાન રીતે ખુલ્લાં મૂકવાની માગણી હતી.

પણ એ તો રજવાડી પ્રથાનો પાયો હતો. ઊગતા મૂડીવાદ

માટે એ પાયો નકામો હતો. કિસાન હિલચાલ અને ઊગતા વેપારી મૂડીવાદી તત્ત્વો આ રજવાડી પાયાનો નાશ માગતાં હતાં. પણ લુથર રજવાડાંને સાચવી રાખવાની અને બળવાખોર કિસાનોનો નાશ કરવાની બુમરાણ કરતો હતો. લુથરના વિકરાળ બનતા અને લોકજનતાના દુશ્મન બનતા સુધારકવાદ સામે એપ્ટીસ્ટ હિલચાલ સમાન ઘટનાને ઉપળતળે સુધારી સમાન વ્યવહારની ઈસાઈ નીતિને બુલન્દ બનાવતી હતી.

૧૫૨૫માં બેવેરિયામાં કિસાન બળવો ફાટી નીકળ્યો, અને તેને ક્રૂર રીતે દબાવી દેવામાં આવ્યો. બળવામાં કપાઈ ગયેલા કિસાનોની સંખ્યા એકલાખ અને ત્રીસહજાર જેટલી થઈ. કેદ પકડાયેલા હજારોપર અનેક યાતનાઓ ઊતરી પડી. સમાનતા માગનાર શ્રમમાનવોપર શિકારી કૂતરા છોડવામાં આવ્યા, ફટકા મારી, મારી નાખવામાં આવ્યા. ભગવાનને ભજવાની સમાનતા માગનાર લુથર ઉપલા વર્ગનો સુધારક બનીને નીચલા વર્ગોની આર્થિક સમાનતાપર વિકરાળ બનતો હતો અને રાજાઓને ભીષણ યાતનાઓ છુટ્ટી મૂકવા ઉશ્કેરતો હતો.

અને એપ્ટીસ્ટોના સમાન સિદ્ધાંતોવાળા ઈસાઈઓપર, બળવાખોરોપર, સમાન બાંધવતાની ઈસાઈ વાણી ઉચ્ચારનાર હજારોને ઢીમચાપર વધેરી દેવામાં આવ્યા, જીવતા સળગાવવામાં આવ્યા અને ડુબાડી દેવામાં આવ્યા.

શાંતિચાહક એપ્ટીસ્ટોપર એ જ આફત ઊતરી પડી. તેમના મઠ જપ્ત કરવામાં આવ્યા. તેમને હજારોની સંખ્યામાં કારાગારોમાં જકડવામાં આવ્યા. ૧૫૨૫માં શરૂ થયેલો શ્રમમાનવો અને સમાન બાંધવતાના પ્રચારક એપ્ટીસ્ટોનો સંહાર દશ વરસ સુધી અટકયા વિના આમળ ધપતો મનસ્ટરના એપ્ટીસ્ટ મથકપર

ભયાનક ચિત્કાર કરતો પહોંચતો હતો. એ મહાસંહારના જાલીમ ધસારા સામે મનસ્ટરની લોક જનતા હથિયાર ધરતી હતી. બેવેરિયામાં રિબાવી રિબાવીને મારી નાખવામાં આવેલો મન્ઝર મનસ્ટરની રણહાક બનતો હતો. મનસ્ટરની બળવાખોર લોકજનતાના સરદારોમાં ચેપલીન અને રોથમાન મુખ્ય હતા. એ સરદારો આગેવાન નાગરિકો, કારીગરો, મજૂરો અને કિસાનોનાં લડાયક ઘટકોની દોરવણી કરતા હતા.

૧૫૩૪ના ફેબ્રુઆરીમાં મનસ્ટરમાં મહાસંગ્રામ મંડાયો. જોન મેથીસ, જોન ઓફ લીડન, નીમરડોલીંગ અને કેટીંગ જેવા મહારથીઓ મનસ્ટરના વિરાટની આગેવાની કરતા જંગે ચઢયા. મનસ્ટરની તમામ માલમત્તા લોકશાસનનાં ઘટકોને ચરણે ધરાઈ. તમામ દુકાનોએ પોતાના ભંડાર સંઘની લડાઈની માવજત માટે ખુલ્લા મૂક્યા. સંઘ-રસોડાં ખુલ્લાં મુકાયાં. હજારોની મેદની એક રસોડે જમવા લાગી. સમાન દુનિયાની જેહાદ જગવતી લોકજનતા રણ-મોરચાપર આવી ઊભી, અને સ્વર્ગમાં છે તેવું સમાન બાંધવાનું લોકશાસન પૃથ્વીપર લાવવાનો જનજંગ શરૂ થયો.

જર્મન રજવાડાંનાં, જાલીમ પોપનાં બધાં લશ્કરો પૃથ્વીપરની આ બળવાખોર ઘટનાને બરબાદ કરવા તૂટી પડયાં. પંદર પંદર મહિના સુધી રજવાડી પશુઓનાં ધોડાપૂરને મનસ્ટરે ખાળી રાખ્યાં. પંદર મહિનાના ધસારાના વેગ સામે મનસ્ટરની માનવતાએ કાયાની કિલ્લેબંધી ટકાવી રાખી.

પણ ચારેકોર ઘેરાયેલી જનજંગી જનતા ભૂખે મરતી હતી. લોહીલુહાણ મનસ્ટર ૧૫૩૫ના જૂન મહિનામાં પડયું.

જનજંગનો મહાસેનાની જોન ઓફ લીડન કેસરિયાં કરતા લોકલડવૈયાને સંભળાવતો હતો, "આપણે રણમાં પડીશું પણ

આપણી સમાન બાંધવતાની રચના કરવાની લડત મરવાની નથી... આપણે અંતરીક્ષમાંથી એવી તમામ લડતોની સાથે કૂચ કરવાના છીએ અને છેવટનો વિજય આપણે આરંભેલી જેહાદને જ વરવાનો છે.

અને મનસ્ટર પડયું.

મનસ્ટરના લોકસરદારો લડતાં મરાયા ને કેદ પકડાયા. જોન ઓફ લીડન બીજા ચાર સેનાનીઓ સાથે પકડાયો. છ મહિનાનાં યાતનાગારો એ ચારેનાં લોહીમાંસ ચૂંથતાં કુંગી ઊઠયાં અને પછી ૧૫૩૬ના જાન્યુઆરીના ૨૨મા દિવસે એ ચારેનાં ચૂંથાઈ ગયેલાં કલેવરોને ફાંસીએ દેવાયાં.

મનસ્ટરમાંથી વહેતી આ નદીપર શબ છવાઈ ગયાં. મનસ્ટરની સરિતાના વહેળાપર લાલ રુધિર રંગાઈ ગયાં. મનસ્ટરની શેરીઓની ધુળ લોહીથી થીજી ગઈ. મનસ્ટરનાં ચૌટેચકલે લોકલડવૈયા કપાઈ ગયા. મનસ્ટરનાં ઘરોમાં પોપ અને રાજાઓના ગુંડાઓ ચિચિયારીઓ કરતા ખુનામરકી ખેલી રહ્યા. મનસ્ટરની બારીઓમાંથી કોચાઈ ગયેલાં શરીરો રસ્તાપર ફેંકાયાં. મનસ્ટરની અદાલતોએ બળવાખોર શરીરોને શેકી નાખવાના, ડામ દેવાના, અને ચકડીઓપર ચઢાવવાના ન્યાય ફરમાવ્યા.

રજવાડી અંધેરવાદે નવી ઘટનાના સામાજિક ઉછાળાને ધર્મનિંદક અને બળવાખોર ગણીને ટૂંપી નાખ્યો.

જર્મનીની ધરતીપર રજવાડી ઘટનાના રણથંભ રોપાયા. જર્મનીપર કિસાન જનતાપર હાલી ગુલામી ઠોકાઈ ગઈ. જર્મની-પર જેહાદ કરવા નીકળેલી લોકજનતાપર યાતનાગારો અને ગુલામીને વેઠોના ચોકીપહેરા બેસી ગયા. જર્મન પ્રગતિને જર્મન રજવાડાં અને જમીનદારોએ પાછી ફેંકી દીધી.

પણ યુરોપ આખો ઊગતા મૂડીવાદની આગેવાની નીચે પ્રગટી ઊઠેલી પ્રચંડ કિસાન હિલચાલો નીચે એકથી બીજે છેડે હચમચી ઊઠયો.

સમાન બાંધવતાના જીવનવ્યવહારની જેહાદે દુનિયાના કલેવરમાં નવું ભાન જાગતું કર્યું. કિસાન જનતાની ભગીરથ હિલચાલોએ મૂડીવાદને વિકસવાનાં કમાડ ખોલી આપ્યાં. મૂડીવાદી ઘટનામાં રહીને આગળ વધતા યુરોપના પ્રવાહોએ સમાન સમાજઘટનાનો સંગ્રામ પડતો મૂકી દિવાસ્વપ્નો લખવાની કલમ પકડી લીધી.

ઈંગ્લેંડમાં એ કલમ લઈને ફ્રાન્સીસ બેકન વિજ્ઞાનના પાયાપર દુનિયાની તસ્વીર લખતો હતો અને ન્યુ એટલાંટીસને સરજતો હતો અને પુરવાર કરતો હતો કે, માનવસુખશાંતિ વિજ્ઞાનની શોધોને માણસજાત માટેનાં ઉત્પાદનો નિપજાવવામાં જોડવાથી જ આવવાની છે.

અને દિવાસ્વપ્નની કલ્પનાને લઈને થોમસ મોર સામાજિક સુધારાનું અને ક્રાન્તિકારી સામ્યવાદનું સંગમેળ ચિત્ર સરજતો આપખુદ અંગ્રેજ રાજાના ઢીમચાપર માથું ગોઠવતો વધ માગતો હતો. વિન્સ્ટેનલી આઝાદીના મનપસંદ કાયદાઓ લખતો હતો.

અને ઇટાલીમાં થોમસ કેમ્પેનેલા ૧૬૦૦ની સાલમાં ૨૭ વરસ સુધી કારાગારમાં જકડાઈને સીવીટાસ–સોટીસ નામનું દિવાસ્વપ્ન લખતો હતો. દિવાસ્વપ્ન સૂર્યનગરનું ઉપલા વર્ગનું રાજ હતું અને ચિંતક શાસકોનું સ્વરાજ રચતું હતું.

એ દિવાસ્વપ્નોને રાણીઓ, ઉમરાવઝાદીઓ, દરબારણો, અને શેઠાણીઓ નવરાશના વખતમાં વાંચતી હતી અને ખુશ થતી હતી અને ઉમરાવો, રાજાઓ, દરબારીઓ, તથા શ્રીમંતો લક્ષ્મીમાં આળોટતાં શ્રમમાનવોપર બધા જાલીમ બોજા લાદતા ખદબદતા હતા. એમ યુરોપની દુનિયાપર સત્તરમું શતક પસાર થતું હતું.

૧૮

ચિતાનો અંગારો

નેપલ્સની પડોશમાં એક શહેર. નામ નોલા. નોલાના વતનીઓ નોલાને બચાવવા ઘણીવાર લડેલા. હેનીબાલનાં લશ્કર એની પથ્થરની દીવાલોને કેટલીયે વાર અથડાયેલાં. એના પાદરના પથ્થરો કંઈ કેટલાંયે રમખાણોથી રાતા થયેલા. એક વાર તો આખુંય શહેર ગોથ લોકોએ ઉડાવી મારેલું.

એવી બધી ઇતિહાસની વાતો કરતું એ શહેર સાડાત્રણુસો વરસ પહેલાં ખંડેરના ઢગલા જેવું ઊભું હતું. એ ખંડેર જેવા શહેર પાસે ઊભેલો બળતો વિસુવિયસ પહાડ રાતના ભયંકર ઓળા પાડતો.

એક રાતે એ શહેરના એક ઘરમાં એક પંદર વરસના છોકરા સાથે એની જુવાન મા વાત કરતી હતી.

“લશ્કરમાં ન જોડાતો. તારા બાપા......” આથી આગળ ન બોલાયું. એની આંખમાં પાણી ભરાઈ આવ્યાં.

" રડ નહિ, બોલ, શું કહે છે ? મારા બાપા લડાઈમાં મરી ગયા. હું લશ્કરમાં જોડાઉં, તો હું પણ મરી જાઉં એમ જ ને ! " છોકરો બાનાં આંસુ લૂછતો પૂછવા લાગ્યો.

" ના, એમ નહીં. લડાઈ બહુ ખરાબ ચીજ છે. એક ઠાકોર, રાજા કે થોડાક અમીરો પોતપોતાના સ્વાર્થ સાધવા બિચારા નિર્દોષ માણસોને કપાવી મારે છે. ઈશુનું કહ્યું કોઈએ માન્યું નથી, કોઈ માનવાનું પણ નથી. પણ તું એમાં ન જોડાતો, એ મોટા લોકો ખૂબ ઘાતકી છે. તું સાધુ થજે હો બ્રુનો ! " કહેતાં કહેતાં બા બ્રુનોના માથાપર હાથ ફેરવી રહી. બ્રુનો કંઈ બોલ્યા વિના જોઈ રહ્યો.

એ ડોમીનીકન સંઘમાં દાખલ થયો હતો. એણે સાધુઓને પાળવાના નિયમો લીધા હતા. એ સાધુના ઝબ્બામાં સજ્જ થયો હતો. એણે ક્રોસનું નિશાન ધારણ કર્યું હતું.એ જુવાન સાધુ બાઈબલને રોજ વાંચતો હતો.

એક દિવસે એ જુવાન સાધુએ બાઈબલને દૂર મૂક્યું. એને બાઈબલની વાતો મોટી મોટી ગપ લાગી. એને બાઈબલની આજ્ઞાઓમાં શંકા આવી. એને સ્વીકારાયેલાં સત્યો જુઠાણાં દેખાયાં. એની બુદ્ધિનો વેગ ધર્મની આસપાસ નીકળી ગયો.

મઠના એક ખૂણામાં માથે હાથ દઈ એ વૃદ્ધ સાધુ બેઠો હતો. એની ચામડી કરચલીઓવાળી હતી. આખું શરીર લચી પડ્યું હતું. એના હાથપગ ઘડીએ ઘડીએ કંપતા હતા. એને માથે ધોળા વાળ હતા. એને ધોળી દાઢી હતી.

સાધુ થયા પછી પહેલવહેલો એ માથે હાથ દઈ બેઠો હતો. આજે એ ભારે શોકમાં હતો. એને રડવું હતું પણ એની સુકાઈ

ગયેલી આંખોમાં પાણી નહોતાં. એણે એક લાંબો નિસાસો નાખ્યો ને બોલવા માંડ્યું:

" એની આંખનું તેજ હવે કોઈ સહન કરવાનું નથી. એની બુદ્ધિની ધાર બધાંને વાગે છે. એનું મગજ એને જોખમમાં નાખશે. એ માને એવો પણ નથી. એ સિવાય કાં ન થયો ! " બોલતાં બોલતાં એ વૃદ્ધને શ્વાસ ચઢ્યો. પાછળથી કોઈનાં પગલાં સંભળાયાં. જુવાન આવ્યો.

" બાપુ ! કેમ અહીં બેઠા છો ? ઠંડીમાં ? " એ બોલ્યો.

સાધુ જોઈ રહ્યો. એ જુવાન એને કેટલો વહાલો હતો ! એને જુવાનને ઠપકો દેવો હતો પણ એ કાંઈ બોલી શક્યો નહીં. આટલી ઉમ્મરે અને સાધુ થયા પછી એને જુનો આટલો વહાલો કેમ લાગતો હશે તે એને સમજાયું નહિ

" બેસ. " વૃદ્ધે કહ્યું. જુવાન જોડાજોડ બેઠો.

જુવાનને માથે હાથ ફેરવતાં સાધુએ બોલવા માંડ્યું:

" દીકરા ! " વિતરાગ બનેલા વૃદ્ધના કંઠમાંથી પ્રેમનો અવાજ ગૂંજી રહ્યો. વૃદ્ધ આગળ બોલી શક્યો નહિ.

" બાપુ કેમ આમ કરો છો ? " જુવાને ગળુ ખંખારી પૂછ્યું.

" તું ભયમાં છે." વૃધ્ધે વાત કરી.

" એ વાત નવી નથી છેલ્લાં પંદર દિવસથી તમે એ જ વાત કરો છો." જુવાન બોલ્યો.

" અને તો પણ તું મારૂં ક્યાં સાંભળે છે ? "

" પણ એકની એક વાત કેટલા દિ, સાંભળવી ગમે ?" જુવાન હસ્યો.

" તું હસતો નહીં. મારા ઘરડા હૃદયમાં તારો હસવાનો અવાજ ઘા કરે છે. તું મારૂં માન."

" શું માનું ?"

" તારા મનમાંથી બધી શંકાઓ કાઢી નાખ. બાઇબલમાં લખ્યું છે, તે માન. બાઇબલથી વધારે ડાહ્યો થવાનું રહેવા દે. બ્રુનો, બેટા, તારા વિચારો તારા દુશ્મન બન્યા છે. હું મઠાધીશ પાસેથી સીધો આવું છું. તું નાસ્તિક પુરવાર થયો છે. સાધુ જેરોમના ગુસ્સાનો પાર રહ્યો નથી. તારો ન્યાય ન થાય, ત્યાંસુધી તને અહીંથી બહાર ન નીકળવા દેવો એવો મઠાધીશનો હુકમ થયો છે. કાલે સવારે તને પકડવામાં આવશે." વૃદ્ધનો શ્વાસ ભરાઈ આવ્યો. "બચવાનો કોઈ ઉપાય નથી. એ લોક તને "......એ આગળ ન બોલી શક્યો. વૃદ્ધની આંખો પલળી. કંઠ રૂંધાયો. એ બ્રુનો તરફ જોઈ રહ્યો.

જુવાનની આંખો ચમકી. પગ ટટાર થયા. અભિમાનમાં માથું પાછું નંખાયું ને છાતી ફૂલી. નીડરતાના પડઘા પાડતો એનો અવાજ સીધો ને સ્પષ્ટ આવ્યો.

" મારે માટે કદી ડરશો નહીં. કારણ કે હું મારે માટે ડરતો નથી."

" બ્રુનો ! તું આવડો નીડર શું કામ થયો ? જેનામાંથી પવિત્ર બીક જતી રહે છે, તેનાપર સેતાન વિજય પામે છે."

" બાપુ, એવી વાત ન કરશો. બીક કે ભય કદીપણ પવિત્ર હોઈ જ ન શકે."

" એવું ન બોલ, એવું ન બોલ," વૃધ્ધે કાને હાથ દીધા. " દીકરા ! તારો બુદ્ધિવાદ તને મૂરખ બનાવતો જાય છે. સેતાન તારાપર વિજય પામે છે." વૃધ્ધે નિસ્તેજ આંખે આકાશ તરફ જોયું. આંગળીથી હવામાં ક્રોસની નિશાની કરી ને એના વહાલા બ્રુનોને માફ કરવા પ્રભુને પ્રાર્થના કરી.

બીજા દિવસનો સૂરજ આથમતો હતો. ત્યારે એક શહેરથી થોડેક દૂર એક જુવાન મુસાફર એક ઝાડ નીચે બેઠો હતો. એ થાકીને લોથ થઈ ગયો હતો. એનાં કપડાં મેલાં થઈ ગયાં હતાં. એને ભૂખ લાગી હતી. આરામ ને રોટલાની શોધ કરવા એને શહેરમાં પેસવું હતું. શહેરમાં પેસવા માટે અંધારાની રાહ જોતો એ બેઠો હતો.

અંધારૂં થયું. જુનો ઊઠ્યો. લપાતો છુપાતો શહેરમાં ચૂપચાપ પેઠો. ધર્મનો અપરાધ કરી નાસી છુટેલા જુનોને પકડવાના સંદેશા અહીં આવી ચૂક્યા હતા.

એ એક મુસાફરખાનામાં ઊતર્યો. એ ક્યાંક જમ્યો ને સૂતો. પાછલી રાતે ઊઠ્યો ને પાછો અંધારામાં જ ઉત્તર તરફ ચાલ્યો.

હવે એ ઊગતા સૂરજના તેજમાં ઝગારા મારતાં એપીનાઈન્સનાં શિખરોની લગોલગ આવી પહોંચ્યો. એ શિખરોની બીજીબાજુ સ્વીટ્ઝરલૅન્ડમાં એને છુટકારો દેખાયો. એની આંખો હસી. એનામાં જલ્દીથી ચાલવાનું જોર આવ્યું, એને લાગ્યું કે, સ્વીટ્ઝરલૅન્ડમાં તો ધાર્મિક સુધારકો છે, એ લોકો એને સમજશે ને વિચાર કરવાની છુટ આપશે.

ચઢાવ શરૂ થયો. સેન્ટ બર્નાર્ડનું શિખર ચઢતાં એ થાકી ગયો. શિખરને માથે એ આરામ લેવા બેઠો, એણે શું જોયું ?

એણે આથમતો સૂરજ જોયો. આથમતા સૂરજનું લાલ તેજ ઇટાલીનાં મેદાનપર પથરાઈ રહ્યું હતું.

" ઇટાલી કેવું સુંદર છે ? " એ બોલ્યો. એમાં જ એની માતા હતી, એને કેટલું દુઃખ થતું હશે ? અને એમાં જ બાપુ

એર્નસેસ્રમ હતા ! એ શું કરતા હશે ? એનાથી બોલી દેવાયું : " ઇટાલિયા ! ઇટાલિયા ! " એ આગળ ન બોલી શક્યો.

એ ઊભો થયો. ફરીવાર ઇટાલીનાં મેદાનોપર એક નજર નાખી: એના હ્રદયે બૂમ પાડી, " ઇટાલિયા ! મારે માટે તારા આટલા મોટા પ્રદેશમાં ઊભા રહેવાની જગા નથી. હું જાઉં છું." વિષુવિયસના ધુમાડા જાણે એને વિદાય આપતા લાગ્યા. એણે પૂંઠ ફેરવી શિખર ઊતરવા માંડ્યું.

× × ×

" મારા ખાનગી મંત્રી તરીકે ઈંગ્લેંડ આવો " પેરીસનો રાજ-પ્રતિનિધિ એને ઈંગ્લેંડ આવવા સમજાવી રહ્યો. એ તૈયાર થયો અને ઈંગ્લેન્ડ પહોંચ્યો.

પણ અહીંના વ્યવહારુ વિદ્વાનો તો વધારે ડાહ્યા હતા. અહીંની વિદ્યાપીઠમાં એરિસ્ટોટલની ભૂલ જોવાના ગુના બદલ દશ શીલીંગનો દંડ થતો હતો.

અને બ્રુનોનો મિજાજ તપી ઊઠ્યો. એણે ભયંકર ગણાય એવું લખવા માંડ્યું. એણે જૂના જગતને જટિયાં ઝાલીને ધુણાવવા માંડ્યું.

બ્રુનોને વિદ્યાપીઠના વડાએ વાતચીત કરવા આમંત્રણ આપ્યું અને મીઠું સ્મિત કરતાં ઉમેર્યું, " આપ અમારો દેશ તાબડતોબ છોડી જાઓ. "

એ પાછો ફ્રાન્સ પહોંચ્યો. ફ્રાન્સ છોડી જવાનું ફરમાન તો તૈયાર જ હતું.

એ મારબર્ગ પહોંચ્યો. પહોંચતાની સાથે એને હંગેરીની સાધ્વી રાણીએ ફતવો પહોંચાડ્યો, " આપને જાહેરમાં બોલવાની મનાઈ કરવામાં આવે છે. "

એ મારબર્ગને પ્રણામ કરીને વિટેનબર્ગ તરફ વળ્યો અને ત્યાંથી

દક્ષિણ તરફ જોન હસના પ્રદેશમાં વિસામો માગ્યો પણ એને જોઈને પંડિતોએ છીંક ખાધી અને દરવાજો બતાવ્યો.

એ લાંબી મજલ કાપીને ઝુરીચ તરફ વળ્યો. ત્યાં એને એક પત્ર મળ્યો. એના જૂના વખતના જુવાન મિત્રને એ સાહસિકને દેખવાનો ઉમળકો થઈ આવ્યો. ગીઓવાનીએ એને પોતાને ત્યાં આમંત્રણ આપ્યું.

એને પૃથ્વીની પેલીપાર ધકેલી મૂકવાની હઠ લઈને બેઠેલા જગતને જોયા પછી આ કાગળ એને મધુર લાગ્યો.

પણ એને ઝેનો અને એનેકઝાગોરાસનાં ગ્રીક ચિંતન યાદ આવ્યાં. એને કોપર નીકસનો અવાજ સંભળાયો, "પૃથ્વી એની ધરીપર ફરે છે."

"જગત કેવું જાણવા અને સમજવા જેવું છે!" એ બબડ્યો. એને એના જાણવા સમજવાનાં હકપર કોઈ પાશવી પંજો ફરતો લાગ્યો. એને સવાલ નહિ ઉઠાવવાના ધર્મના મઠપર ભોકો આવ્યો. જીવનના જોમે એને ધક્કો માર્યો.

એ આલ્પ્સ ઓળંગી ગયો. આલ્પ્સ ઓળંગવાની યાતનાઓપર એની આંખ દેખતી નહોતી. રોમ અને આવેર્નની કિલ્લેબંધીમાં જાણવા, વિચારવાના આનંદની કલ્પના કરતી એની નજર આનંદતી હતી.

એ જીનેવા પહોંચ્યો. એની કલ્પનાપર હસતી વાસ્તવિકતા વિકટ નીવડી.

"પણ આપણે સોળમા શતકના લોકો ચોથા શતકનાં સડેલાં મુડદાંના શબ્દો પર જ કેમ ટિંગાઈ રહેવા માગીએ છીએ!" એની મુંઝવણ વધતી હતી. મધ્યયુગી ગોખણપટ્ટીનો જુલ્મ તોડવા એનું દિલ તલસતું હતું.

અને એના તલસતા દિલપર પોલીસની રખેવાળી શરૂ થઈ ગઈ. "તમે સ્વતંત્ર રીતે વિચાર કરવાનો અપરાધ કરો છો!" એને ચેતવણી અપાઈ.

એ અપરાધીએ અહીંથી મુકામ ઉપાડ્યા. આવડી મોટી ધરતીપર એના અપરાધી જીવન માટે જગા જડતી નહોતી.

જીનેવાથી લીઓન અને ત્યાંથી એ તુલો પહોંચ્યો. અને તુલોમાં પણ એને ચેતવણી મળી.

એ એક દિવસ થાક્યો પાક્યો પેરીસ પહોંચતો હતો. પેરીસના જ્ઞાનનાં માપે એને ગેરકાયદેસર કર્યો.

"જ્યાં જવાય ત્યાં..." એ લોનો એ મિત્રને ત્યાં પહોંચવા વેનીસ તરફ રવાના થયો.

એના પહેલાં એના અનેક પડછાયા પોપ પાસે પહોંચી ગયા હતા અને ગુલામ જગતનો એ જડભરત એને ઝડપી નાખવાની તકની રાહ જોતો ખડે પગે બેઠો હતો.

એ મિત્રને ત્યાં પાછલે બારણેથી પેઠો અને આગલે બારણે સુલતાન પોપના પાશવી એજન્ટો એની ભાળ કાઢતા થઈ ગયા.

એના આરામના થોડા દિવસ ઊગ્યા અને આથમી ગયા. એને ઇટાલીના પારણાએ હિંચોળ્યો હતો. ઇટાલીનાં હવામાન એના પ્રાણનાં હવામાં ફરીવાર ફૂંકાતાં હતાં.

દરિયાનાં પાણીપર આકાશને ઊભરાવતી ચંદા ફરીવળી હતી. વેનીસ નગરના એના ઉતારાનાં પાછલા પગથિયાંપર ઊભરાતો સાગર છોળો ઉછાળતો હતો.

એ પાછલે બારણેથી ધીમેથી ઊતર્યો અને મહાસાગરના ચળકાટ-પર ચળકતો બેઠો. એની ચકોર નજર આખા મહાસાગરપર એક નજરમાં ફરીવળતી ઉકલતી હતી.

ત્યારે કિનારે કિનારે ચૂપકીથી ચાલી આવતી એક સઢવાળી હોડી એણે જોઈ નહિ. એ હોડી છેક પાસે પહોંચી, ત્યારે સઢ બંધ કરવાના અવાજે એણે ડાબી પડખે જોયું. હોડીની ગરગડીનો અવાજ બંધ કરી હથિયાર સજેલી અગિયાર આકૃતિઓ એના તરફ ઉતાવળી દોડી.

એ સમજવાનો વિચાર કરે, તે પહેલાં એના માથાપર કંઈ અફળાયું. એની આંખો સામે રંગ દેખાયા. એ તમ્મર ખાઈને લથડી પડ્યો. એ જાગ્યો, ત્યારે એક ઓરડીમાં હતો એવું એને ભાન થયું અને હવે શું થાય છે તે જોવા એ અંધારામાં જોઈ રહ્યો.

એને બારણું ઊઘડવાનો અવાજ આવ્યો. એની ઓરડીમાં ચાર માણસો દાખલ થયા. એની પાસે " રેક " હતું. એકના હાથમાં ફાનસ હતું ને એક મોટો ઝભ્ભો પહેરીને પેલા ત્રણેને હુકમ આપવા આવ્યો હોય, એમ લાગતો હતો. એના ઝભ્ભા ઉપર ગળામાં પહેરેલી એક સોનાની સાંકળમાંથી એક 'ક્રોસ' લટકતો હતો.

પેલા બે જણે 'રેક' નીચે મૂક્યું. પેલો ઝભ્ભાવાળો આગળ વધ્યો ને બોલ્યો. " તમે અમારા કેદી છો, તે ખબર થઈ ? "

" હા." કેદીએ કહ્યું, " પણ તમે કોણ છો ? "

" મને ન ઓળખ્યો ? " કહી એણે માથું ખુલ્લું કર્યું.

" ઓળખ્યા, ઓળખ્યા, આચાર્યજી ? "

" બોલ, હવે તારી શી માન્યતા છે ? "

" મારી માન્યતા ? " કેદીએ બેઠા થતાં બોલવા માંડ્યું, " હું બંધમાં હતો ત્યારથી તે તમારો કેદી થયો ત્યાં સુધી, મેં મારી માન્યતા સૌને સમજાય તેવી રીતે કહી બતાવી છે. આજની ઘડી સુધી એમાં જરાપણ ફેરફાર થયો નથી."

"ઠીક." કહી એણે બીજા ત્રણને નિશાની કરી, ને ત્રણે બ્રુનો નજીક આવ્યા. ત્રણમાંના એકે કહ્યું, "આ રેક ઉપર સુઈ જાઓ નહીં તો સુવાડવા પડશે."

બ્રુનો ઊઠયો ને શાંતિથી રેક પર સૂતો. રેક સાથે એનું એકેએક અંગ સખત રીતે જકડી લેવામાં આવ્યું.

"હવે તમારે તપ કરવું પડશે" કહી ધર્મગુરુએ નિશાની કરી. એકદમ પૈડું ફરવાનો અવાજ આવ્યો.

બ્રુનોનું એકેએક અંગ તણાવા લાગ્યું. એ આંખો મીંચી પડી રહ્યો. એની આંખમાં લોહી તરી આવ્યું. એના કપાળપરની નસો બહાર નીકળી આવી. એના મોઢામાંથી દુઃખ કે દયાનો એકે અવાજ ન આવ્યો. એ પડી રહ્યો, એનું આખું શરીર કંપી ઊઠયું.

પેલા આચાર્યનો પાછો ખોખરો અવાજ સંભળાયો, "પાપી! નાસ્તિક! શયતાન! આ ભયંકર યાતનામાંથી ઊગરવું હોય, તો જે ધર્મની નિંદા કરી છે તેનો આશરો માગ, ને જે ઈશ્વરનો તેં ઈન્કાર કર્યો છે, તેની દયા માગ."

બ્રુનોએ આંખો ખોલી, રેક પર જકડાયેલું શરીર સહેજ સ્વસ્થ થતું હતું ખેંચતાણ ઓછી થતી હતી એણે હોઠ ઉઘાડયા ને બોલવાનો પ્રયત્ન કર્યો.

લથડતો અવાજ આવ્યો, "મને કોઈનો આશરો ન ખપે. મારે કોઈની દયા માગવાની નથી. જે સત્યનો હું ઉપાસક છું, તે મને સાચો રાખે"

ગરગડીઓ વધારે જોરથી ચાલી. અંગ ખેંચાયાં આંખો ફાટી ગઈ. હોઠ ધોળા થઈ ગયા. આખા શરીરપર પરસેવો આવ્યો,

આંખમાંથી લોહી નીકળ્યું, મોંઢામાંથી લોહીનો ઊબકો આવ્યો, જુનો બેભાન બન્યો.

" બસ." પેલાએ હાથ ઊંચો કર્યો.

થોડી જ વારમાં બંધ ઢીલા થયા, રેક સાથે પેલા ચારેજણ ચાલ્યા ગયા, જાણે કોઈ ભયંકર સ્વપ્ન પૂરૂં થતું હોય, તેમ એ ચાર જણાની પાછળ પાછું બારણું દેવાઈ ગયું ને ઘોર અંધારૂં થઈ રહ્યું.

આજકાલ કરતાં એવાં આઠ વરસ વહી ગયાં, આઠ વરસમાં એનાપર યાતનાઓનો વરસાદ વરસ્યો, એનાં અંગ ખેંચાયાં, એના વાળ ચૂંટાયા, એ દીવાલ સાથે જકડી બંધાયો, એના શરીરનાં હાડ, માંસ ને લોહી ચૂંથાય તેટલાં ચૂંથાયાં.

આઠ આઠ વરસની યાતનાઓથી, આઠ આઠ વરસના ભૂખમરાથી. આઠ આઠ વરસના અપમાનોથી લોહી ને માંસ સૂકવી નાખ્યા પછી અને ચામડી ચૂથી નાખ્યા પછી ધર્મની (પવિત્ર !) અદાલતે એનો છેલ્લો જવાબ માગ્યો.

હજુ એ અનણમ રહ્યો.

હજુ એ અડગ રહ્યો.

હજુ એણે શ્વાસે શ્વાસે સત્યને સંભાર્યું.

હજુ એની આંખના હોલવાતા તેજે વિચાર કરવા માટે ગમે તે સહન કરવાની તૈયારી દેખાડી.

અદાલત બેઠી. ઈસુની યાદગીરીમાં ક્રોસના ચકચકતા કટકા લટકાવી, ધર્મગુરૂઓ ભેગા થયા. એક સૌથી જાડો ધર્મગુરુ મુખ્ય ન્યાયાધીશ બન્યો.

" કેદીને હાજર કરો." પેલો ગળું ખંખારી બોલ્યો.

કેદી હાજર થયો.

જેણે એને જોયો, તે કંપી ઊઠ્યું. જેણે એને જોયો, તેને કમકમાટી ઊપજી. જેણે એને જોયો, તેની આંખ અજાણતાં ભલળી. જેણે એને જોયો, તે ધર્મની હેવાનિયતથી હબક પામી ગયું.

લોકોના ટોળામાંથી એક હાડપિંજર બનેલી સ્ત્રી ચીસ નાખીને દોડી. " મારો બ્રુનો! મારો બ્રુનો! "

એનો બ્રુનો કેદીના પાંજરામાં હતો. પાંજરાની આસપાસ ઉઘાડી તરવારવાળા પહેરેગીર હતા.

એ પાંજરામાં અથડાઈને જમીનપર પટકાઈ પડી. એનું ભાન જતું રહ્યું.

બ્રુનોએ એનાપર નજર નાખી. એની સૂકી આંખમાંથી એક આંસુ ખરી પડ્યું ને આંખો પાછી સુકાઈ ગઈ. સિપાઈઓ આવીને એની માતાને ઊંચકી ગયા. બધાં હૃદયો જોરથી ધબકી રહ્યાં.

બ્રુનો ટટાર થયો. આજે આઠ વરસે એણે માતાને જોઈ. માતાના ભાવને જોયો. ફરીવાર એની લાગણીઓ ઊભરાઈ, છેલ્લી વખત એને બધા અનુભવો યાદ આવી ગયા. શરૂઆતથી આજ-સુધીનું જીવન એની નજર સામે તરી આવ્યું. એ વિકરાળ હસ્યો. એણે આખી અદાલતપર ધારદાર નજર નાખી.

" છેલ્લી વખત તમને જવાબ આપવાની તક આપવામાં આવે છે." ન્યાયાધીશે કહ્યું.

" શાની તક ?" કેદીએ માથું ઊંચકી બોલવા માંડ્યું, " તમારી પાસેથી એકે તકની ભીખ માગતો નથી. મારો જવાબ જે પહેલો હતો તે જ છેલ્લો છે."

ન્યાય થઈ ગયો. કેદીનો બહિષ્કાર પોકારાયો. એની નાસ્તિકતા

અસાધ્ય મનાઈ.

"એના ભ્રષ્ટ લોહીનું એક પણ ટીપું પૃથ્વીપર ન પડે તેવી રીતે એનો અંત લાવવો જોઈએ." અદાલતે છેવટનો ચુકાદો આપ્યો.

"કંઈ કહેવું છે?" શિક્ષાનો અમલ કરવા લઈ જતા સિપાઈઓને રોકી ન્યાયાધીશે પૂછ્યું.

"હા." સ્વીટ્ઝરલેન્ડમાં સંભળાયો તેવો, પેરીસની વિદ્યાપીઠની દીવાલોમાં પડઘા પાડતો તેવો, અંગ્રેજ રાણીની વિદ્યાસભામાં વાગતો તેવો, બ્રુનોનો અભય અવાજ હાડપિંજરમાંથી બહાર નીકળ્યો.

સત્તરમી ફેબ્રુઆરીનું સવાર ઊગ્યું. નાસ્તિકને માટે નક્કી કરેલો પોષાક એને પહેરાવવામાં આવ્યો હતો. એ પોષાકપર સેતાનનાં ચિત્રો હતાં. એ પોષાકપર નરકની જુદી જુદી યાતનાઓની ભડકાવનારી આકૃતિઓ હતી.

એ બધી ભયંકર કલ્પનાઓને અને ધર્મની હેવાનિયતને કચડતો ચાલતો હોય, તેમ બ્રુનો સ્થિર ચાલ્યો જતો હતો. એ લાકડાંની ખૂબ ઊંચી ખડકેલી ચિતા પાસે આવી ઊભો.

એણે એક નજર નાખી. નીચેથી ઊંચે સુધી લાકડાના ઢગને જોઈ લીધો. એના પગ કંપ્યા નહીં. એની આંખોનો ભાવ ઓછો થયો નહીં, એ સાચો જુવાન હતો. એને વિચાર કરવાની ટેવ હતી. એ સત્ય સાથે પ્રેમમાં પડ્યો હતો. એ ડર્યો નહી, એ બીધો નહીં એણે એક નજર ચિતાપર નાખી, એક લોકોના ટોળાપર નાખી. સૌને મહાત કર્યા.

ચિતા ચેતી, ધુમાડાનો એક ગોટો નીકળ્યો ને ગોળ ફરતો ફરતો ઉપર ચાલ્યો ગયો. ધુમાડાની બીજી સેર ઊડી ને જાણે એના માથાપર મંડળ રચતી હોય, તેમ ફરી વળી. એક અવાજ નીકળ્યો.

બ્રુનોને વિષુવિયસ યાદ આવ્યો. એને વિષુવિયસ સાથેની જૂની મહોબ્બત સાંભરી.

ધુમાડાના ભડકા એના પગ પાસે પહોંચી ગયા. એ અડગ ઊભો હતો. એના વાળ સળગ્યા. એની ચામડી સરી પડી. એ એ બધું જોતો હતો. એ દેખાતો બંધ થયો.

ત્યારે સર્વેંટસને ફેંકી નાખનાર ઘાતકી પાદરીઓના પવિત્ર જગતમાંથી શેંપેલની ટેકરીપરના અગ્નિકણોના અનુસંધાનમાં જગતનો પ્રકાશ ૧૬૦૦ની સાલના ફેબ્રુઆરીના સાતમા દિવસની નોંધ લેતો હતો.

જીવન વિધાનનો ચતુર ચિતારો

સર પીરો–એન્ટોનીઓ ફ્લોરેન્સનો વકીલ હતો અને વીન્સીના કિલ્લામાં રહેતો હતો.

એના વાસની આસપાસ ખડકના રસ્તાઓ વીંટળાયા હતા, એના આંગણાપર ડોલતી લતાઓ નાચતી હતી, ઊંચાં ઝાડ ડોકાતાં હતાં, ટસ્કન ટેકરીઓના ઊગતા આથમતા ઓળા પડતા હતા.

એના વાસમાં બીજાંયે વસતાં હતાં. બીજાંમાં એક બાઈ હતી, એની દોસ્તદાર હતી. વકીલને એ બાઈએ એકવાર અંધારામાં બાળક ધર્યો, ને દબાતા અવાજે બબડી, "મારું ને તમારું આ પાપ......એ આપણું બાળક છે."

વકીલ હરખ્યો. થોડા દિવસનું જન્મેલું બાળક સમજ્યા વિના જોઈ રહ્યું હતું. જાણે પોતાને પાપ કહેવા માટે મા–બાપ તરફ અને ગેરકાયદેસર ગણવા માટે દુનિયા આખીની દયા ખાતું દેખી રહ્યું હતું. ત્યારે ૧૪૫૨ નું વરસ શરૂ થયું હતું.

જે જોતું, તે કહેતું કે આવું બાળક હજુ કોઈને સાંપડ્યું નથી. એવું એ દરરોજ મોટું થતું બાળક પ્રતાપી લાગતું. અને તોયે એને

જણનારી જનેતા, એને જન્માવવાનો અપરાધ કરીને...અળખામણી બનીને કોઈ પડદા પાછળ, કોઈ ઘૂમટા પાછળ અસ્ત પામી ગઈ હતી, અને લીઓનાર્ડોને સંસ્કારવાનો વિનય શીખતી હતી. બાળક બાપાના ખોળામાં ઊછરતો હતો અને દુનિયાદારી નહિ સમજતો હોવાથી કોઈ વાર અજાણતાં પૂછી પડતો, "બાપા, મારી બા!"

બાર વરસનો લીઓનાર્ડો રમતો હતો–એના ડિલપર ગુલાબી ઝબ્બો, એના માથાપરની સોનેરી લટો, એની આંખની ભૂરી ભૂરકી, એના અવાજની સુરમ્ય સુવાસ એ બધાંનું એની આસપાસ મંડળ રચાતું, ને કોઈ ઘડીભર થંભી જતું.

બાર વરસનો લીઓનાર્ડો બંસરી બજાવતો, ત્યારે અવાજ એનાપર વારી જતો, એ ગાતો ત્યારે શબ્દ એના કંઠમાં સુંદરતા રચતો, બાપા એને દેખતા અને આનંદથી અંજાઈ આંખો મીંચી જતા, ને કોઈ કોઈવાર પેલો અવાજ એના અંતરને વીંધતો ચાલ્યો જતો, "મારું ને તમારું. આ પાપ...એ આપણું બાળક છે."

અઢાર વરસની ઉંમરે લીઓનાર્ડો પ્રખ્યાત ચિત્રકાર, શિલ્પી, અને ઈજનેર વેરોશિયોની પ્રયોગશાળામાં પેઠો, અને થોડાં જ વરસમાં વેરોશિયોની પ્રયોગશાળાએ સૈકાઓની સાચવેલી કળાઓને એ પી ગયો.

જાણે આખા મધ્યયુગને એ પળવારમાં પી જતો હતો. ધર્મની સાઠમારીપર અંધારાં ઉલેચેલા મધ્યયુગે ધર્મના ચિત્કાર વિના બીજું શું દેખાવા દીધું હતું! જન્મથી મરણ સુધી અને પથારીમાંથી ઊઠતાંથી ઊંઘવા સુધી માનવજીવનપર ધર્મની પકડ જીવન જકડતી હતી. ડાન્ટેએ એ જીવનનાં કાળાપાણીની કથાનો "ઈનફરનો" ગાયો હતો. મધ્યકાળના જીવનનું એ ઊંઘમાંનું અઘોર સ્વપ્ન હતું.

એ સ્વપ્નપર થઈને જાણે ધર્મને હડસેલી કળા મનુષ્યની

કલ્પનાને આંજતી હતી. એ કલ્પનાને જીવનકળામાં જડવા પહેલા જીવનયોગી જેવો લીઓનાર્ડો, સ્વર્ગમાં હતી તેવી સુંદર જીવન કલ્પનાને જેટલી ઉતારાય તેટલી પૃથ્વીપરના જીવનપર ઉતારવાની આશાથી જોતો હતો.

એ જોવા માટે એણે ભૂતકાળનાં મધ્યયુગી કબ્રસ્તાન તરફ જોવાને બદલે, ભાવિની શકયતાઓને જીવતી કરવા ભાવિનાં કમાડ ખોલવાની નજર નાખી. રીનેસાં યુગનો એ ઉદ્ઘાટક બની રહ્યો.

એ શું હતો, શું ન હતો! ચિંતક, વૈજ્ઞાનિક, ઇંજનેર, કલાકાર, ગાયક, વગેરે વગેરે જીવનકલાના અનેક આકારો એની આસપાસ તરવરતા હતા.

મધ્યમયુગના અંધારાનો નાશ માગતી અને આગળ વધતી સમાજઘટનામાં જીવન વિકાસની જાગી ઊઠવાની શકયતાઓ એની અંદરથી એક સાથે ડોકાતી હતી.

એવો એ વીસ વરસનો જુવાન જ્ઞાન–વિજ્ઞાનના ભાવિમાં શોધક પ્રકાશ જેવી નજર નાખતો પૂછતો હતો, "અને પછી?"

"પછી!" શિક્ષક નમનતા દાખવતો કહેતો હતો:

"જે લીઓનાર્ડો કહે તે..."

અને એકત્રીસ વરસની ઉંમર સુધી લીઓનાર્ડોએ એકાંતમાં અભ્યાસ જારી રાખ્યો, અને પછી મિલાનના ઠાકોરને અરજી કરી કે, "મને શાંતિની કલાઓ અને વિગ્રહનાં આયુધોના સર્જનખાતાનો મુખ્ય નિયામક તરીકે નીમો."

કોઈ વિભૂતિ કે કોઈ મૂરખ જ ગણાવી શકે તેવી પોતાની બુદ્ધિની શક્તિઓ એણે ગણાવી.

"હું જંગમ અને ખેંચી લઈ શકાય તેવા પુલો બાંધી શકીશ, અને દુશ્મનોના પુલોનો નાશ કરવાની કલા જાણું છું. નદીઓ અને

ખાઈઓને મૂકવી શકુ છું, કેવળ પથ્થરના પાયાપર ન ચણાયો હોય, તેવા કિલ્લાને ધનાશાની કરી શકું છું, નવી જાતની તોપ બનાવી શકું છું, નદી નીચે રસ્તો ખોદવાનાં અવાજ વિનાનાં કલા જાણું છું, દુશ્મનનો નાશ કરવાની બંધ ટેંકો બાંધી શકું છું, બચાવ અને હલ્લાનાં ડુબકી મારતાં આયુધો રચી શકું છું,......અને શાંતિના સમયમાં, ચિત્રકળા, શિલ્પ, બાંધકામમાં કોઈના કરતાં પણ વધારે આવડત બતાવી શકુ છું."

આ અરજી વાંચીને, અરજદારને કોઈ ગાંડાના દવાખાનામાં મોકલવાને બદલે, મિલાનના ઠાકોરે તેને રાજમહાલયમાં આવવાનું આમંત્રણ આપ્યું, અને પહેલી જ મુલાકાતે નિમણૂંક કરી.

લીઓનાર્ડો મિલાનનો નિયામક બન્યો.

એણે યુરોપના એ નગરને શણગારવા ને સુધારવાનો પ્રયત્ન કર્યો. એણે ઉપરનીચેના રસ્તાઓની યોજના કરી, શેરીઓને વિશાળ પહોળી બનાવી. એણે દેવળો, મિનારા, બાગો, ઉદ્યાનો, નહેરો, સરોવરો, અને રસ્તાઓની જમાવટ કરવાની, નાનાં નાનાં નગરો બાંધવાની, દરેક કુટુંબને બગીચાવાળું ઘર આપવાની, એવી અનેક યોજનાઓ ઘડી.

"યોજનાઓ ઘણી સારી છે." "ઠાકોર હસ્યો.

બન્નેને સમજાઈ ગયું કે પોતે એ રચનાઓ માટે ભૂલથી ઘણો વહેલો જન્મી પડ્યો છે.

લીઓનાર્ડોનો ભ્રમ ભાગ્યો પણ એ સુકોમળ માણસ એની યોજનાઓને લાયક કોઈ રચના માટે હાથ ઊંચકી શકે તેમ નહોતું એટલે એણે પીંછી પકડી અને જે સુંદરતા એ જીવતા જગતમાં નહોતો ઉતારી શક્યો, તેને એણે ચિત્રોમાં ચીતરવા માંડી. જગતમાં અજોડ જેવાં ચિત્રો એ ચિત્રકારે ચીતર્યાં.

એ ચિતારો ચિત્રમય બની ગયો. એ વહેલી સવારથી પીંછી પકડતો, અને ખાવાપીવાનું ભૂલીને અંધારા સુધી ચીતર્યા કરતો. કોઈ કોઈ વાર એ અબુધ બનીને અદબ વાળીને એના જ ચિત્ર સામે ઠરી જતો, કોઈ વાર એવી સ્થિતિમાં દિવસ અને રાત પસાર થઈ જતાં.

એ ચિતારો શિલ્પી પણ હતો. એણે એક ઘોડો ઘડ્યો છે. એની જોડ કદાચ પ્લેટોના સ્વર્ગમાં જ જડી આવે, એણે અનેક શિલાઓમાં પ્રાણ પૂર્યા છે. એણે શિલાઓને માનવીથી મોટી, વિશાળ, ને સુધરેલી બતાવી છે, એટલું માનવી જ એનાથી ન ઘડાયું.

પછી લીઓનાર્ડોએ શરીરરચનાનો અભ્યાસ શરૂ કર્યો. એણે દ્રાક્ષની જાતોનો અભ્યાસ કર્યો હતો. એણે જમીનની જાતો તપાસી હતી. વનસ્પતિની ઓલાદમાં, આરોગ્યમાં અભ્યાસથી જે થઈ શકે તે માનવીની શરીરરચનામાં શક્ય છે, એમ એ માનતો હતો અને ઘડીભર શરીરરચનામાં સમજવા મચી પડતો હતો.

પણ એણે ઊડતાં પક્ષીઓ દીઠાં અને એને ઊડી શકે તેવું યંત્ર બનાવવાનું મન થયું. યંત્ર ચાલી શકે, પાણીપર સરી શકે તો આકાશમાં ઊડી જ શકે એ ખાતરી આપતો ઊડવાના યંત્રને શોધવામાં મશગૂલ થયો.

પણ એવા યંત્રે એટલા વહેલા ઊડવા માંડવાની ના પાડી.

અને એ ગણિતશાસ્ત્ર તરફ વળ્યો અને ટોસકાનેલી સાથે ગણિત ગણવા લાગ્યો. એ ગણતરી પછી દુનિયાનો એક નકશો તૈયાર થયો.

પછી એણે ગીઓકોન્ડોની સ્ત્રીનું ચિત્ર દોરવા માંડ્યું અને મોના-લીસાના નામવાળું એ ચિત્ર જગમશહૂર બન્યું.

એટલામાં એણે સાઠ વરસ પૂરાં કર્યાં હતાં, અને માઈકલ એંગેલો તથા રાફેલ જેવા જુવાન ચિતારા કામે લાગી ચૂક્યા હતા.

"વિગ્રહનું કલાવિજ્ઞાન!" મિલાનનો ઠાકોર એ વિભૂતિની પાસે માલિક રચનાની સંહારસામગ્રી માગતો હતો.

"લશ્કરવાદ!" એ દુઃખી આંખે દેખી રહ્યો, ને બબડ્યો, "અતિપાશવ, ઘેલછા"

"ઘેલછા?" ઠાકોરે એવું બોલનાર એને પહેલો જ જોયો હતો.

"જી, હું સંહારનું એક આયુધ નહિ સુધારી શકું, કારણ કે, દુષ્ટ સ્વભાવના મનુષ્યના હાથમાં હું તે નહિ મૂકું."

અને લડાઈનું એક મહાભયંકર ચિત્ર ચીતરવા પાછી એણે પીંછી પકડી. માલિકોની પાશવી રચનાના સંહારને બીજી કોઈ પીંછીએ એથી વધારે ભીષણ રંગોમાં નથી ચીતર્યો.

એમ એ ચિતારો ચીતરતો હતો. એણે કુદરતનાં વલણો દીઠાં ને ચીતર્યાં, એણે માનવી દીઠાં ને તેમની ભલાઈ, પ્રેમ, રોષ, એવું બધું ચિતર્યું, એ ખેડૂતોને અને પીડિતોને ઘેર ગયો અને તેમને ચીતર્યા.

એમ ચિતારો ચીતરતો હતો અને જીવનના અનેક રંગો દેખતો મિલાનમાં મુક્ત ફરતો હતો.

ચિતારાએ રાંધવા માટે વેચાતાં પક્ષીઓ દીઠાં, ને પીગળી જઈ તેમને ખરીદીને ઉરાડી મૂકતો આગળ ચાલ્યો, ચિતારાએ જીવનને ઝડપાતું દીઠું, ને પોતે શાકાહારી બની રહ્યો.

પણ માલિકોની રચનાએ હિંસાને, પીડનને, શોષણને, અપમાનને તો જીવનનો નિયમ બનાવ્યો હતો. એના સુકોમળ ચિતારાની લાગણીપર મુસ્તાક હસતો એ નિયમ ગરીબાઈની ભયાનકતા, પીડનની ઘાતકતા અને સંહારની કરપીણતા અખંડ ચીતરતો હતો. ચિતારાની

પીંછી અરણ્યરુદન કરતી હતી, ચિતારો ચિંતક બનતો હતો, અને નિઃસહાય બનીને પૂછતો હતો, "અરે, માનવી! તું તારી જાતનો વિચાર જ નહિ કરે!...તું તારી અબુધતાથી શરમાઈશ જ નહિ!"

જીવનના પાછલા કાળમાં, જીવનઘટનામાં ગૂંગળાતા, મૂંઝાતા એ પ્રકાશના પ્રણેતાને ફ્રાન્સના રાજા ફ્રાન્સીસ પહેલાએ પોતાને ત્યાં આવીને આરામથી રહેવા આમંત્રણ આપ્યું. લીઓનાર્ડોએ ઈટાલીને સલામ ભરી અને પોતાના કારીગરોના રસાલા સાથે ફ્રાન્સ જવા નીકળ્યો.

ફ્રાન્સના રાજાનો દોઢ વરસ સુધી મહેમાન રહ્યા પછી ૧૫૧૯ની વસંતમાં એને લાગ્યું કે હવે સમય ખતમ થાય છે.

ત્યારે લોઈરિ અને સોન નદીને જોડવા એણે શરૂ કરેલી નહેરનું બાંધકામ હજુ પૂરું થયું નહોતું.

અને ઈસ્ટરની એક રાત વહેલી આવી પહોંચી. થાકયો પાકયો લીઓનાર્ડો એ રાતે ઊંઘવા જવા મિત્રોની રજા લઈને ગયો અને પથારીમાં ઊંઘવા પડયો.

પછી એ જાગ્યો જ નહિ પણ એણે જાગતાં કરેલાં નવવિધાનો માનવજીવનમાં હાલતાં ચાલતાં થતાં હતાં.

૨૦

સત્યાગ્રહી સંત

લીસેસ્ટરશાયરના એક ગામડામાં એક જુવાન મોચી પેટી પાથરીને, છત્રી ઓઢીને રસ્તાના ખૂણાપર બેસીને ફાટેલા જોડા સાંધતો હતો, ડંખતા જોડા અંદરથી સુધારતો હતો, ને ગુજરાન ચલાવતો. તેમાંથી પૈસા બચાવી એની બખોલ જેવી ઓરડીમાં સંઘરેલાં પુસ્તક વાંચવા બેસી જતો ત્યારે આખા દિવસની ચામડાની ગંધ અને ફાટલા બૂટ ને જોડાની સૃષ્ટિને ભૂલી જતો.

ત્યારે યુરોપપર તેના નવા માલિકોના સેનાપતિઓએ ઉતારેલા સંહાર, ચલાવેલી લૂંટ, અને કીધેલા અત્યાચાર એની આંખ સામે ખડા થતા. ઇંગ્લેન્ડ ને ફ્રાન્સના ખેડૂત ગુલામો પાસે ખાવાનું ન રહેતાં તે લોક ઘાસના રોટલા બનાવીને ખાય છે ને, પહેરવાનું ન રહેતાં, નાગાં ફરે છે, એવી એવી વાતો એના કાનપર પડતી ને સોંસરી ઊતરી જતી.

ઉજ્જડ બનેલા મધ્યયુરોપમાં એક જગાએ એક મરેલા ઘોડાનું માંસ ખાવા વરુઓ અને માણસો વચ્ચે મારામારી થયેલી અને તેમાં

એક વરુ અને બે માણુસો મરણુ પામેલાં, એ વાત વાંચીને એનું આખું માથું ભમી ઊઠયું હતું.

પાછો બીજે દિવસે એ ડીડેરો વાંચતો બેઠો હતો,

"એલા, એ ફૉક્સ!" એક સામે ઊભેલા આદમીએ એના ખોળામાં જોડો નાખ્યો, ને બોલ્યો, "પંડિત થઈ જઈશ તો આ જોડાનું બેલી કોણુ થશે?"

ફૉક્સ હસ્યો. એના કાનમાં ડીડેરોનો અવાજ ઘૂમતો હતો. એની આંખ સામે ડીડેરોએ ચીતરેલો ફ્રાન્સના રાજા લુઈ ચૌદમાનો એક પ્રસંગ ખડો થયો હતો.

"વરસાલીમાં ફ્રેંચ જુલ્મગારે એક મોટો મહાલય બાંધ્યો હતો. મહાલયની ભીંતો અંદરથી સોને મઢી હતી ને તેમાં હીરા ચણ્યા હતા. લુઈ એના મરેલા દાદાના ભૂતને મહાસુંદર મહાલય બનાવતો હતો.

"દીકરા, એ તો સુંદર છે, પણુ તેં ગોનેસીના કિસાનોના ખોરડાં દીઠાં છે?"

"મને દેખાયું છે." બોલતો જ્યોર્જ ફૉક્સ પેલા આદમી સામે તાકી રહ્યો, અને ઊભો થયો.

"કેમ?આ સાંધવો છે કે નહિ?"

જ્યોર્જ ફૉક્સ ઊંડા વિચારમાં હતો. એણે જવાબ આપ્યા વિના ખૂણામાં પડેલું એક પુસ્તક બગલમાં માર્યું ને ચાલવા માંડ્યું.

"ક્યાં?" પેલાએ બૂમ મારી.

મોચીએ પાછા વળીને જોયું પણુ નહિ ત્યારે ૧૬૪૩ ની સાલનો જુલાઈ માસ ચાલતો હતો.

વીશ વરસનો જુવાન મોચી, એનાં ઓજારોની પેટી મૂકીને,

એનાં ચામડાંના ટુકડાનો ત્યાગ કરીને, ચાલી નીકળ્યો, ને એક પછી બીજા પાદરીનાં બારણાં ટકોરવા માંડયો.

"આ કમબખતનો કોણ નીકળી નાઠો છે!" બોલતા ઈસાઈ ડેડેહારો, કોઈ સુખશય્યા છોડીને, કોઈ કંઠમાં વિંટળાયેલા હાથ ચૂમીને, કોઈ આરામનાં સુખસ્વપ્નો પડતાં મૂકીને, બહાર આવતા ને ખૂબ કામમાં હોવાથી ઉતાવળા પૂછતા,

"કોણ છો? ક્યાંથી આવો છો? કેમ આવો છો?"

"ભગવન્! માનવજાતનો મોટો ભાગ દુઃખી છે, પીડાય છે, ધાનના ઢગલા પકવનારનો પેટનો ખાડો...વસ્તુના સાજ સજનારને..."

એની સામે બારણાં બંધ થઈ જતાં, કોઈ છાસિયું કરીને હાથના ઈશારે એને સીધાવી જવાનું સમજાવી દેતું, કોઈ એને સાંભળતું ને શીખ દેતું, "જેવી ભગવાનની ઈચ્છા, ભરજુવાનીમાં આવું કરીશ, તો બ્રમીત થઈ જઈશ."

તોય એ જતો, એક પછી એક વિદ્વાનને, પંડિતને, કવિને, કરગરતો કહેતો,

"મહાશય, દુનિયા દુઃખી છે, સૌથી મોટો ભાગ માલિકોના એક ભયંકર પોડન નીચે......"

"તું પરણ્યો છે?" કોઈ ટીખળખોર એને વચમાં અટકાવીને હસતું.

"ના જી." એ જવાબ આપતો.

"તો, જા ઝટપટ, પરણી જા, એટલે આ ગરીબ ઘેલછા મટી જશે."

અને એ ચાલ્યો જતો પણ કંટાળ્યા વિના પાછો કોઈનાં સુખી કમાડ ખખડાવતો ને દુઃખ રડવા બેસતો:

"બધે કલહ છે. કલહમાં માલિકો ને સત્તાવાનો શ્વાસે શ્વાસે ગુલામ ખેડૂત મજૂરો અને અકિંચનો પર આક્રમણ કરે છે, ને તેમને

લૂંટે છે, રગડે છે, પીટે છે, ચૂંસે છે......"

"બસ બસ" સુધરેલું સાંભળનાર કંટાળી જતું ને દમામથી પૂછતું, "ઉંમર કેટલી ?"

"એકવીશ."

"જુવાન જોધ થયો, તોય કોઈ દિ' લડાઈનું મેદાન પણ નથી દીઠું ?"

"ના, જી."

"તો જા, જલદી નામ નોંધાવ, એટલે લશ્કરવાદના લલકારમાં આ બધાં રોદણાં......"

અને નિરાશ થઈને એ ચાલ્યો જતો, ને પછી તો એની પાછળ પણ અવાજ હસતા,

"એલા એ સોક્રેટીસના અવતાર ! જરાક ઘેર જઈને કસરત કરજે ને મોટેથી ગાજે......"

"ભલે ભાઈ, એમ." બોલતો એ ચાલ્યો જતો.

પણ એ હતાશ થયો નહિ, એને ગરીબાઈનું, દુઃખનું, પીડનનું કારણ સમજાઈ ગયું હતું. એ સમજાયેલા સત્યને આગ્રહથી સમજાવવા અને તેમ અનિષ્ટાનો પ્રતિકાર કરવાનો એણે નિશ્ચય કર્યો હતો.

એણે બીજે જ દિવસે પોતાનો હતો એટલો બધો સામાન વેચી દીધો ને ચામડાના બે કટકા ખરીદ્યા. પાછો એ બેસતો હતો ત્યાં ઓજારો લાવીને બેઠો. એણે ચામડાનો ડગલો ને ચોરણો સીવવા માંડ્યાં.

એને જોતાં તે હવે જતાં રહેતાં હતાં, અને અંદર અંદર ગુપસુપ કરતાં હતાં કે, "બિચારાનું ભરજુવાનીમાં ખસી ગયું લાગે છે."

ચોરણો ને ડગલો સિવાઈ ગયા પછી એ ચામડાના જ એક મોટા વાછટિયા વાળી ટોપી સીવતો હતો અને એને નાગરિકો હસે એવો એ વિરૂપ દેખાતો હતો. એ વિરૂપપર શાહીવાદનો એક અંગ્રેજ સાક્ષર મુગ્ધ થઈને લખાણ લખતો હતો.

એણે એક વહેલી સવારે યુરોપભરની સફર શરૂ કરી. એ ચામડાના ચોરણાવાળો, ડગલાવાળો, મોટી બેડોળ ટોપીવાળો, જ્યોર્જ ફૉક્સ રસ્તાઓની ધૂળ ખંખેરતો યુરોપનાં ગામોના પાદરે કે શહેરના રસ્તાઓની એક બાજુપર થાક ઉતારવા આડો થતો હતો, મળતું તે ખાતો હતો, ખોબલે પાણી પીતો, અને ચૌટેને ચકલે ઊભીને જોરજોરથી બોલતો હતો,

"હું તમારાં માથાં માગવા આવ્યો છું. જે માલિકો છે, જે જુલ્મીઓ છે, જે સરકાર છે, જે શ્રીમંત છે, તે અનિષ્ટ છે. એ અનિષ્ટોના અન્યાયો સામે તેમના અખંડ અત્યાચારો ને જુલ્મો સામે શાંત સામનો કરતા, અહિંસક પ્રતિકાર કરતાં ઊભા રહે એવા વિરલા મારે જોઈએ છે. જુલ્મગારોનાં માથાં માગ્યા વિના પોતાનાં માથાં ઉતારી દે એવાંની શાંતિસેનાને મારે યુરોપના સમરમાં ઉતારવી છે."

"એવું તો ઇસુ બોલ્યો'તો." ઇસાઈઓમાં પ્રમાણિક જાગતાં હતાં.

"લે, લે, શી વાત કરે છે, ગાંડી ગાંડી!" ભગતરામો, ભોળિયાંઓ, ભરમાયેલાંઓ, ને મુરલીધરો, ભાગીને દૂરથી દેખી રહ્યાં.

"મારે તો ખ્રિસ્તીઓને સાચાં ઇસાઈ બનાવવાં છે, એમના ગળામાં લટકતા સોનેરી ક્રોસની શરમ બતાવવી છે, ને ઇસાઈ બનવાનો ખપ કરે તેમને–નર ને નારીઓને, યુવાન યુવતિઓને–ઇસુને મળ્યો'તો તેવો જ ટીંગાઈ જવાનો ક્રોસ બનાવવો છે." એ ગરજતો હતો.

"બેટા, જ્યોર્જ...ફૉક્સ..." એક લાકડીને ટેકે દાઢી ડગડગાવતી ડોસી, એક ઘાસની ગંજીમાં એને શોધતી ઢંઢોળતી હતી. બીજા દિવસે વહેલી ઊઠીને એ આવી ચઢી હતી.

જ્યોર્જ ઘાસનાં તણખલાં ખંખેરતો બેઠો થઈને બગાસું ખાય

ત્યાં ડોસીએ એના ગળામાં ચૂડ ભેરવી, ડોસીની લોહીમાંસના પડળ વિનાની પાંસળીઓ એની છાતીપર ધબકી ઊઠી, "બેટા તું જ સાચો......" ડોસીએ ડૂસકું ખાધું, "તું જ સાચો ઈસુ ને તું જ સાચો સંત...દીકરા, આજે સત્તરસો વરસે પણ એક...નીકળ્યો ખરો, નેઝેરેથના પીડિત જેસસને જાણનારો."

જ્યોર્જ ફોકસ, આ જીવતા મરણ જેવી વૃદ્ધાને આનંદના અતિરેકથી દેખી રહ્યો, "તુંય, પીડિત છે...મા!"

"નહિ તો,......નહિ તો રામાઓ ને રામીઓ પાસે એંઠાં માંજાવતી, પગ ચંપાવતી, પવન ઢોળાવતી, ફિટકારતી, પાનની પિચકારીઓ મારતી, ચાંદીના ખાટપર સોનેરી લાકડી ઝાલી ઝૂલતી ન હોત કે? ને ઈસુને બગલમાં મારી, પોપ કે લુથરને પૂજતી ન હોત કે!" ડોસીનું હસવું ધાસની ગંજીમાં ખોખરું ખખડી ઊઠયું ને ગંજીમાંનો કૂતરો આ બન્ને તરફ ભસી ઊઠયો.

"હું પીડિત છું...એક હજાર વાર...એક લાખ વાર પીડીત છું. મારો ધરવાળો પણ પીડિત હતો, કારણ કે ખેડૂત હતો. એને મેં......એ તો હું હમણાં એવી હાડપિંજર લાગું છું, હતી ત્યારે તો...મેં એક પછી એક એમ આઠ જણ્યાં છે. એક દિવસે ખેતરમાં ઠૂંઠવાઈ ને મારાં જણ્યાંનો જતન કરનારો ઠરી ગયો. પછી મેં એક પછી એક મારા દૂધમલ દીકરાને લડાઈમાં વેચ્યા છે, એક ઉપરવાળો જ જાણતો હશે એમનાં ખાતર કયા ખેતરમાં પડયાં છે તે...,' ડોસીએ ક્રોસ કર્યો ને ગળું ખંખેર્યું, "ને કોઈ ને કહીશ નહિ દીકરા, મારી એકની એક જુવાનજોધને આપણા બ્રહ્મચારી પાદરીની સેવા કરવા......એય વેચી જ કહેવાય ને!...ધારતી'તી કે મારી ઘડપણની લાકડી થશે..." ડોસી બન્ને હાથના ખોબામાં કપાળ પકડીને હાંફવા માંડી.

ને થોડીવારે લાકડી ટેકવી ઊઠતી બોલી, "જાઉં છું બેટા તારી ફતેહ..."

"એમ જવાય, મા!" જ્યોર્જે વૃદ્ધાનો હાથ ઝાલી બેસાડીને પાસેના પ્યાલાથી કોગળો કરતાં કહ્યું,

"મારા ડબલામાં રોટી છે ને શાક છે, આપણે ખાઈએ, મનેય મા સાથે કોળિયો ભરવાનું કોઈ વાર તો મન થાય ને ..."

"ને મારા દીકરા..." ડોસી બેસી પડતી ફોક્સના ગાલ પંપાળી રહી, "જાણે મારો ઈઝેકીલ આજે...ને મને મારા બેટાને, કોળિયો કરવાનું"......વૃદ્ધા લાડ કરી રહી.

પછી બપોરના સૂરજ નીચે મધ્યાહ્નના પ્રસંગીત જેવો એ બોલતો હતો. એના પગ પાસે એક ડોસી બેઠી હતી. એની ચારેકોર જુવાનોનાં ટોળેટોળાં એનો પડતો બોલ ઝીલતાં ઊભાં હતાં.

હજુ હમણાં જ આરસીમાં દેખીને મુખપર મોહી પડતાં હતાં... અરીસામાં ભાળીને પાઉડર છાંટતાં ને પટિયાં પાડતાં મલકાતાં હતાં ત્યાં એકાએક કોઈની બુદ્ધિ ઘુમરાણુ કરતી...કોઈનું જિગર ગર્જના કરતું દોટ દેતું હતું, કોઈ ડોળું દહોતું, કોઈ વલોણું તાણતું, કોઈ ખેતર ખેડતું; કોઈ અધોં ઊંચકાયેલો ધણ ખટકાવતું દોડયું આવતું ને પેલા ચોરણાવાળાના બોલેબોલ ઝીલતું એ બોલનારો ઝૂલે તેમ ઝૂલતું હતું.

"પાછો સત્તરસો વરસે......પાછો સત્યાગ્રહી..."

જેસસે એના જમાનાનાં માલિકો-સફેદ ડાધુઓમાં ફેલાવેલો ભય પાછો જમીનદારોમાં, ઠાકોરોમાં, રાજાઓમાં, લશ્કરોના વડાઓમાં ભડકી ઊઠતો હતો.

અને ધીમે ધીમે જ્યોર્જ ફોક્સની શાંતિ સેનાનાં સૈનિકો વધી

વર્ષોને સાઠ જેટલાં થતાં હતાં. લોકો એ ટુકડીને સાઠ શૂરવીરોની 'બેટેલિયન' કહેતાં હતાં.

અને પીડિતોના દુશ્મનોનાં દિલ દાઝી ઊઠતાં કંપતાં હતાં. એક ઇસુને ઓળખનાર લેખકે લખ્યું કે, "ફોકસે એના દુશ્મનોને ઇસુનો અવાજ બોલીને કંપાવ્યાં છે, ધ્રૂજાવ્યાં છે."†

અને ત્યારથી એનું ને એના સાઠ શૂરવીરોનું નામ 'કવેકર' પડ્યું.

અને 'કવેકરો'ના સંઘ–કવેકરોની શાંતિટુકડીઓ–ગામેગામ ને શહેરે શહેર વધવા લાગી. એ જ વરસમાં એ ઇસાઈ સેના પચાસ હજારની બની, અને પેલા જુલ્મગારો ને તેમના બંદુકિયા બહાદુરો એમની સોનાની વખારમાં થરથરવા લાગ્યા.

શાંતિસેનાનો સેનાની એક દિવસ આવાહન બોલતો હતો, "જે પીડકો છે, જુલ્મગારો છે, શોષકો છે, તે અમારા દુશ્મનો છે. દરેક પળે એ જમાતો ગરીબોને અને પીડિતોને રંજાડતી હોય છે, એમનું શ્વાસેશ્વાસનું જીવન ગરીબો અને પીડિતોપર આક્રમણનું હોય છે......એટલે અમે એ માનવજાતના દુશ્મનોનાં દ્વાર ખખડાવશું, અમે એમની અદાલતોમાં અવાજ ઉઠાવશું...એમનાં કુટણખાનાંનાં કમાડ ઠોકશું."

એ બોલ્યો અને એનો પડઘો એના સૈનિકે સૈનિકે પડ્યો. અપમાન, મજાક, મારપીટ, કારાગાર, પીડન અને મરણની સામે એની સેના સળંગ હસતી ઊભી રહેતી હતી અને અનિષ્ટોને પડકારતી હતી.

એ સેના એના સેનાની જેવી બની હતી, સેનાની સત્યાગ્રહના શાંત સ્વરૂપ જેવો સૂચવતો હતો.

સેના કે સેનાની કોઈ રાજાઓની સામે પણ ટોપી ઉતારતા નહિ અને એ જુલ્મીઓની જમાત સામે પોતાનો તિરસ્કાર દાખવતા, એ લોક ગુલામોના માલિકોને ઘેર જઈને તેમના ગુલામોને છોડી મૂકવાનું કહેતા, એ ધર્મગુરુઓ પાસે પહોંચતા ને તેમના ધમંડનો ઘડો છલકાય ત્યાંસુધી હલાવતા, એ સૈનિકો ન્યાયાધીશોનાં ઊંચાં આસન સામે ખડા થઈ જતા અને તેમના અન્યાયોના જવાબ માગતા. એ હથિયાર વિનાના સૈનિકો લડાઈની વચમાં, ફરકતી તરવારોની ધાર નીચે, ઊડતાં બાણુની છાંય નીચે, સરકી જઈને તરવારિયા ને બંદુકિયા બહાદુરોને હથિયાર હેઠાં મૂકી દેવા વીનવતા.

એ એક હતો ત્યારે તો ઠીક હતું, આજે એકમાંથી અનેક ઊમટ્યાં હતાં. એનો એકનો અવાજ આજે હજારો જીભ ધરીને બોલતો હતો, હજારો ત્રાડ દઈને પડકારતો હતો.

એ કવેકરોથી યુરોપની જુલ્મી જમાતો, માલિકો ને માલિકણો, સરકાર ને તેના સાજ બધાં કંપતાં હતાં, અને દાંત કકડાવી કહેતાં હતાં, "હવે કંઈ કરવું પડશે."

લોકોની ઠઠ જામી હતી, માનવમેદની માનવતાનો ઇસાઈ અવાજ સાંભળવા જ્યોર્જ ફોકસ સામે મીટ માંડીને ખડે પગે ઊભી હતી. જ્યોર્જ ફોકસે શરૂ કર્યું ને એક ખૂણામાં ગરબડ થઈ, બીજી જ પળે એના કપાળમાં એક અણીદાર પથ્થરનો ઘા થયો.

એ બંચાયો નહિ, અચકાયો નહિ, ઊભો હતો તેવો જ એ ઊભો હતો, બન્ને હાથ ઊંચકી મિત્રોને મનાવતો હતો, "આ લોહી જોઈને ઉશ્કેરાશો નહિ, જે પીડક સમાજ માનવજાતના ખૂનોની નદીઓમાં જ વિહરે છે, તેનું જ આ તો પ્રતીક છે, એ આપણી શાંતિને વધારનારું છે."

અને શાંતિ સેનાનો સેનાની જ્યૉર્જ ફોક્સ, કપાળપરનું લોહી લૂછતો આગળ ચલાવતો.

એક વખત એ એક ગામમાં બોલતો હતો, એટલામાં ગુંડાઓનું એક ટોળું દોડતું આવ્યું. એના બે સાથીદારોને મારી નાખવામાં આવ્યા, એનાપર દંડાઓ ને લાતો પડી, બોલતો બોલતો એ પડ્યો ને બેભાન થયો.

જ્યારે એને ભાન આવ્યું ત્યારે એ ઊભો થઈને ભાષણ કરતો હતો, "આ રહ્યા મારા હાથ, મારા પગ, હે મારનારાઓ! હું હજુ જીવું છું."

પણ એણે આંખોના ખૂણામાં ભરાયેલું લોહી લૂછીને જોયું, તો એને સાંભળનાર કોઈ હતું નહિ. એના મારાઓ એને મરેલો સમજી ભાગી ગયા હતા.

પછી એકદમ શાંતિસેનાપર માલિકોની સરકારનો સોટો ફરી વળ્યો. હજારો જેલમાં નખાયા.

જેલ જ્યૉર્જ ફોક્સનું ઘર બની ગઈ. શ્રીમંતોનાં કૂતરાંને રાખવામાં આવે, તેના કરતાં જેલની કોટડીઓ ઘણી જ ગલીચ ને ગંધાતી હતી. જેલમાં એને ઘણીવાર મુંઝવવામાં આવતો, ઘણીવાર જેલમાં સત્યાગ્રહ કરીને એને બેભાન પડવું પડતું. એની કોટડીને ત્રણ તાળાં લગાવવામાં આવતાં, એની જેલખોલીનાં કમાડપર અખંડ સંત્રીઓ બેસતા. એની પથારીપર વરસાદ પડતો, એને ભૂખે મારવામાં આવતો, ઠરી જાય ત્યાંસુધી એને ઠંડો કરવામાં આવતો.

એના અંગપર સોજા આવ્યા હતા, એના હાથપગ અકડાઈ ગયા હતા. એના જેવું ખડતલ શરીર પણ ચાલુ જેલવાસમાં ખખડી જતું હતું. એમ એના શરીરનાં અંગેઅંગને મારી નાખી, એના

માથામાંથી શાંતિ ને પ્રેમના વિચારોને મારી નાખવાનો પ્રયત્ન થતો હતો. એમ મહાત્મા લુથરના લડવૈયા ક્રોમવેલની સરકાર એનાપર સિતમ બનીને વરસતી હતી.

અંગ્રેજ કારાગારના અંધારા ઓળા કેટલા સફળ થયા છે, તેની પરીક્ષા થવાની હતી, એની માનવતા કેટલી મક્કમ હતી, તે દેખાવાનું હતું. એની મુદત પૂરી થતી હતી, એ છૂટતો હતો.

એને છૂટેલાને વધાવવા ઊમટતાં ટોળાંને એણે પહેલો અવાજ સંભળાવ્યો, "શાંતિસેનામાં જોડાઈ જાઓ, આપણી સાચી લડત તો હજુ હવે જ શરૂ થઈ જાય. મરણ સામે મલકાતાં મરણને ભેટી પડો. તમારા ભોગ કચડાતાં જીવનના જતનના દરવાજા ખુલશે." માલિકોની લંગારોએ, લપાઈ, શરમાઈને જોયું કે, એનાં લોહી સુકાયાં હતાં, એનાં માંસ ચિમળાયાં હતાં, પણ એના હાડપિંજરપર ઊભેલા માથાના તંતુએ તંતુમાંનો થડકાર જેવો ને તેવો જીવતો હતો.

એટલે ઇંગ્લેંડની શ્રીમંતશાહીના સરમુખત્યાર ક્રોમવેલની સરકારે પાછું એની સામે તહોમતનામું ઘડ્યું. એ તહોમતનામાના જવાબમાં ફોક્સે, ક્રોમવેલપર કાગળ લખ્યો કે,

"હું ભગવાનની હાજરીમાં જાહેર કરું છું કે, આપની સરકાર સામે કે કોઈ પણ વ્યક્તિ સામે મેં કદી હથિયાર ધારણ કર્યું નથી. મને લાગે છે કે, આ દુનિયામાં પીડિતોની એકધારી હિંસા જે હું જોઉં છું, અને જો હું પણ તેનો સાક્ષી બનું છું, તો કચડાતી માનવતાને અંધારામાંથી પ્રકાશમાં લાવવાનો અને તેમના માલિક-લોક જે બધાં યુદ્ધોની રચના કરે છે, તે યુદ્ધોના કારણોમાંથી તેમને ઉગારવાનો મારો ધર્મ બને છે, મારો એ ધર્મ બજાવવા ઈસુએ ઉપદેશેલો શાંત સત્યાગ્રહી સામનાનો માર્ગ મેં ગ્રહણ કર્યો છે."

ક્રોમવેલને આ વિચિત્ર માનવીને મળવાનું મન થયું. સવારના ૭ વાગ્યે ક્રોમવેલના કાસદોએ એને ક્રોમવેલનું દીવાનખાનું દેખાડ્યું.

ક્રોમવેલે આ જુદી જ જાતના લડવૈયાને આવકાર્યો, એણે વળતાં કહ્યું, " આ ઘર શાંતિ પામો."

પણ ક્રોમવેલની આંખમાં તો સાપોલિયાં રમતાં'તાં, એના હાથમાંની તરવાર સળવળતી હતી. એના મનપર સમાનતાવાદીઓ (લેવેલર્સ)ની કતલની યાદ હજુ તાજી જ હતી. એણે ઉદાસ હસીને ચામડાના ચોરણામાં ને ચામડાનો ટોપ • ઓઢેલા ' ક્વેકર 'ની આશીષ ઝીલી.

થોડીક આડી અવળી વાતચીત થઈ, અને એ ઊઠયો, " તો હું રજા લઉં છું."

" ભલે, પણ..." ક્રોમવેલે વિવેક વાપર્યો, " મારે ઘેર આવતા રહેજો, હું જેમ મારું પોતાનું અનિષ્ટ નથી ઇચ્છતો, તેમ જ તમારું પણ નહિ..."

અને એણે જવાબ દીધો, " જો તમે એમ કરો, તો તમે તમારી જાતનું જ અહિત કર્યું કહેવાય, પણ સમય આવ્યે તેવુંય થઈ જાય છે, ઇચ્છું છું કે, અળગા રહી શકો."

એ ગયો અને પેલા અવાજ ભુલાઈ ગયા. એના અનુયાયીઓપર કામ ચાલ્યાં ને તે કારાગારમાં પુરાયા. ક્વેકરો માલિકોના સ્વરાજ સામે કાવતરું કરે છે, એવા આરોપસર અદાલતે કેદખાનાં ભર્યાં કર્યાં.

પછી ઇંગ્લેંડની ગાદીપર રાજા ચાર્લ્સ બેઠો. ક્વેકરો સામેના આરોપની ભાષા સહેજ બદલાઈ. એ લોક તાજ તરફ કાવતરું કરે છે એવાં તહોમતનામાં ઘડાયાં, અને તરત જ તેમની સામે અનેક પિડનો અને દમનો શરૂ થયાં. મેરી ઇંગ્લેંડના વકીલો, વિદ્વાનો, પાદરીઓ અને ન્યાયાધીશો સત્તાના જોરપર શાંતિસેનાના સૈનિકોના સ્વમાન સાથે અને શરીર સાથે રમી રહ્યા. મેરીઇંગ્લેંડનાં માલિક-માલિકણો મલકાતાં ઝૂલી રહ્યાં.

પંદરહજાર ક્વેકર કારાગાર પાછળ જકડાઈ ગયા, અને ઘણા કારાગારમાં જ મરણ પામ્યા.

પણ જુલ્મીઓ એમના મહાલયમાં ધ્રુજતા હતા, એમની મિજબાનીઓની રકાબીમાંથી, ચળકતી પ્યાલીઓના પ્રવાહીમાંથી કોઈ ક્વેકર ઊભો થઈ જવાની ગૂઢ બીક લાગતી હતી.

" એ તે કેવાં પ્રાણીઓ હતાં ! " જુલ્મગારો સડક બની જઈને શોચતા હતા, "...કે, માર પડે, તોય પ્રેમાળ શબ્દો બોલતા હતા ! અપમાન થાય, તોય હસતા રહેતા હતા ! મરણને જોઈને મલકાઈ ઊઠતા હતા ! અને વઢાઈ વઢાઈને કટકા થાય, તોય એકના બે બનતા નહોતા ! "

જ્યોર્જ ફોક્સ પકડાયો હતો. હવે તો ત્યાંય એ ચેપી બન્યો હતો એને સાચવનારા સંત્રીમાંથી કોઈ સંગીન મૂકીને ક્વેકર બનતો હતો, એને જોઈને બીજા કેદીઓને પણ ક્વેકર થવાનું મન થતું હતું. લશ્કરમાંથી કેટલાક સિપાઈઓ પણ શાંતિસેનાના સૈનિક બન્યા હતા.

જજ ફેલી હજુ હમણાં જ મરણ પામ્યો હતો. પણ ત્યારથી દરબારીઓ અને દરબારણોમાં મહાલવાને બદલે ન્યાયાધીશ ફેલની સ્ત્રી માર્ગરેટ જ્યોર્જ ફોક્સને ચાહતી થઈ હતી. રાજા સુધી વાત પહોંચી ગઈ કે, ફેલની સ્ત્રીએ જ્યોર્જ ફોક્સની સોબત કરી છે અને પોતાના બાગબગીચા, પોતાનો મહાલય, પોતાનું બધું જ ફોક્સને ચરણે ધર્યું છે. જ્યાં દરબારીઓની મિજલસો શોભતી, ત્યાં આજે માર્ગરેટે જ્યોર્જ ફોક્સના રખડુઓના આરામ રચ્યા છે.

પછી જ્યોર્જ ફોક્સ કારાગારમાંથી છૂટ્યો કે તરત જ આઠ બાળકોની પંચાવન ઉંમરની માતાએ છેંતાલીસ વરસના જ્યોર્જ ફોક્સ સાથે ૧૬૬૯ના ઓક્ટોબરના અઢારમા દિવસે લગન કર્યાં.

દરબારીઓ અને દરબારણોએ શોક પાળ્યો ને ઘૂમટો તાણી ખૂણો લીધો. રાજાએ ન્યાયમૂર્તિ ફેલની સાથેનો જૂનો સંબંધ સંભારી, બન્ને નવાં પરણેલાંને કારાગારમાં જકડી લેવાનો હુકમ કાઢ્યો.

પરણેલાં બાવીસ વરસ સુધી પરિણીત રહ્યાં, પણ બધાં મળીને પાંચ જ વરસ સાથે રહ્યાં, બાકીનો સમય કારાગાર ખાઈ ગયું.

અને કવેકરો તો અમેરિકામાંય ઊગી નીકળ્યા હતા. ત્યાંના કવેકરોનાં દુઃખ સાંભળીને જાતે તપાસ કરવા એક દિવસ જ્યોર્જ ફોકસે "ઈન્ડસ્ટ્રી" નામના વહાણમાં ટિકિટ કઢાવી. સાઠ દિવસની સફર પછી ફોકસ બારએડોસ બંદરે ઊતર્યો.

ઊતરીને તરત જ એ કામપર ચઢી ગયો એણે ત્યાંના નિગ્રો ગુલામોના છૂટકારાનું એક જાહેરનામું પ્રગટ કર્યું. ૧૬૭૧ની સાલમાં આ જાહેરનામાએ, ધાંધલ મચાવી મૂક્યું.

પછી એ સૌથી વધારે સુધરેલા બોસ્ટન નગર પહોંચવા ઊપડ્યો. ત્યાંના માલિકો અને તેમની સરકારની હેવાનિયતની હદ આવી ગઈ હતી.

વિલીયમ રોબીન્સન, મર્મડ્યુક રોબીન્સન, વિલીયમ લીડ્રા તથા મેરીડાયર નામના ચાર કવેકર આગેવાનોને એન્ડીકોટના ગવર્નરના હુકમનો ભંગ કરી મેસાચુસેટમાં પ્રવેશવાના ગુના બદલ ફાંસીપર લટકાવી દેવામાં આવ્યા હતા. એ જ નગરમાં કવેકરને પાણી કે દૂધ આપવાના ગુના બદલ કેટલાંયે સ્ત્રીપુરૂષો જેલમાં સડતાં હતાં.

ડોવરમાં ત્રણ કવેકર બાઈઓને ગાડીની પાછળ બરફપર બાંધીને ભરબજારમાં, નારીશરીરોની જાતિ ન ઓળખાય તેવી અને મરેલા લોહીમાંસના લોચામાંથી લટકતાં અચેતન હાડકાંવાળી બની ત્યાં સુધી ઘસડવામાં આવી હતી.

એ શહેરના પોલીસોને હુકમ હતો કે, "જે રખડુ ફવેકરો દેખાય, તેમને પકડવાં, ને પકડીને અદાલતમાં ખડાં કરવામાં આવે તે પહેલાં એક પછી બીજા એમ દરેક કોન્સ્ટેબલે દરેકને દશ દશ ફટકા મારવા." એ હુકમપર રાઈટ ઓનરેબલ રીચર્ડ વોલ્ડને સહી કરી હતી અને એ હુકમનો રેવન્ડ મી. રેનોરે અમલ કર્યો હતો.

એણે ફરીફરીને શીખ દીધી, "તમારાપર વીત્યું છે તેને હું તમારા વતી આવકારું છું, ને મારાપર એથી વધારે વીતે, એવી તમારા જુલમગારો પાસે માગણી મૂકું છું. એથી સત્તાવાનો અને પીડકો સામે શાંત ને ટટાર ઊભા રહેવાનું તમને બળ મળશે જ."

પાછો એ ઇંગ્લેંડ પહોંચ્યો. અને ત્યાંના કારાગારમાં રાખવામાં આવેલી કોટડીમાં એનો વાસ થયો.

પછી ૧૬૯૧ની સાલમાં એક એકાંત ઘરના ઓરડામાં લીસેસ્ટરનો એ અભણ મોચી મરવા પડ્યો હતો. કારાગારોમાં લોહીનું ટીંપેટીંપું નીચોવી આપીને સાચો તો એ ત્યાં જ મર્યો હતો.

એ જેલપંખીનું જીવનપંખી એના હાડપિંજર પાંજરામાંથી ઊડી ગયું, ત્યાર પછી પણ ક્યાંય સુધી, ઈંગ્લેંડના પીડકો, શાસકો, અને માલિકો, એના નામથી કંપતા હતા.

૨૧

મેક્સીકો–સ્પેઈનનું સંસ્થાન

નક્શાઓમાં ચિતરાઈ ગયું, ઇતિહાસમાં આલેખાઈ ગયું, યુરોપનાં માલિકોનાં અખબારોમાં ગવાઈ ગયું કે, " મેક્સીકો સ્પેઈનનું સંસ્થાન છે " એવી ઊગતી મૂડીની માલિકીની બહારવટી જમાતોએ ઈશ્વરની સાક્ષીમાં એકરાર કરી દીધો.

પછી સ્પેઈનથી સ્પેનીઆર્ડો આવ્યા ને મેક્સીકોપર ઠલવાયા, ખાલી જહાજોમાં મેક્સીકોની લૂંટના ઢગલા ભરાયા ને સ્પેઈનના માલિકોને આંગણે ઠલવાયા.

એમ ભરાયાં, ઠલવાયાં; ઠલવાયાં ને પાછાં ભરાયાં. મેક્સીકો સ્પેઈનનો સંસ્થાન દેશ હતો ને સંસ્થાનપર સ્પેઈનનાં માલિકોનો કાયદો ને કાયદાની વ્યવસ્થા જડબેસલાક જામી ગઈ હતી.

એકલો ફ્રાન્સનો રાજા...ને એકલો બ્રિટનનો માલિક...ને એકલી હોલેન્ડની મહારાણી કોચવાતાં હતાં ને પોતાની જાતને આપસ–આપસમાં સિસકારતાં હતાં, " શું આપણી પાસેય તોપો નથી શું ? આપણે ત્યાં બંદૂકિયા બહાદુરોનો દુકાળ પડ્યો છે ?

શું આપણુનેય જહાજો હંકારતાં નથી આવડતાં ? ને શું આપણેય કાયદા નથી ભણેલાં ?"

પણ થાય શું ? સ્પેઈનનો મૂડીવાદી પશુ એકલો જ સૌથી પહેલો જામી પડ્યો હતો ને ચસચસ ચૂસવા મંડ્યો હતો.

યુરોપની હરીફ માલિકશાહીઓ આડીઅવળી મરડાતી ધૂંધવાતી હતી.

અને તેમનાં હરીફ જહાજો ફરતાં હતાં, અથડાતાં હતાં. શિકારમાં પોતાનોય ભાગ છે, એવો ન્યાય માગતાં હતાં.

એવા હરીફ પારધીઓ સામે તરવારની અણિ ધરીને સ્પેઈનની માલિકશાહી નવા સંસ્થાનપર બેફામ દોડતી મેકસીકોની ગરદનમાં કાણાં પાડીને દોહતી હતી ને લોહી ઝરતા શિકારને રીઝવવા આરીસો ધરીને તેમાં આકાશના તારા અને કુમારિકા માતાને સાંપડતો દેવતાઈ દીકરો બતાવતી હતી.

અને સ્પેઈનના માલિકોની સરકાર દરબારીઓ ને દરબારણોનો મેળાવડો કરી ગોળધાણા વહેંચતી, કોર્ટીસને શાલ દુપટ્ટો આપતી હતી અને ઈશ્વરનો આભાર માનતી હતી.

મેકસીકોના જાલિમ પશુને સર્વ સત્તા મળી હતી. મેકસીકોનો મેલીનઝી (કોર્ટીસ) પહેલો ગવર્નર કેપ્ટન જનરલ બનતો હતો તથા મેકસીકોના મહાન ન્યાયાધીશ તરીકે નિમાઈ ચૂકયો હતો.

અને એણે અંદરનો ન્યાય માંડી દીધો હતો.

એ મહાન ન્યાયાધીશ અને ગવર્નર કેપ્ટન જનરલ મોંઢેથી જ ન્યાયનાં સૂત્રો બોલતો હતો કે,

"અમે સુધરેલા છીએ, મેકસીનનો જંગલી છે. જંગલીને સુધારવાની પવિત્ર ફરજ ઈશ્વરના ફરમાનથી પોપે અમને આપેલી છે.

અમારી ફરજ અદા કરવા મેક્સીકો અમારું છે ને તેનાપર અમારી સરકાર કાયદા પ્રમાણે રચાયેલી છે.

" અને કાયદા પ્રમાણે વ્યવસ્થા જાળવવાની પવિત્ર ફરજ અમારે માથે આવી પડી છે."

એ ફરજને અદા કરવા કોર્ટીસે કરપીણુ કિરપાણુ મેકસીકોપર આઠે પહોર લટકતી રાખી.

મેકસીકોના વિભાગો પડયા. દરેક વિભાગપર કેસીક નિમાયો અને કેસીકપર ગોરો લશ્કરી મુકાદમ બેઠો.

એવો કાયદો મેકસીકોનાં જંગલોમાં, નદીઓમાં, ખાણોમાં ને ખેતરોમાં ફરી વળ્યો.

મેકસીકોનાં તમામ વતનીઓ શાહી સરકારનાં પવિત્ર ગુલામો બન્યાં.

મેકસીકોનાં વતનીઓના બે વિભાગ પડયા. એક કામ કરનારાં વેઠિયાં—ગુલામ ને બીજાં કર ભરનારાં હાલી—ગુલામ.

પહેલાં ગુલામો સરકારનાં જંગલ કાપવા લાગ્યાં, સરકારની નદીઓમાં સોનું વીણવા લાગ્યાં, સરકારની ખાણો ખોદવા લાગ્યાં ને સરકારનાં વાસીદાં વાળવા લાગ્યાં.

અને સ્ત્રીઓ, પુરુષો, જુવાન યુવતીઓ, બાળકબાળકીઓ ગુલામ તરીકે સમાન હતાં ને સમાન રીતે વરસતા વરસાદમાં, આંજી નાખે તેવા નદીના ચળકાટમાં ને જંગલોની બાફમાં સૂસવતી ચાબૂકો નીચે, ઘોંચાતી તરવારની અણિઓ નીચે કામ કરતાં હતાં ને અકાળે મરતાં હતાં.

—બીજાં કર ભરનારાં હાલીઓના ઉંબરા ઠોકાતા રહેતા,

બારણાં ખખડતાં રહેતાં, ને શાહી સરકારના કોબદેસરના કાસદોના ઘા ઘીખતા રહેતા ધમતા હતા કે, "સોનું આપો, અનાજ આપો, રૂ આપો, દૂધ આપો, મધ આપો મરચી આપો ને અમારી સેજની સેવા કરવા ઉતારાપર દીકરીઓ આપો."

એવા કાયદાની એવી વ્યવસ્થાનું લોખંડી ચોકઠું મેક્સીકોપર બેસી ગયું હતું, સ્ક્રુ ફરતા હતા ને બધું ફરતું હતું, ચક્કર ચાલતું હતું ને બધું ઉલેચાતું હતું. ઘાણીના ઘોર બોલતા હતા ને રાતું ટપકતું હતું.

એવી રચનાને ઈશ્વરના આશીષ હતા, સંતોની શુભેચ્છાઓ હતી, અને માલિકોની મહેર હતી.

"ને બરાબર કામપર ન જતાં હોય...ને બરાબર આપણી શાહીસરકારના લાગા ન ચૂકવતાં હોય, તેને પકડીને વાંધી નાખો તથા હુકમના અમલની નિશાની તરીકે એમ વીંધાયેલાં દરેકનો એક કાન હજૂર ઓફિસપર મોકલી આપો."

"ને એમાં કોનો શો વાંક છે વારુ? સાલાંઓ ગુલામો કામમાં કોચરાઈ કરતાં હતાં ને ભાગતાં ફરતાં હતાં!" સ્પેઈનના માલિકો ને માલિકણો બબલા બબલીનાં પટિયાં પાડતાં હીંચકે ઝૂલતાં બોલતાં હતાં.

મેક્સીકોના બધા રાજમહાલયો કોર્ટીસના હતા, મેક્સીકોના બધા માર્ગો કોર્ટીસની કુરનીશ બજાવતા હતા, મેક્સીકોનો દરેક વિભાગ કોર્ટીસનો ખંડિયો હતો ને મેક્સીકોની ધરતી કોર્ટીસને કરવેરા ભરતી હતી.

કારણ કે, કોર્ટીસ સ્પેઈનના રાજાના આડતિયા તરીકે-કેપ્ટન ગવર્નર જનરલ તરીકે મેક્સીકોપર રાજ કરતો હતો.

એણે હજુ હમણાં જ રાજદરબારમાં સ્પેઈનનાં રાજારાણી ને

પોપની છબીઓ ખુલ્લાં મૂક્યાં હતાં. એના રાજદરબારે સ્પેઈનની સરકારને વફાદારીના સોગન લીધા હતા.

એ સ્પેઈનની શ્રીમંત સરકાર જોગ લખતો હતો કે,

"મેકસીકો આખાપર સ્પેઈનની લાગવગ કણેકણ પથરાઈ ગઈ છે.

"સ્પેઈનની સરકારનાં તમામ વતનીઓ ગુલામ બની ચૂક્યાં છે.

મેકસીકોનાં જંગલી દેવદેવીઓની મૂર્તિઓને બદલે પવિત્ર ક્રોસની પધરામણી થાય છે.

મેકસીકોનાં વતનીઓનો–ગુલામોનો તમામ શ્રમ સ્પેઈનની દોલત વધારવામાં વાપરવામાં આવે છે.

"અને ખુશાલીની એક નવી વાત આપ નામદારની નજર આગળ લાવવાની રજા લઉં છું કે, ઉત્તરથી દક્ષિણની નવી દુનિયાને જોડતી, મેકસીકોથી દક્ષિણ તરફની એક જમીનની પટ્ટી માલૂમ પડી છે. એટલાંટિક અને પાસિફિક ત્યાંથી એક કેમ ન થઈ જાય ! પણ વધુ વિગતો પછી હું આપ નામદારની તહેનાતમાં પૃથ્વીપર કોઈપણ સરકાર પાસે ન હોય, તેટલા પ્રદેશો લાવવાની ઉમેદ ધરાવું છું."

સ્પેઈનની શ્રીમંત સરકાર જોગ એવા અનેક ખરીતા એણે મોકલાવ્યા હતા. સ્પેઈનની સરકારે એને બદલામાં પોતાના સહીસિક્કા સાથેનો ખરીતો પેશ કર્યો હતો કે, કોર્ટીસને ઓકસાકાનો માર્કવીસ બનાવવામાં આવે છે, અને આખા મેકસીકન પ્રદેશનો મહાન ન્યાયાધીશ બનાવવામાં આવે છે.

મહાન ગવર્નર, મહાન જનરલ, મહાન માર્કવીસ એ કોર્ટીસ મહાન ન્યાયાધીશ બની ચૂક્યો હતો. એવો મહાન રાજદરબાર ભરીને બેઠો હતો.

ઓકસાકાના ત્રીજીભાગ જેટલા પ્રદેશની પોતાની જાગીરપર રાજ ચલાવવા એણે એક નોકરને નીમ્યો હતો, અને મેકસીકોપર ઠેરઠેર સ્પેઈનથી આવેલા જમીનદારોનાં જૂથ ગોઠવી દીધાં હતાં.

એ સૌના શુભ સમાચાર એ રાજદરબારમાં સાંભળતો હતો.

ત્યારે એની સામે એક કેસીકે ભવ્ય મુજરો કરીને કહ્યું, "આપ નામદારની તહેનાતમાં એક સ્ત્રીને હું હાજર કરું છું."

"નામ!"

"ડોના મરીના...એમ કહે છે. કહે છે કે, નામદાર કોર્ટીસ મારા ઓળખીતા છે...ગુલામોના કાનમાં ઉશ્કેરણી ફેલાવતી એ બાઈ માલૂમ પડી છે."

"આવવા દો." કોર્ટીસને ન સમજાય તેવી રીતે પગથી માથા સુધી કંપ થયો.

"અને એક સુંદર શરીરવાળી પણ દુઃખ ને નિરાશાની કરુણ મૂર્તિ હોય તેવી ધોળા વાળવાળી પણ જુવાન જણાતી એક બાઈ માથાપર પોટકા સાથે રાજદરબારમાં દાખલ થઈ અને નમ્યા વિના ખડખડાટ હસતી ઊભી.

"આપ નામદારને અરજ ગુજારવા ને ન્યાય માગવા આવી છું...હું ડોના મરીના છું." બોલતી પાછી એ ભયંકર હસી.

"શું!" કોર્ટીસ જોઈ રહ્યો.

"કે મેકસીકોનો એકથી બીજો છેડો ગુલામ બન્યો છે. ગુલામોનાં જૂથ ઢોરની જેમ હંકાય છે, ને મારી મારીને મારી નખાય છે...હજારોને વીંધી નાખી તેના કાન કપાઈ ગયા છે. સ્ત્રીઓને નાગી કરી ફટકારાતી મારી આંખથી જોઈ છે, નાનાં નાનાં બાળકોને ફટકારાતાં મેં નજરોનજર દીઠાં છે ને..."

"એ જ ધંધો કરે છે!" કોર્ટીસ હસ્યો.

"ના, આપની સેવામાંથી મુક્ત થઈ ત્યારની ફરતી રહી છું...ને વીધાયલાંનો એક કાન આપની હજૂર ઓફિસમાં જાય છે. બીજો હું કાપી લઉં છું, એ આ પોટકી" બોલતી એણે કોટીસ સામે કાનોથી ભરેલી પોટકી પછાડી.

"એને લઈ જાઓ ને કેદ કરો." કોટીંસે બૂમ મારી.

"ને મારો ન્યાય!" માલીનીશી કરુણુ જોઈ રહી આ કાને કાને દિલ છે. દિલનાં મૂળિયાં ને જિગરના ઘા ઓકસાકાના જાગીરદાર ને મેક્સીકોના મામલતદાર આપને ભલે ન દેખાતા હોય, પણ એને જ્યાં નાખશો ત્યાંથી એ આખી મેક્સીકોની ભોમની ભીતર કાન બનીને પથરાઈ જશે, ઉપરનાં જીવતાં દિલ સાથે જોડાઈ જશે ને ત્યારે મારા વડા ન્યાયાધીશ! ઇતિહાસ એક દિ' તમારો...તમારી જમાતનો...તમારી ઘાતકી ઘટનાનો એવો તો...એવો તો કરપીણુ ન્યાય કરશે કે..." બોલતી માલીનીશી ઘસડાઈ.

"પણ મારી પોટકી!" એણે ચીસ પાડી, "મારે કાને કાન ફૂંકવો છે...કે ઊંડો માટીડાં..."

માલીનીશીને પીઠ પાછળથી ધક્કો વાગ્યો ને એણે રડી દીધું "એમ શું કરે છે ભૂંડા...મારી પોટકી...એની સાથે મારું દિલ છે દિલ...શીદ તોડે છે...મારું દિલ છે દિલ."

પછી ૧૮૨૮ની સાલનો મે માસ હતો. કોટીંસને સ્પેઇન સાંભરી ઊઠયો હતો સ્પેઇનની ભૂમિ, સ્પેઇનનાં નરનારીઓ, સ્પેઇનમાં પહોંચેલી એની સ્ત્રી કેટેલીના અને તેનું બાળક......

"હવે તો મોટો બાર વરસનો થઈ ગયો હશે" એને આનંદનો ઉમળકો આવતો હતો અને એને લઈને સ્પેઇન પહોંચનાર કેપીટાના જહાજ તૈયાર થતું હતું.

ને એ એકલો નહોતો, એની સાથેનાં બીજાં બે જહાજોમાં

મેકસીકન ગુલામ છોકરા છોકરીઓ હતા, હીરા હતા, સોનાની રજકણોના ભરેલા થેલા હતા, સુંદર પક્ષીઓ હતાં, ફળો હતાં અને બીજું ઘણું ઘણું હતું.

એને સ્પેઇનની ભૂમિપર ફરવાનું મન હતું, સ્પેઇનના દરબારને દેખવાનો આનંદ, સ્પેઇનના શ્રીમંત લત્તામાં બંધાયેલો એનો રોનકદાર આવાસ ને ત્યાં પહોંચતાં રસ્તામાં થનારું એનું બહુમાન એ બધાની કલ્પના એનાથી અજાણતાં થઈ જતી હતી.

દરબારી દાઠના માનચાંદને પોતાનાં પડછંદ પગલાં નીચે કચડતો, સલામીઓ ઝીલતો એ બંદરપર પહોંચતો હતો ને કેપીટાનાપર ચઢતો હતો.

ને એને લઈને કિનારાપરનાં ગુલામ દરબારીઓને વેંતિયા દેખાડતું કેપીટાના દૂર દૂર જતું હતું.

પછી એને કિનારો દેખાતો બંધ થયો, કિનારાને એ દેખતો બંધ થયો.

કેપીટાના પૂરજોશમાં ચાલ્યું જતું હતું. આખો એક દિવસ ને એક રાત પૂરાં થયાં હતાં. ને ઉષા ઊગતી હતી.

જે દેખાય છે ત્યાં સ્પેઇનની શ્રીમંતશાહીનું દમનરાજ છે, એમ વિચારતો કોર્ટીસ તૂતકપર આરામથી બેઠો બેઠો ફૂંકતો હતો.

ત્યાં તો એણે સીડીપર પગરવ સાંભળ્યો ને અવાજ આવ્યો.

"નામદાર, નામદાર, પેલી ડાકણ!" બોલતા એના બે અંગરક્ષકો એક ઢગલા જેવા શરીરને ખેંચતા ચઢી રહ્યા.

ચમકેલા કોર્ટીસે ડાકણને દેખવા દરિયાનાં પાણીપર દૂર દૂર નજર નાખી, ને સીડી તરફ જોયું.

રાજદરબારમાં સંભળાયું તેવું માલીનીશીનું હસવું તૂતકપર ને ત્યાંથી મોજાંપર પથરાઈ ગયું.

"તું...? તું અહીં ક્યાંથી?" કાર્ટીસે ધ્રુજતાં બૂમ પાડી.

"જ્યાંથી આપ નામદાર." પાછું પેલું હાડપિંજર દાંત દેખાય તેમ હસી પડ્યું.

"તું તો જેલમાં હતીને?"

"જી." હાડપિંજર હાલ્યું.

"ક્યાં આવે છે?"

"જ્યાં આપ નામદાર જાઓ છો."

"આટલા દિવસ તને વીંધી નાખવાનો વિચાર જ્યારે આવ્યો ત્યારે મેં રોક્યો હતો પણ..." કાર્ટીસે દાંત કકડાવ્યા.

"કારણ કે, આપ મને પ્યાર કરતા હતા...પણ આ વખત આપ નામદાર ન્યાય કરશો જ." બોલતું હાડપિંજર હસ્યું.

"તું અહીં કેવી રીતે આવી?" કાર્ટીસ તાકી રહ્યો.

"જેલમાંથી છટકી, ને ચૂપચાપ કેપીટાનાના ભંડારિયામાં... પછી તૂતકપર ચઢવા માટે સીડી મારે જાતે નથી ચઢવી પડી, હું દેખાઈ ગઈ ને ઢસરડાઈ...

"એને ઊંચકીને દરિયામાં ફેંકી દો." કાર્ટીસે ભયાનક મુદ્રા કરી.

"મને આશા હતી કે..." માલીનીશી બોલી.

"શું?"

"જાતોજાત ને મોઢામોઢ, સ્પેઈનને ચોરે ને ચૌટે ફરીફરીને કહેવાની કે, તમે લોક રાક્ષસો છો...પશુઓ છો."

"એને ફેંકી દો." કાર્ટીસે ઉતાવળ કરી.

ને એ ઊંચકાઈ, ને દરિયાપર પછડાઈ.

થોડી વાર દરિયાની સપાટીપર એના ધોળા વાળ ઊડયા કર્યા.

૨૨

અંધારાખંડમાં ઉજાસ

બેલજીયમના રંગમંડપમાં સાઠમારીનો જલસો હતો.

'ધુ...ધુ...ધુ' કરતો વનરાજ ઘુરક્યો. એના કંઠમાં શોષે ચઢેલો પ્રાણ ઘુંટાયો. સૌ એની મજાક કરતાં હતાં. એણે એક નજરમાં આખો રંગમંડપ જોઈ લીધો. એ બધાં રૂપાળાં એના પર હસતાં હતાં. એણે અઢી મણનું માથું ઊંચક્યું. અગ્નિની શિખા જેવી કેશવાળી ઉછાળી. એની અંગારા જેવી આંખો ફાટી. 'ધુધુધુ' જાણે વિફરેલી શક્તિ સિંહની ધીરજની પાળ તોડતી હતી. સામે ઊભેલા હાથીએ સૂંઢ ઊંચકી અવાજ કર્યો. એનો આખો દેહ હવામાં અદ્ધર તોળાઈ રહ્યો.

બાળકો બીધાં. સાઠમારી જોવા આવેલી બેલજીઅન બાઈ સાહેબોએ ખુરશીઓના ગલીચામાં અંગ સંકોર્યાં. અમલદારોએ તરવારો જોરથી પકડી. એક પળવાર સૌ સ્તબ્ધ બન્યું. વનરાજ વીફર્યો હતો.

કારણ કે, કાળા માથા વાળાં ગોરાં લોક એની મજાક કરવા ભેગાં મળ્યાં હતાં. એ લોકોએ એનું નાટક કરવા સાઠમારી ગોઠવી હતી. એમણે એને પાંજરામાં પૂરીને અહીં આણ્યો હતો. એની સામે સૂંઢ ઉછાળતો એક માતેલો હાથી ઊભો હતો.

સિંહનો બધો ગુસ્સો હાથી પર ઊતર્યો. હાથી ને સિંહની

લડાઈ જામી.

બીજી જ પળે કાળી શિલા જેવા હાથીના દેહપર વનરાજ ચઢી બેઠો હતો. હાથીની જાંધ ફાટીગઈ હતી. સિંહની કેશવાળી લોહીથી નીગળતી હતી. લોહીના ધોધમાં એની જીભ ચસચસ કરતી હતી. ભુમરાણ કરતો હાથી આખા મંડપમાં મરણિયો થઈ દોડતો હતો.

આખો રંગમંડપ એકીટસે જોઈ રહ્યો હતો, કોઈ ભયથી, કોઈ દયાથી, કોઈ રસથી. હાથી પડ્યો. રાતો વનરાજ વિજયી ઊભો હતો.

" મહારાજા, બહુ આનંદ થયો." એક દરબારીએ મુખ મલકાવી કહ્યું.

" બિચારો હાથી ! " પડખેથી રાણીએ દયા ખાધી.

" બંધ કરાવો." રાજા લીઓપોલ્ડે સાઠમારીને સમેટી લેવાનો હુકમ કર્યો. " કેમ કંઈ ! " સૌને થયું.

" આજે આટલા વરસે ! " એક દરબારણે બીજીના કાનમાં કહ્યું. " મહારાજાને દયા આવી બિચારા હાથીની, " બીજી દરબારણે નાકનું ટેરવું ચઢાવી ભમર સંકોચી.

સાઠમારી બંધ થઈ. સૌએ મુજરો કરીને રજા લીધી. સલામો ઝીલતાં રાજારાણી મહેલે પધાર્યાં.

" કેમ કંઈ મહારાજા ! આજે તમને પેલા હાથીની ખૂબ દયા આવી ? "

" હં ! " રાજાએ દાઢી આમળતાં કહ્યું, " હું વિચારતો હતો. "

" શું ! "

" મને યાદ આવતા હતા. " રાજાએ સુધાર્યું.

" પણ શું ? "

" અંધારાખંડમાં જંગલો."

" આફ્રિકાનાં ! "

" હા, અને ત્યાંના હાથીઓ ને સિંહો, ત્યાંનાં સ્ત્રીઓ અને પુરુષો અને ત્યાંના..."

" શું ! કેમ અટકી ગયા ! ત્યાંના વતનીઓને પકડીને વેચતા પેલા આરબો અને અંગ્રેજો."

" હા, એ પણ ખરા."

" તો બીજું શું ? "

" મને તો એ અંધારાખંડનો વચલો ભાગ યાદ આવતો હતો. "

" તે કયો ? "

" કોંગો. "

" હા, હા, તમે એક વખત કોંગો વિષે જ કહેતા હતા કે, કોંગોમાં ભારે મોટાં જંગલો છે."

" મોટાં અંધારાં જંગલો, પણ એ જંગલો કરતાં ત્યાંના કાળા વતનીઓ વધારે જંગલી છે."

" એ લોક ભગવાન ઈસુને શરણે ન આવે ? "

" પણ ત્યાં બેસુમાર રબ્બરનાં ઝાંડ છે." રાજા બોલ્યો. રાજાની આંખ આગળ રબ્બરના મોટા ઢગલા દેખાયા. રાણી ખડખડાટ હસી પડી,ને બોલી,

" હું પૂછું છું શું અને તમે કહો છો શું ! "

" માફ કરજો, હું વિચારમાં હતો."

રાણીથી હસી દેવાયું.

" કેવો વિચિત્ર વિચાર ! બોલો, હું શું બોલી હતી ? "

" મેં સાંભળ્યું જ નથી." રાજાએ આંખો ઝીણી કરી કહ્યું.

" એક હતો ખેડૂત, તે બહેરો હતો. એક દિ એ ગામ જતો હતો, ત્યારે રસ્તામાં એને કોઈએ પૂછ્યું કે, પટેલ કયાં ચાલ્યા ?"

" કપાસિયા." પટેલ બોલ્યા. રાણી ફરી વાર ખડખડાટ હસી પડી.

" લે, બોલ, બોલ ફરીથી, તેં શું પૂછ્યું હતું ?" રાજાએ રાણીનો ગાલ પંપાળતાં કહ્યું.

" એમ કે, એ અંધારાખંડમાં એ જંગલી લોકોને સુધારવા કોઈ પાદરીઓ નથી ગયા ?"

" લે, લે, હું પણ એ જ વિચાર કરતો હતો કે, એ અંધારાખંડમાં પાદરીઓ બધે પહોંચ્યા છે, પણ કોંગોમાં કોઈ નથી ગયું."

" કોઈ નથી ગયું ?"

" ના, પણ હું કોંગોમાં આપણા લોકોને મોકલવાનો વિચાર કરું છું."

" ખૂબ સરસ." રાજારાણી અંધારા ખંડમાં અજવાળું નાખવાનો વિચાર કરી રહ્યાં.

" પણ બધું કાયદેસર રીતે જોવું જોઈએ." રાજા લીઓપોલ્ડે એના દરબારીઓ સાથે મસલત કરી.

" પણ પેલાઓ શું કાયદેસર કરે છે ?" એક બોલ્યો.

" કોણ, અંગ્રેજો ? એમણે તો આફ્રિકાના પશ્ચિમ કિનારે ચાલતો વેપાર પણ કાયદેસર કર્યો છે. સુદાનમાં, કેન્યામાં, યુગાન્ડામાં, ન્યાસામાં એ લોક જે કરે છે, તે બધું કાયદો કરીને જ કરે છે ને ! યુરોપની કોઈ પણ સુધરેલી ગોરી પ્રજાને કાયદા વિના ન જ ચાલે." રાજાએ કાયદાપર ભાર મૂકતાં કહ્યું.

“ વાત સાચી છે, કોંગોમાં આપણે જે કરીએ, તે કાયદેસર જ કરવાનું. નહિ તો પેલા ચોરના ભાઈ ઘંટીચોરો આપણને વગોવે.” બીજો બોલ્યો.

“ પણ કાયદો કરવો કેમ ?” ત્રીજાએ કહ્યું.

“ મને આવડે છે.” મહારાજાએ નજર દોડાવી.

“ શું ?” બધી દરબારી આંખો રાજાના બુદ્ધિમાન માથાપર ચોંટી.

“ એક પરિષદ બોલાવો અને યુરોપના સુધરેલા દેશના દરેકના એકે એક ડાહ્યાને આમંત્રણ આપો, બેલજીયમના સૌથી વધારે.”

“ હા, પણ પરિષદ કયાં મળે ? ”

“ બ્રુસેલ્સમાં ”

“ સરસ.”

“ બીજીવાત,” રાજાએ આંખ ઝીણી કરી ઉમેર્યું, “ પરિષદનો પ્રમુખ મને બનાવો અને પરિષદનો વિષય ‘ અંધારા ખંડની સુધારણા ’ એવો રાખો.”

“ ખૂબ સરસ ! ” દરબારીઓનાં મુખ મલકયાં. દરેકની આંખ આગળ કોંગોથી બેલજીયમમાં રબ્બરના રસની નદીઓ દોડતી દેખાઈ અને હાથીદાંતના ઢગલા થતા જણાયા.

“ રાખો, રાખો.” એક દરબારીના માથામાં એક નવો વિચાર ઊડયો.

“ શું ?”

“ આપણી પરિષદ પૂરી થાય કે તરત જ આપણો એક પ્રતિનિધિ સ્ટેનલીની મુલાકાત લે.”

“ પણ એ કયાં છે ?” મહારાજાએ પૂછ્યું.

" મુસાફરીમાં. અંધારાખંડમાં એ ખૂબ ભટકે છે, પણ ૧૮૭૮ની શરૂઆતમાં પાછો માર્સેલ્સ પહોંચવાનો."

" ઠીક કર્યું. એનો અનુભવ ઘણો છે. આપણી સુધારણાની યોજના માટે એનો મત ખૂબ કામમાં લાગવાનો.'

" એ કાળિયાઓ તરફ ખૂબ પ્રેમ કરે છે." એક જણ દાંત કચકચાવી હસ્યો.

૧૮૭૬ની સાલમાં બ્રુસેલ્સમાં બેલ્જીયમના રાજાના પ્રમુખપદે પરિષદ મળી. ૧૮૭૭માં એ પરિષદે અંધારાખંડની સુધારણા માટે એક સમિતિ નીમી. સુધારણાની યોજનાનો અમલ બેલ્જીઅમ સરકારે કરવાનો હતો.

૧૮૭૮માં અંધારાખંડના મુસાફર સ્ટેનલી સાથે બેલજીઅન પ્રતિનિધિને નીચેના ભાવની વાતચીત થઈ.

" તમારી સમિતિનો ઉદ્દેશ વાંચી મને આનંદ થયો. તમારા મહારાજાએ એ સુધારણાના સવાલને સરકારી બનાવી જે રસ લીધો, તેથી મને ખૂબ સંતોષ થાય છે." સ્ટેનલી બોલ્યો.

" કેમ ન થાય? એ અંધારાખંડના કાળા જંગલીઓને હેવાનમાંથી મનુષ્ય બનાવવાના કોઈ પણ પ્રયાસ તરફ તમારો સહકાર ન હોય, તો કોનો હોય?" પ્રતિનિધિએ સાકર છાંટી.

" જો જો, છેક એમ નથી પાછા તમે ભૂલશો."

" શું?"

" કે બોલોમો કોંગોનું નગર છે. એનાં ચાલીશ હજાર કાળાં નરનારીઓ ભારે ઉદ્યમી છે. એમના નગરમાં મોટો હાથીદાંતનો વેપાર છે."

" શું વાત!"

" સાચી વાત. અને ઈરેણુ તો મારે મન કોંગોનું વેનીસ છે વેનીસ."

" એમ ?" પ્રતિનિધિનું મુખ પલળ્યું.

" હા, અને ત્યાંના વતની વેપારીઓ બહુ ભલા છે. એ લોકનાં બાળકો વહાલાં લાગે તેવાં છે. એ કાળાં નરનારીઓનો ભાવ હું હજુ નથી ભૂલ્યો. સાચું કહું ? એ વતનીઓથી વીંટળાઈને હું બેસતો, ત્યારે મને લાગતું કે, આપણે શું સુધાર્યાં !"

" સાચી વાત ?" પ્રતિનિધિએ ડોકું હલાવ્યું.

" પણ મને તમારામાં વિશ્વાસ છે. તમારા મહારાજા માટે માન છે. આપણે ધારીએ, તો ત્યાં મહાન ઈસુનું ઘણું કામ કરી શકીએ, પણ આપણે ધારીએ તો જ, એ વાત ન ભૂલશો." સ્ટેનલી બોલ્યો.

જાણે રાજા લીઓપોલ્ડને બચ્ચું આવ્યું. દેવળોમાં ઘંટાનાદ થયા. યુરોપના વેપારી મંડળોમાંથી તાર આવ્યા, ' અભિનંદન ' અમેરિકાની સરકારે ખુશાલીનો સાદ કર્યો.

" અમે કોંગો સ્ટેટને વધાવી લઈએ છીએ."

જાણે રાજા લીઓપોલ્ડ કોંગો સ્ટેટનું પારણું ઝુલાવી રહ્યો. બારણે કોઈ આવ્યું હતું.

" કોણ છે ?" જેન્ટલમૅન ચોકીદારે ચોકીનો અવાજ કર્યો.

" એ તો હું બિસમાર્ક."

" કેમ કંઈ ! પધારો પધારો," રાજા ઊઠીને સામે ગયો.

" શું નામ પાડ્યું ? યુરોપના ચાણક્ય." મંત્રીએ ઝીણી આંખ કરી પૂછ્યું.

" કોંગોનું સ્વતંત્ર સંસ્થાન –Congo free state."

"સરસ, લો, ઘણું સરસ! હવે સુધારાનું કામ ખૂબ આગળ ધપશે." દાઢી ને નાકની અણી વધારેમાં વધારે પાસે લાવી એણે કહ્યું.

રાજાનું મુખ મલક મલક થઈ રહ્યું.

બીજે દિવસે કોંગો સંસ્થાનું રાજતંત્ર ઘડાતું હતું.

એનું નામ, કોંગો સ્વતંત્ર સંસ્થાન, રહેશે.

બેલજીયમના નિયંત્રિત રાજા (Contsitutional monarch) કોંગો સંસ્થાનના સાર્વભૌમ મહારાજા (Absolute Autocrate) લેખાશે.

કોંગોમાં વ્યવસ્થા જાળવવા રાજા પોતાના ત્રણ મદદગાર નીમશે.

કોંગો સંસ્થાન માટે રાજા ખાનગી કાયદાઓ ઘડી શકશે.

બોમા કોંગોનું પાટનગર લેખાશે. પાટનગર બોમામાં રાજાએ નીમેલો એક ગવર્નર જનરલ રહેશે.

આખું કોંગો પંદર વિભાગમાં વહેંચાશે. દરેક વિભાગ એક જિલ્લો કહેવાશે. એક જિલ્લાપર એક જિલ્લાધિકારી નીમાશે.

ખોખું ઘડાઈ ગયું. અમલ શરૂ થયો. પાટનગરમાં ગવર્નર જનરલ આવ્યો. જિલ્લે જિલ્લે અધિકારીઓ આવ્યા. કોંગોનાં કાળાં નરનારીઓ આંખો ફાડી જોતાં હતાં. સૌની આંખમાં આ નવીનતા તરફ સવાલો હતા.

"તમને સુધારવા આવ્યા છીએ." સૌ સવાલોનો એક જવાબ નવીનતા બોલતી હતી.

"ભલે આવ્યા, બાપા." કાળાં નરનારીઓ માથું ખંજવાળતાં બોલતાં હતાં.

" કાયદો લાવ્યા છીએ " પરોણાઓએ ગજવામાંથી કાયદો કાઢ્યો.

" કોંગોમાં એવો કોઈ પણ કાયદો કે કરાર કરવામાં નહીં આવે કે, જે વતનીઓને તેમના પોતાના મુલકમાંથી હાંકી કાઢતો હોય અથવા તો જે સીધી કે આડકતરી રીતે તેમની સ્વતંત્રતા કે નિર્વાહનાં સાધનપર તરાપ મારતો હોય."

કાયદો વંચાયો. કાળાં નરનારીઓ આનંદમાં આવી બોલતાં હતાં " બિચારા કેવા ભલા ! " અઢારસો છયાશીથી સાલની એ રીતે શરૂઆત થઈ. " ઠીક કર્યું છે. પણ ગામને પાદરે વાડોના કાંટામાં બધાં મડદાંને ક્રોસના આકારમાં વ્યવસ્થિત ગોઠવો."

અંબાસને પાદરે મડદાંના ક્રોસ થયા.

કોપેલા ગોરાએ સરકારી વેપારના નામમાં રાતાં રબ્બરના ઢગલા કર્યા. પણ એ તો વ્યવસ્થિત લૂંટ હતી. અને એ વ્યવસ્થિત ખુનામરકી હતી. પણ એ બધું કાયદેસર હતું કે નહિ ?

વીસ વરસની સતત લૂંટ ચાલી, વીસ વરસની એકધારી કતલ ચાલી. વીસ વરસની કારમી વેઠ કરાવાઈ. કોંગો કકળી ઊઠ્યું. એ જ જંગલોમાં કોંગોવાસીઓના માળા જેવા નેસડા હતા. એમાં એમનાં બાળકો કલરવતાં ને ગેલ કરતાં. આજે ત્યાં જંગલી કાગડાઓની કિકિયારી સંભળાઈ.

એ જ મેદાનમાં કોંગોવાસીઓનાં ગામ ને શહેરો હતાં. આજે એ બધાં ખંડેર બન્યાં, ગામોનાં ગામ ઊભાંને ઊભાં સળગી ગયાં. ગામનાં ગામ કપાઈ ગયાં. રહ્યાં તે આપમેળે છાપરાં સળગાવી જંગલમાં સંતાવા લાગ્યાં.

કોંગોનાં વતનીઓ, સૂસવતી ચાબૂકો, લોહી છાંટતી ચિકોટીઓ

સિસકારતી ગોળીઓથી બચવા અને છાતીએથી વછોડાતાં ને વધેરાતાં બાળકો, અને સ્ત્રીઓનાં ચૂંથાતાં અંગોને બચાવવા વનવગડામાં રખડી રહ્યાં.

બિચારાં કાળાં, નાસીનાસીને ક્યાં જાય! એમની કેડ તૂટી રહી હતી, એમની પીઠ વળી ગઈ હતી. એમને માથે તાલ પડી હતી.

એક પછી બીજી હાર પસાર થતી હતી. દરેકના માથાપર હાથીદાંતનાં પોટલાં હતાં, રબ્બરના ઢગ હતા.

એમનાં શરીર પરસેવે નીગળતાં હતાં, એમની આંખે આંસુ ઉકળતાં હતાં. એમનાં મોઢાં લોહીના ઊબકા લેતાં હતાં.

મૂઠીભર ચોખા ને સુકવેલી માછલી એ એમનો ખોરાક હતો.

માથે સૂરજ તપતો, ત્યારે એમના માથાનો ભાર ઉતરતો, ને એ ખાતાં, ને ખોબલે ખાબોચિયાંનાં પાણી પીતાં.

એ ડેબેરાં પેટવાળાં, લથડી પડતા ઘુંટણવાળાં, એક હાથે માથા પરનો બોજો સમાલતાં ને બીજા હાથે લાકડી ટેકવતાં ખીણોમાં ને ડુંગરાપર થઈ માનવપ્રાણીઓ ચાલતાં હતાં.

એ એવાં ન હતાં. સુધરેલાઓના અંગે એમની આ દશા કરી હતી.

અંધારામાંથી અવાજ ઊઠ્યા, ને દૂરદૂર પહોંચ્યા.

વેપારી સરકારની ઘાતકી ઘટમાળમાં રાતાં રબ્બરના નફા કરતા રાજા લીઓપોલ્ડપર કાગળો આવ્યા. આ કાગળો ૧૮૯૩થી ૧૮૯૯ની સાલ સુધીમાં ૭ વરસ સુધી આવતા રહ્યા હતા. શ્રીમંતોની સરકારે ૭ વરસ સુધી એ કાગળોને દબાવી રાખ્યા હતા.

એ કાગળો આ રહ્યા.

" ઈરિબોમાં બે હજાર માણસની વસ્તી હતી, ઈકોકોમાં

ઓછામાં ઓછાં ચાર હજાર રહેતાં. લોકો દેખાવમાં સારા, બહાદુર અને ખંતીલા હતા. ઈંકોકોમાં કેટલાંય માણસોને મારી નાખવામાં આવ્યાં છે. ઘણાં જંગલમાં નાઠાં છે. એવા જ જુલમોથી ઈંરેઓ ઘરબાર છોડી જાય છે."

૧૮૯૪ના નવેંબરે બીજો પત્ર આવ્યો,

" લોકોપર વરસતો સિતમ સખત થયો છે. સરોવરના કિનારાપર અને કોતરોમાં શરીરો સડે છે. એ લોકોને શું કામ મારી નાખવામાં આવે છે, તે તમે જાણો છો ? લોકોએ ઘર છોડયાં છે. જંગલી જાનવરોની જેમ જંગલમાં રહે છે. ઘણાં આ રીતે મરી જાય છે. એક ઓળખીતી સ્ત્રી એનાં ત્રણ બાળકો સાથે નાઠેલી. એનાં બધાં બાળકો મરી ગયાં. એ પણ મરી ગઈ. તમારા કહેવાતા રબ્બર ટ્રેસ વિષે રાજા જાણે છે ? એણે ઊભી કરેલી ભયંકર પરિસ્થિતિનો હું ખ્યાલ આપવા માગું છું."

નવેંબરની અઠ્ઠાવીસમીએ એક કાગળ આવ્યોઃ

" સરકારી સિપાઈઓએ સાત હાથ આણ્યા. ફ્રેંચ કોંગો તરફ ભાગી જનાર લોકોને ગોળીબાર કર્યા પછી એ હાથ કાપી લાવવામાં આવ્યા હતા એમ એ લોકોએ જાહેર કર્યું."

ડિસેંબરની પાંચમીએ પાછો પત્ર આવ્યો.

એક વરસ પહેલાં નીચેનાં ગામો અમે નજરે જોયાં હતાં. એમાં નીચે પ્રમાણે વસ્તી હતી.

લોબવાકા—૨૫૦

બોબોકો—૨૫૦

બોલુંગુ—૧૦૦

કેનઝી—૧૫૦

બોકાકા—૨૦૦
મોસેનજી—૧૫૦
ઈદુકુ—૮૦
ગીરો—૨૦૦૦

એક અઠવાડીયાપર ગીરોમાં માત્ર દશ જણ જીવતાં રહ્યાં છે. ઈકોકોમાં બારથી વધારે નથી. બીજાં ગામો તારાજ થઈ ગયાં છે.

૧૮૯૫ના મે માસની ત્રીજી તારીખે એક લાંબો પત્ર આવ્યો.

એમાં લખ્યું હતું:

" રબ્બરને માટે લડાઈ ચાલે છે. કાળાં લોક રબ્બરનો કર ભરે, એવો સરકારી હુકમ છે. એ કેવી સખત વેઠ છે! એનો બદલો કેવો નજીવો છે! એ લોકનાં ઘર ભાંગવા માંડયાં છે."

" આજ સુધીમાં રબ્બરે સેંકડો કાળાં સ્ત્રીપુરુષોનો ભોગ લીધો છે. મેં મારી નજરે જોયું છે અને મને એકથી વધારે વાર લાગ્યું છે કે, હું મરી ગયો હોત, તો ઠીક થાત. કોઈ ગામ સલામત નથી. કોઈની મહેનત કે મિલ્કત સલામત નથી. કોઈની સ્ત્રી સલામત નથી, કોઈનાં બાળક સલામત નથી.

" ખુનામરકી કે કતલ ચલાવી જતા કેટલાયે સિપાઈઓ મેં જોયા છે. એમનાં હાડકાંના ઢૂવા થતા. મારી નાખેલાઓના જમણા હાથનો એક ભારો બાંધ્યો છે. એમાં કેટલાય હાથ સ્ત્રીઓના છે, નાનાં છોકરા છોકરીઓના છે.

" એક વખત એક જુવાન સ્ત્રીને કેદ પકડવામાં આવી હતી. એની સામે જ એની છાતીએ ધાવતા બાળકને ઝૂંટવી પાણીમાં ઝબોળી દેવામાં આવ્યું. કારણમાં કે, પીટાએ કહ્યું કે, એમના મોટા અમલદારને કેદી સ્ત્રીઓ તેમનાં ધાવતાં બાળકો સાથે લાવે, એ પસંદ નથી.

" મરણ પામેલાં જ માણસોનો જમણો હાથ નિશાની તરીકે કાપી લાવજો એવો હુકમ હોવા છતાં કેટલાંયે જીવતાં માણસોના સ્ત્રીઓના અને બાળકોના હાથ કાપી નાખવામાં આવે છે. એ રીતે એક નાની છોકરીનો હાથ કાપી નાખવામાં આવ્યો અને વેદનામાં રિબાઈને મરી જવા માટે છોકરીને જંગલમાં છોડી દેવામાં આવી. આજે એ બાળક મારી પાસે છે, એનો જમણો હાથ નથી. એ જીવશે એમ લાગે છે."

૧૮૯૬ના માર્ચની ૨૫મીએ એક કાગળ વંચાવ્યો.

" આ રબ્બરનો વેપાર લોહીમાં તરબોળ છે. હું માનું છું કે, આ કાળાં વતનીઓ બળવો કરે અને અપર કોંગોમાંથી એકેએક ગોરાનાં અંગ તોડી નાખે, તોય ઓછું કહેવાય. કોઈ અમેરિકનો પણ બેલ્જિયનોના રાજને નહિ મળે ! સરોવર રાજાના નામપર રાખવામાં આવ્યું છે. રાજાના નફા માટે સેંકડો સ્ત્રીઓ, પુરુષો અને બાળકો ગોળીબારનો ભોગ થઈ ગયાં છે, અપંગ બન્યાં છે.''

૧૮૯૭ના જાન્યુઆરી ૨૯મીથી એકઠા કરેલા કાગળોમાંના ઉતારા આ રહ્યા:

" ખૂન ને ભૂખમરાની વાતો સામાન્ય થઈ પડી છે. આવા ઘાતકી વર્તાવ છતાં લોકો વેર લેતા નથી તે જોઈને જરૂર અજાયબી થાય. કેટલાંયે જુવાન છોકરા છોકરીઓને નાગાં શરીરે કેદ કરવામાં આવ્યાં છે.

" આજે અમે એક ગામ જોયું. એમાં અઠવાડિયા પહેલાં ત્રણ હજારની વસ્તી હતી. આજે ત્રણસો છે. ક્રૂરતા ને કતલની વાતો સાંભળી અમારા હૃદયનો ભાર વધી ગયો છે.

" સો વાતની એક વાત રબ્બર છે. હું સંખ્યાબંધ માણસોને રબ્બરની ટોપલીઓ માથે મૂકીને આવતાં જોઉં છું. રબ્બર જોખવામાં આવે છે. દરેક રબ્બરની ટોપલીના બદલામાં એક પ્યાલો મીઠું આપવામાં આવે છે. દરેક કાળા પાસેથી એના લોહીથી ખરડાયેલું રાતું રબ્બર પડાવવામાં આવે છે. બધાં ભયંકર અને ઘાતકી કામ કરાવનાર ગોરો છે. મને મારા રંગની શરમ આવે છે. નક્કી કરેલા વજનથી સહેજ પણ ઓછું આવતાં ગોરો રાતો પીળો થઈ જાય છે અને એટલા જ ગુના ખાતર કાળાં સ્ત્રી, પુરુષો કે બાળકને ગોળીબાર કરે છે. રબ્બર લેવાના રવિવારે એવાં કેટલાંય કાળાં નરનારીઓ લોહીના ખાબડામાં તરફડતાં પડે છે."

" હું એક તારાજ થયેલા ગામ પાસે ફરતો હતો. તેમાં પહેલાં બે હજારની વસ્તી હતી. આજે બસો પણ નહિ હોય. મારા રસ્તામાં જ ગામના પાદરમાં મારા પગે છત્રીસ ખોપરીઓ અથડાઈ. એક કાળા માણસને મેં પૂછ્યું, તો એણે કહ્યું, " અમે દાટીને કંટાળીએ છીએ; નહી દાટેલાં એવાં સેંકડો હાડપિંજર ગામનાં બીડમાં પડ્યાં છે."

" મેં ઘણાં ગામો જોયાં. મારો એકએક રસ્તો હાડપિંજરો અને પગમાં અથડાતી ખોપરીઓથી ભરેલો હતો. એક ગામમાં મેં એકલા પુરુષોને જોઈ પૂછ્યું કે, સ્ત્રીઓ ક્યાં છે ?" મને જવાબ મળ્યો કે, સ્ત્રીઓને બાંધી એક સાથે ગોરા અમલદારોએ જીવતી સળગાવી મૂકી છે."

" મારાથી કોઈ ડરશો નહીં, હું તમારાં દુઃખ સાંભળવા આવ્યો છું અને સાંભળીને તમને યુરોપની સુધરેલી પ્રજા પાસે મૂકવા માગું છું. સૌ કાળાં નરનારીઓ મારી સાથે વાત કરવા આવો." દુઃખ સાંભળવા આવેલો આ પહેલો જ ગોરો હતો. એનું

નામ કોનસલ રોગર હતું. એણે કોંગોમાં રખડવા માંડયું. કોંગોની વેપારી સરકાર એને આંખના ખૂણામાંથી દૂરથી જ જોઈ રહી, કારણ કે, એ જાહેર રીતે આવ્યો હતો.

કોનસલ રોગરે તપાસ શરૂ કરી, એણે એક વેરાન બનેલા ગામમાં પડાવ નાખ્યો. એક પછી એક પુરુષો પોતાનાં વાસણ લઈ આવવા લાગ્યા. જંગલમાં ભરાઈ ગયેલી સ્ત્રીઓ કાખમાં બાળકો દાબતી આવતી જણાઈ.

"તમે શરૂઆતમાં મારાથી કેમ નાસતાં હતાં?" એણે પૂછ્યું.

"બુલા માટાડી" એક સ્ત્રીએ હસીને જવાબ આપ્યો.

"તે શું?"

"સરકારી ગોરું માણસ" એકે અર્થ કર્યો.

"તારા બંને હાથ ક્યાં ગયા?" એણે એકને પૂછ્યું.

"કપાઈ ગયાં."

"કોણે કાપ્યા?"

"બૂલા માટાડો." જવાબ મળ્યો.

"અને તારી ઉંમર." એણે બીજાને પૂછ્યું.

"વરસ અગિયાર."

"તારું જમણું કાંડું કોણે આપ્યું?"

"બુલા માટાડી."

"કેવી રીતે આપ્યું?"

"મારું કાંડું કાપવા માંડયું, ત્યારે હું ઘવાયો હતો, મર્યો ન હતો. મારું કાંડું કપાતું તે મને ખબર હતી, પણ હું આંખો મીચીને પડી રહ્યો હતો."

" તેં બૂમ કેમ ન પાડી ?"

" બૂમ પાડું, તો મને મારી નાખે."

" તારી સાથે બીજા કોઈનાં કાંડાં કપાયાં હતાં ?"

" હા, મારી સાથે બીજાં ૭ હતાં. ત્રણ મારાથીય નાના છોકરા, એક છોકરી, એક જુવાન અને એક ડોસી."

તપાસ આગળ ચાલી. રસ્તામાં એક મોટો અમલદાર મળ્યો.

" તમે અત્યાર સુધીમાં કેટલાં કારતૂસો વાપર્યાં ?"

" બોતેર હજાર."

" શામાં ? "

" રબ્બર એકઠું કરવામાં " જવાબ મળ્યો.

" તે શું ?" આગળ તપાસ ચાલી.

" શું, શું " અમલદારે ચીડાઈને પૂછ્યું."

" કારતૂસો રબ્બર કેવી રીતે પકવે ?"

" આવી રીતે." અમદાર હસ્યો.

" બુસીરામાં એકસો પચાસ બંદૂકોવાળા હતા અને તોપણ ત્યાં મહિનેદહાડે દશ ટન રબ્બર પાકતું મોંબોવોમાં એકસો ને ત્રીસ બંદૂકોથી જ તેર ટન પાકતું."

" રબ્બરનો પાક બંદૂકો પર ગણાય છે !" સવાલ આવ્યો.

" જી, હા, કારતૂસો પર. દરેક વપરાયેલા કારતૂસની નિશાની તરીકે કેપીટાઓ પાસેથી એક જમણો હાથ લેવામાં આવે છે."

" પણ ધારો કે કોઈ કેપીટો કે અમલદાર કારતૂસનો ઉપયોગ કોઈ પશુ મારવામાં કરે તો ?"

" તો તેણે જીવતા બાળક કે કાળાં સ્ત્રીપુરૂષનો હાથ જીવતાં

કાપીને લાવવો જોઈએ."

"તમારી પાસે કંઈ આંકડા છે?"

"હા, મોંબોવો નદીના કિનારાપર છ માસમાં છ હજાર કારતૂસ ખરચાયા છે. છ હજાર કારતૂસ એટલે છ હજાર મરેલાં શરીરો, અને છ હજારથી વધારે ઉતારેલા હાથ."

"પણ તમારે એક જણને મારવા એક કારતૂસ જ વાપરવો પડે છે?"

"હા, અને બાળકોને મારવા કારતૂસનો ઉપયોગ કરવામાં નથી આવતો. બાળકોનાં માથાં બંદૂકના કુંદાથી ફાટી જાય તેવાં પોચાં હોય છે."

"તમે મને તમારી આ વાતો કેમ કહી દો છો?"

"કારણ કે હું મારાથી કંટાળ્યો છું. શેઠિયાઓના નફા માટે મારે હવે વધારે વાર આવા ઘાત નથી કરવા."

એક ગામમાં પાછા સવાલ જવાબ થયા:

"તમારો હાથ કોણે કાપ્યો?"

"બુલાંગા કંપનીના રખવાળે." જોત જોતામાં હાથ વિનાનાં અનેક અપંગો એકઠાં થયાં.

એણે જાહેરની જાણ માટે અને વધુ તપાસ માટે એક નિવેદન બહાર પાડ્યું, "આખી વાત ઘણી ઘાતકી છે. ભગવાન કે સરકારના નામમાં એ થઈ હોવાથી એની ભયંકરતા ઓછી થતી નથી. મને લાગે છે કે, કોંગોમાં કોઈ જાતનું રાજતંત્ર નથી પણ વેપારની કારમી નીતિ છે. એમાં શાસનનો એકે કાયદો નથી પણ બધા કાયદા વેપારી કાયદા છે."

રાજા ગયો, અમલદાર ગયો. એમણે જાહેર કર્યું, "કોંગોમાંથી બહાર આવેલી થોડીક ચોંકાવનારી વિગતો માટે નામદાર સરકાર દિલગીરી બતાવે છે અને એની વધુ તપાસ માટે એક કમિશન નીમે છે."

કમિશન નિમાયું. કમિશનનો વડો જેનસેન હતો.

કમિશને ઘણી જુબાનીઓ લીધી, ઘણી તપાસ કરી. રબ્બરના વેપારનો ઈતિહાસ ઉકેલાયો.

"તારા ગામમાંથી જેમને કાપી નાખવામાં આવ્યાં, તેમનાં નામ તને આવડે છે?" એક છોકરાને સવાલ કરવામાં આવ્યો.

"હા, થોડાંક!"

"કેવી રીતે?"

"કારણ કે, તેમાં મારો બાપ પણ હતો." છોકરો રોઈ પડયો.

એક બીજો આવ્યો એના માથે એક મોટું પોટકું હતું.

"તું કોણ છે?" કમિશનના વડાએ પૂછ્યું.

"અરજદાર." જવાબ આવ્યો

"અને આ?" કમિશનના વડાએ પોટકા તરફ નજર ફેરવી.

"રબ્બરની કિંમત." કહી એણે પોટલું છોડયું અને વાળની એકસોવીસ લટો પાથરી દીધી.

"તું શું કરે છે?"

"આ એકસોવીસની લટો છે. એ બધાંને રબ્બર માટે ગોળીબાર કરવામાં આવ્યાં હતાં."

"શું વાત કરે છે!"

" સાચી વાત, આ લટો પુરુષોની જ છે. સહેજ લાંબી છે તે સ્ત્રીઓની છે અને પેલી સૌથી નાની છે તે બાળકોની. મને એ બધાં નામ આવડે છે." કમિશ્નર તાજુબ થઈ જોઈ રહ્યું. પાછો એક આવ્યો.

" તારું નામ ? "

" બોંકોકો."

" ધંધો ? "

" કેપીટા હતો."

" હવે ? "

" હવે તેમાંથી છૂટચો છું."

" તારો અનુભવ ? "

" તે જ કહેવા આવ્યો છું. ઈસેકીફાસુના કુટુંબની કતલ કરવા મારા સાહેબ ગયા, ત્યારે હું સાથે હતો. અમે ગયા, ત્યારે ઈસેકીફાસુ એની સ્ત્રી અને બાળકો સાથે આનંદથી ખાણું લેતો બેઠો હતો."

" પછી ? "

" પછી ? પછી જે થયું તેથી આજે પણ મને કંપારી થાય છે. પછી એના નોકરચાકરો, એનાં માબાપ બધાંના અંગે અંગ છૂટાં કરી નાખવામાં આવ્યાં. ઈસેકીફાસુનો દીકરો એની માતાની કૂખે વળગીને રાડ નાખતો હતો. મારા ગોરા સાહેબને જુવાન સ્ત્રીઓ સાથે બાળકો પસંદ નહીં એટલે એક કેપીટાએ એ નાનકડા બાળકને પગેથી ઝાલ્યું, એના મોઢામાંથી એની માતાના દુધવાળા સ્તન છૂટી ગયા, ને એ બાળકનું માથું ઉંબરા પર જોરથી પછડાયું. એના તંતુએ તંતુ છૂટા થઈ ગયા."

" પછી? "

" હા, હજુ થોડુંક બાકી છે. પછી ઈસેકીફાસુનો જમણો

હાથ કાપી નાખવામાં આવ્યો ને એની સ્ત્રીને કેદ કરવામાં આવી. પણ એની સ્ત્રીએ એના કાળા ધણીને જ વફાદાર રહેવાની હઠ લેતાં, એ બંનેને સાથે બેભાન થાય, ત્યાં સુધી ફટકારવામાં આવ્યાં."

"પછી ?"

"પછી હું નાઠો. હું કેપીટા થવાને નાલાયક હતો. મને લાગ્યું કે, કેપીટા થવા કરતાં ચાબૂકાટીના ફટકા ખાઈ મરી જવામાં વધારે માલ છે."

પાછો એક આવ્યો ને તેણે વાળની અઢાર લટો ટેબલ પર મૂકી. વાતચીત ચાલી.

"નામ ?"

"લોનગોઈ."

"રહેઠાણ ?"

"લોટાકો."

"આ શું છે ?"

"અઢાર લટો, એમાં દશ જેટલી મોટાંની છે અને આઠ બાળકોની છે."

"એ બધાંને કેમ મારી નાખવામાં આવેલાં ?"

"રબ્બર ઓછું લાવવા માટે." કમિશને નોંધ લીધી. "અને આ" એણે એક લટ ઓળખીને લીધી ને ચૂમી નાખી પછી પોક મૂકીને રોઈ પડ્યો.

"કેમ લોનગોઈ! બોલ તો ખરો, છે શું ?"

"મારું કપાળ ? તમે લોક સેતાન છો. સુધરેલા શાના ?"

"એ વાત હવે અમારી ગોરી ચામડી દુનિયાથી છુપાવી શકશે નહિ, પણ તું તારું દુઃખ તો કહે."

“ આ મારી દીકરીની લટ છે.” એના આખા શરીરે કંપ થયો. “ એ એની મા સાથે રબ્બર લેવા ગઈ હતી. એની માને અજગરે ગળી. એ બીધી ને નાઠી. નાસીને ચોકીપર આવી. પેલા હરામખોર ગોરાને કહેવા.” લોનગોઈનાં આંખો રાતી થઈ.

“ લે, ધીરો પડ; પછી શું થયું ? ”

। કે, તમારી માને અજગરે ગળી પણ રબ્બરની ટોપલી કંઈ અજગરે ગળી છે ? છોકરી કહે કે, એ તો જંગલમાં પડી, હું બીધીને નાસી આવી.”

“ પછી ? ”

“ પછી એની છાતી વીંધાઈ ગઈ”

“ અને આ કોણ છે તારી સાથે ? ”

“ ઈનુંગા.” ઈનુંગા આગળ આવ્યો ને એણે ચોત્રીસ લટોની પોટકી છોડી.

“ આ કયાંની કતલ છે ? ” કમિટીએ પૂછ્યું.

“ ઈકિરોંગો.” ઈનુંગાએ આગળ ચલાવ્યું.

“ મેં ઈલોકો નામના એક કેપીટાને વીંધી નાખ્યો હતો તેથી. ”

“ તેં ! ”

“ હા, મેં. મને એટલો સંતોષ છે. પછી ગોરા અમલદારે સ્ત્રીઓ, પુરુષો અને બાળકો મળી ચોત્રીસને વિંધાવ્યાં.”

“ અને તું ? ”

“ હું નાસી ગયો હતો.”

“ એ રાખ, રાખ, મારા દીકરા ગોરા ! મારે કહેવું છે.” એક ડોસીએ દોટ દીધી.

"એ કોણ છે? એને આવવા દો."

"એનાં બધાં મૂઆં ત્યારથી એને એવું થઈ ગયું છે."

"બેટા, ઈનુંગા તુંય શું આવું બોલે છે! હું ગાંડી છું? જો મારા મોઢા તરફ." ડોસી તાકી રહી.

"પણ તારે શું કહેવું છે?" કમિશનનો વડો વચમાં આવ્યો.

"મારે કહેવું છે. બોલ, હું ગાંડી છું?" ડોસીએ એક ગોરાનો હાથ ઝાલ્યો.

"ના, ના. પણ તારે કહેવું શું છે?"

"કંઈ નહીં, મને તારી સાથે લઈ જા."

"ક્યાં!"

"તારા દેશમાં. જો મારું રૂપ! હું રૂપાળી નથી?" ડોસી કારમું હસી પડી. ગોરો અમલદાર પાછો હટી ગયો.

"મારા પાંચ દીકરાને વીંધી નાખ્યા. મોટા પાટડા જેવા પાંચના જમણા હાથ કપાતા હું જોતી હતી. મારી ત્રણ જુવાન દીકરીને ચૂંથી નાખી. મારા દીકરાની વહુઓને ચીકોટી મારીને મારી નાખી."

"પછી શું થયું! ડોસીમા!" કમિશનને રસ પડ્યો.

"પછી હું દોડીને ગોરાને ગળે વળગી. મારા માથા પર ચીકોટી પડી ને હું પડી ગઈ. પછી મને મારાં કપડાં ઉતારી એક ઝાડ સાથે બાંધી."

"અરે!" કમિશનના પ્રમુખને અરેરાટી ઊપજી.

" હવે રાખ, રાખ, ગોરો થઈને, આ બોલે છે ?"

" પછી મારા દીકરાનાં કાંડાં સળગાવ્યાં ને સળગાવીને મારી કેડે ચાંપ્યાં. કામ જો. એવા હોય તો." ડોસીએ કેડ છોડી નાખી.

" માજી, હવે જાઓ, અમે દિલગીર છીએ. બનતું બધું કરીશું."

" તું દિલગીર ? અમારાં લોહી પીને ગોરો શોક કરે તો સુકાઈ ન જાય ? ને હું જાઉં ?" ડોસીને હાંફ ચઢી ગઈ. " હું ક્યાં જાઉં ? મારા દીકરા ગયા, દીકરીઓ ને વહુઓ ગઈ, મારા ધરવાળાને 'લીબેરે' બનાવી ચોરી ગયા ને હું જાઉં ? હું ક્યાં જાઉં ? હું તો તારી સાથે આવવાની." ડોસીનું આખું અંગ ધ્રૂજી ઊઠયું. એની પાંસળીઓ ઊછળી ઊઠી. એણે ફરીથી રાડ નાખી. " ચાલ મારા ગોરા, હું તારી સાથે આવું છું."

" માજી, બેસી જાઓ." એકને દયા આવી.

" ચાલ, મારા રોયા, તારી સાથે આવું છું."

" અમારાં હાડકાં ભાંગીને હાથીદાંતનાં કંકણ પહેરનાર તારી ગોરી ધરવાળીને કહેજો કે, તું વાઘની કેડના મણકાના હાર પહેરનાર અમારી વહુ દીકરીઓ કરતાં વધારે જંગલી છે, અને તારા ગોરા ગોઠિયાઓને કહેવા કે, અમારાં લોહીમાં બોળેલાં રબ્બર લૂંટનારા એ વધારે હેવાન છે. તમે અમને સુધારવા શું આવ્યા ?" ડોસીનો હાડપિંજર દેહ બોલતો બંધ થયો ને જમીનપર પછડાયો. એના છેલ્લા શ્વાસ જોરથી ચાલતા હતા. એનું જીવન જંપતું હતું.

" આપણે સુધારકો નથી, લોહીના વેપારીઓ છીએ." કમિશનના પ્રમુખે લાંબો નિઃસાસો નાખ્યો ને તમાસ બટકાવો વેપારી

સરકારને એક કાગળ લખવા બેઠો.

કોંગોના કમિશ્નરે શ્રીમંત સરકાર જોગ નીચેનો પત્ર પાઠવ્યો:

"કોંગોની યોજના વ્યવસ્થિત લૂંટની છે, જુલ્મની છે, કતલની છે.

"એ જુલ્મ, એ લૂંટ, એ કતલ કંપનીઓના રબ્બરના વેપારના નફા માટે છે.

"સરકાર પોતે એક મોટી વેપારી કંપની છે. સરકાર શ્રીમંતોની સરકાર છે. એનું આખું તંત્ર, એનાં ઘાતકી શોષણ શ્રીમંતોના નફા માટે છે.

"સરકારે નીમેલા સ્થાનિક અમલદારોએ સરકારી કતલ ને લૂંટની યોજનામાં રસથી ભાગ લીધો છે, કારણ કે, એ અમલદારો પણ શ્રીમંતોની સરકારના નફાના ભાગીદારો છે.

"દોષ એક કે બે અમલદારોનો નથી, દોષ અભણ અને જંગલી ગણાતાં કાળાં વતનીઓનો નથી, દોષ શ્રીમંતોની સરકારનો છે. જ્યાં સુધી વેપારશાહી જશે નહીં, ત્યાંસુધી આવી લૂંટ, આવા જુલમો, આવી કારમી કતલો ઓછી થવાની નથી.

"મેં કોંગોપર વરસેલા કાળા કેરની આખી વાત નથી ચીતરી, એક બાજુ માત્ર બતાવી છે કોંગોની આખી વાત લોહીના અક્ષરે લખેલી નફાખોરીની કરમી કથા છે. કોંગોની આખી વાતમાં વેપારી યોજનામાં રહેંસાઈ મરતાંનો કકળાટ છે, કતલ પછીની લોહીની નીકો છે, ખૂનામરકી પછીનાં હાડપિંજરના ઢગલા છે.

"એ સૌના કારણમાં એક વાત છે. સરકાર વેપારી છે શ્રીમંતોની, સરકારની નફાખોરીની નજરમાં માણસાઈ મરણ પામી હોય છે.

"જ્યાં ને ત્યાં ગુલામીની, અંગ છેદની, ખૂનની, અને લૂંટની વાતો કાનને કંપાવી નાખે છે. એ બધી વાતો સાચી છે, તેમ પુરવાર કરવાની મહેનત પડતી નથી, આંધળાંને પણ દેખાય તેવાં ને બહેરાંને પણ સંભળાય તેવાં એ સરકારી વેપારી યોજનાનાં, કારમાં કામો બહુ ખુલ્લાં છે.

"આજની વેપારી સરકારોનાં વ્યવસ્થિત તંત્રો પહેલાંના ગુલામોના વેપારીઓને ટપી ગયાં છે. કોંગોનાં વતનીઓની જમીન જપ્ત થઈ.. જમીનની ઉપજ જપ્ત થઈ. ઉપજ ઉગાડનાર મહેનત જપ્ત થઈ છે. ગુલામોના વેપારીઓ આફ્રિકાનાં નરનારીઓને દેશાવર વેચતા, પણ આપણે તો સુધરેલા ખરા ને! વખત જવા સાથે આપણી અક્કલને હોંશિયારી વધી છે. આપણી રીતો વધારે કારમી થઈ છે, આપણે કાળાં લોક એમના પોતાના ઘરમાં, ગુલામીને ટપી જાય તેવી વેદનામાં જકડયાં છે.

"એક ટોળીએ બીજી ટોળીપર આક્રમણ કરી તેનું પડાવી લીધાના દાખલા ઇતિહાસમાં છે, એક ધર્મસંઘે બીજા ધર્મસમાજનાં લોહી રેડયાની વાતો ઇતિહાસ કરે છે, પણ કાયદા ને વ્યવસ્થાના નામમાં નફાના હડકવાવાળી શ્રીમંતોની સરકારે માંડેલી લૂંટ ને ચલાવેલી કતલો ઇતિહાસની નવી વાત છે, સૌથી વધારે ભયંકર ને ઘાતકી વાત છે. ઇતિહાસની એ વાતો જગતના જીવનપર લોહીમાં લખનાર બધા અનિષ્ટોનાં મૂળ વેપારીઓને વેપારી સરકારો છે અને વધારે નવી વાત તો એ છે કે મુડીવાદી સમાજ રચનાની નિયંત્રિત ઘટમાળનો ખૂનામરકી, લૂટ અને કતલ નિયમ બનેલો છતાં સરકારો કાયદેસર ગણાય છે, અને ઠંડા લોહીથી એ ઘટમાળને ચલાવ્યે રાખતા વેપારીઓ ધર્મિષ્ઠો ને નીતિમાનો છે તથા એમના નફા કાયદેસર છે.

"આપણે સુધર્યા નથી. આપણાં તંત્રોએ એક પછી બીજું અનિષ્ટ જ આપ્યું છે. ન્યાય ને નીતિ, સત્ય અને અહિંસા ગપ કર્યાં છે. આપણી નફાખોરીમાંથી કાંટાવાળા તારની વાડો આવી છે, ઝેરી ગેસની ટેંકો આવી છે, મનવારો ને તોપો આવી છે. વીજળીની ખુરશીઓ અને ફાંસીના માંચડા આવ્યા છે. જ્યાં સુધી શ્રીમંતોની સરકારો છે, વેપારી સરકારોના નફાના હડકવા છે, એ હડકવાની ખૂની ધૂનોમાં વ્યવસ્થિત ચાલતી લૂંટ દમન, અને કતલ છે, ત્યાંસુધી બીજું વધારે સારું કંઈ જ આવવાનું નથી."

卐

[illegible]

ગંગાના નીર	ઇંદ્ર વસાવડા	૩–૦
ચોખવટથી વાત કરજો	શ્રી દિ ઠાકોર	૨–૮
સુભગા	સીતારામ શર્મા	૩–૦
કલ્યાણને માર્ગે	રમણિકલાલ દલાલ	૨-૦
સ્વાધ્યાય	ડૉ હરિપ્રસાદ દેસાઈ	૧–૮
જીવન નિર્માણ	ચિરંતન	૨–૦
નિર્મળા	પ્રેમચંદજી	૧–૪
શોભા	ઇંદ્ર વસાવડા	૨-૧૨
ઉમા	શ્રી પ્રહલાદ બ્રહ્મભટ્ટ	૧–૮
યોગી કોણ ?	દિવ્યાનંદ કૃત	૧–૮
અનુરાધા	શરદબાબુ	૨–૦
દિગંત	મોહિનીચંદ્ર	૧–૮
દત્તા	શરદબાબુ	૨–૦
વલ્કલ	જશવંત ઠાકર	૧-૪
એકાકી	નર્મદાશંકર શુકલ	૧–૪
આજકાલ	પુરૂષોત્તમ પારેખ	૧–૮
આનંદ બત્રીસી	જદુરાય ખંધડિયા	૨–૦
પ્રીતમની પ્યાસ	દિવ્યાનંદ કૃત	૧–૮
આશા	મકનજી પરમાર	૧–૮
રાસરંજના	જ. રાવલ. વાડીલાલ શાહ	૧ ૦
મંદારમાલા	કેશવ શેઠ	૧–૪
જીવંત જ્વાળા	(મનનિય લેખો)	૧–૦
કવિવર ટાગોર	કાન્તિલાલ શાહ	૦-૧૨
ફઈબા કાકી	સ્વ. જાગીરદાર	૧–૦
રાસનલિની	કેશવ શેઠ	૧–૦
જળિની	દિવ્યાનંદ	૦–૮
તરંગિણી	રમણિક મહેતા	૦-૧૦

[illegible]

[illegible]

નવચેતન સાહિત્ય મંદિર : અમદાવાદ

JACKET PRINTED BY [illegible] PRINTERY, KHADIA-AHMEDABAD